# દેરોદ શકિત મંડળનો અમર વારસો



પ્રકાશક : અમેરિકા કેનેડા સ્થિત દેરોદ એસોશીએસન

# અર્પણ



## દેરોદ શકિત મંડળનો અમરવારસો
## (દેરોદ શકિત મંડળ)

સ્વ. દયારામભાઈ (મેઘાભાઈ) ડાહ્યાભાઈ ભકત તથા
સ્વ. સવિતાબેન દયારામભાઈ ભકત
દેરોદના સ્મરણાર્થે

લિ. ગં.સ્વ. લખીબેન ડાહ્યાભાઈ ભકત
દીપકભાઈ દયારામભાઈ ભકત
તથા પરિવારજનો

श्री राम कबीर सत्य छे.

# श्रद्धांजली



स्व. सविताबेन दयारामभाई भक्त
जन्म : फेब्रुआरी ०१-१९४२
स्वर्गवास : एप्रिल १९, २०००



स्व. दयाराम (मेघाभाई) डाह्याभाई भक्त
जन्म : मार्च ०१-१९३९
स्वर्गवास : एप्रिल २४, १९९८

मु. देरोद, ता. कामरेज, जि. सुरत.

न जन्म पामे, न कदापि मृत्यु, न्होतो के न हशे न पाछो,
अजन्म, ते नित्य, सदा, पुराण, हण्ये शरीर न हणाय ते तो.

आ आत्माने न तो जन्म छे. न मृत्यु छे. न तो देह धारण करीने फरी थवानुं छे.
ए अज, नित्य, शाश्वत अने पुरातन छे शरीर मरतां छतां पण आत्मा मरतो नथी.

આ આત્માને ન તો જન્મ છે, ન મૃત્યુ છે, ન તો દેહ ધારણ કરીને ફરી થવાનું છે એ અજ. નિત્ય, શાશ્વત અને પુરાતન છે, શરીર મરતાં છતાં પણ આત્મા મરતો નથી.

માયાળુ, પ્રેમાળ, ધર્મીષ્ટ, હસતું મુખ, પરોપકાર વૃત્તિ જેમના દિવ્ય જીવનમાં વ્યાપત હતાં તેવા અમારા સદ્દગત માતા પિતા. આપશ્રીઓ સ્વધામ સીધાવ્યા પરંતુ આપનું સ્થાન અમારા હૈયામાં સદાય અંકિત રહેશે. આપના સુસંસ્કારથી ફુલવાડીની સૌરભ અમારા જીવનમાં સદાય મઘમઘતી રહે અને આપના પ્રેમામૃતનું અમૃત ઝરણું અમારી વાડીને સદાય લીલી રાખે અને અંતરિક્ષમાંથી આપના આશીર્વાદ અમો સર્વે કુટુંબીઓ ઉપર વરસતા રહે જેથી અમો આપે ચિંતવેલા માર્ગે ચાલવાને શકિતશાળી બનીયે. આપશ્રીજનો સમર્પણ, ભકિત, સ્નેહીજનોની સેવાના રંગે રંગાયેલા હતા તેની સ્મૃતિ રુપે આ ભજનની પુસ્તિકા છપાવી આપના ચરણ કમળમાં અમેરિકા કેનેડા સ્થિત દેરોદ એસોશીએસન (દેરોદ શકિત મંડળ) મારફત નમ્ર ભાવે સર્મપણ કરીએ છીએ તે પુષ્પાંજલી ભાવે સ્વીકારશો.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લિ.

ગં.સ્વ. લક્ષ્મીબેન ડાહ્યાભાઈ ભકત (લખી મા)

| | |
|---|---|
| દીપકભાઈ દયારામભાઈ ભકત | મુકતાબેન દીપકભાઈ ભકત |
| જશુબેન સીતારામભાઈ ભકત | સીતારામભાઈ ભીખાભાઈ ભકત |
| વિપુલભાઈ સીતારામભાઈ ભકત | દર્શનાબેન વિપુલભાઈ ભકત |
| કામીની સીતારામભાઈ ભકત | |
| નયનાબેન યોગેન્દ્રલાલ ભકત | યોગેન્દ્રભાઈ ભુલાભાઈ ભકત |
| અનંત યોગેન્દ્રભાઈ ભકત | શિવાની યોગેન્દ્રભાઈ ભકત |
| રેખાબેન પંકજભાઈ ભકત | પંકજભાઈ કરસનભાઈ ભકત |
| નિકુંજ પંકજભાઈ ભકત | અવીનાબેન પંકજભાઈ ભકત |
| શોભનાબેન નટુભાઈ ભકત | નટુભાઈ ગોવિન્દભાઈ ભકત |
| નિર્મલકુમાર નટુભાઈ ભકત | કિશનકુમાર નટુભાઈ ભકત |

## || શ્રી રામ કબીર સત્ય છે ||

સાદર પ્રણામ, રામકબીર, જયશ્રી કૃષ્ણ, જયશ્રી રાધે, જય જલારામ.

અમેરિકા કેનેડા સ્થિત દેરોદ એસોશીએસન દેરોદ શકિત મંડળનો અમર વારસોની ભજન પુસ્તિકા પ્રકાશિત કરતાં આનંદની લાગણી અનુભવે છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકાનું દેરોદ ગામ ગોકુળ જેવું કહીએ તો કશી અતિશયોકિત નથી જ. ૧૯૫૦ થી આજ સુધી તેના શકિત ભજન મંડળ કે ગરબા મંડળની સુવાસ શ્રી રામકબીર ભકત સમાજના ગામો તથા અન્ય ગામોમાં પ્રસરેલી છે. હજારો માઈલો આવ્યા છતાં ભારતીય સંસ્કૃતિ તથા તેમના અમર વારસાને ન ભૂલી તેમણે અહીં અમેરિકાની ભૂમિ ઉપર પણ તેમણે તેમના શકિત મંડળની પ્રવૃત્તિ ચાલુ જ રાખી છે. આજ રોજ આ ભજન પુસ્તિકા પ્રગટ કરતાં ખરેખર અંતરમાં ઉમળકો તથા અનેરો આનંદ થાય છે.

આ ભજન પુસ્તિકા માટેનો તમામ ખર્ચ સ્વ. દયારામભાઈ (મેઘાભાઈ) ડાહ્યાભાઈ ભકત પરિવાર તરફથી મળ્યો છે. દેરોદ એસોસીએશન આ પરિવારનો હાર્દિક આભાર માને છે. આ પુસ્તિકાના સંગ્રહ માટે શ્રીમાન મનુભાઈ દુલ્લભભાઈ ભકતનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું સાથોસાથ દેરોદ શકિત મંડળના ભજનિકો તથા અનેરું પ્રેરકબળ પુરું પાડનાર પરમ સ્નેહી શ્રી ભરતભાઈ ગોકળભાઈ ભકત, સંજયભાઈ ભકત, અરુણભાઈ પટેલ, બુધ્ધદેવભાઈ ગોકળભાઈ ભકત, પિયુશભાઈ ભકત તથા સર્વે દેરોદવાસીઓનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

આ ભજન પુસ્તિકા તૈયાર કરવામાં અમારા અથાગ પ્રયત્નો છતાં કેટલીક ક્ષતિઓ રહેવા પામી હશે પણ આપ સૌ ભાવિકજનો અમારી ક્ષતિને ન ગણતાં ભાવથી ભજન કરી આપનું જીવન ધન્ય બનાવશો એજ અમારી અંતરની ભાવના છે. અમો આશા રાખીએ છીએ કે આ ભજન પુસ્તિકા આપ સૌ ઉમળકાથી આવકારશો.

આભાર સહ...

મનુષ્યોમાં ભૂલ છે ઘણી, મુજમાં અપરંપાર
નહીં જોશો કોઈ દોષને, જોશો તત્ત્વજ સાર..
છાર ઉપર લીંપણ યથા, ભકિત નિતિ વિનધાર,
સદગુણને સત્સંગમાં, તરી જશો ભવપાર......

લિ. બળદેવ ભકત
પારકર એરીઝોના (યુ.એસ.એ.)
અમેરિકા કેનેડા સ્થિત દેરોદ એસોશીએસન
(દેરોદ શકિત મંડળ)

# :: અનુક્રમણિકા ::


| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૧. | મા બાપને ભૂલશો નહિ | ૧ |
| ૨. | વંદન કરીએ શ્રી પ્રભુ તમને | ૨ |
| ૩. | ઓ ઈશ્વર ભજીએ તને | ૩ |
| | ગણેશ વંદના - સાખી (ગૌરી પુત્ર શ્રી ગણેશજીના ભજનો) | |
| ૪. | કરું ચંદન અને વંદન | ૩ |
| ૫. | જય રે ગણેશ જયરે દુંદાળા | ૪ |
| ૬. | શ્રી ગણેશ ગણનાયક સ્વામી | ૪ |
| ૭. | દેવા હો દેવા | ૫ |
| ૮. | લાજ મેરી હો | ૫ |
| ૯. | કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો | ૬ |
| ૧૦. | નમન હો પ્રભુજી ચરણમાં તમારા | ૬ |
| | શ્રી રામચંદ્રજીના ભજનો | |
| ૧૧. | શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન | ૭ |
| ૧૨. | હનુમાનજીની સ્તુતિ/મંગલ મૂર્તિ મારુતિ નંદન | ૭ |
| ૧૩. | રામ તમે આવો ઘનશ્યામ તમે આવો | ૮ |
| ૧૪. | ધોવા દો રઘુરાય પગ મને ધોવા | ૮ |
| ૧૫. | ટુંકુ ટચ એવું નામ છે | ૯ |
| ૧૬. | ભજનમાં જા જા | ૯ |
| ૧૭. | કદી સુખ આવે છે કદી દુઃખ આવે છે | ૧૦ |
| ૧૮. | દયાના સાગર થઈને કૃપાળુનિધાર ધઈને | ૧૦ |
| ૧૯. | સતી સીતાજી રથમાં બેઠો | ૧૧ |
| ૨૦. | રામ સભામાં અમે રમવાને ગ્યાતા | ૧૧ |
| ૨૧. | પ્રેમનાં બંધન જો જો તૂટી જાય ના | ૧૨ |
| ૨૨. | રામ ભજી લે શ્યામ ભજી લે | ૧૩ |
| ૨૩. | રામ હે રામ.. | ૧૪ |
| ૨૪. | સરોવર કાંઠે શબરી બેઠી | ૧૫ |
| ૨૫. | મોહે લાગી લટક ગુરુ ચરનકી | ૧૬ |
| | શ્રી કૃષ્ણના ભજનો | |
| ૨૬. | કાના રે માયા લગાડી અમને શીદને ભૂલી જાય૦ | ૧૭ |
| ૨૭. | કહાં ઢુંઢા જાય કહાં મિલા જાય | ૧૭ |
| ૨૮. | હું થાઉં ભલે હેરાન ભજન મારે કરવું છે | ૧૮ |
| ૨૯. | મને ના તલસાવો શામળિયા | ૧૮ |
| ૩૦. | છોડી દે છેડલો નંદ દુલારા | ૧૯ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૩૧. | માતા જશોદા તમારો કાન | ૧૯ |
| ૩૨. | ડાકોરના શ્યામ આવો મારા રામ | ૨૦ |
| ૩૩. | મહીંડા વેંચતી હું મહિયારણ | ૨૦ |
| ૩૪. | ડાકોરના ઘનશ્યામ તમે દર્શન દેજો નાથ | ૨૧ |
| ૩૫. | ફર ફરર રર ફરકે | ૨૧ |
| ૩૬. | હું તારી રાધા મોહન તું મારો | ૨૨ |
| ૩૭. | મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન | ૨૨ |
| ૩૮. | પાંચ પચ્ચીસનાં ઝઘડામાં | ૨૩ |
| ૩૯. | મને તારો નેડો લાગ્યો હો રંગીલા રણછોડ | ૨૩ |
| ૪૦. | તારી મારી પ્રીત પુરાણી | ૨૪ |
| ૪૧. | ઘમ્મર ઘમ્મર મારા વલોણાં ગાજે | ૨૪ |
| ૪૨. | કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી | ૨૫ |
| ૪૩. | અમે મહિયારા કંસ રાજાના | ૨૫ |
| ૪૪. | દોડી દોડી આવે રે | ૨૬ |
| ૪૫. | વંદન વંદન હું તો કરું | ૨૬ |
| ૪૬. | તોફાન કરે છે પરેશાન કરે છે | ૨૭ |
| ૪૭. | કાનુડો કાળો કાળો રાધા છે ગોરી ગોરી | ૨૭ |
| ૪૮. | હો દ્વારિકાનાવાસી મારા હૈયે કરજો વાસ | ૨૮ |
| ૪૯. | જય જય રણછોડ રંગીલા | ૨૮ |
| ૫૦. | રાધ કૃષ્ણ બોલો જય જય રાધે કૃષ્ણ બોલો | ૨૯ |
| ૫૧. | મને વનરાવનની વાટે રાજ | ૨૯ |
| ૫૨. | બંસીના તાન વિના ગોકુળિયું ગામ | ૩૦ |
| ૫૩. | ઓ શ્યામ સલુણાં | ૩૦ |
| ૫૪. | મોરલીવાલે શ્યામ પિયા | ૩૧ |
| ૫૫. | બાંસુરી બાંસુરી બોલે તારી | ૩૧ |
| ૫૬. | મોરલીવાળા મન આ મારું માને ના | ૩૨ |
| ૫૭. | મારે કો'ને જઈ કહેવું | ૩૨ |
| ૫૮. | જોવા જેવી વ્રજની છે જોડી | ૩૩ |
| ૫૯. | તારા ચરણોમાં | ૩૩ |
| ૬૦. | હો મને ઘેલી કરી તેં કનૈયા | ૩૪ |
| ૬૧. | મીઠે રસ રે ભરી | ૩૪ |
| ૬૨. | ઓ રસિયા તારી આંખડીનો રાતો રાતો રંગ | ૩૫ |
| ૬૩. | વૃન્દાવન કા કૃષ્ણ કનૈયા | ૩૫ |
| ૬૪. | જમના કે તટ પર બૈઠી | ૩૬ |
| ૬૫. | ઓ શ્યામ તમારા ચરણે છે સુખ મારે સાચું | ૩૭ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૬૬. | મારા ઘટમાં બિરાજતાં શ્રીનાથજી | ૩૮ |
| ૬૭. | હાં રે તારી ધોળી ધજાઓ ફરકે | ૩૯ |
| ૬૮. | મને શ્યામ સતાવે મને રાસ રમાડે | ૩૯ |
| ૬૯. | કાનુડા ઓ કાનુડા | ૪૦ |
| ૭૦. | નંદના દુલારા માતા જશોદાના જાયા | ૪૧ |
| ૭૧. | પેલો નંદજીનો લાલો | ૪૧ |
| ૭૨. | છોટો સો મેરો મદન ગોપાલ | ૪૨ |
| ૭૩. | લાલાને લાડ લડાવો | ૪૨ |
| ૭૪. | સુન કાના સુન ભક્તોની ધૂન | ૪૩ |
| ૭૫. | હું કાનુડા તારી ગોવાલણ | ૪૩ |
| ૭૬. | હો કાના રંગ તારો કાળો | ૪૪ |
| ૭૭. | જોયો મેં ડાકોર ગમે | ૪૪ |
| ૭૮. | મીઠી મીઠી મોરલીવાળો | ૪૫ |
| ૭૯. | ભજ રાધે ગોવિંદા રે પગલે | ૪૫ |
| ૮૦. | રોજ રોજ આવે મને કાનુડાના સપના | ૪૬ |
| ૮૧. | રુડી ને રંગીલી રે | ૪૬ |
| ૮૨. | યશોમતી મૈયા હું કર જોડી | ૪૭ |
| ૮૩. | નંદ ઘેર આનંદ થાય | ૪૮ |
| ૮૪. | યમુના જળમાં કેસર ઘોળી | ૪૮ |
| | **સંત કબીરજી/શિવજી તથા જલારામના ભજનો** | |
| ૮૫. | સંત કબીરના દર્શન કરવા | ૪૯ |
| ૮૬. | રામ રસ ઐસા હૈ મેરે ભાઈ | ૪૯ |
| ૮૭. | પાંખડવાળા પૂંજાણા | ૪૯ |
| ૮૮. | મૈલી ચાદર ઓઢકે કૈસે | ૫૦ |
| ૮૯. | એ રે મારગ નથી જોવા | ૫૦ |
| ૯૦. | ચદરિયા જીની રે જીની | ૫૧ |
| ૯૧. | ભલા તુમ દેખોને નાવમેં નદિયા ડૂબી જાય | ૫૧ |
| ૯૨. | પાની મેં મીન પ્યાસી | ૫૨ |
| ૯૩. | ભોલે શંભુ અમીની નજર રાખજે | ૫૩ |
| ૯૪. | ભોલા શંકર ડમરું વાળા હર હર મહાદેવા | ૫૩ |
| ૯૫. | મન તું શંકર ભજી લે | ૫૪ |
| ૯૬. | ચલો રે ચલો શિવકી નગરિયાં | ૫૪ |
| ૯૭. | શિવ શંકર ભોલે ડમરુંવાલે | ૫૫ |
| ૯૮. | એક દિન વો ભોલે ભંડારી | ૫૬ |
| ૯૯. | શંભુ ચરણે પડી | ૫૬ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૧૦૦. | અમી ભરેલી નજરો રાખો વીરપુરવાળા બાપા રે | ૫૭ |
| ૧૦૧. | ધૂન લાગી જોગી જલારામની | ૫૭ |
| ૧૦૨. | ઝાલર વીરપુરમાં વાગી રે | ૫૮ |
| | **વધારાના ભજનો** | |
| ૧૦૩. | ઘરમાં કાશીને ઘરમાં મથુરા | ૫૯ |
| ૧૦૪. | પ્રભુજીને પરદામાં રાખમાં | ૫૯ |
| ૧૦૫. | પાપની બેડલી બૂડે રે બૂડે | ૬૦ |
| ૧૦૬. | કંઈ લાવ્યો નથી રે દુનિયામાં | ૬૧ |
| ૧૦૭. | આ તો ઝાંઝવના પાણી | ૬૧ |
| ૧૦૮. | રાખનાં રમકડા | ૬૨ |
| ૧૦૯. | જગમેં જીવન થોડા | ૬૨ |
| ૧૧૦. | જોવા નથી માનવી અનાડી | ૬૨ |
| ૧૧૧. | પરમેશ્વર પૂછું હું તુજને | ૬૩ |
| ૧૧૨. | સંસારમાં કોણ નાનને કોણ મોટા | ૬૩ |
| ૧૧૩. | મારા આતમના અવિનાશી | ૬૪ |
| ૧૧૪. | શ્યામ સે મિલને કા સતસંગ એક ઠિકાના હૈ | ૬૪ |
| ૧૧૫. | રંગાઈ જાને રંગમાં | ૬૫ |
| ૧૧૬. | જન્મો જનમની પ્યાસી | ૬૫ |
| ૧૧૭. | એ ધરતી ચાંદ સિતારે | ૬૬ |
| ૧૧૮. | રાજ મહેલમાં શોભે નહિ રે એવા | ૬૭ |
| ૧૧૯. | ચરણમાં મૂકી છે મેં અરજી | ૬૭ |
| ૧૨૦. | સુણાવો ગીતાસાર | ~~૬૪~~ ૬૮ |
| ૧૨૧. | પ્રભુ તમે છો મારા જીવન રથના સારથી | ~~૬૪~~ ૬૮ |
| ૧૨૨. | જાને કયા જાદુ ભરા હુવા | ૬૯ |
| ૧૨૩. | રાવણ આવ્યો સીતાજીને હરવા | ૬૯ |
| ૧૨૪. | હૃદય મંદિરમાં તું પ્રભુને પોકારજે | ૭૦ |
| ૧૨૫. | પ્રભુ તારી ભકિત દે જન્મો જનમ | ૭૦ |
| ૧૨૬. | યુધ્ધમાં અર્જુનને રે એના સગપણ આડા આવે | ૭૧ |
| ૧૨૭. | તમે ધીરે ગાડી હાંકો મારા રામ ગાડીવાલા | ૭૧ |
| ૧૨૮. | શેહ શરમ કોઈની ભરું ના મસ્તીમાં ફરતો રહું | ૭૨ |
| ૧૨૯. | પ્રભુ કે ભજનકી હે મસ્તી નિરાલી | ૭૨ |
| ૧૩૦. | મારા મન મંદિરમાં તું છે | ૭૩ |
| ૧૩૧. | ઝુલણ મોરલી વાગી રે | ૭૩ |
| ૧૩૨. | ના કરો ના કરો નુગા નરનો નેડલો | ૭૪ |
| ૧૩૩. | મારા ભીતર મૂર્તિ છે ભગવાનની રે | ૭૪ |

| ભજન નં. | ભજનની પંકિત | પાન નં. |
|---|---|---|
| ૧૩૪. | દર્શન દો ઘનશ્યામ | ૭૫ |
| ૧૩૫. | મારું મનડું મન મોહનમાં | ૭૫ |
| ૧૩૬. | તોરા મન દરપન કહલાયે | ૭૬ |
| ૧૩૭. | પાયોજી મૈંને રામ રતન ધન પાયો | ૭૬ |
| ૧૩૮. | જપી લે રામ કરી લે કામ | ૭૭ |
| ૧૩૯. | સંતને સંતપણા રે નથી મફતમાં મળતાં | ૭૭ |
| ૧૪૦. | કૌરવની રાજ સભામાં | ૭૮ |
| ૧૪૧. | હું તો પ્યારો પ્રભુનો પરવાનો | ૭૮ |
| ૧૪૨. | હરિ તું કહાં છુપાયો | ૭૯ |
| ૧૪૩. | હરિ ગુણ ગા પ્રભુ પદ ગા | ૮૦ |
| ૧૪૪. | હરિ તું ગાડું મારું કયાં લઈ જાય | ૮૦ |
| ૧૪૫. | મેં તો પહેરી લીધો ચૂડલો | ૮૧ |
| ૧૪૬. | ભકિત કરતાં આવે છે કપરી કસોટી | ૮૨ |
| ૧૪૭. | જુઓ રંગ દુનિયાના શું શું કરે છે | ૮૩ |
| ૧૪૮. | જીતે લકડી મરતે લકડી | ૮૪ |
| ૧૪૯. | પાગલ પાગલ પાગલ | ૮૪ |
| ૧૫૦. | બેઠો છું હું આશ લગાવી | ૮૫ |
| | **શ્રધ્ધાંજલી ભજનો** | |
| ૧૫૧. | • મનવા રે ચેતવું હોય તો ચેતી જાન | ૮૬ |
| ૧૫૨. | પાણીનો પરપોટો | ૮૬ |
| ૧૫૩. | છોડુ મત જા તું મને એકલી રે વણઝારા | ૮૭ |
| ૧૫૪. | આવેલા કોઈ કાયમ ના રહી શકે | ૮૭ |
| ૧૫૫. | માથે વાગે છે મોતના ડંકા | ૮૮ |
| ૧૫૬. | • આપણું ધાર્યું કંઈ નવ થાય | ૮૮ |
| ૧૫૭. | હું શરણે તારે આવ્યો છું | ૮૯ |
| ૧૫૮. | પરદેશી પંખી ઉડી તે જવાના | ૮૯ |
| ૧૫૯. | કઠણ ચોટ છે કાળની રે | ૯૦ |
| ૧૬૦. | આવ્યો મુઠીવાળી જવાનો ખાલી હાથ | ૯૦ |
| ૧૬૧. | વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ મનવા વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ | ૯૧ |
| ૧૬૨. | રામને ભજી લે પ્રભુને ભજીલે | ૯૧ |
| ૧૬૩. | બંગલાનો બાંધનાર | ૯૨ |
| ૧૬૪. | મળતો રે જા અમને કે'તો રે જા | ૯૨ |
| ૧૬૫. | માયાની જાળમાં જુઠા સંસારમાં | ૯૩ |
| ૧૬૬. | આ દુનિયાની રંગ ભૂમિનો નાટક | ૯૩ |
| ૧૬૭. | આત્મા રડે ને પરમાત્મા રડે છે | ૯૪ |

| ભજન નં. | ભજનની પંકિત | પાન નં. |
|---|---|---|
| ૧૬૮. | એક દિન તારી શ્વાસા દોરી તૂટવાની | ૯૫ |
| ૧૬૯. | સાચી કહું છું વાત તારું કાયા મંદિર કાચું છે | ૯૫ |
| ૧૭૦. | કોઈ આજ જશે કોઈ કાલ | ૯૬ |
| ૧૭૧. | પ્રાણીયા ભજી લે કિરતાર | ૯૬ |
| ૧૭૨. | કોઈ કોઈનું નથી રે | ૯૭ |
| ૧૭૩. | ભાઈ મારો સાથીડો રિસાણો | ૯૭ |
| ૧૭૪. | ભકિત કરી લે મનવા | ૯૮ |
| ૧૭૫. | લાખો ઉપાયો માનવ કરે તોયે | ૯૮ |
| ૧૭૬. | ભજનનો વેપાર | ૯૯ |
| ૧૭૭. | રામ વિના નથી આરો સંસારી | ૧૦૦ |
| | **શ્રી રામકબીર ભકત સમાજના પ્રચલિત ભજનો** | |
| ૧૭૮. | પગ ધોઉં નાવ પધારો | ૧૦૧ |
| ૧૭૯. | સાધુજનનો સંગ | ૧૦૧ |
| ૧૮૦. | સાધુકી સંગત પાઈ | ૧૦૧ |
| ૧૮૧. | દર્દ ન જાણે કોઈ | ૧૦૨ |
| ૧૮૨. | તુમ ઘેર જાઓ મેરે વીર ભરતજી | ૧૦૨ |
| ૧૮૩. | આરત રુડી રુડી મારા વ્હાલા | ૧૦૨ |
| ૧૮૪. | આવ્યા રે આશા ભર્યા | ૧૦૩ |
| ૧૮૫. | વૈષ્ણવજન તો તેને રે કહીએ | ૧૦૩ |
| ૧૮૬. | ભૂતળ ભકિત પદારથ મોટું | ૧૦૪ |
| ૧૮૭. | નારાયણનું નામ જ લેતાં | ૧૦૪ |
| ૧૮૮. | ગિરધર પ્રીતમ પ્યારો | ૧૦૫ |
| ૧૮૯. | દેખી દેખી શ્રી રામજીકો રુપ | ૧૦૫ |
| ૧૯૦. | મને કાનજી જોયાના કોડ | ૧૦૬ |
| ૧૯૧. | હરિ તારા બાનાની પત રાખ | ૧૦૭ |
| ૧૯૨. | રંગ રસિયો હોળી ખેલવાને | ૧૦૮ |
| ૧૯૩. | દ્વારિકાવાના વાસી રે | ૧૦૮ |
| ૧૯૪. | આજ વૃન્દાવન આનંદ સાગર | ૧૦૮ |
| ૧૯૫. | ભકત હિંડોળેના રે | ૧૦૯ |
| ૧૯૬. | હનિ હાં રે સાવન સુદ ત્રીજ અજવાળી | ૧૦૯ |
| ૧૯૭. | આજનો હિંડોળેના રે | ૧૧૦ |
| ૧૯૮. | સરસ હિંડોળેના રે | ૧૧૦ |
| ૧૯૯. | પરમ ચતુર ઝુલે નાથ અમારો | ૧૧૧ |
| ૨૦૦. | ધોળ : ગંગા જમુનાના નીર મંગાવો | ૧૧૧ |
| ૨૦૧. | રાધાજી રે ઘણું હરખ્યાં છે આજ | ૧૧૧ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
| --- | --- | --- |
| ૨૦૨. | ગોકુલમાં રે એક નંદજીનું ધામ | ૧૧૨ |
| ૨૦૩. | પ્રભુજી વિના મારે પલક ન ચાલે | ૧૧૩ |
| ૨૦૪. | દેખ હો વસુદેવ | ૧૧૩ |
| ૨૦૫. | સ્તુતિ : ધોળ | ૧૧૪ |
| ૨૦૬. | ઘડી રે ઉપર ઘડિયારા વાગે | ૧૧૫ |
| ૨૦૭. | આદિ અનાદિ એક તું | ૧૧૬ |
| | **ધૂન / સાખી / છંદ** | |
| ૨૦૮. | કાનુડે કવરાવ્યા ગોકુળિયામાં | ૧૧૭ |
| ૨૦૯. | હું તો કાગળિયા લખી લખી થાકી | ૧૧૭ |
| ૨૧૦. | હરે રામ હરે રામ રામ રામ હરે હરે | ૧૧૮ |
| ૨૧૧. | કભી રાધે રાધે બોલો | ૧૧૮ |
| ૨૧૨. | આલા લીલા વાંસડીયા રે વઢાવું | ૧૧૮ |
| ૨૧૩. | મોહન મોરલી વગાડે મારો વ્હાલો | ૧૧૯ |
| ૨૧૪. | મને રામ રામ ભજવા દે | ૧૧૯ |
| ૨૧૫. | સીતાના રામની ને રાધાના શ્યામની | ૧૨૦ |
| ૨૧૬. | કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા | ૧૨૦ |
| ૨૧૭. | મારે માથે મહીંની મટકી રાજ | ૧૨૦ |
| ૨૧૮. | નમઃ શિવાય ૐ નમઃ શિવાય | ૧૨૧ |
| ૨૧૯. | ભયે કૃપાયા દીન દયાલા | ૧૨૧ |
| ૨૨૦. | શ્રી કૃષ્ણ શરણં મમ્ । | ૧૨૨ |
| ૨૨૧. | સાખી - છંદ | ૧૨૩ |
| | **થાળ** | |
| ૨૨૨. | મારા વ્હાલાને માખણ બહું ભાવે | ૧૩૧ |
| ૨૨૩. | મારા રસ ભીના રણછોડ | ૧૩૨ |
| ૨૨૪. | આજે આનંદ મારે રંગની હેલો | ૧૩૨ |
| ૨૨૫. | પીરસ્યો મેં પ્રેમનો થાળ | ૧૩૩ |
| ૨૨૬. | આરોગો નૃસિંહ મહાપ્રભુ | ૧૩૩ |
| ૨૨૭. | પ્રભુજી પ્રેમે પધારો આજ મારે આંગણે રે | ૧૩૪ |
| ૨૨૮. | તમે ભોજન કરવાં પ્રીત પરોણાં | ૧૩૪ |
| ૨૨૯. | જમવા આવો વિશ્વતણાં | ૧૩૫ |
| ૨૩૦. | કાનાને માખણ ભાવે કાનાને મીસરી ભાવે | ૧૩૫ |
| | **બેઠકનાં પદો** | |
| ૨૩૧. | શ્રી ગુરુને પાયે લાગું | ૧૩૬ |
| ૨૩૨. | કાહે ના મંગલ ગાયે | ૧૩૬ |
| ૨૩૩. | બહુત ભલો હૈ ભાઈ | ૧૩૬ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૨૩૪. | આરતી હો દેવ | ૧૩૭ |
| ૨૩૫. | શ્રી પદ્મનામ પરિબ્રહ્મ | ૧૩૭ |
| ૨૩૬. | સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો | ૧૩૮ |
| ૨૩૭. | રાજ પદઃ હે પ્રભુ હે પ્રભુ | ૧૩૯ |
| ૨૩૮. | બહુ પુણ્ય કેરા પુંજથી | ૧૪૧ |
| ૨૩૯. | જોને વિચારી તું જીવડા | ૧૪૨ |
| ૨૪૦. | જે કુલમેં કોઈ ભકત ના કહાવે | ૧૪૨ |
| ૨૪૧. | મારી નાડ તમારે હાથે હરિ સંભાળ જો રે | ૧૪૩ |
| ૨૪૨. | અમને અંત સમય ઉપકારી લેવા | ૧૪૩ |
| ૨૪૩. | આટલો સંદેશો મારા સદગુરુને | ૧૪૪ |
| ૨૪૪. | મંગલ મંદિર ખોલો | ૧૪૪ |
| ૨૪૫. | જૂનું તો થયું રે દેવળ | ૧૪૪ |
| ૨૪૬. | એક જ દે ચિનગારી | ૧૪૫ |
| ૨૪૭. | ભકિત કરતાં છૂટે મારા પ્રાણ | ૧૪૫ |
| ૨૪૮. | પ્રભુ દ્વારા તમારા ખોલો રે | ૧૪૬ |
| ૨૪૯. | હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે | ૧૪૭ |
| ૨૫૦. | અરજી અમારી સુણો શ્રીનાથજી | ૧૪૭ |
| ૨૫૧. | પ્રભુ દો દર્શન અમને | ૧૪૮ |
| ૨૫૨. | સુખ દુઃખ મનમાં ના આણીએ રે | ૧૪૮ |
| ૨૫૩. | આટલું તું આપજે ભગવાન મને છેલ્લી ઘડી | ૧૪૯ |
| ૨૫૪. | હે નાથ જોડી | ૧૪૯ |
| ૨૫૫. | સત્યનામ સદગુરુ કબીર હે પ્યારે | ૧૫૦ |
| ૨૫૬. | ઓ કરુણાના કરનારા | ૧૫૧ |
| ૨૫૭. | રામ રટણ નહિં કીધું રે હો મનવા | ૧૫૧ |
| ૨૫૮. | લોચનિયાં સુના રે જેમ કાજળ વિના | ૧૫૨ |
| ૨૫૯. | ચિટ્ટી ફાટશે જયારે ઉપરવાળાની | ૧૫૨ |
| ૨૬૦. | સમય મારો સાચવજે વ્હાલા | ૧૫૩ |
| ૨૬૧. | આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું | ૧૫૩ |
| ૨૬૨. | ભકિત સમજાવી છે | ૧૫૪ |
| ૨૬૩. | મળતો રે જા અમને કે'તો રે જા | ૧૫૪ |
| ૨૬૪. | મરણની આંકરી ઘાંટી | ૧૫૫ |
| ૨૬૫. | તીરથ ધામમાં શીદને ફરે છે | ૧૫૫ |
| ૨૬૬. | તારે મોટા ઘરનું તેડું | ૧૫૬ |
| ૨૬૭. | જનાર તો જતાં રહ્યાં | ૧૫૬ |
| ૨૬૮. | માનવ આવે ને માનવ જાવે | ૧૫૭ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૨૬૯. | શાને ગુમાન કરતો | ૧૫૮ |
| ૨૭૦. | રોતાં રોતાં જાય જીંદગી | ૧૫૮ |
| ૨૭૧. | ભક્તિ કરવી તેણે રાંક થઈને રહેવું | ૧૫૮ |
| ૨૭૨. | અંતે સંતને તેડાવો | ૧૫૯ |
| ૨૭૩. | એવી અલખ લેરો લાગી | ૧૫૯ |
| ૨૭૪. | એવા સદ્દગુરુ જેના સાચા | ૧૬૦ |
| ૨૭૫. | કળિયુગ આવેગા હો માનવ | ૧૬૦ |
| ૨૭૬. | એવા જ્ઞાની ગુરુજીને મળ્યા | ૧૬૧ |
| ૨૭૭. | મેરુ તો ડગે પણ જેના | ૧૬૧ |
| ૨૭૮. | ભેદ ન જાને કોઈ | ૧૬૨ |
| ૨૭૯. | પઢો રે પોપટ રાજા રામના | ૧૬૨ |
| ૨૮૦. | ઘડપણ કોણે મોકલ્યું | ૧૬૩ |
| ૨૮૧. | એજી મારા સદ્દગુરુ | ૧૬૩ |
| ૨૮૨. | મોંઘો માનવ જન્મ મળ્યો છે | ૧૬૪ |
| ૨૮૩. | એજી એવી અખંડ રોજી | ૧૬૪ |
| ૨૮૪. | વચનનો વિવેક | ૧૬૫ |
| ૨૮૫. | પ્રાર્થના : અબ સોંપ દિયા | ૧૬૫ |
| ૨૮૬. | પ્રભાતિયાં : અપરંપાર પ્રભુ | ૧૬૬ |
| ૨૮૭. | માતા જશોદા કાનુડાને મેલો | ૧૬૬ |
| ૨૮૮. | ભોળી રે ભરવાડણ હરિને વેચવા નીસરી૧ | ૬૭ |
| ૨૮૯. | એ જી તારા આંગણિયા પૂછીને | ૧૬૭ |
| ૨૯૦. | જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા | ૧૬૮ |
| ૨૯૧. | રાત રહે જાહ રે | ૧૬૮ |
| ૨૯૨. | વા વાયાને વાદળ ઉમટયા | ૧૬૯ |
| ૨૯૩. | કોણે તને શામળો કીધો રે ગોવાળિયા | ૧૬૯ |
| ૨૯૪. | આઠ કુવાને નવ વાવડી રે લોલ | ૧૭૦ |
| ૨૯૫. | નંદના કુંવર મારું બેડલું ચઢાવજો | ૧૭૦ |
| ૨૯૬. | દાણ લીલા : પાલવડો તમે મેલો મોહનજી | ૧૭૧ |
| ૨૯૭. | મારે માથે મહીંની મટકી રાજ | ૧૭૨ |
| ૨૯૮. | છોડી દે છેદલો નંદ દુલારા | ૧૭૨ |
| ૨૯૯. | મથુરામાં ખેલ ખેલી આવ્યાં હો કાન | ૧૭૨ |
| ૩૦૦. | અમે મહિયારા રે ગોકુળ ગામનાં | ૧૭૨ |
| ૩૦૧. | કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી | ૧૭૪ |
| | **નવરાત્ર વખતે ગવાતા પ્રચલિત રાસ-ગરબા** | |
| ૩૦૨. | બાલુડા આવ્યા છે સર્વે સાથ | ૧૭૫ |

| ભજન નં. | ભજનની પંક્તિ | પાન નં. |
|---|---|---|
| ૩૦૩. | રાખો હમારી લાજ વિઘનહર રાખો હમારી લાજ | ૧૭૫ |
| ૩૦૪. | તમે ચાલો સૌ નર ને નાર | ૧૭૬ |
| ૩૦૫. | આશાપુરી ગરબો ગાય | ૧૭૬ |
| ૩૦૬. | કયારે આવે નોરતાં હું જોતી | ૧૭૭ |
| ૩૦૭. | રુડા ગરબે રમે છે માતા અંબિકા | ૧૭૭ |
| ૩૦૮. | ગરબે રમવાં ચાલ્યાં અંબે મા | ૧૭૮ |
| ૩૦૯. | મહા કાળી મહાકાળી | ૧૭૮ |
| ૩૧૦. | વસ્યા અંબે મા રે | ૧૭૯ |
| ૩૧૧. | સાથિયા પુરાવો દ્વારે | ૧૭૯ |
| ૩૧૨. | માડી તારા નામ છે હજાર | ૧૮૦ |
| ૩૧૩. | માનો ગરબો રે રમે રાજને દરબાર | ૧૮૧ |
| ૩૧૪. | લાગી લાગી રે લગન માના નામની | ૧૮૨ |
| ૩૧૫. | માના માથે સોનાનું બેડલું રે લોલ | ૧૮૨ |
| ૩૧૬. | તું કાળીને કલ્યાણી રે માત | ૧૮૩ |
| ૩૧૭. | શ્રાધ્ધ પુરા થાય નવરાત આવી જાય | ૧૮૩ |
| ૩૧૮. | શંખલપુર સોહામણું રે | ૧૮૪ |
| ૩૧૯. | સહુ કોઈ પીયરમાં જાય મહાદેવજી | ૧૮૫ |
| ૩૨૦ | શંકર ભીલડીનો ગરબો | ૧૮૬ |
| | **આરતી** | |
| ૩૨૧. | ઓમ જય જગદીશ હરે | ૧૮૮ |
| ૩૨૨. | જય કાના કાળા | ૧૮૮ |
| ૩૨૩. | જય આદ્ય શકિત મા | ૧૮૯ |
| ૩૨૪. | શ્રી રામાયણજીકી આરતી | ૧૯૦ |
| ૩૨૫. | શ્રી કબીર સાહેબની આરતી | ૧૯૧ |
| ૩૨૬. | આનંદ મંગલ કરું આરતી | ૧૯૧ |
| | **બાળકો માટે ખાસ પ્રાર્થન (અંગ્રેજી વિભાગ)** | |
| ૩૨૭. | વંદન કરીએ શ્રી પ્રભુ તને | ૧૯૩ |
| ૩૨૮. | ઓ ઈશ્વર ભજીએ તને | ૧૯૪ |
| ૩૨૯. | શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન | ૧૯૫ |
| ૩૩૦. | અસત્યો માંહેથી | ૧૯૬ |
| ૩૩૧. | અમે છીએ સૌ તમારા | ૧૯૭ |
| ૩૩૨. | આટલું તું આપજે | ૧૯૮ |
| ૩૩૩. | શ્લોક / ધૂન | ૧૯૯ |
| ૩૩૪. | રઘુપતિ રાઘવ રાજા રામર | ૨૦૦ |

૧ ## ॥ મા બાપને ભૂલશો નહિ ॥

ભૂલો ભલે બીજું બધું માબાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહિ
અસહ્ય વેઠી વેદના ત્યારે દીઠું તમ મુખડું
એ પુનિત જનનાં કાળજાં પથ્થર બની છૂંદશો નહિ.
કાઢી મુખેથી કોળિયા મોંમાં દઈ મોટા કર્યા
અમૃત તણાં દેનાર સામે ઝેર ઉગાળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને કોડ સહુ પૂરા કર્યા
એ કોડના પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે માબાપ જેથી ના ઠર્યા
સંતાનથી સેવા ચહો તો સંતાન છો સેવા કરો
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને સૂકે સુવાડયા આપને
એ અમીમય આંખને ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બીછાવ્યા પ્રેમથી જેણે તમારા રાહ પર
એ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધુ માતપિતા મળશે નહિ
એના પુનિત ચરણો તણી ચાહના ભૂલશો નહિ.

**************

૨ ## ॥ વંદન કરીએ શ્રી પ્રભુ તમને ॥

વંદન કરીએ શ્રી પ્રભુ તમને
પહેલું વંદન માત પિતાને, બીજું વંદન ગુરુજી તમને... વંદન કરીએ..
ત્રીજું વંદન આદ્ય શકિતને, ચોથું વંદન ઉમાપતિને..... વંદન કરીએ..
પાંચમું વંદન પુરોષત્તમને, આશિષ આપો સહુ સુખ અમને..વંદન કરીએ..

**********

## ॥ ઓ ઇશ્વર ભજીએ તને ॥

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.
પ્રભુજી એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ-સંત બધાય.
અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય,
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છીએ અમ દીન,
શત્રુ ઈચ્છે મિત્રતા ને પાડોશી ઈચ્છે પ્રીત.
વિચાર - વાણી - વર્તનને, સૌનો સાચો પ્રેમ,
સગા-સ્નેહી-મિત્રનું, ઈચ્છું કુશળ ક્ષેમ.
જોવા આપી આંખડી. સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યુ ભગવાન.
ઓ ઈશ્વર ! તું એક છે, સજર્યો તે સંસાર,
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધાં તૈયાર.
તારા સારા શોભીતા સુરજને વળી સોમ,
એ તો સઘળાં તેં રચ્યાં, જબરું તારું જોમ.
અમને આપ્યા જ્ઞાન ગુણ, તેનો તું દાતાર,
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર,
કાપ કલેશ - કંકાસને, કાપ પાપ - પરિતાપ,
કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.
ઓ ઈશ્વર તમને નમું. માંગુ જોડી હાથ,
આપો સારા ગુણ ને સુખમાં રાખો નાથ.
મન-વાણીને હાથથી, કરીએ સારા કામ,
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ

**********



વક્રતુંડ મહાકાય સુર્ય કોટિ સમપ્રભ
નિવિઘ્ર્નમ કુરૂ મે દેવ શુભકાર્ય સુસર્વદા

## ॥ ગણેશ સ્તવન ॥

: સાખી :

સદા ભવાની સાથ રહો, સન્મુખ રહો શ્રી ગણેશ
પંચ દેવ રક્ષા કરો, બ્રહ્મા-વિષ્ણુ, મહેશ.
જય જય માતા સરસ્વતી, નમું હું વારંવાર
વાણી મન નિર્મળ આપજો, સમરું સર્જનહાર.
ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુ વે નમઃ
દુંદાળો દુઃખ ભંજનો, સદાયે બાળે વેશ,
પ્રથમ પહેલા સમરીએ ગૌરી પુત્ર ગણેશ.
ગૌરી તારા પુત્રને, મધુરા સમરે મોર,
દિવસે સમરે બ્રાહ્મણ વાણિયા રાતે સમરે ચોર
સિયાવર રામચંદ્રકી જે, પવનસુત હનુમાન કી જે
બોલો રે ભાઈ સબ સંતનકી જે

**********

४

## ॥ કરું ચંદન અને વંદન ॥

કરું ચંદન અને વંદન પધારો પાર્વતી નંદન
તમે છો શંકરજી ના તન પધારો પાર્વતી નંદન
તમે છો સુખના દાતા, તમે છો બુદ્ધિમાં આગળ
સ્વીકારો સ્નેહે આમંત્રણ, પધારો પાર્વતી નંદન
લીધી છે ફુલની માળા, સ્વીકારો સ્વામી સુંઢાળા
સ્વીકારો આવીને આગળ, પધારો પાર્વતી નંદન
ચઢાવું મોદીક મન ગમતા, સદાયે જો હૃદયે રમતાં.
કરું છું તન મન અર્પણ, પધારો પાર્વતી નંદન
દયાના છો તમે દાતા, કે તમને વિનવુ વારંવાર
દયાળુ દ્યો હવે દર્શન પધારો પાર્વતી નંદન

૫

## ॥ જય રે ગણેશ, જય રે દુંદાળા ॥

રાગ : સુગરી પવન પવન સુરવૈયા..

જય રે ગણેશ જય રે દુંદાળા, જય રે ગણેશ જય રે દુંદાળા
પ્રથમ વંદન તમને હમારા દુંદાળા સુંઢાળા, સુંઢાળા દુંદાળા..
રિધ્ધિ સિધ્ધિના તમે દેવતા, સર્વેમા પ્રથમ આવતા
લાખો પ્રણામ તમને હમારા, (૨) પ્રથમ વંદન તમને હમારા..
માતા છે જેના પાર્વતી, પિતા છે શંકર દેવતા,
વેગે આવો આંગણીએ હમારા, (૨) પ્રથમ વંદન તમને હમારા
દર્શન કાજે હું તો આવ્યો, દર્શન દેજો મને દેવતા,
વેગે આવો આંગણીએ હમારા (૨) પ્રથમ વંદન તમને હમારા..
શકિત મંડળની આ છે વિનંતિ, સ્વીકારો તો તમારી મરજી..
આવો વ્હેલા કરું કાલાવાલા (૨) પ્રથમ વંદન તમને હમારા..

**********

૬

## ॥ શ્રી ગણેશ ગણનાયક સ્વામી ॥

રાગ : સુગરી પવન પવન સુરવૈયા..

શ્રી ગણેશ ગણનાયક સ્વામી, રિધ્ધિ સિધ્ધિના તમે છો દાતા
બળ બુધ્ધિ અમ આપો સ્વામી, તમે છો જગના અંતરયામી.
યશ આપો અમને સુખ દાતા.. રિધ્ધિ સિધ્ધિના તમે છો દાતા
કરજો કારજ સફળ અમારા, ગુણલા નિશ દિન ગાવું તમારા,
નારદ શારદ ગુણ તારા ગાતા.. રિધ્ધિ સિધ્ધિના તમે છો દાતા
અવિચળ વાણી અમને આપો, દાસ નંદુના સંકટ કાપો,
વંદન કરીએ તુજ ચરણોમાં... રિધ્ધિ સિધ્ધિના તમે છો દાતા

**********

૭

## ॥ દેવા હો દેવા ગણપતિ દેવા ॥

. રાગ : હર કરમ અપના કરેંગે.--કર્મા

દેવા હો દેવા ગણપતિ દેવા, આપો દર્શનનો લ્હાવો રે
દેવ દુંદાળા સ્વામી ગણપતિ દેવા, ગણપતિ દેવા બાપા ગણપતિ દેવા
આપો દર્શનનો લ્હાવો રે (૨) દેવા હો દેવા.....
પ્રથમ પૂજન મારે તમારે કરવું, મંગલ કાર્ય વ્હાલા અમારું કરવું (૨)
સ્વામી અમારા કહેવાઓ રે (૨) દેવા હો દેવા..
વિધન હરણ ગણપતિ ગજાનંદ, સ્વીકારજો સ્નેહે મારું આમંત્રણ (૨)
આવીને વિધન હટાવો રે (૨) દેવા હો દેવા..
ફુલડાંની ગાદીનું આસન બનાવું, કુમકુમ કેસરને ચંદન ચઢાવું (૨)
ઉંદર પર સવાર થઈને આવો રે (૨) દેવા હો દેવા..
આવો તો આંગણિયા પાવન થાશે, શકિત મંડળના કારજ થાશે
આવો ને અવસર શોભાવો રે (૨) દેવા હો દેવા...

**********

૮

## ॥ બિગડી બના દે ॥

રાગ : દમાદમ મસ્ત કલંદર

બિગડી બના દે (૨) બિગડી બના દે મેરી નૈયા પાર લગા દે.............
હે ગણનાથ, હે દીનાનાથ ગજાનંદ ગણપતિ દેવા,
કરુ મે તેરી સેવા કરમકા ખોલ દે તાલા, મેરા તુ હે રખવાલા.. બિગડી..
લાજ મેરી (૨) લાજ મેરી તુમ રખીઓ ભલા મેરે દાદા, .. હે ગણનાથ..
પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારા, ઉસકે પુરણ કારજ સાર,
લંબોદર ગજ વદન મનોહર (૨) મેરે દાદા, હે ગણનાથ, હે દીનાનાથ..
કોઈ સગા નહીં અપના યહાં તો, મતલબ કે સબ યાર યહાં તો
લે કે ભરોસા (૨) આયા તેરે દરબારે, હે ગણનાથ, હે દીનાનાથ..........
સોના ન માંગુ મે તો ચાંદી ન માંગુ, (૨) હીરા ન માંગુ મૈં તો કુછ ભી ન માંગુ
તેરે દરશકો (૨) મે આયા તેરે દરબારે.. .. હે ગણનાથ..

**********

૯

## ॥ કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો ॥

વકતુંડ મહાકાય, સુર્યકોટિ સમપ્રભઃ

નિર્વિઘ્નં કુરુમેદેવ, શુભ કાર્યેષુ સર્વદા

કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો, એવા શંખ જળ લઈ નાર.....
હાલો મારી સહિયરો ગણેશ વધાવવા જઈએ.. કુંભ ઘડુલો.............
એ.. ઉમિયાજીને અંગેથી નિપજયા, (૨) એવા ગૌરી પુત્ર ગણેશ..હાલો.
એ.. હાથમાં કંકાવટી, ચોખલીયાળી મૂર્તિ, (૨) એવા મોતીના ચોક પુરાય..હાલો.
એ.. તેલ સિંદુરની ઉતારું આરતી, (૨) એવા કંકુના છાંટણા છંટાય..હાલો..
એ.. ખીર ખાંડને અમૃતના ભોજન, (૨) એવા લાડુના ચુરમા ચોળાય..હાલો.
એ.. કહેત કબીરા સુનો ભાઈ સાધુ,(૨) એવા ગણેશ મંગલ ગવાય....હાલો

***********

૧૦

## ॥ નમન હો પ્રભુજી ચરણમાં તમારા ॥

નમન હો પ્રભુજી ચરણમાં તમારા (૨)
સ્વીકારો ને વંદન કરોડો હમારા..........નમન હો પ્રભુજી...................
નભમાં ગ્રહોની ચકરી ચલાવી (૨) ચંદ્ર સુરજમાં જયોતિ જગાવી............
અંધિયારી રાતોમાં (૨) ટમૂકતાં ... તારા..... નમન હો પ્રભુજી..............
ધરતી બનાવી તમે ધરાના હો સ્વામી (૨) સૃષ્ટિ રચાવી તેમાં રાખી ના ખામી
વાદળ બનાવ્યા વળી બનાવી તે વેલી, વિધ વિધ ફુલોમાં સુગંધી મે'લી.......
પશુઓ બનાવ્યા ને (૨) પંખીના ટોળા......... નમન હો પ્રભુજી.............
માનવ બનાવી તમે ઉપકાર કીધો, દાસ પ્રભુ ભગવંતે સર પાવ દીધો.........
બળ બુધ્ધિ દીધા વળી (૨) ધનવાન કીધો...... નમન હો પ્રભુ...............

***********



લોકાભીરામ રણરંગધીરં રાજીવ નેત્રં રઘુવંશનાથમ્
કારૂણ્યરૂપં કરૂણાકરતં શ્રી રામચંદ્ર શરણં પ્રપદ્યે.

११ ॥ श्री रामचंद्र कृपाळु भज मन ॥

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભય દારુણં
નવ કંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારણમ્..........શ્રી રામચંદ્ર
કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરજ સુંદરં
પટ પીત માનહું તડિત રુચી સુચિ નૌમી જનક સુતાવરં.....શ્રી રામચંદ્ર
શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભુષણમ્
આજાન ભૂજસર ચાંપ ધર સંગ્રામ જિત ખલ દુષણમ્......શ્રી રામચંદ્ર
ભજ દિન બંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલય ચંદ દશરથ નંદનમ્...........શ્રી રામચંદ્ર
ઈતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિમમ રંજનમ્
મમ હૃદય કુંજ નિવાસ કરો કામા દિખલદલ ગંજનમ્......શ્રી રામચંદ્ર

***********

१२ ॥ હનુમાનજીની સ્તુતિ ॥

મંગલ મૂર્તિ મારુત નંદન
સકલ અમંગલ મૂલ નિકંદન (૨) મંગલ મૂર્તિ.....
પવનતનય સંતન હિતકારી, હૃદય વિરાજત અવધ વિહારી..... મંગલ..
માતપિતા ગુરુ ગણપતિ શારદ, શિવા સમેત શંભુ શુક નારદ.. મંગલ..
ચરણ કમળ બંદઉ સબ કાહુ, દેહુ રામપદ નેહુ નિબાહુ.... મંગલ..
સાધુ સંત કે તુમ રખવાલે, અસુર નિકંદન રામ દુલારે.... મંગલ..
જય જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરો ગુરુદેવકી નાઈ.... મંગલ..
બંદઉ રામ લખન વૈદેહી,યહ તુલસી કે પરમ સ્નેહી... મંગલ..

***********

१३ ॥ રામ તમે આવો ઘનશ્યામ તમે આવો ॥

રાગ : વીરપુર જાવું છે, સત્તાધાર જાવું

રામ  તમે આવો ઘનશ્યામ તમે આવો,
અરજી સુણીને રાધેશ્યામ તમે આવો,
મનના મંદિરિયે સાથિયા પૂર્યા છે.
આસો પાલવનાં તોરણ બાંધ્યા છે.
આવો આવો હરિ, કહું છું ફરી ફરી, ભગવાન રે.... રામ....
તમે ભકતોનાં પિતા કહેવાયા,
તમને બોલાવ્યે શાને ન આવો ?
વાટ જોઈ રહ્યો, હું તો રોઈ રહ્યો મારા શ્યામ રે.... રામ....
''નરહરિ'' નૈયાને પાર ઉતારજો,
તમને સોંપી છે, આવી ઉગારજો,
મારુ કોઈ નથી, થાકયો મથી મથી, મારા રામ રે... રામ....

***********

१४ ॥ ધોવા દો રઘુરાય પગ મને ધોવા દો રઘુરાય ॥

ધોવા દો રઘુરાય પ્રભુ મને શક પડયો મનમાં પગ મને ધોવા દો રઘુરાય...
રામ લક્ષ્મણ જાનકી જી... તીર ગંગાને જાયજી
નાવ માંગી નીર ઉતરવાં, (૨) ગૃહુ બોલ્યો ગમ ખાય..   પગ મને ધોવા દો...
રજ તમારી કામણગારી, મારી નાવ નારી બની જાય જી
તો અમારા રંક જનની (૨) આજીવીકા ટળી જાય...   પગ મને ધોવા દો...
જોઈ ચતુરતા ભીલ જનની, જાનકી મન મુશકાયજી
અભણ કેવું યાદ રાખે (૨) ભણેલા ભૂલી જાય...   પગ મને ધોવા દો...
ચરણ ધોયા શ્રી રામજીનાં ગંગા નીરથી ત્યાંયજી
બાવળાં ઝાલી શ્રીરામજીના (૨) પધરાવ્યા નાવની માંય...   પગ મને ધોવ દો...
પાર ઉતરીને પૂછયું કે વ્હાલા શું લેશે ઉતરાયજી
અમો ઉતારીએ ગંગા કિનારે (૨) તમો ઉતારો ભવપાર...   પગ મને ધોવા દો...
નાવિક વળતા બોલ્યો રે પ્રીતે આપણે ધંધાભાઈજી.
'' કાગ'' કવિ કહે ખારવાની (૨) ખારવો ન લે ઉતરાય...   પગ મને ધોવા દો...

***********

१५ ## ॥ ટુંકુ ટચ એવું નામ છે. ॥

રાગ : મેરે ખ્વાબો મેં જો આયે..-- દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગે

ટુંક ટચ એવું નામ છે, સહેલું સદ્‌ગુરુ નામ છે.
વ્હાલું વ્હાલું પ્યારુ રામજીનું નામ છે... ટુંકુ ટચ.
મંગલ ભવન અમંગલહારી, દ્રવઉસો દશરથ અજીર વિહારી
વેદ પુરાણો ગાય છે, વો ઋષિ મુની જેનું ધ્યાન ધરે,
રામ રસ પી લે રામ રામ જપી લે (૨)... વ્હાલુ વ્હાલું....
રામના નામથી પથ્થર તરી ગયા, વાનર સિંધુ પાર કરી ગયા.
અધમ એવા જીવ તરે, જન્મોજનમનાં પાપ બળે.
સત્સંગ કરી લે, સીતારામ જપી લે (૨)... વ્હાલું વ્હાલું....
રામજીની મરજીમાં રહેવું આનંદે,મસ્તીમાં ભજન કરવું સદાયે,
મોહન કહે હવે સમજી લે, રામ રાખે તેને કોણ મારે,
મોહ માયા ત્યજી દે, સીતારામ જપી લે. (૨).. વ્હાલું વ્હાલું.

***********

१६ ## ॥ ભજનમા જા.જા.જા..॥

રાગ : કબુતર જા.જા.જા.

ભજનમાં જા.. જા.. જા..
હરિ ભજનનો પ્રેમી તું તો (૨) આ જીવનમાં થા... ભજનમાં જા.જા.જા...
મારું મારું તું કરે પણ જગમાં તારું કોઈ નથી
જુઠા જગની જુઠી માયા, તેમાં શાને રહ્યો મથી.
ચેત ચેતાવું તુજને માનવ, (૨) ઝટપટ ચેતી જા.(૨)... ભજનમાં જા.જા.જા..
મોંઘો માનવ દેહ મળ્યો છે, ચિત્ત પ્રભુમાં જોડી દે.
કંચન કાયા રાખ થવાની, મોજ મજાને છોડી દે
ભવસાગરથી તરવા માટે (૨) ગુણ પ્રભુના ગા.. (૨) ભજનમાં જા.જા.જા...
આયુષ્ય દોરી છે બહું ટુંકી, એક દિન સૌએ જવાનું છે,
તારી સાથે ધરણી ધરનું બધું એ અહીં રહેવાનું છે,
ભકત મંડળની આ વાણીને (૨) મનથી માની જા. (૨) ભજનમાં જા.જા.જા..

***********

૧૭ || કદી સુખ આવે છે કદી દુઃખ આવે છે ||

રાગ : જબ હમ જવાં હોંગે.. બેતાબ

કદી સુખ આવે છે, કદી દુઃખ આવે છે,
ચાલે બધો વ્યવહાર મારા રામ ભરોસે ભગવાન ભરોસે
મૂંઝવણ જયારે મનડામાં બહુ થઈ જાતી..
ઘટ ઘટ નો ઘડવૈયો ઉકેલે આંટી
તરણા તણો ડુંગર બને છે, રામ ભરોસે ભગવાન ભરોસે....કદી સુખ આવે.
ભાર બધો મેં એના ઉપર નાંખ્યો છે..
વ્હાલાનો વિશ્વાસ સદાયે રાખ્યો છે
ચિંતા ફીકર છોડી દીધી છે, રામ ભરોસે ભગવાન ભરોસે...કદી સુખ આવે.
મનની માળાનો મણકો હરનિશ ફરતો.
દુનિયાની ખટપટથી હું તો ના ડરતો
બિન્દુ બની મસ્તાન ગાતો રામ ભરોસે ભગવાન ભરોસે.. કદી સુખ આવે.

***********

૧૮ || દયાના સાગર થઇને, કરુણા નિધા થઇને ||

દયાના સાગર થઈને, કરુણાની ધાર થઈને, ભલે ભગવાન કેવડાવો
મારા રામ તમે સીતાજીની તોલે ન આવો
સોળે શણગાર સજી મંદિરને દ્વારે તમે, ફૂલને ચંદનથી છોને પૂજાવો
મારા રામ તમે સીતાજીની તોલે ન આવો
કાચા રે કાન તમે કયાંના ભગવાન તમે અગ્નિ પરીક્ષા કોની લીધી
રામ અગ્નિ પરીક્ષા કોની લીધી
લોકોની વાદ કયાંથી લીધી......હો.......લોકોની વાતે ત્યજી દીધી
પતિ થઈને પત્નીને પારખતાં ન આવડયું
છોને ઘટ ઘટ ના જ્ઞાતા થઈને ફુલાવો... મારા રામ તમે સીતાજીની.
તમથી એ પહેલા અશોક વનમાં
સીતાએ રાવણને હરાવ્યો.. રામ.. સીતાએ રાવણને હરાવ્યો
દૈત્યોના દ્વિપમાં નિરાધાર નારી થઈને
દુશ્મન રાવણ ત્યાં ન ફાવ્યો..રામ દુશ્મન રાવણ ત્યાં ન ફાવ્યા
મરેલાને માર્યો એમાં કર્યુ શું પરાક્રમ
અમથો વિજયનો લૂટયો લ્હાવો... મારા રામ તમે સીતાજીની...

***********

१९

## ॥ સતી સીતાજી રથમાં બેઠાને...॥

સતી સીતાજી રથમાં બેઠા, લક્ષ્મણ હાંકનારો, ઋષિમુનિને આશ્રમ દીઠો,
આવ્યો છે ગંગા કિનારો ઓ લક્ષ્મણ વાંક નથી કંઈ મારો..(२)
લક્ષ્મણ કહે છે સુણો સીતાજી, ખેલ કરમનો ન્યારો,
કોઈ કારણે રામજી રુઠયા, ત્યાગ કર્યો છે તમારો.. ઓ લક્ષ્મણ..
દુ:ખી હૃદયે બોલ્યા સીતાજી, શું અપરાધ અમારો,
તનમનથી કરી રામની સેવા, પતિવ્રતા ધર્મ મેં પાળ્યો.. ઓ લક્ષ્મણ..
નગરમાં એક નરનારી લડયા, બોલ્યો ધોબી ધુતારો,
રામે સીતાજીને ઘરમાં રાખી, હું નથી એવો થનારો.. ઓ લક્ષ્મણ..
મારે કારણે રાવણ માર્યો, સમુદ્ર બાંધ્યો ખારો,
ભાવીની જો ખબર હોત તે, પ્રાણ ત્યજત હું મારો.. ઓ લક્ષ્મણ..
વનવગડામાં જીવન વિતાવ્યું, નથી આવ્યો દુ:ખનો આરો,
વિચાર કર્યા વિના મુજને ત્યાગી, બળતી ને કાં બાળો.. ઓ લક્ષ્મણ..
ગર્ભવતીને કોણ સાચવશે, એકલડીને ઉગારો,
પુરોષોત્તમ કહે માતાજી ધીરજ ધારો,, રામ ધણી રખવાળો. ઓ લક્ષ્મણ..

***********

२०

## ॥ રામ સભામાં અમે રમવાને ગ્યાતા ॥

રામ સભામાં અમે રમવાને ગ્યાતા (२) પસલી ભરીને રસ પીધો રે................
પહેલો પ્યાલો મારા સદ્દગુરુએ પાયો (२) બીજે રંગની રેલી રે
ત્રીજો પ્યાલો મારા રોમે રોમે વ્યાપો, (२) ચોથે થઈ છું ઘેલી રે.......રામ સભામાં
રસ બસ થઈ રંગ રસિયા સાથે (२) વાત ન સુઝે બીજી રે
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે,(२) તે મારા મંદિરીયે મ્હાલે રે.. રામ સભામાં
અખંડ હેવાતણ મારા ગુરુજીએ દીધા (२) અખંડ સૌભાગી અમને કીધા રે
ભલે મળ્યા મહેતા નરસૈયાના સ્વામી, પુરણ પ્રીત બંધાણી રે........ રામ સભામાં

***********

२१

## ॥ પ્રેમના બંધન જો જે તૂટી જાય ના ॥

પ્રેમના બંધન (૨) જો જે તૂટી જાય.. ના
અધવચમાં.. આ નૈયા ડુબી જાય..... ના
મોહન તારા નખ.. રા તો સહે..વાય..ના
અધવચમાં આ નૈ..યા ડુબી જાય.... ના
હું ઘડીએ ઘડીએ વ્હાલા............ તારી
વાતલડી હું તો જોતી
શ્યામ તારે કાજે હું તો રાત આખી રોતી (૨)
હૈ...હૈ....હો.... હો....
તારા ભરોસે (૨) કાનુડા રહેવાય ના (૨)
અધવચમાં આ નૈ..યા ડુબી જાય.. ના (૨) પ્રેમના બંધન જોજે
ભવભવ ના ઓ... ભૈરુ તારી પ્રે..મ કટા..રી વાગી
અંગે અંગે હૈ નટ નાગર લગની તમારી લાગી (૨)
હૈ...હૈ..હો...હો...
મનની પી..ડા હવે (૨) કોઈને કહેવાય ના (૨)
અધવચમાં.. આ નૈ...યા ડુબી જાય......... ના
મોહન તારા નખરા તો સહેવાયના...............

***********

- નિત્ય નેહ નવાલા કરે, જગલાડી ધુતારી,
પ્યાર ઓરથી રમે ઓરથી, અવર પુરુષને પ્યારી..
એવી નીચ વૈશ્યા નારીથી, રમે દુષ્ટ વ્યભિચારી,
ધર્મન્યાત જાત ન જોતી, નારી રુપે ખરભારી....
સાતે વ્યસનો વેશ્યા સંગે, જાર અંગ રહે જારી,
ઢોર હરાયા પર મુખ દે, જયાં ત્યાં એ વ્યભિચારી...

***********

૨૨

## ॥ રામ ભજી લે.. તું શ્યામ ભજી લે ॥

રાગ- દુલ્હન જાયેગી દુલ્હે રાજા કે સાથ...દુલ્હે રાજા

રામ ભજી લે.. તું તો શ્યામ ભજી.. લે
રામ ભજી લે શ્યામ ભજી લે કર બસ્તીના કા..મ
બોલો જય જય સીતા...રામ બોલો જય રાધે..શ્યામ (૨)
આજે જન્મ્યા... ને, કાલે મરવા...ના
પ્રભુના નામે ભવસાગર તરવા... ના (૨)
કયાંથી રે આ..વ્યા, કયાં.....રે જવા....ના
પાપના ભારા બાંધી થા..શે રવા...ના..... (૨)
પાપ મુકી દે પુણ્ય કરી લે (૨) કર બસ્તીના કા...મ
બોલો જય જય સીતા રામ... બોલો જય રાધે...શ્યામ
રૂપિયા...ને પૈ..સા તારા, સાથે ના આ..વશે
માલ ને મિલકત ત..ને, કા..મ ના આ..વશે (૨)
જીવનની નૈ..યા તારી (૨) ડુ..બી રે જા..શે (૨)
ત્યારે ઓ માનવ ત..ને, બધું.. રે સમ.. જાશે. (૨)
હવે ભજન કરી... લે, તું તો ભ..કિત કરી. . લે (૨)
કર મ..સ્તીમાં કા..મ
બોલો જય જય સીતા...રામ બોલો જય રાધે.. શ્યામ(૨)

***********

ગર્ભમાં બાળક આપે પ્રભુને કોલ, જન્મતાં જ કહે હું કોણને તું કોણ,
કુંવારા કાનુડા આપે માબાપને કોલ, પરણતાં જ કહે હું કોણને તું કોણ.
શાદી સમયે સુન્વર આપ સુકન્યાને કોલ, તલ્લાક થતાં જ કહે હું......
ચુંટણી ટાણે નેતા આપે પ્રજાને કોલ, ચુંટાતા જ કહે હું કોણ...........
દુ:ખ આવતાં માનવી આપે પ્રભુને કોલ સુખ આવતા કહે હું કોણ.....
બિંદાસ માનવી ગરજે આપે ગધેડાને કોલ, ગરજ સરતાં જ કહે હું કોણ.

***********

૨૩

## || રામ હે રામ.... રામ હે રામ.. ||

રાગ : જનમ જનમકા સાથ હે તુમ્હારા હમારા...

રામ હે રામ... રામ હે રામ...
માનવ તું વિચારી લે, રામને ભજી લે, રાધે શ્યામને ભજી લે
(ઓ) જનમો જનમનાં બંધન તારા પલમાં તૂટી જાશે
માનવ તું વિચારી લે રામને ભજી લે, રાધે શ્યામને ભજી લે..
ખીલેલી તારી કા..યા પલમાં કરમાય જાશે
ઓ..ઓ..ઓ.. ખીલેલી તારી કાયા પલમાં કરમાય જાશે
માયાના બંધનમાં તું બંધાઈ જાશે,
(ઓ) સંસારી જીવલડા... તું તો પલમાં ઉડી જા...શે................
માનવ તું વિચારી લે રામ ને ભજીલે, રાધેશ્યામ ને ભજી લે........
રામ..હે રામ..રામ હે રામ..
વાદ ભર્યા સંસાર.. માં તું અટવાઈ જાશે
ઓ..ઓ..ઓ.. વાદ ભર્યા સંસારમાં તું અટવાઈ જાશે..............
માયાની મહેફીલમાં તું અટવાઈ જાશે
(ઓ) સંસારી જીવલડાં... તું તો પલમાં ઉડી જાશે..
માનવ તું વિચારી લે રામને ભજી લે, રાધે શ્યામને ભજી લે........
રામ...હે રામ.. રામ હે...રામ..
હરિ ભજન કરશો તો ભવસાગર તરી જાશો..
ઓ..ઓ..ઓ.. હરિ ભજન કરશો તો ભવસાગર તરી જાશો..
જીવનની આ બાજી તું તો કાયમ હારી જાશે..
માનવ તું વિચારી લે રામને ભજી લે, રાધે શ્યામ ને ભજી લે........
રામ હે...રામ, રામ..હે રામ..

**********

- મધપૂડો માખી રચે, દાન ના કીધું પાન,
લૂંટનારો લૂંટી ગયો, ઘસી પગ ખોયા પ્રાણ.

૨૪

## ॥ સરોવર કાંઠે શબરી બેઠી ॥

રાગ : નફરત કી દુનિયા કો છોડ કે... હાથી મેરે સાથી

સરોવર કાંઠે શબરી બેઠી, જપે રામનું નામ
બોલો બોલો જય જય સીતારામ (૨) સીતારામ
આંખોમાં આંસુ લાવે, મારો રામ કયારે આવે, હો રામ.. હો રામ
ફળફુલ વીણી લાવે..અંતરમાં આનંદ લાવી
એ..આવ્યા હમણાં આવશે એ શોધે ઠામોઠામ................બોલો
એ તો કરગરીને કહેતી, વ્હાલો કયારે દર્શન દેશે
મારો અંત સમય આવી જાશે, વ્હાલો કયારે શરણે લેશે
રોમ રોમમાં રામ બિરાજે, કરે સેવાના કામ................. બોલો
મારો રામ કયારે આવે, મારી ઝુંપડી પાવન થાશે
મારી કાયા ઘરડી થાશે, મારા પ્રાણ ચાલ્યા જાશે,
રામ રમૈયા રમતાં રમતાં આવ્યા શબરીને ધામ............. બોલો

***********

- પ્રેમ છિપાયા ના છીપે, જયાં ઘટ પ્રગટ હોય,
  અઘમી મુખ બોલે નહીં, નૈન દેત હૈ રોઈ.......
  તનધન વેચી બના જુઆરી, વેશ્યા વ્યસન ખુવારી,
  વેશ્યા તન છે ચાટ શ્વાનની, પરનાર ખર મુખડારી..
  પ્રીત કરે ધનવાનથી તાકે દૂધ મંજારી,
  નિર્ધન કરી જન તજે, સર્પ કંચુકી વિસારી.......
  કપટ કરે હવભાવથી, નખરે છેતરનારી,
  ઉંચનીચ જુએ નહીં, ધન જોઈ ખેલે જારી.......

***********

૨૫

## ॥ મોહે લાગી લટક ગુરુ ચરનનકી ॥

રાગ : માલકોશ

મોહે લાગી લટક ગુરુ ચરનનકી, ચરનનકી ગુરુ શરનનકી મોહે લાગી.
ચરન બીના મોહે કછુ નહીં ભાવે
જુઠ માયા સબ સપનનકી. મોહે...........
ભવસાગર સબ સુક ગયા હૈ, ફિકર નહીં મોહે તરનનકી. મોહે.
મીરા કે પ્રભુ ગિરધર નાગર ઉલટ ભયે મોરે નયનનકી. મોહે..

**

તૂ તો રામ સુમર, જગ લડવા દે
કોરા કાગઝ કાલી સાહી
લિખત પઢતવાકો પઢવા દે.તુ તો
હાથી ચલત હૈ અપની ગતમે
કુતર ભૂકતવાકો ભૂકવા દે.. તુ તો
તેરા સાઈ તુજમે હૈ ભાઈ
જાગ સકે તો જાગ લે...... તું તો
કહેત કબીરા સુનો ભાઈ સાધુ,
નરક પચત વાકો પચવા દે..તુ તો..

**

પગ ઘુંઘર બાંધ મીરા નાચી રે.(૨)
મે તો મેરે નારાયણ કી (૨) આપહી હો ગઈ દાસી રે.. પગ
લોગ કહે મીરા ભઈ બાવરી ન્યાત કહે કુળનાશી રે... પગ
વિષકા પ્યાલા રાણાને ભેજા, પીવત મીરા હાસી રે.. પગ
મીરા કે પ્રભુ ગિરધર ના ગુણ, સહજ મીલે અવિનાશી રે.. પગ

**

## ॥ અંતરના પટને ખોલી દે ॥

અંતરના પટને ખોલી દે
ગુરુ ગમ ચાવી કરમા લઈને દિલનું તાળુ ખોલી લે (૨)
વિશ્વથી પર વિશ્વ સ્વરૂપે અકળ કળાને જાણી લે (૨)...
જળ ચેતનમાં સઘળે વ્યાપક તેનું દર્શન કરી લે (૨).....
ઘટઘટમાં વસનારો તારો હૃદય કમળમાં જોઈ લે (૨)....




વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્ ।
દેવકીપરમાનન્દં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ॥

## ૨૬ ॥ કાના રે.. માયા લગાડી અમને શીદને ભૂલી જાય ॥

રાગ : બેના રે સાસરિયે જાતા.. પારકી થાપણ

કાના રે... માયા લગાડી અમને શીદને ભૂલી જાય,
તારા વિના શ્યામ કયાંથી જીવાય (૨)
મનડું મુંઝાય તનડું સેકાય, તારા વિના શ્યામ કયાંથી જીવાય (૨)
તારા વિરહે વ્હાલા મારી ગળવા લાગી કાયા હો શ્યામ ગળવા લાગી કાયા
શાને અમને શામળિયા તે ઝેર કટોરા પાયા હો શ્યામ ઝેર કટોરા પાયા
કાના રે...................... રડતી આંખલડીના આંસુ જરીએ ના સુકાય
તારા વિના શ્યામ..(૨)
શ્યામ વિનાનું જીવન જાણે, સુનું સુનું લાગે હો શ્યામ સુનું સુનું લાગે
તારા દિલમાં મારે માટે લેશ દયા ના જાગે હો શ્યામ લેશ દયા ના જાગે
કાના રે...................... માખણનો ખાનારો આવો નિર્દય શાને થાય
તારા વિના શ્યામ.. (૨)
પોતાના થઈ પાટું મારે, કોને જઈને કહીએ હો શ્યામ કોને જઈને કહીએ
પ્રેમ અગનની જવાળા માંહે રોજ બળતા રહીએ હો શ્યામ રોજે બળતા રહીએ
કાના રે........................... બિંદુનું જીવન તારા હાથે ના રોળાય
તારા વિના શ્યામ.. (૨)

.*********

## ૨૭ ॥ કહાં ઢુંઢા જાય કહાં મિલા જાય ॥

રાગ : માર દિયા જાય છોડ દિયા જાય.. મેરા ગાંવ મેરા દેશ

કહાં ઢુંઢા જાય કહાં મિલા જાય, ઓ મેરે શ્યામ તુઝે કહાં ઢુંઢા જાય
તુને લાખો કો રાહ દિખાઈ, તુને અંધેકો આંખ મિલાઈ
મેં ભટકતા ફિરું, ઈન્તજાર કરું................ ઓ સાવરિયા
કૈસા જાદુ લગાયા મુરારી, મેરી નૈંનોકી નીંદ ચુરાઈ રે
તુને વાદા કિયા, ફિર ભી ચલ તો દિયા...... ઓ સાવરિયા
તુને પાપી કે પાપ મિટાયા, જન્મો જન્મકા ફેરા મિટાયા
તુને કામ કિયા, દિલ મેરા લિયા............. ઓ સાવરિયા
તુને નામ મનોહર ધરાયા, દાસ મંગળકો શરણે લગાયા
અબ આન મિલો, મુઝે સાથ લેલો.......... ઓ સાવરિયા

**********

## ૨૮ ॥ હું થાઉં ભલે હેરાન ॥

રાગ : રેશમી સલવાર કુરતા જાલીકા

હું થાઉ ભલે હેરાન, ભજન મારે કરવું છે,
સુખમાં દુઃખમાં ધ્યાન પ્રભુનું મારે ધરવું છે.
ભલે લાખ ઉપાધી આવે, મારા દિલડાને ગભરાવે,
ભલે થવાનું હોય તે થાય, ભલે જીંદગાની વહી જાયે,
ન પાછું ફરવું છે..... સુખમાં દુઃખમાં.....
ભલે દુનિયા દે હંકારી, ભલે ભયની આવે સવારી,
હું શાને જાઉ હારી, મને લાગ્યો ભરોસો ભારી,
કે પાર ઉતરવું છે.... સુખમાં દુઃખમાં.....
ભલે ખાવા મળે ના રોટી, ભલે આવે વિકટ કસોટી,
ભલે રહે ઉપાધિ ચોંટી, હું ખાદ્ય ન ખાઉ મોટી
મોહનને મળવું છે... સુખમાં દુઃખમાં.....
ભલે ચાલે નાવડું વાંકું, એ હંકારે તેમ હાંકુ
મારું હૈયું થયું છે પાકું, હવે ' રામ ભકત' ના થાકું
ચરણમાં ઠરવું છે.... સુખમાં દુઃખમાં.....

***********

## ૨૯ ॥ મને ના તલસાવો ॥

રાગ : મોરી છુમ છુમ બાજે પાયલીયા....ઘુંઘટ

મને ના તલસાવો શામળિયા (૨)
હું તો થઈ ગઈ તમારી બાવરિયા... મને ના તલસાવો શામળિયા
મારા હૈયામાં રંગ તારો લાગી ગયો, ભય જન્મોજનમનો ભાંગી ગયો
વેગે આવો વ્હાલાં કરું કાલાવાલા,
હું તો પુંજુ તમારી પાવલીઆ........... મને ના તલસાવો....
તારા વિશ્વાસે જીવન ઝૂકાવી દીધું, જે જે મારું હતુ તે તમારું કીધું
મને પડતીના ગમ, તમને મારા છે સમ
મારી ડગમગ ડોલે નાવલિયા............ મને ના તલસાવો....
તારા મુખડા જોઈને ભાન ભૂલી ગયો, નંદુ દર્શનને કાજે હું ઝૂરી રહ્યો.
તારી કેવી છે રીત, હું તો જાણું ના પ્રીત
મારી રોઈ રોઈ થાકી આંખડીયા............મને ના તલસાવો....

***********

30

## ॥ છોડી દે છેડલો નંદ દુલારા ॥

રાગ - આધા હૈ ચંદ્રમા રાત... નવરંગ

છોડી દે છેડલો નંદ દુલારા (૨)
શાને કરે શ્યામ આવા ચેનચાળા, મોહન મોરલીવાળા... છોડી દે છેડલો હો
ઢોળાશે મહીંડાના માટ મારા (૨) શાને કરે શ્યામ આવા ચેનચાળા મોહન...
હો.................તને સ્હેજે શરમ નહીં આવે, રોજ મારગમાં મુજને સતાવે.
થાશે લોકોમાં વાત, થાશે મનમાં ગભરાટ
મારો છેડો મૂકો તમે કાનકાળા, મોહન મોરલીવાળા છોડી દે છેડલો હો
હો.......... શ્યામ આવી તે ટેવ નહીં સારી, એમાં હલકાઈ બહાર પડે તારી
ઝાઝું કરશો ના જોર, બની માખણના ચોર
નહિતર કન્યા ન આપે કોઈ ગામવાળા, મોહન મોરલીવાળા છોડી દે છેડલો હો
હો....................વાત વધશે તો ઝઘડો થાશે, માર મારા તે હાથનો ખાશે
હું છું આહીરની નાર, માટે કરજે વિચાર.
બિંદુ સાંખે નહિ આજ તોફાન તારા, મોહન મોરલીવાળા છોડી દે છેડલો હો..

***********

31

## ॥ માતા જશોદા તમારો કાન ॥

રાગ : આને સે ઉસકે આયે બહાર.....

માતા જશોદા તમારો કાન, મારગ વચ્ચે માંગે છે દાણ,
કહ્યું નહીં માને રે.. તારો કાનુડો, હમને સતાવે રે... તારો કાનુડો..
જયાં જાઉ ત્યાં એ આવે, ત્યાં આવીને મુજને સતાવે,
મીઠી વાંસળી વગાડે, મારા મનડાના ભાન ભૂલાવે,
કોને કહું કયાં જઈને રહું, કહ્યું નહીં માને રે........ તારો કાનુડો...
મહીં વેચવાને જાઉં, મારી પાછળ પાછળ આવે,
મને રોજ રોજ સતાવે, મારા તનડાના ભાન ભૂલાવે,
કાળો છે કામણગારો છે, કહ્યું નહીં માને રે....... તારો કાનુડો....

***********

32

## ॥ ડાકોરના શ્યામ આવો મારા રામ ॥

રાગ : જીસકા મુઝે થા ઈન્તજાર....ડોન

ડાકોરના શ્યામ, આવો મારા રામ, મન છે મથુરા દિલ દ્વારિકા ધામ,
પ્રેમે આવોને મારા રાધાના શ્યામ રામ, પ્રેમે આવોને મારા રાધાના શ્યામ
હૈયે તારું નામ, પીધા ભકિતના જામ,
પાવન કરજો ભકતોનું આ ગોકુળિયું ગામ............ પ્રેમે આવોને
શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારિ,
તારો ભરોસો છે મને ભારી
આજ કાલ કરતા મારી જીંદગી જવાની
કયારે આવોને મારા સુંદીર શ્યામ..................... પ્રેમે આવોને
ભકતોનો ભાર શ્યામ લેજો ઉતારી
મનના મોહન મને આશા છે તારી
અંતરની વાત મારે કોને કહેવાની,
દર્શન આપો નહીં તો નાથ થાશો બદનામ............ પ્રેમે આવોને
ભડકે બળે છે મારી હૈયાની હોળી,
ભરી દેજો નાથ મારી ભીક્ષાની ઝોળી
ફરી ફરી તક મને નથી મળવાની
તારા ચરણોમાં બાબુ કરે છે પ્રણામ.................... પ્રેમે આવોને

***********

33

## ॥ મહીંડા વેંચતી હું મહિયારણ ॥

રાગ : મીલોના તુમ તો હમ ગભરાયે.... હીર રાંઝા

મહીંડા વેચતી હું મહિયારણ, કરું છું કાલાવાલા મારગ મેલ કાના..(૨)
તારે ને મારે ઝઘડો થાશે, નંદજીના લાલા મારગ મેલ કાના........ (૨)
હો.... રંગ રસિયા.... ઢોળાશે મહીંડા કેરા માટ રે.......................
આવા અડપલા શાને કરો છો ગોકુળના ગોવાળા, મારગ મેલ કાના.. (૨)
હો.... રંગ રસિયા લોકોમાં થાશે મારી વાત રે...........................
મારા પાલવનો છેડો છોડી જાવા દે છોગાળા, મારગ મેલ કાના.... (૨)
હો... રંગ રસિયા થોડી શરમ હવે રાખ રે...............................
" બિંદુ " કહે છે કર જોડીને માનો મોરલીવાળા, મારગ મેલ કાના. (૨)

***********

## ३४ ॥ ડાકોરના ઘનશ્યામ તમે દર્શન દેજો નાથ ॥

રાગ - કયા ખૂબ લગતી હો... ધર્માત્મા

ડાકોરના ઘનશ્યામ, તમે દર્શન દેજો નાથ, આવી રહ્યો શરણે તારે, વિનવું વારંવાર
દીન દુઃખીયાના બેલી મને તારો છે આધાર.................. ડાકોરના ઘનશ્યામ
તારા વિના નથી કોઈ મારું, કોઈ મારું
જૂઠી માયામાં મન મોહ્યું પ્રભુ મારું
નથી અંત સમય કોઈ મારું, કોઈ મારું
માંગી રહ્યો છું, શરણ પ્રભુ એક તારું
આવી રહ્યો શરણે તારે વિનવું વારંવાર દીન દુઃખીયાના બેલી...........
આ વિપત પડે કોને કહેવું કોને કહેવું
આ દુઃખડાને હસતે મુખડે સહેવું
બીજું કાઈ નથી લેવું દેવું, લેવું દેવું
આવી રહ્યો શરણે તારે વિનવું વારંવાર દીન દુઃખીયાના બેલી...........
કાયા પાણીનો પરપોટો, પાણીનો પરપોટો
તારી કાયાનો રૂપિયો છે એ ખોટો
એનો જગમાં મળે નહીં જોટો
દાસ બહાદુરનો જુગ જુગનો છે નાતો
આવી રહ્યો શરણે તારે વિનવું વારંવાર, દીન દુઃખીયાના બેલી...........

***********

## ૩૫ ॥ ફર ફરરરરર રર ફરકે રણછોડ ધજા ધોળી તારી ॥

ફર ફરરરર રર ફરકે રણછોડ ધજા ધોળી તારી
નિરખી મનડું મલકે રણછોડ ધજા ધોળી તારી
રણછોડ તારું મંદિર રુડુ શોભે ગોમતી ઘાટે (ર)
સંઘ લઈને ભકતો આવે,
ધજા ચઢાવવા માટે ભાઈ ધજા ચઢાવવા માટે.....ફર ફરરરરર....
રણછોડ તારી ધજા ફરકતી, દૂરદૂરથી દેખાયે (ર)
નીરખવાને રામના ભકતો,
ગાંડા ઘેલા થાયે ભાઈ ગાંડા ઘેલા થાયે ..... ફર ફરરરરર....

***********

36 ## ॥ હું તારી રાધા મોહન તું મારો ॥

રાગ : મેં તેરી દુશ્મન, દુશ્મન તું મેરા....નગીના

હું તારી રાધા મોહન તું મારો, હું ગોરી ને તું કાળો..... હું ગોરી ને તું કાળો
જનમ જનમનો તારો મારો સાથ પકડયો હાથ
પ્રીત પૂરવની મારી જાગી, મોહન તારી માયા લાગી
હરનીશ જપતી તારી માળા, હે નટ નાગર નંદ દુલારા
મનના માણીગર તું છે રૂપાળો, હું ગોરી ને તું કાળો...(૨)
ચૂંદડી તારી ઓઢી માથે, અમ્મર ચૂડલો પહેર્યો હાથે
સોહાગણ હું થઈ છું તારી, ઘટમાં બેઠો તું ગિરધારી
વરણાગી વેશે લાગે છોગાળો, હું ગોરી ને તું કાળો....(૨)
આ નાતો ભવભવના છૂટે, પ્રેમ તણા બંધન ના તૂટે
થઈ છું તારી પ્રેમ દીવાની, વાત નથી કંઈ જગમાં છાની
બિંદુનો જીવન સાથી તું પ્યારો. હું ગોરી ને તું કાળો...(૨)

**********

37 ## ॥ મથુરામાં ખેલ ખેલી આવ્યા ॥

મથુરામાં ખેલ ખેલી આવ્યાં, હો કહાન કયાં રમી આવ્યા
પગનાં તે ઝાંઝર કયાં મૂકી આવ્યા,
સાંકળા તે કોના ચોરી લાવ્યા, હો કહાન કયાં રમી આવ્યા
માથાનો મુગટ કયાં મૂકી આવ્યા,
વેણી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા
પીળા પીતાંબર કયાં મૂકી આવ્યા,
સાડી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા
કાનના કુંડળ કયાં મૂકી આવ્યા,
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા
તમારું હૈયું કયાં મૂકી આવ્યા
સુધબુધ તે કોના ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા
નરસિંહ મહેતાના સ્વામી શામળિયા
ભાવે ભકતોને ભાવ્યા, હો કાન કયાં રમી આવ્યા

**********

३८ ॥ પાંચ પચીસના ઝઘડામાં હીરો ખોવાયો મારો વગડામાં ॥

પાંચ પચ્ચીસના ઝઘડામાં, હીરો ખોવાયો મારો વગડામાં
હીરો ખોવાયો મારો વગડામાં, હીરો ખોવાયો મારો વગડામાં,
ગોકુળમાં જઈ નંદરાયને પૂછયું, (૨)
હીરો તો વાસુદેવની ટોપલીમાં, હીરો ખોવાયો મારો વગડામાં
મથુરામાં જઈ વાસુદેવને પૂછયું, (૨)
હીરો તો યશોદાના ખોળામાં, હીરો ખોવાયો મારો વગડામાં
ગોકુળમાં જઈ યશોદાજીને પૂછયું, (૨)
હીરો તો ગોવાળોના ટોળામાં, હીરો ખોવાયો મારો વગડામાં
ગોકુળમાં જઈ ગોવાળોને પૂછયું (૨)
હીરો તો ગોપીઓની મટકીમાં, હીરો ખોવાયો મારો વગડામાં
વૃંદાવનની વાટે જઈને ગોપીઓને પૂછયું (૨)
હીરો તો દ્વારિકાના મંદિરમા, હીરો ખોવાયો મારો વગડામાં
દ્વારિકામાં જઈને પૂજારીને પૂછયું (૨)
હીરો તો ડાકોરના દેરામાં, હીરો ખોવાયો મારો વગડામાં
ડાકોરમાં જઈને બોડાણાને પૂછયું (૨)
હીરો તો ભકતોના ભાવોમાં, હીરો ખોવાયો મારા વગડામાં
''બાબુ'' એ જઈ શકિત મંડળમાં પૂછયું (૨)
હીરો તો ભકતોના રુદિયામાં હીરો ખોવાયો મારા વગડામાં

*********

३९ ॥ મને તારો નેડો લાગ્યો ॥

રાગ- કરતી હું તુમ્હારા વ્રતમેં.... જય સંતોષી મા

મને તારો નેડો લાગ્યો, ઓ રંગીલા રણછોડ
રંગ લાગ્યો છે રગ રગમાં વ્હાલા, હવે ના તરછોડ મારા રંગીલા રણછોડ,
હો ડાકોરવાસી (૨)
સળગી રહી છે કાયા હો નાથ નિભાવજે, શરણે તારે આવ્યો જરા હાથ લંબાવજે
હું દ્વારે તારે આવ્યો, હો રંગીલા રણછોડ રંગ લાગ્યો છે......
તુ જ દર્શનથી મંડળના હૈયાને નિભાવજે, મન મૂર્તિ વ્હાલા તારા ચરણોમાં રાખજે,
તારા પ્રેમે ગુણલા ગાઉં, હો રંગીલા રણછોડ રંગ લાગ્યો છે......

**********

૪૦

## ॥ તારી મારી પ્રીત પુરાણી ॥

રાગ : દીદી તેરા દેવર દિવાના.... હમ આપકે હે કોન।

તારી મારી પ્રીત પુરાણી (૨) હો શ્યામ જો જે ના ભૂલી જાતા
હું છું તારી પ્રેમ દીવાની, હો શ્યામ જો જે ના ભૂલી જાતા
મારે મન વસ્યો, એ મોરપીંછાવાળો, હે નંદના દુલારા હે માખણ ખાનારા
મન મોહન તું મોરલીવાળો, હો શ્યામ જો જે ના ભૂલી જાતો
હું છું તારી રાધા, હું છું તારી મીરા, તું સપનામાં આવે હે ગિરધર ગોપાલા
પ્યારો પ્રીતમ મારો સાવરિયો, હો શ્યામ જો જે ના ભૂલી જાતો
સંબંધ બાંધ્યો છે, મેં શ્યામની સાથે, વિરહે દિન વીતે ઝંખુ સારી રાતે
જાળવજેતું સંબંધ મારો, હો શ્યામ જો જે ના ભૂલીજાતો
હે દ્વારિકાવાસી, લે જે તું સ્વીકારી, જશોદાના જાયા લે જે તું સંભાળી
ભવભવનો તું ભેરું બનીને, હો શ્યામ જો જે ના ભૂલી જાતો

***********

૪૧

## ॥ ઘમ્મર ઘમ્મર મારું વલોણું ગાજે ॥

ઘમ્મર ઘમ્મર મારુ વલોણું ગાજે, શ્યામ આવીને મારી મટુકી ફોડે,
મટુકી ફોડે ને વ્હાલો મહીંડા ઢોળો, શ્યામ આવીને મારી મટુકી ફોડે
મથુરાની જેલમાં કાનો જન્મ્યો, વાસુદેવ ટોપલામાં મેલી ને હાલ્યા,
ગોકુળિયામાં (૨) મેલવાને જાયે મારો શ્યામ..... શ્યામ આવીને...
બેઉ કાંઠે જમુનાજી છલકાયો, વાસુદેવ એવા મનમાં મુંઝાયા,
જમુનાજીમા(૨) કેડીયું પાડે મારો શ્યામ......... શ્યામ આવીને....
ચાર પાંચ ગોવાળો ટોળે મળીને, એકબીજાની ખાંધે ચઢીને,
મટુકીમાં (૨) મોરલી મારે મારો શ્યામ......... શ્યામ આવીને.....
એક એક ગોપી ને એક એક કાનો, તોયે કાનુડાએ રાધાને રોકી,
વૃંદાવનમાં (૨) રાસ રમાડે મારો શ્યામ......... શ્યામ આવીને.....
નંદબાવાને ઘેર નવ લખે દુઝે, માતા જશોદા મહીંડા વલોવે,
ગોપીઓના (૨) ઘરમાં વ્હાલો ચોરીઓ કરે.... શ્યામ આવીને.....

***********

## ૪૨ ॥ કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી ॥

કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી, બડી દૂર નગરી
દૂર નગરી રે વ્હાલા દૂર નગરી
જલ્દી જલ્દી ચાલું કાના સાંસ ન માયે
ધીરે ધીરે પ્યારા ચાલું લાગે કંકરી બડી દૂર નગરી..... કૈસે આવું રે....
જળ જમુના ઉતરું તો પાયલ મેરા ભીંજે,
કુદ પડું તે ભીગી જાઉ સઘળી બડી દૂર નગરી.... કૈસે આવું રે.........
જશોદાનો લાલો વ્હાલો કૃષ્ણ કનૈયો,
મીઠી મીઠી બાજે તેરી વાંસલડી બડી દૂર નગરી.... કૈસે આવું રે......
સખી સંગ આવું કાના શરમ મોહે લાગે,
અકેલી આવું તો ભૂલ જાઉ નગરી બડી દૂર નગરી..... કૈસે આવું રે..
શરદ પૂનમની અજવાળી રાતે,
રાસ રમાડયા અમને ફરી રે ફરી બડી દૂર નગરી.....કૈસે આવું રે....
રાત કો આવું તો કાના, જીવ મોરા ભડકે
દિનકો આવું તો દેખે સારી નગરી બડી દૂર નગરી....કૈસે આવું રે.....
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર,
તેરે ચરણોમે શીશ નમાવું રે હરિ બડી દૂર નગરી.... કૈસે આવું રે.....

***********

## ॥ અમે મહિયારા કંસ રાજાના... ॥

૪૩ અમે મહિયારા કંસ રાજાના,વ્હાલા કોઈને ના દઈએ દાણ
હાં..... હારે વ્હાલા કોઈને ના દઈએ દાણ
મારગડો મારો મેલી દિયોને કુંવર કાન (૨)
એ..... આ કાંઠે ગંગા વ્હાલા પેલા કાંઠે જમુના વચમાં ગોકુળિયા ગામ
એ.... દૂધ ભરી છે તલાવડી ને કાંઈ મોતીડે બાંધી પાળ.........હાં હાં
એ.... દૂધ તમારા ઢોળાઈ જશે ને તુટશે મોટીડાની પાળ........ હાં હાં
એ.... કિયા રાજાના તમે બેટડાને વળી શું છે તમારું નામ....... હાં હાં
એ. નંદરાજા નો હું બેટડો ને કાન કુંવર છે મારું નામ........... હાં હાં
મારગડો મારો મેલી દિયો ને કુંવર કાન.......

***********

૪૪

## ।। દોડી દોડી આવે રે ।।

દોડી દોડી આવે રે દોડી-દોડી આવે મારો કૃષ્ણ કનૈયો
કૃષ્ણ કનૈયો મારો કૃષ્ણ કનૈયો.... દોડી દોડી આવે....
ભરી રે સભામાં દ્રોપદી પુકારે,
ચીર પુરવા આવે રે ચીર પુરવા આવે મારો કૃષ્ણ કનૈયો
વેવાઈને બારણે નરસૈંયો પુકારે,
મામેરું માં આવે રે, મામેરુંમા આવે મારો કૃષ્ણ કનૈયો
વનરા તે વનમાં રાધા પુકારે,
રાસ રમવા આવે રે, રાસ રમવા આવે મારો કૃષ્ણ કૈનૈયો
ચૌટાની વચ્ચે શામળિયો પુકારે,
વેપારી બની આવે રે, વેપારી બની આવે મારો કૃષ્ણ કનૈયો
રાણાના મહેલમાં મીરાબાઈ પુકારે,
ઝેર પીવા આવે રે, ઝેર પીવાં આવે મારો કૃષ્ણ કનૈયો

***********

૪૫

## ।। વંદન વંદન હું તો કરું ।।

રાગ : તેરી અદાઓ પે મરતાં હૂં લવ તુઝે લવ મેં કરતાં

વંદન વંદન હું તો કરું, શ્યામ તારા ચરણોમાં હું તો નમું
રાત દિવસ તારી સેવા કરું, શ્યામ તારા ચરણોમાં હું તો નમું
રાત દિવસ તારી પૂજા કરું, શ્યામ તારા ચરણોમાં હું તો નમું
અબીલ ગુલાલ પ્રભુ હું તો ચઢાવું, સાંજ સવારે તારા દીવડા પ્રગટાવું
માયા મમતા, છોડી મેં તો, આખી દુનિયા છોડી મેં તો,
રાત દિવસ તારી સેવા કરું, શ્યામ તારી ચરણોમાં.........
દોડી દોડી તારા દર્શને આવું, ભાન ભૂલી હું તો ગુણ તારા ગાવું
મારી અરજી લે તું સ્વીકારી, હવે દર્શન દે હે દયાળુ,
રાત દિવસ તારી સેવા કરું, શ્યામ તારા ચરણોમાં........

***********

૪૬

## ॥ તોફાન કરે છે, પરેશાન કરે છે. ॥

રાગ : માર દિયા જાય યા છોડ દિયા..... મેરા ગાંવ મેરા દેશ

તોફાન કરે છે, પરેશાન કરે છે, જશોદા તારો લાલો હેરાન કરે છે.
જશોદા તારો લાલો હેરાન કરે છે................................
જઈએ જલ ભરવા જમુના કિનારે, મટકી ફોડવાને કંકર એ મારે
શું કહીએ એને વારે વારે, એના તોફાન વધ્યા છે દહાડે દહાડે
કોઈનું રાખે ન માન, કરતો કાયમ નુકશાન,
અમને વાટે ને ઘાટે હેરાન કરે છે..............તોફાન કરે છે.
તમે દેજો શિખામણ સારી, મારગ વચમાં લૂંટે લાજ મારી
સાસુ મળી મારા કર્મે કજીયાળી, નાની નણંદી છે નફ્ફટ નઠારી
એની વાતો તણી, બીક લાગે ઘણી,
રોજ ગાળો દઈને સન્માન કરે છે............... તોફાન કરે છે.
જશોદા કાનાને દોરડાથી બાંધે, વ્હાલે સહસ્ર રુપ બતાવે
વ્હાલો આમ તેમ ઘરમાંહી દોડે, માતા જશોદાજીને હંફાવે
એની લીલાનો નહિં પાર, એવો નંદનો ગોપાળ,
માર મારી જશોદા પસ્તાવ કરે છે............... તોફાન કરે છે.

***********

## ॥ કાનુડો કાળો કાળો રાધા છે ગોરી ગોરી ॥

૪૭

કાનુડો કાળો કાળો, રાધા છે ગોરી ગોરી
એક છે નવલ કિશોર, એક નવલ કિશોરી........ કાનુડો કાળો
મન વશ કરીને જોતાં, શુધ્ધ પ્રેમ ઝાંખી થાયે
અજ્ઞાની જીવ જાયે (૨) જયાં મનડું જાય દોડી.... કાનુડો કાળો
છે પ્રેમ સર્વ વ્યાપી, વ્હેમીજનો શું જાણે
અજ્ઞાની ને અનાડી (૨) ઉઘણસી ને અઘોરી...... કાનુડો કાળો
ઘાયલ ગતિને ઘાયલ, જે હોય તે જ જાણે
કોઈ ગયું મુજ ઘોળે (૨) દીને હ્રદયને ચોરી...... કાનુડો કાળો
સત્તાર શાહ નિઝામી પ્રેમની છે મુનાહી
પ્રિતિ કરો તો એવી (૨) જેમ ચંદ્ર ને ચકોરી..... કાનુડો કાળો....

**********

## ૪૮ ॥ દ્વારિકાના વાસી મારા હૈયે કરજો વાસ ॥

ઓ દ્વારિકાના વાસી, મારા હૈયો કરજો વાસ,
કેમ વિસારું રાધા રમણને (૨) જયાં સુધી શ્વાસો શ્વાસ.... ઓ દ્વારિકાના વાસી....
મારે આંટી ઘુંટી આવે છે, તેનો તુજ નીવેડો લાવે છે
જયાં જયાં મારી ભૂલ પડે ત્યા, તુજ મને સમજાવે છે
આ ભૂલ ભરેલા ભવસાગરમાં મને તારો છે આધાર.... ઓ દ્વારિકાના વાસી.....
મારે પળ પળ તારું કામ પડે, મને વારે વારે ભૂલ પડે
તુજ વિના પ્રભુ વારે વારે, વ્હારે મારી કોણ ચઢે,
ઓ દીન દુઃખિયાના દીનબંધુ, મને તારામાં છે આશ.... ઓ દ્વારિકાના વાસી.....
કેમ વિસારું રાધા રમણને એક જ છે અભિલાષ, એક જ છે અભિલાષ..
મારો વહીવટ તું સંભાળે છે, મને નિજ જન જાણીને પાળે છે,
મન વૃત્તિ મારી માયામાંથી, ચરણ કમળમાં વારે છે,
મને અંતે સમયે દર્શન દેજો, મારી એક જ છે અભિલાષ... ઓ દ્વારિકાના વાસી....

***********

## ૪૯ ॥ જય જય રણછોડ રંગીલા ॥

રાગ : મેરા સસરા બડા પૈસેવાલા... બિદાઈ

જય જય રણછોડ રંગીલા (૨)
અરે તમે નંદ જશોદાના લાલા, હા.. તમે ડાકોરના શ્યામ ભોલા ભાલા.. જય..જય...
અંત સમયની આશ મને, દર્શન દેજો નાથ તમે
શરણે તારે આવ્યો છું, પ્રેમના પુષ્પો લાવ્યો છું,
બોડાણાના નાથ તમે, ભકતોની ભીડ ભાંગી તમે
અરે પ્રેમે કરું છું કાલાવાલા, હા..... તમે ડાકોરના શ્યામ ભોલા ભોલા... જય..જય..
મારું મસ્તક તારે ચરણે નમે, મન મોહન કયારે મળશે મને
રખડી રખડી થાકયો છું. શરણે તારે આવ્યો છું.
અહલ્યા ને શબરી તારી તમે, વિદુરની ભાજી ખાધી તમે,
દર્શન દેજો મંડળને મતવાલા, હા... તમે ડાકોરના શ્યામ ભોલા ભાલા... જય..જય...

***********

૫૧ ॥ રાધે કૃષ્ણ બોલો જય જય રાધે કૃષ્ણ બોલો ॥

રાધે કૃષ્ણ બોલો જય જય રાધે કૃષ્ણ બોલો
રાધે શ્યામ બોલો જય જય રાધે શ્યામ બોલો
જયાં જુઓ ત્યાં રાધે કૃષ્ણ, રાધેકૃષ્ણ જણાય છે,
સર્વ પ્રકારે શરણે જઈને (૨) અંતર પડદા ખોલો.. રાધે કૃષ્ણ..
ભવ જલ સાગર તરવા માટે મોંઘો મૂલનું નામ છે.
નામરુપી નૌકામાં બેસી (૨) લઈ લો લ્હાવો અમોલો.. રાધે કૃષ્ણ..
કલ્પતરું રુપ કૃષ્ણ કનૈયો જે જોઈએ તે આપશે,
માટે શ્રધ્ધા રાખીન તેમ (૨) મોંઘી વસ્તુને મોલો... રાધે કૃષ્ણ...
બ્રહ્માદિક પણ પાર ન પામે પ્રભુ ભકતાધિન છે,
એવા પ્રભુને જાણીને સૌ (૨) બ્રહ્માનંદમાં ડોલો... રાધે કૃષ્ણ....
શંકર જેવા ગરીબ જનનો અખૂટ એ ભંડાર છે,
એથી જ મેં તો કાયમ મારો (૨) રાખ્યો હાથ જ પોલો...રાધે કૃષ્ણ..

***********

૫૨ ॥ મને વનરા વનની વાટે ॥

રાગ : મારા સોનાનો ઘડુલો રે....

મને વનરા વનની વાટે રાજ, હો કાનુડો પજવે છે,
મોહન માખણનો ચોર, નાનો નંદનો કિશોર
એ તો ગોકુળિયા ગામને ગજવે છે.......... હો કાનુડો પજવે છે
મારગ વચ્ચે મટકી ફોડે રાજ,
પાલવનો છેડલો ઝાલ્યો એ ના છોડે રાજ... મોહન માખણનો..
અબળા જાણી એમની આંખો કાઢે રાજ,
લટકો કરીને લૂંટે ધોળે દહાડે રાજ... મોહન માખણનો..........
માગણ બનીને કાનો માખણ માંગે રાજ,
મહીંડા ને ઢોળી મૂઠી વાળી ભાગે રાજ...... મોહન માખણનો..
માઝા મૂકી છે નંદરાણીના છૈયે રાજ,
બિંદુ આ રોજનો ઝઘડો કોને કહીએ રાજ.... મોહન માખણનો.

***********

૫૨

## ॥ બંસીના તાન વિના ॥

રાગ : ઘુંઘટકી આડમે... હમ હે રાહી પ્યાર કે

બંસીના તાન વિના... ગોકુળિયું ગામ સુનું લાગે રે....
જયારે મનનો માનેલો ના મુજને મળે (૨) આ જીવન અધુરું લાગે છે... બંસીના
યાદ તારી સદાયે સતાવ્યા કરે
દિલ મારું તું શાને જલાવ્યા કરે,
મનડું મુંઝાય મારું તનડું શેકાય...હો...હો...હો..
રાધાના શ્યામ વિના... આ ગોકુળિયું ગામ સુનું લાગે છે...
જયારે મનનાં માનેલા...............(૨) આ જીવન............બંસીના
તને મળવાના સપના હું જોયા કરું,
તારા ચરણોમાં જીવન વિતાવ્યા કરું,
મીરાના શ્યામ વિના..... આ ગોકુળિયું ગામ.....
જયારે મનનાં માનેલા...............(૨) આ જીવન............બંસીના
કો'ને કહેવી આ દિલડાની વાતો હવે,
તને મળવા અધિરી, છે આંખો હવે,
ભકતોના ભાવ વિના....(૨) આ ગોકુળિયું ગામ.....
જયારે મનનાં માનેલા...............(૨) આ જીવન............બંસીના

***********

૫૩

## ॥ ઓ શ્યામ સલુણાં ॥

ઓ શ્યામ સલુણાં સાવરિયા, મને સપનું આવ્યું છે,
સપનામાં મેં તારા મુખમાં માખણ ખવડાવ્યું છે.
તારું રટણ હતુ મારા મનમાં મારું મન લલચાયું છે
......સપનામાં......
સપનું સાચું કરી દે જે, મારી સાથે ને સાથે રહેજે,
તારું સ્વરૂપ ભાવ્યું છે ......સપનામાં......
તારી નટખટતા નશ નશ વ્યાપી,
તે અણમૂલી શકિત આપી,
મારું મન હરખાયુ છે ......સપનામાં.......
તારો પુનિત પ્રેમ નિરાલો છે,
સૌ રામ ભકતને વ્હાલે છે,
તારી સાથે ફાવ્યું છે ......સપનામાં.....

***********

## ૫૪ ॥ મોરલી વાલે શ્યામ પિયા...॥

રાગ : ડફલી વાલે ડફલી બજા.... સરગમ

મોરલી વાલે શ્યામ પિયા, તેરી રાધા બુલાતી હે આ
તુ આજા શ્યામ આ.... આ.. આ....
તેરે બીન તેરી રાધા અકેલી, બન બન ભટકે બાવરિયા,
તેરે બીન સુના યમુના કિનારા, છુપા કહાં તું સાવરિયા,
હે રાધા બુલાયે, જશોદા બુલાયે,
કહાં છુપા હે મોરલી વાલે... મોરલીવાલે શ્યામ પિયા..
ચંદ મિલનકો ચલી ચકોરી, શ્યામ મિલન રાધા ગોરી.
એકસે બન હે અનેક બિહારી, સબ સંગ નાચે મુરારી
હે ગોપીઓ બુલાયે, ગોવાળો બુલાયે,
કહાં હે એ મોરલીવાલે... મોરલીવાલે શ્યામ પિયા...
કાનોમેં કુંડળ, મુખ પે મોરલિયા, શીર પર મુગટ સોહે,
વૃંદા તે વનમાં રાસ રચાયો, ગોપીઓ કા મન મોહે,
હે ભકતો બુલાયે, ગોપીઓ બુલાયે,
દર્શન દેના મુજે નંદલાલા.... મોરલીવાલે શ્યામ પિયા.....

***********

## ૫૫ ॥ બાંસુરી બાંસુરી બોલે તારી ॥

રાગ : પરદેશી પરદેશી જાના નહિ.... રાજા હિન્દુસ્તાની

બાંસુરી બાંસુરી બોલે તારી, દુર દુરથી.. દુરથી
મારા દિલમાં ડંકો ચિત્ત મારું ડોલે (૨)
હું છુ પનિહારી કાના તું છે ગિરધારી....બાંસુરી...
આંખના પલકારામાં તારો ઈશારો છે,(૨) મારા જીવનમાં, તું તો સહારો છે.
તારો મારો કેવો આ સથવારો છે (૨)
હું છું તારી રાધા શ્યામ તું મારો છે.... મારા દિલમાં...
કામણગારા કાના કામણ તે' કીધાં (૨) માખણ ચોરી મોહન ચિત્ત ચોરી લીધાં
થોડા સમયમાં એવું તો તે શું કીધું (૨)
ભાન ભૂલીને દિલડું મેં તો દઈ દીધું... મારા દિલમાં....

***********

૫૬

## ॥ મોરલીવાળા મન આ મારું માને ના... ॥

રાગ : દિલ દિવાના દિલ સજના કે ના રે ના..... મૈને પ્યાર કિયા

મોરલીવાળા.... મન આ મારું માને ના....
મારી નજરોમાં બીજુ, કોઈએ આવેના દિલ દિવાનું ધ્યાન બીજાનું ધરે ને,
મારી નજરોમાં બીજું કોઈએ આવેના...
હરતા ફરતા મૂર્તિ તારી નીરખીને હું નાચું... હો........................હો..
રસિયા તારા પ્રેમ રંગમાં રંગાઈ હું રાચું
અંતરની આ વાતો દુનિયા જાણેના.... મારી નજરોમાં બીજું કોઈએ આવેના.
ભવ ભવનો તું સાથી મારો, હું છું તારી દાસી..હો........................હો..
તારા ચરણે જોયા મેં તો વનરાવન ને કાશી,
તુજ વિના આ સંસારી ફાવે ના....
મારી નજરોમાં બીજું કોઈએ આવેના...
પૂરવની પ્રીતલડી કેરી જયોત હવે તો જાગી... હો........................હો..
મોહન તારી મોરલી મારા ઘર ગોકુળમાં વાગી
શ્યામ વિના બિન્દુને ઘડી એ ચાલેના...
મારી નજરોમાં બીજુ કોઈએ આવેના...

**********

૫૭

## ॥ મારે કો'ને જઇ કહેવું ॥

મારે કો'ને જઈ કહેવું, વ્હાલા રે મારે કો'ને જઈ કહેવું
તું રાખે તેમ રહેવું, વ્હાલા રે મારે કો'ને જઈ કહેવું
તારે દેવું દુઃખ હશે તો મારે હસતે મુખડે સહેવું
ભવ સાગરની ભૂલવણીમાં કાંઈ નથી રે બીજું લેવું... મારે
પાંચાળીના તમે ચિર જ પૂર્યા, નરસિંહનું પૂર્યુ દેવું
એવા વ્હાલા મારા અંતરયામી, તમને વારે વારે શું કહેવું...મારે
જયશ્રી કૃષ્ણ જયશ્રી કૃષ્ણ, નામ સદા મારે લેવું
દર્શનની અભિલાષા મારી, દુઃખ કેમ કરી સહેવું.... મારે
બાબુ કહે વ્હાલા ખોટું ન લાગે તમને તમારા વિના કો'ને કહેવું
તારા ચરણમાં મેં જીંદગી ઝુકાવી, નામ સદા માર લેવું.... મારે

***********

૫૮

## ॥ જોવા જેવી વ્રજની છે જોડી ॥

રાગ : દીદી તેરા દેવર દિવાના.... હમ આપકે હે કોન

જોવા જેવી વ્રજની છે જોડી, પેલો કાન કાળો ને રાધા ગોરી
જાણે ચંદા સાથે ચકોરી, પેલો કાન કાળો ને રાધા ગોરી
છબીલો, છોગાળો, જશોદાના છૈયો, કામણગારો એવો છે કુંવર કનૈયો
દુનિયા બધી નીરખીને ડોલી (૨) પેલો કાન કાળો ને રાધા................
એ મનડું લોભાવે છે, મોરલીના નાદે, રમે રાસે ઘેલો થઈ જમુનાના ઘાટે
બાંધે સૌને પ્રીતની દોરી (૨) પેલો કાન કાળો ને રાધા...................
ઊભો રહીને વાંકો એ નયનો નચાવે, કોઈ એના લટકાની તોલે ન આવે,
બિંદુ કહે ચિતડું લે ચોરી (૨) પેલો કાન કાળો ને રાધા..................

***********

૫૯

## ॥ તારા ચરણોમાં ॥

તારા ચરણમાં... તારા શરણમાં... ભુલો કરી તારે દ્વારે
માફ કરી દો મને આજે હો.... (૨)
ભાન ભૂલ્યો હું મસ્ત બનીને ધનના ઢગલા કાજે (૨)
બંસી સુની તારી, જ્ઞાન થયું મને, કાંઈ ના આવે સાથે (૨)
મોહ માયાની મમતા છોડાવી માર્ગ બતાવો અમને,
માફ કરી દો મને આજે હા... (૨)
પાપી હું તો જન્મો જનમનો, રીબાવ્યા રંકોને ... (૨)
પકવાનોનાં થાળ ભર્યા પણ નથી ખવાતા રોગે (૨)
નિર્લજ છું પણ બાળ તમારો, હાથ પકડો પ્રભુ મારો,
તુજ વિના કોઈ ન સહારો (૨)
માત પિતા તમે બંધુ ગુરુનાં, સૌનાં દુઃખ હરનારા (૨)
છોરું કછોરું થાયે ન થાયે, પ્રભુ છે દીનદયાળા, (૨)
બની સુકાની નૈયા હમારી પાર કરોને કનૈયા
પાર કરોને કનૈયા (૨)

***********

૬૦ ## ॥ હો મને ઘેલી કરી તેં કનૈયા ॥

રાગ : હો મુઝે પ્યાર હુઆ અલ્લાહમીંયા

હો મને ઘેલી કરી (૨) તેં કનૈયા, રાસ રમાડી મને ઘેલી કરી તેં કનૈયા
આખાયે ગામમાં બદનામ કરી તેં કનૈયા, હો મને ઘેલી કરી તેં કનૈયા
ગોકુળીયા ગામમાં બદનામ કરી તેં કનૈયા,
મારી પીચકારી મને લાલ કરી તેં કનૈયા............ હો મને............
તારા મારા પ્રેમનો આ ડંકો આજે વાગ્યો.
જયારે તને જોયો તું વ્હાલો મને લાગ્યો
રાસ રમાડી મને ઘેલી કરી તેં કનૈયા........... હો મને.................
ગલીમાં કે ગામમાં તેં કયાંય નથી છોડી
માખણ ખાવા માટે તેં મટકી મારી ફોડી
મને દોડાવીને હેરાન કરી તેં કનૈયા............. હો મને.................

***********

૬૧ ## ॥ મીઠે રસ સે ભરી ॥

મીઠે રસસે ભરી રે રાધા રાની લાગે રાધારાની લાગે
મને કારો કારો જમુનાજીનો પાની લાગે.... ટેક
જમુનાજી તો કારી કારી, રાધા ગોરી ગોરી,
વૃંદાવનમેં ધૂમ મચાવે બરસાનેકી છોરી
બ્રિજ ધામ રાધાજીકી રજધાની લાગે (૨) મને કારો કારો...
કાના નિત મુરલીમેં તુજકા સુમિરે વારંવાર
કોટિ ન રુપ ધરે મનમોહન, તાકો ન પાવે પાર
રુપ રંગકી છબીલી, પટરાની લાગે (૨) મને કારો કારો.
ના ભાવે મને માખણ મીસરી, અબના કોઈ મીઠાઈ
મારી જીભડીયાને ભાવે અબ તો રાધા નામ મલાઈ
વૃષભાનકી લલી તો ગુડધાની લાગે (૨) મને કારો કારો.
રાધા રાધા નામ રટત હૈ, જે નર આઠો ધામ,
તિનકી બાધા દૂર કરત હૈ, રાધા રાધા નામ
રાધા નામમેં સફલ જીંદગાની લાગે (૨) મને કારો કારો..

***********

૬૨ **|| ઓ રસિયા તારી આંખલડીનો....||**

રાગ : દિલ જાને જીગર તુજ પે... સાજન ચલે સસુરાલ

ઓ રસિયા તારી આંખલડીનો રાતો રાતો રંગ
રમીયા કોની સંગ કાના, રમીયા કોની સંગ (૨)
તારી હારે રમવાનો મને એટલો ઉમંગ,
રમીયા કોની સંગ કાના, રમીયા કોની સંગ (૨)
એકવાર મારી હારે રમવા આવી જા,
તારે માટે દિલના છે ખુલ્લા દરવાજા
હું તારી રાની, તુ મારો રાજા (૨)
રાનીને રાજાનો જામી ગયો સંગ રમીયા કોની સંગ....
મનની મુંઝવણ મારે કોને કહેવાની,
આશા છે મારી આજ તને મળવાની
મનનો માણીગર, જગનો જાણેતર
તારે ને મારે કેવો જામી ગયો સંગ, રમીયા કોની સંગ..

***********

૬૩ **|| વૃન્દાવનકા કૃષ્ણ કનૈયા ||**

વૃન્દાવનકા કૃષ્ણ કનૈયા સબકી આંખોકા તારા
મન હી મન કયોં જલે રાધિકા મોહન તોહે સબકા પ્યારા.... વૃન્દાવનકા
જમુના તટ પર નંદ કે લાલા જબ જબ રાસ રચાયે રે,
તન મન ડોલે કાના ઐસી બંસી મધુર બજાયે રે
શુધ બુધ ખોકર પડી ગોપીયાં જાને કૈસા જાદુ ડારા...........વૃન્દાવનકા
રંગ સલુના ઐસા જૈસે છાઈ હો ઘટ સાવનકી,
એરી મેં તો હુઈ દિવાની મન મોહન મન ભાવનકી,
તેરે કારન મૈંને સાંવરે છોડ દિયા હે યે જગ સારા.............વૃન્દાવનકા

***********

માન કરે જે માનવી, તે નર તરણા તુલ્ય,
આત્મ ગુણ અભિમાનથી, નાશ થાયે જડમૂળ
લઘુતામાં પ્રભુતા વસે પ્રભુતાથી પ્રભુ દૂર,
વંડો થયો ગજરાજ તે માથે નાંખે ધૂર......

શેર : હટા શકે તો પરદા હટાવો, મગર નજરે હટાના મત શીખો
અરે બીછા શકો તો ફુલ બીછાઓ, મગર કાંટે બીછાના મત શીખો
ચલા શકો તો તીર ચલાઓ, ચાકુ ઔર છૂરી ચલાના મત શીખો
અરે જલા શકો તો દિપ જલાઓ, કિસિ કે દિલકો જલાના મત શીખો.

***********

૬૪

## ।। જમના કે તટ પર બૈઠી ।।

રાગ : કિતના હસીન ચહેરા... દિલવાલે

જમના કે તટ પર બૈઠી, મેં રટતી તેરા હી નામ (૨)
જમના કે તટ પર બૈઠી બૈઠી રટતી તેરા હી નામ
કબ આયેગા ગિરધારી અબ દેર હુઈ ઘનશ્યામ (૨)
હે કિતને તેરે નામ મુરારિ
કોઈ કહેતા નટવર, કોઈ કુંજ બિહારી
મેં તો કહેતી હું હે ગિરધર (૨) વ્હાલા.................
મેં જબ જબ તુજકો દેખું તબ યાદ કરું તેરા નામ..કબ.
કબ આયેગા ગિરધારી અબ દેર હુઈ ઘનશ્યામ (૨)
મેં કરતી પલપલ તેરા હી જતન
યુગ યુગ સે પ્યાસા પ્યાસા મેરા મન
હૈં જગમેં તેરી જયજય કાર (૨) વ્હાલા.................
યહાં જીસકા કોઈ નહીં હે વો તો ગાયે તેરા હી નામ
યહાં જીસકા કોઈ નહીં હે વો તો ગાયે તેરા હી નામ
કબ આયેગા ગિરધારી અબ દેર હુઈ ઘનશ્યામ (૨)

***********

પ્રેમાળ કહે એ પાળી, નરક તણાં અધિકારી,
સુખદુઃખમાં સમતા ધરો, સંસારીએ ભાવે.
સુખને છેડે દુઃખ પડે, દુઃખ પછી સુખ આવે,
રાવણ સરીખો રાજવી, ઉન્મત્ત અભિમાની,
દશ મસ્તક રણમાં પડયા, સારી લંકા લુંટાણી.....

***********

શેર : પ્રભુની પ્રાર્થના કરી દિલમાં હૃદય રોશ કરી લઈશું
તિમિરમાં પણ અમે તો પ્રભુનાં દર્શન કરી લઈશું
કરી સેવા અને પૂંજન કરી લે ધ્યાન અંતરમાં
હૃદયના ભાવથી ભજન તણું ગુંજન કરી લઈશું.

***********

૬૫ **॥ ઓ શ્યામ તમારે ચરણે ॥**

રાગ : આયે હો મેરી જીંદગી... રાજા હિન્દુસ્તાની

ઓ શ્યામ તમારા ચરણે છે સુખ મારે સાચું
ભકિત કરું તમારી.... બીજું કશું ના માંગુ.... ઓ શ્યામ તમારે...
જીવનની નાવ મારી સોંપી તમારા હાથે
ચિંતા નથી લગારે મારે તો કોઈ વાતે
ખુલ્લા છે દ્વાર દિલના, મરતા સુધીના વાસું
ભકિત કરું તમારી.... બીજું કશું ના માંગુ.... ઓ શ્યામ તમારે...
માયા બધી મેં મેલી, નિશ્ચય કર્યો છે પાકો
તૂટયો કદી ના તૂટે, મારો તમારો નાતો,
લગની તમારી લાગી, મસ્તીમાં રોજ રાચું
ભકિત કરું તમારી.... બીજું કશું ના માંગુ.... ઓ શ્યામ તમારે...
જન્મો જન્મ ના વ્હાલા, સાથી તમે છો મારા
વરસાવજો સદાયે વ્હાલપની પ્રેમ ધારા
ભકતોની આંખે આવે રોજે હરખના આંસુ
ભકિત કરું તમારી.... બીજું કશું ના માંગુ.... ઓ શ્યામ તમારે...

***********

મનુષ્યોમાં ભૂલ છે ઘણી, મુજમાં અપરંપાર
નહીં જોશો કોઈ દોષને, જોશો તત્વજ સાર..
છાર ઉપર લીંપણ યથા, ભકિત નિતિ વિનધાર,
સદ્‌ગુણને સત્સંગમાં, તરી જશો ભવપાર....

***********

## ।। મારા ઘટમાં બીરાજતાં શ્રીનાથજી ।।

મારા ઘટમાં બીરાજતાં શ્રીનાથજી, યમુનાજી, શ્રી મહાપ્રભુજી
મારું મનડું છે ગોકુળ વનરાવન,
મારા તનનાં આંગણીયામાં તુલસીના વન.... મારા પ્રાણ જીવન.... મારા....
મારા આતમનાં આંગણે શ્રી મહાકૃષ્ણજી,
મારી આંખો વસે ગિરધારી રે ધારી.
મારું તન મન ગયું છે, જેને વારી રે વારી.... મારા શ્યામ મોરારી.... મારા....
હું તો નિત્ય વિઠ્ઠલ વરની સેવા રે કરું
હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરું
મેં તો ચિતડું શ્રી નાથજી ને ચરણે ધર્યું.... જીવન સફળ કર્યું.... મારા.....
મેં તો પુષ્ટિ મારગ કેરો સંગ રે કર્યો,
મેં તો ભકિત મારગ કેરો સંગ રે સાધ્યો,
મને ધોળ કિર્તન કેરો રંગ રે લાગ્યો,
મેં તો લાલાની લાલી કેરો રંગ રે માંગ્યો....હીરલો હાથરે લાગ્યો....મારા...
આવો જીવનમાં લ્હાવો ફરી કદી ના મળે
વારે વારે માનવ દેહ કદી ના મળે,
ફેરો લાખ ચોર્યાસીનો મારો રે ફળે.... મને મોહન મળે.... મારા....
મારી અંત સમય કેરી સુણો રે અરજી,
લે જો ચરણોમાં નાથ બાવા દયા રે કરી,
લેજો શરણોમાં શ્રીનાથજી દયા રે કરી,
મને તેડા રે યમ કેરા કદી ન આવે.....મારો નાથ તેડાવે.... મારા....

***********

હજી વખત છે હાથમાં, કર શુભ સુકૃત કામ,
પરમાર્થ પ્રીતે કરી, કરો અમર નીજ નામ.

***********

૬૭ || હાં રે તારી ધોળી ધજાઓ ફરકે ||

હાં રે તારી ધોળી ધજાઓ ફરકે (૨)
એ જોઈ મારું મન હરખે (૨) રે શામળિયા...
હે તને કહે છે કામણગારો (૨)
તું તો ભકતોના દુઃખ હરનારો (૨)
કે ભકતોની વ્હારે ચઢજો રે (૨) શામળિયા....હાં રે તારી ધોળી....
હાં રે તારી મૂર્તિ મનોહર લાગે,
હે દુઃખ જન્મો જનમનાં રે ભાંગે (૨)
કે દેજે દર્શન લ્હાવો (૨) રે શામળિયા.... હાં રે તારી ધોળી....
હાં રે તારું દેરું ગગનમાં ગાજે (૨)
હે તારે દરવાજે નોબત વાગે (૨)
કે નંદુ તારા ગુણ ગાતો રે (૨) શામળિયા.... હાં રે તારી ધોળી....

***********

૬૮ || મને શ્યામ સતાવે મને રાસ રમાડે ||

મને શ્યામ સતાવે, મને રાસ રમાડે , કોઈ કહો હવે ના તડપાવે,
ઓ મારા વ્હાલા શામળીયા, ઓ દિલાવર શામળિયા..(૨)........ મને.....
સતચિત આનંદ શ્યામ સુંદર તું મારો છે,
દિવ્ય દ્રષ્ટિથી જોઉ તું તેજસ્વી છે, (૨)
હું તારી રાધા તું કાન છે,
ચરણ કમળનો લ્હાવો છે (૨)
મારું મન હવે ઝંખે, દિલ મારું ધડકે, કહો હવે ના તડપાવે..ઓ દિલાવર....
તારો ભરોસો તારો એક સહારો છે,
મુકિત દેનારો માફ બધું કરનારો છે (૨)
તને હવે જાઉ કયાં છોડીને
રાધે ગોવિંદ હવે બોલી દે (૨)
મને તુજ હસાવે મને તુજ રડાવે, કહો હવે ના તડપાવે.... ઓ દિલાવર....

***********

६९

## ॥ કાનુડા ઓ કાનુડા ॥

રાગ : પંખીડા ઓ પંખીડા

કાનુડા ઓ કાનુડા, કાનુડા ઓ કાનુડા
કાનુડા તું માખણ ખાવા આવતો રહેજે રે,
....ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મેં તો વ્હાલાનું રે વલોણું કર્યુ તારા માટે રે,
હું તો પ્રેમથી રે જમાડું તને મારા હાથે રે,
સાથમાં તારા ભેરું સહુને લાવતો રહેજે રે,
....ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારી આંખડી રે જુએ છે વાટ વ્હાલમાં તારી રે,
મારા વ્હાલા કેરા વારણાં લેવા વારી વારી રે
પગલે તારા પ્રેમનાં ફુલો વેરતો રહેજે ર,
.....ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારા હેતના રે હિંડોળે તને ઝુલતો રાખું રે,
મારા હૈયા કેરા હાર તને માંગ્યું આપું રે,
મનનાં માન્યા મોરલી તારી છેડતો રહેજે રે,
.....ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે
મારા મનડા કેરો મોરલો તને નીરખી નાચે રે,
મારી પ્રીતડી રે પરોવું શ્યામ તારી સાથે રે
ભકતો હારે મીઠડી વાતો કરતો રહેજે રે,
.....ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે.

***********

જીવન સદા એવું જીવો, સૌ જીવનારા જોયા કરે,
કથન સદા એવું કરો, સૌના હૃદયમાં ગુંજયા કરે.
પળે પળને સદઉપયોગ કરો, કે કાળ પણ જોયાકરે,
તું હસતો હસતો જાય, દુનિયા બધી રોય કરે.

***********

## ૭૦ ॥ નંદના દુલારા માતા જશોદાના જાયા ॥

રાગ : મુઝે નીંદ ન આયે.... દિલ

નંદના દુલારા માતા જશોદાના જાયા (૨) નૈયાને પાર ઉતારો
હો...નાવ મારી મઝધારે ઝોલાં રે ખાય તમે ડૂબતાંને આવીને તારો (૨)
તારા વિના પ્રભુ કોઈ નથી મારું, દર્શન વિના મારું દિલ દુઃખિયારું
હો ગિરધારી શ્યામ મોરારી (૨) નૈયાને પાર ઉતારો........
દીન દુઃખીયાનો પ્રભુ તું દીનાનાથ છે, જીવનમાં શ્યામ મારે તારો એક સાથ છે
હો દયા દિલ લાવી મને લેજો અપનાવી (૨) નૈયાને પાર
ગુરુના પ્રતાપે ભજન મંડળ ગાય વાણી, તમારા ભજનની કરી રહ્યા લ્હાણી,
હો દ્વારિકાનાવાસી મારા હૃદયનિવાસી (૨) નૈયાને પાર......

***********

## ૭૧ ॥ પેલો નંદજીનો લાલો ॥

રાગ : મુઝે નીંદ ના આયે.....દિલ

પેલો નંદજીનો લાલો, મીઠી મુરલીવાળો, ગામ ગોકુળનો ગોવાળો,
કાનુડો મારા મનમાં વશ્યો (૨)
મુખડું એનું એવું મીઠું મલકે છે, એને જોતાં હૈયું મારું હરખે છે,
દુનિયાને મન એ ચોર છે તોયે મારા મનડાનો મોરે છે
ભલે રંગે હોય કાળો,
તોયે લાગે બહુ રુપાળો, ગામ ગોકુળનો ગોવાળો.... કાનુડો....
દિલની દોરી એની સાથે બાંધી છે, ભવ ભવની પ્રીતલડી મારી જાગી છે
દુનિયાને મન એ ચોર છે, તોયે મારા મનડાનો મોર છે
એની આંખલડીનો ચાળો,
જાણે પ્રેમનો ફુવારો, ગામ ગોકુળનો ગોવાળો.... કાનુડો....
સપનામાં શામળિયો રોજ આવે છે, રસિયો મુજને સાથે રાસ રમાડે છે
દુનિયાને મન એ ચોર છે, તોયે મારા મનડાનો મોર છે,
એવો છેલ રે છોગાળો,
લાગે ભકતોને એ વ્હાલો, ગામ ગોકુળનો ગોવાળો.... કાનુડો...

***********

૭૨

## ॥ છોટો સો મેરો મદન ગોપાલ ॥

છોટી છોટી ગૈર્યાં છોટે છોટે ગ્વાલ છોટો સો મેરો મદન ગોપાલ
છોટો સો મેરો મદન ગોપાલ....
આગે આગે ગૈર્યાં પીછે પીછે ગ્વાલ, બીચમેં મેરો મદન ગોપાલ
બીચમેં મેરો મદન ગોપાલ...
કારી કારી ગૈર્યાં ગોરે ગોરે ગ્વાલ, શ્યામ વરન મેરો મદન ગોપાલ
શ્યામ વરન મેરો મદન ગોપાલ...
ઘાસ ખાયે ગૈર્યાં દૂધ પીવે ગ્વાલ, માખણ ખાવે મેરો મદન ગોપાલ
માખણ ખાવે મેરો મદન ગોપાલ...
છોટી છોટી લકુટી છોટે છોટે હાથ, બંસી બજાવે મેરો મદન ગોપાલ
બંસી બજાવે મેરો મદન ગોપાલ...
છોટી છોટી સખીયાં મધુવન બાગ, રાસ રચાયે મેરો મદન ગોપાલ
રાસ રચાવે મેરો મદન ગોપાલ....

***********

૭૩

## ॥ લાલાને લાડ લડાવો ॥

લાડ લડાવો લાલાને લાડ લડાવો
નાની મોટી ગોપી મળી મંગલ ગાવો
વાંકળિયા વાળ ઓળી આંજણિયા આંજો
ગાલે ટપકું કરીને વારી વારી જાજો
નાનકડું માથે મોર પીંછ લગાવો....લાડ લડાવો....
પીળું ઝભલું પ્હેરાવી કંદોરો બાંધો
પડે નહિં જો જો મારા વ્હાલાને વાંધો
રોઈ પડે તો તાળી પાડી રીઝાવો.... લાડ લડાવો...
નાનકડી વાંસલડી આપો એના હાથમાં
વ્હાલ કરો વ્હાલાંને તેડીને બાથમાં
મસ્તક ચૂમીને એને નેહે નવડાવો....લાડ લડાવો...

***********

૭૪

## ॥ સુન કાના સુન ભકતોની ધૂન ॥

રાગ : સુન સાઈબા સુન....રામ તેરી ગંગા મેલી

સુન કાના સુન, ભકતોની ધૂન (૨)
હો.... અમે તમને ભૂલી જઈએ, તમે ભૂલશો નહીં.... સુન કાના સુન
લાગી છે તારી લગન, મૂર્તિ ભૂલાયે નહિ
તારા વિના બીજું કોઈ, નજરોમાં આવે નહિ (૨)
જશોદાના જાયા તારા બોલમાં બંધાણી હું
ભવનાઓ ભેરુ તારા રંગમાં રંગાણી હું
હો... ઘટડામાં ગાજે તારી મોરલીનો શોર................સુન કાના સુન
જન્મો જનમનો નાતો આ તારો,
ભૂલ્યો ના ભૂલાશે, તારો સથવારો (૨)
મનના મંદિરીયામાં પૂજા કરું તારી
ચરણ કમળનાં હું જાઉ વારી વારી
હો... તારે હાથે સોંપ્યો મારી જીંદગીનો દોર............ સુન કાના સુન
મેલી છે જગની શરમ, તારી દિવાની બની,
તારી સાથે મારા શ્યામ, સપનામાં ફેરા ફેરી (૨)
દિલડાની દોરી મેં તો બાંધી તારી સાથે
ચૂંદડી ઓઢી છે તારી હે તે મારા માથે
હો...'ભકતોના' કાના તું તો કાળજાની કોર.............. સુન કાન સુન

***********

૭૫

## ॥ હું કાનુડા તોરી ગોવાલણ ॥

હું કાનુડા તોરી ગોવાલણ (૨) મોરલીએ લલચાણી રે...
હરખે હરખે ઈંઢોણી લીધી, હાલી ભરવાને પાણી રે........... હું કાનુડા
ગાગર વરાહે મેં તો ગોળી લીધી, આરાની છુ હું અજાણી રે (૨)
ગાય વરાહે ગોધો રે બાંધ્યો એને દોહવાની છું અજાણી રે
રવૈયા વરાહે મેં તો ધોસરું લીધું, વલોણાની છું અજાણી રે (૨)
વાછરુ વરાહેમેં તો છોકરાને બાંધ્યા, બાંધ્યા છે બહુ તાણી રે.. .હું કાનુડા
ઘેલી રે ઘેલી મને સૌ કોઈ કે છે ઘેલી રંગમાં રેલી રે (૨)
ભલે મળ્યા મહેતા નરસૈયાના સ્વામી, પુરણ પ્રીત બંધાણી રે... હું કાનુડા

૭૬ **॥ હો..... કાના રંગ તારો કાળો ॥**

રાગ : મેરા દિલથા અકેલા....બાજીગર

હો.... કાના રંગ તારો કાળો મને લાગે ન્યારો ન્યારો
તારી યાદમાં જાગું રાત દિન ભર,
બંસીધર ઓ બંસીધર........ તું છે મારો ગિરિધર
મોરલી તું એવી કાનુડા, વૃંદા તે વનમાં વગાડે
મોરલીના સુર છેડી મુજને, ભર નિંદરથી જગાડે (૨)
હો.... પેલો નંદજીનો લાલો મને લાગે વ્હાલો વ્હાલો
તારી યાદમાં જાગું રાતદિન ભર.... બંસીધર ઓ બંસીધર
મુરલીધર ઓ મુરલીધર.... ગિરિધર ઓ ગિરિધર
કાના હું આખા ગોકુળમાં પાગલ બનીને ફરું છું
કાનુડા તારા ચરણોમાં, દિલડું હું મારું ધરું છું (૨)
હો....મારા હૈયાના હાર, તારો એવો છે પ્યાર
તારી યાદમાં જાગું રાતદિન....
બંસીધર ઓ બંસીધર..........ગિરિધર ઓ ગિરિધર

***********

**॥ જોયો મેં ડાકોર ગામે ॥**

૭૭ રાગ : ફુલોસા ચહેરા તેરા...અનાડી

જોયો મેં ડાકોર ગામે, માનીતો માખણને ચોર
રંગ એનો શ્યામ છે, તોયે એનું નામ છે, રંગીલો રાજા રણછોડ
માથે મુંગટને, કાનોમાં કુંડળ,
અમી ભરેલી એની આંખ છે
મોરલી મધુરી શોભે છે મુખે,
એવો રૂપાળો એનો ઠાઠ છે
ધોળી ધજાવાળો, દિલનો છે દયાળો
દુઃખીયાના દુઃખને એ દુર કરે છે
રાજાઓનો રાજા, મોટો મહારાજા
ભંડારો સૌના ભરપૂર ભરે છે
બિંદુ મનડાનો મોર, એની જડે નહિ જોડ
રંગ એનો શ્યામ છે, તોયે એનું નામ છે, રંગીલો રાજા રણછોડ

***********

૭૮

## ॥ મીઠી મીઠી મોરલીવાળો ॥

રાગ : દિદિ તેરા દેવર દિવાના.... હમ આપકે હે કૌન

મીઠી મીઠી મોરલીવાળો, હો કાન લાગે છે લટકાળો
કાળો તોયે કામણગારો, હો કાન લાગે છે લટકાળો
જશોદા તારો કાનુડા કાળો, હો કાન લાગે છે લટકાળો
છે મુખડું મલકતું ને અણયાણી આંખો,
આવે તારા દર્શનીયે નર નારી લાખો
કાળો તોયે કામણગારો, હો કાન લાગે છે લટકાળો
તું ભકતોને ભાળી, ને થઈ જાતો રાજી
સમય પર એ આવીને, સુધારે બાજી
મોરલીવાળો દિલનો દયાળુ, હો કાન લાગે છે લટકાળો
છે સુખનો એ સાગર, ને દુઃખીયાનો બેલી
શરણમાં ઝુકે, એને આનંદની હેલી
ભકતોનો એ છેલ છોગાળો, હો કાન લાગે છે લટકાળો

***********

૭૯

## ॥ ભજ રાધે ગોવિંદા રે પગલે ॥

ભજ રાધે ગોવિંદા રે પગલે, ભજ રાધે ગોવિંદા રે
તન પીંજરે કો છોડ કહીં ઉડ જાયેગા પ્રાણ પરિંદા રે... ભજ રાધે ગોવિંદા
જૂઠી સારી દુનિયાદારી, જૂઠા તેરા મેરા રે
આજ રુકે કલ ચલ દેગાયે... જોગીવાલા ફેરા રે
ભેદ ભાવકો છોડ કે પગલે (૨) મત કર તું પર નિંદા રે..... ભજ રાધે ગોવિંદા
ઈસ જીવનમેં સુખકી કલીયાં, ઔર કભી દુઃખકે કાંટ
સુખ મેં હર કોઈ હિસ્સા માંગે, કોઈ ભી દુઃખ ના બાટે
સબ સાથી હે જૂઠે જગત કે (૨) સચ્ચા એક ગોવિંદા રે.... ભજ રાધે ગોવિંદા
ઈસ ચાદર કો બડે જતનસે, ઓઢે દાસ કબીરા રે
ઈસે પહન વિષપાન કર ગઈ, પ્રેમ દિવાની મીરા રે
ઈસ ચાદર કો પાપ કર્મ સે (૨) મતકર તું અબ ગંદા રે.... ભજ રાધે ગોવિંદા

***********

૮૦ ## ॥ રોજ રોજ આવે મને કાનૂડાના સપના ॥

રાગ : ગોરે ગોરે મુખડે પર કાલા કાલા ચશ્મા

રોજ રોજ આવે મને કાનુડાના સપના
કોણ જાણે કેમ મારું મન નથી વસમા (૨)
રોજ રોજ આવે મને કાનુડાના સપના
ઘડીએ ઘડીએ સાંભરે, સુરત એની સાવરી
ચિતડું ચગડોળે ચડે, થઈ ગઈ એવી બાવરી
મારા સામે જોઈ એતો મીઠું મલકે,
સ્નેહનો સાગર એની આંખે છલકે
કોણ જાણે કેમ મારું મન નથી વસમા (૨)
રોજ રોજ આવે મને કાનુડાના સપના
ભોળી હું ભોળવાય ગઈ, એની મીઠી વાતમાં
કોઈને કંઈ કહેવાય નહીં, હૈયુંના રહે હાથમાં
છેલરે છોગાળે બાંધી દિલડાની દોર
ભકતોની કોરી છે એણે કાળજાની કોર
કોણ જાણે કેમ મારું મન નથી વસમા (૨)
રોજ રોજ આવે મને કાનુડાના સપના

***********

૮૧ ## ॥ રૂડી ને રંગીલી રે વ્હાલા તારી વાંસળી રે ॥

રુડીને રંગીલી રે વ્હાલા તારી વાંસળી રે જી
મીઠી ને મધુરી રે વ્હાલા તારી મોરલી રે જી
એ તો મારે મંદિરીયે સંભળાય જો............ રૂડી ને રંગીલી
કાનુડો એ કાળો રે બાઈઓ મારે રુડીને વસ્યા રે જી
મૂકી દેને કાન કુંવર મારા ચિર.................. રૂડી ને રંગીલી
સરખીને સાહેલી રે, પાણી ભરવા નિસર્યા રે
બેડું મેલ્યું, માન સરોવરની પાળ જો........... રૂડી ને રંગીલી
ઈંઢોળી વળગાડી રે આંબલિયાની ડાળમાં રે જી
ઉભી ઉભી નિરખું નંદ કુમાર રે............... રૂડી ને રંગીલી
હું તો કાંઈ સૂતી રે, બાઈઓ ભર નીંદરમાં રે જી
મોરલી વાગી ઝબકીને જાગી, માઝમ રાતજો.... રૂડી ને રંગીલી
ગુરુના પ્રતાપે રે બાઈ મીરાં બોલ્યા રે જી
દેજો અમને સંત ચરણમાં વાસ.... રૂડી ને રંગીલી

***********

૮૨

## ।। યશોમતિ મૈયા હું કરું કરજોડી ।।

રાગ : યશોમતિ મૈયા સે બોલ નંદલાલા....

યશોમતિ મૈયા હું કરું કરજોડી તમારા કનૈયા એ મટકી રે ફોડી
મારગની વચમાં મહી નાંખ્યા ઢોળી......તમારા......
મથુરાની વાટે જાઉં મહીં વેચવાને (૨)
છાનો ને માને મારી પાછળ આવે,
અમને સતાવી પાછો હો....(૨) કરે શિર જોરી........તમારા.....
તમારી શરમમાં એને વધારે શું કહીએ (૨)
આરે ગોકુળિયામાં કેમ કરી રહીએ.
દયા કરી દેજો એને હો.... (૨) શિખામણ થોડી..... તમારા.....
સાંભળીને બોલ્યા મૈયા તારી વાત ખોટી (૨)
માખણ કેરી માટ મારા ઘરમાં રે નો'તી,
લાડલો કનૈયા મારો હો... (૨) કરે નહીં ચોરી તમે જૂઠા બોલી....
પાછળ તું ફરે છે, એની કોઈ કોઈ બહાને (૨)
છતાં તારા કાનુડાને વગોવે છે શાને
બિન્દુ કહે છે એની હો....(૨) જડે નહિ જોડી તમે જુઠા બોલી......

***********

ક્રોધાગ્નિ સળગે છે જયાં, આત્મ સદન બળી જાય,
સમતા જળ જો ના મળે, ભસ્મ બીજાનું થાય....
ક્રોધ સર્પના ડંશથી, તનમાં આવે ઝહેર,
ક્ષમા મંત્ર ભણતાં થકી, ઝટ ઉતરે તે ઝહેર.....

......ૐ.....

૮૩

## ॥ નંદ ઘેર આનંદ થાય ગોકુળમાં ॥

નંદ ઘેર આનંદ થાય ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય
અવિનાશીએ અવતાર લીધો, માતાનું મન હરખાય....ગોકુળમાં
શ્રાવણ વદ મધ્યે આઠમની રાતે મંદ મંદ વાયુ વાય....ગોકુળમાં
નંદના લાલને મોતીડે વધાવવા, ઝળહળ આરતી થાય..ગોકુળમાં
ગાંડા ઘેલા ગોવાળિયાઓ, નાચે કુદે ને ગાયે...........ગોકુળમાં
શણગાર સજીને ગોપીઓ આવે, લઈને પૂજાનો થાળ....ગોકુળમાં
કંકુ કેશરના સાથિયા પૂરાયા, ઘેર ઘેર તોરણ બંધાય....ગોકુળમાં
ગાયો નાચે ગોવાળો નાચે, ગોરસના છાંટણા થાય......ગોકુળમાં
હીરા માણેકનાં દાન અપાયા વિપ્રોને ગાયો અપાય.....ગોકુળમાં
ઘોડે બેસીને યુવાનો ચાલ્યા, ઘરડાઓ પાલખીમાંય.....ગોકુળમાં
ચાંદો સૂરજ ને નવલખ તારલા, દર્શન કરી હરખાય....ગોકુળમાં
સનકાદિક બ્રહ્મા નારદ શંકર, સ્વર્ગમાં પુલકીત થાય....ગોકુળમાં
શિવરામ કહે છે ધર્મ પ્રસરાવવા પ્રભુનો અવતાર થાય..ગોકુળમાં

***********

૮૪

## ॥ માનસી સેવા - યમુના જળમાં ॥

યમુના જળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા
હલકે હાથે અંગો ચોળી લાડ લડાવું શામળા,
વસ્રો અંગે લૂંછી આપુ, પીળા પીતામ્બર શામળા,
તેલ સુગંધી નાંખી આપું વાંકળિયા તુજ વાળમા.......... યમુના જળમાં
કુમ કુમ કેશર તિલક લગાવું, પ્રિતમ તારા ભાલમાં,
અલબેલી આંખોમાં આંજુ અંજન મારા વ્હાલમા..........યમુના જળમાં
હસતી જાઉ વાટે ઘાટે નાચી ઉઠું તાલમાં
નજર ન લાગે શ્યામ સુંદીરને ટપકું કરી દઉ ગાલમાં.... યમુના જળમાં
પગમાં ઝાંઝર રુમ ઝુમ વાગે કરમાં કંકણ શામળા,
કાને કુંડળ કંઠે માળા ચોરે ચિતડું ધ્યાનમાં................. યમુના જળમાં
મોર મુકુટ માથે પહેરાવું મોરલી આપું હાથમાં
કૃષ્ણ કૃપાળુ નિરખી શોભા વારી જાઉ શામળા........... યમુના જળમાં
દૂધે કટોરી ભરીને આપું પીઓને મારા શામળા,
ભકત મંડળ નિરખી શોભા રાખો ચરણે શામળા.......... યમુના જળમાં

***********



કબીરા કુવા એક હૈ પનિહારી અનેક
બરતન સબ ન્યારે ભયે પાની સબમેં એક

૮૫ ## ॥ સંત કબીર ના દર્શન કરવા ॥

સંત કબીરના દર્શન કરવા, ચાલો કબીરવડ જઈએ રે
નર્મદાને કાંઠે મંદિયું શોભતું ધોળી ધજાઓ ફરકે રે..............
કબીરવડ નામનો મહિમા છે મોટો, ખોળામાં રમવાં જઈએ રે....
ગોરા ગોરા મુખડા સંત કબીરના, વ્હાલાનાં વારણા લઈએ રે.....
આંધળાઓ તારા મંદિરયે આવે, આંધળાને આંખો આપી રે......
પાંગળાઓ તારે મંદિરયે આવે, પાંગળાને પગો આપ્યા રે.........
સંત કબીર તને ઝાઝુ શું કહીએ, દાસોના દાસ થઈ રહીએ રે....

***********

૮૬ ## ॥ રામ રસ ઐસા હૈ મેરે ભાઇ ॥

રામ રસ ઐસા હૈ મેરે ભાઈ, જો કોઈ પીવે અમર હો જાય....
મીઠા મીઠા સબ કોઈ પીવે, કડવા ન પીવે કોઈ
કડવા કડવા જો કોઈ પીવે, સબસે મીઠા હોઈ.... રામ રસ...
ઊંચા ઊંચા સબ કોઈ ચાલે, નીચા ન ચાલે કોઈ
નીચા નીચા જો કોઈ ચાલે, સબસે ઊંચા હોઈ.... રામ રસ...
અંકા પીવે બંકા પીવે, પીવે સદન કસાઈ,
હનુમાનજીને ઐસા પીયા, લંકા દી હૈ જલાઈ.... રામ રસ...
ધ્રુવને પીયા પ્રહલાદને પીયા, ઔર પીયા રોહી દાસ
દાસ કબીર ને ભર ભર પીયા, ઔર પીવનકી આશ... રામ રસ...

***********

૮૭ ## ॥ પાંખડવાળા પૂજાણા ॥

પાંખડવાળા પૂજાણા, સાચા જતી સતી સંતાણા જગતમાં પાંખડવાળા પૂજાણા
એ...જી ડાકલા વાગે ને હાકલા મારી ભુવો, ઘર ઘર જોતો દાણા
પોતાના જ પંડમાં મેલડી પેઠી, એ ધુણી કરે ધમસાણા... જગતમાં........
ભગત થયાને, ગાયા ભજન એના ભેદ, નથી સમજાણા
ભકિત ભજનમાં ભડતો મેલીને મંડયા હંગરવા નાણાં...... જગતમાં.........
મંદિર બાંધીને માયા વધારી એને લઈ જાશે જમરાણા
કડવો ભગત કહે એને ઊંડા દાટીને માથે મેલજો મોટા પાણા. જગતમાં........

૮૮ ॥ મૈલી ચાદર ઓઢકે કૈસે દ્વાર તુમ્હારે આવું ॥

મૈલી ચાદર ઓઢકે કૈસે દ્વાર તુમ્હારે આવું
હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાવું... મૈલી.....
તુમને મુઝકો જગમેં ભેજા, નિર્મલ દે કર કાયા.
આકર કે સંસારમેં મૈને, ઈસકો દાઘ લગાયા,
જન્મો જન્મકી મૈલી ચાદર, કૈસે દાઘ છુડાઉં... મૈલી.....
નિર્મલ વાણી પાકર તુજસે, નામ ન તેરા ગાયા,
નૈન ઝુકા કર હે પરમેશ્વર, કભી ન તુજકો ધ્યાના,
મન વીણા કે તાર તૂટે, અબ કયા ગીત સુનાવું... મૈલી.....
ઈન પૈરોસે ચલ કર તેરે, મંદિર કભી ન આયા.
જહાં જહાં હો પૂજા તેરી, કભી ન શીશ ઝુકાયા,
હે હરિ-હર મૈં હાર કે આયા, અબ કયા હાર ચઢાવું... મૈલી.....

**********

૮૯ ॥ એ રે મારગ નથી જોવા કબીર કહે ॥

એ રે મારગ નથી જોવા કબીર કહે, ઈરે મારગડા નથી જોવા રે...હો...જી
એ મારગડા જોઈને સંતો મારે એ મારગડા રે...હાં...
જોઈને સંતો મારે મનખા જનમ નથી ખોવા કબીર કહે, ઈરે મારગ ....૧
એક ભુવો બીજો ભુવો, ભુવા અઢાર લાખ હુઆ રે....હો...જી
સાચી માતાની ભાળ ન કાઢી સંતો સાચી માતાની રે હાં
ભાળ ન કાઢી, ભુવા ધુણી ધુણી મુઆ કબીર કહે, ઈરે મારગ ....૨
એક પંડિત બીજો પંડિત, પંડિત અઢાર લાખ હુઆ રે...હો...જી
જ્ઞાની થયા પણ ધ્યાની થયા નહીં, જ્ઞાની થયા પણ હાં....
ધ્યાની થયા નહીં, પોથા પઢી પઢી મુઆ કબીર કહે ઈરે મારગ ....૩
એક જોગી બીજો જોગી, જોગી અઢાર લાખ હુઆ રે....હો...જી
ભગવા પહેર્યા પણ પામ્યા નહીં ભગવંતને, ભગવા પહેર્યા પણ હાં..
ન પામ્યા ભગવંતને, લોટ માંગી માંગી મુઆ કબીર કહે ઈ રે મારગ ....૪
એક ગુરુ એવા બીજા ગુરુ, ગુરુ અઢાર લાખ હુઆ રે...હો...જી..
કહેત કબીર ગુરુ ગમ ન પાયો, કહેત કબીરા હાં
ગુરુ ગમ ન પાયો, કાન ફુંકી ફુંકી મુઆ કબીર કહે, ઈ રે મારગ ....૫

***********

૯૦ ॥ ચદરિયા જીની રે જીની ॥

ચદરિયા જીની રે જીની,
રામ નામ રસ ભીની ચદરિયા, જીની રે જીની..................
અષ્ટ કમલકા ચરખા બનાયા, પાંચ તત્ત્વકી પૂની
નવ દશ માસ ભૂનનકો લાગે, મૂરખ મૈલી કીની ચદરિયા.......
જબ મોરી ચાદર બન ઘર આઈ, રંગ રેજ કો દીની
ઐસા રંગ રંગા રંગરેને, લાલો લાલ કર દિની ચદરિયા..........
ચાદર ઓઢ શંકા મત કરીઓ, દો દિન તૂમકો દિની
મુરખ લોગ ભેદ નહીં જાને, દિન દિન મૈલી કિની ચદરિયા......
ધ્રુવ પ્રહલાદ સુદામાને ઓઢી, શુકદેવને નિર્મલ કિની
દાસ કબીરાને ઐસી ઓઢી, જ્યોં કિ ત્યોં ઘર દીની ચદરિયા.....

**********

૯૧ ॥ ભલા તુમ દેખોને નાવમેં નદિયાં ડૂબી જાય ॥

ભલા તુમ દેખોને લોગો નાવમેં નદિયાં ડૂબી જાય
ઘડા ન ડૂબે ઘડૂલી ન ડૂબે હાથી મલ મલ ન્હાય
કોટ કિનારે પાની ચઢીયા કીડીયા પ્યાસી જાય
એક અંચબા હમને દેખા કુવેમેં લગ ગઈ આગ
કાદવ કિચડ જલ ગયા સારા મછલી હો ગઈ સાફ
ગગન મંડલમેં ગૌઆ બિઆની ધરતી દહીં જમાયે
માખન માખન સંતોને ખાયા છાશ જગત ફરમાઈ
કીડીબાઈ ચાલ્યા સાસરે ને નવ મણ કાજલ લગાઈ
હાથી ઘોડા લીયા બગલમેં ઊંટ લીયા લટકાઈ
મુંગા બોલે બહેરા સુનો અંધા બાંચો પુરાણ
ઠુંઠા જબ ભાઈ ઢોલ બજાવે લંગડા વિધ વિધ નાચ
એક અંચબા ઐસા હુઆ રે મચ્છી ચાવે પાન
કૌઆ બજાવે બાંસુરી ને મેંડક તોડે તાન
એક અચંબા ઐસા હુઆ રે, સસલાને માથે શીંગ
કીડીના પગમાં દોરડું બાંધ્યું, ખેંચે અર્જુન ભીમ
કહત કબીરા સુનો ભાઈ સાધુ યહ પદ હૈ નિર્વાણ
યહ પદ કા કોઈ અર્થ લગાવે સોહી સંત સુજાણ

**********

## ॥ પાની મેં મીન પ્યાસી ॥

પાનીમેં મીન પ્યાસી રે મોહે દેખત આવે હાંસી રે
આતમ જ્ઞાન વિના નર ભટકે, કોઈ મથુરા કોઈ કાશી રે....મોહે
જોગી હોકર બસે જંગલમેં, બન બન ફિરત ઉદાસી......... પાની
કસ્તુરી મૃગ નાભી બસત હે, ઢુંઢત ફિરે વનવાસી રે.........પાની
પોઢી પઢ પઢ પંડિત ભયે, તોયે મિલે નહીં અવિનાશી...... પાની
મસ્જીદ ચઢકર મુલ્લા પુકારે તોયે ન મિટિ જમ ફાંસી રે.....પાની
કહત કબીરા ગુરુ બિન કૈસે ટળે આ લક્ષ ચોર્યાસી.......... પાની

***********

તો નમ્રતા દુઃખમાં આવે, સૂકો અભિમાન આવે છે.
ઘણા અનુભવ મળે ત્યારે, જીવનમાં જ્ઞાન આવે છે.
અરે ભણેલા ખાય છે ઠોકર, ભૂલે ત્યાં ભાન આવે છે.
જુવાનીમાં નહીં સમજે તો, બુઢાપે સાન આવે છે.

**********

વખત વહી જાય અણમૂલો, હરિરસ પાન કરતો જા,
વહે છે જ્ઞાનની ગંગા, એમાં તું સ્નાન કરતો જા.
સદા સતસંગમાં રહીને, ભલા ભગવાન ભજતો જા,
પ્રભુની ભકિતમાં તારું, જીવન કુરબાન કરતો જા.
જીવન દિન ચારનું મટકું નકામો મોહ માયાનો,
ઉડી જાવું અહીંથી અંતે, કરીને ત્યાગ કાયાનો.

***********


ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય
પાર્વતિ પતિ ૐ નમઃ શિવાય

૯૩ **|| ભોલે શંભુ અમીની નજર રાખજે ||**

ભોલે શંભુ અમીની નજર રાખજે ભોલે શંભુ
તારા ચરણોમાં અમને સદા રાખજે ભોલે શંભુ,
સારી દુનિયા છે સ્વાર્થ ભરેલી, નથી તારા વિના કોઈ બેલી
તારે બાળક અનેક મારે ભોલા તું એક.
મને દર્શનનો લ્હાવો સદા આપજે ભોલે શંભુ...............
કંઈક જન્મોની આશા હમારી, તારા ચરણોમાં થાવું પૂજારી
ભલે દુનિયા રુઠે પણ તુ ના રુઠે,
મારા ભવના બંધન તું તોડી નાંખજે ભોલે શંભુ.............
તારો બાળક કહે છે પુકારી, મારી અરજી લ્યોને સ્વીકારી,
ટળે તનડાના તાપ, બળે મનડાના પાપ,
મારા અંતરાના તાળા તોડી નાંખજે ભોલે શંભુ..............

***********

૯૪ **|| ભોલા શંકર ડમરુવાલા.. હર હર મહાદેવા ||**

ભોલા શંકર ડમરુંવાલા......હર હર હર મહાદેવા
શ્રધ્ધા ભકિત ભાવશે બોલો....હર હર હર મહાદેવા.... ભોલા શંકર
ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય
શિવ કૈલાસ પતિ ત્રિપુરારી, ગંગાધરા અવિનાશી
વૈજનાથ ભોલે ભંડારી, ભકતન કે સુખરાશિ
તું હે સારે જગકા સ્વામી, તેરી મહિમા ન્યારી
ત્રિકાલ દર્શા હે નિલકંઠા, તુમ હી જગત રચૈયા... ભોલા શંકર
કરમેં ડમરું ડમડમ બાજે ચમકે ત્રિશુલ વિશાલા
મસ્તક પર ચંદા શોભિત હૈ ગલે નાગકી માલા
શ્રી ગંગા જટામેં શોભે અંગપે ભસ્મ લગાયે
ઘટ ઘટ વાસી અગમ અતિતા, ગૌરી નાથ નિરાલા... ભોલા શંકર

***********

## ૯૫ ॥ મન તું શંકર ભજી લે...॥

મન તું શકર ભજી લે, મન તું શકર ભજી લે,
છોડ ને કપટ ભોળા નાથને ભજી લે... મન તું શંકર....
કોણ ચઢાવે ગંગા જમુના, કોણ ચઢાવે દૂધ,
કોણ ચઢાવે બિલ્લી પત્ર, કોણ ચઢાવે ભભૂત.... મન તું શંકર....
રાજા ચઢાવે ગંગા જમુના, રૈયત ચઢાવે દૂધ,
બ્રાહ્મણ ચઢાવે બિલ્લી પત્ર, યોગી ચઢાવે ભભૂત..મન તું શંકર....
કોણ માંગે અન્ન ધન, કોણ માંગે પુત્ર,
કોણ માંગે કંચન કાયા, કોણ માંગે રુપ... મન તું શંકર....
ગરીબ માંગે અન્ન ધન, વાંઝિયા માંગે પુત્ર,
બ્રાહ્મણ માંગે કંચન કાયા, ગુણિકા માંગે રુપ.. મન તું શંકર....
આંકડાનો ભાત બનાવ્યો, ધંતુરાની ભાજી,
પીરસે રાણી પાર્વતી ને જમે ભોળા નાથ... મન તું શંકર....
આંકડો ધંતુરો શિવજી, ભાવના છે ભોગી,
ભણે નરસૈંયો વ્હાલો જુનાગઢનો જોગી... મન તું શંકર....

***********

## ૯૬ ॥ ચલો રે ચલો શિવકી નગરિયાં ॥

ચલો રે ચલો રે ચલો શિવકી નગરિયાં
પર્બત પે બસી હૈ ઉનકી નગરીયાં (૨)
ઝુમ ઝુમ પર્બત પે ડમરું બજાયો, ધીનતક ધીનતક મૃદંગ સુનાવે
જપો રે જપો રે જપો ભોલા દયાળા......... ચલો રે ચલો.......
બહેતી ગંગા શિવકી જટામેં, ચંદ્રકલા મસ્તક પર રાજે
બોલો રે બોલો રે બોલો શંભુ કૃપાલા....... ચલો રે ચલો........
પાગલ મન કો તું સમજાલે, શિવ ભજન સે મુકિત પાલે
ભજો રે ભજો રે ભજો બમ બમ ભોલા.......ચલો રે ચલો........

***********

૯૭

## ॥ શિવ શંકર ભોલે.... ડમરુંવાલે ॥

રાગ : મુઝે નીંદ ન આયે હો... દિલ

શિવશંકર ભોલે............હો............ શિવશંકર ભોલે
શિવશંકર ભોલે ભોલે ડમરું વાલે વાલે હર હર મહાદેવ
હરિ ૐ નમઃ શિવાય, હરિ ૐ નમઃ શિવાય (૨)
શિવકી જટામેં બ્હેતી હૈ ગંગા ધારા
ભસ્મ અંગ લગાયે બૈઠે ૐ કારા
અવિનાશી ત્રિપૂરારી હૈ સન્યાસી બૈરાગી હૈ
મન કામેશ્વર, કેદારેશ્વર શિવ હર હર હર મહાદેવ
હરિ ૐ નમઃ શિવાય, હરિ ૐ નમઃ શિવાય (૨)
કૈલાસ પર્બત પર વો મસ્ત મગન બૈઠે
શિશ પે ચંદા ચમકે, વ્યાઘામ્બર વાલે
બમ બમ બમ બમ ભોલે નાથ, કાશીનાથ જય વિશ્વનાથ
ૐ કારેશ્વર, જય રામેશ્વર શિવ હર હર હર મહાદેવ
હરિ ૐ નમઃ શિવાય, હરિ ૐ નમઃ શિવાય (૨)
નામ હૈ ભોલા કામ ભી ભોલા, નાગ ગલે મેં ડાલા હૈ
રુપ ભી ઉનકા દેખો સબસે નિરાલા હૈ
ડમરું ત્રિશુલ હાથમેં, નંદી પર અસ્વારી હૈ
જય પાર્વતી પતિ જય ચંદ્રમૌલી શિવ હર હર હર મહાદેવ
હરિ ૐ નમઃ શિવાય, હરિ ૐ નમઃ શિવાય (૨)

***********

ચક્રી હરી બળભદ્દ દશાશન, પોઢયા જઈ સ્મશાન,
અમર રહ્યો ના કોઈ જગતમાં રંકરાય વિદ્વાન,
તન ધન યૌવન કુંભ કાચનો, જેમ જળધિ ઉદ્યાન.
વણસતા કંઈ વાર ના લાગે, પીપળપાન નિદાન.

***********

૯૮ **॥ એક દિન વો ભોલે ભંડારી ॥**

રાગ : મીલો ન તુમ તો હમ ગભરાયે....

એક દિન વો ભોલે ભંડારી, બનકર બ્રીજ કી નારી,
ગોકુલમેં આ ગયે...હો............ (૨).......
પાર્વતીને મના કિયા પર માને ના ત્રિપુરારી.... ગોકુલમેં....
ઓ મેરે ભોલે સ્વામી....કૈસે લે જાઉ તુમ્હેં સાથમેં (૨) હો...
મોહન કે શિવા કોઈ...પુરુષ ન જાયે ઈસી રાસમેં...(૨) હો...
હંસી ઉડાયેગી બ્રીજકી નારી માનો બાત હમારી.... ગોકુલમેં....
ઐસી સજા દો મુઝકો... કોઈ ન જાને ઈસી રાઝકો..(૨) હો...
યે.હે સહેલી મેરી.... એસા બતાના બ્રીજ રાજકો... (૨) હો
સજા કે ગજરા... બાંધ કે સાડી ચાલ ચલે મતવાલી... ગોકુલમેં...
ઐસી બજાઈ બંસી... સુધ બુધ ભૂલે ભોલે નાથ રે..(૨) હો
સમજ ગયે રે કાના.. જાન ગયે સભી રાઝ રે... (૨) હો
ખીસકી ગઈ જબ.. શરસે સાડી મુશકાયે વનમાળી... ગોકુલમેં...

***********

૯૯ **॥ શંભુ ચરણે પડી ॥**

શંભુ ચરણે પડી, માંગુ હર પળઘડી, કષ્ટ કાપો..
દયા કરી દર્શન શિવ આપો
તમે ભકતોનાં દુઃખ હરનારા, શુભ સહુનું સદા કરનારા,
હું તો મંદમતિ, તારી અકળગતિ, સમજણ આપો...... દયા.
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી
ભાલે તિલક ધર્યુ, કંઠે વિષ ભર્યુ, અમૃત આપો........ દયા.
નેતિ નેતિ જયાં વેદ વદે છે, મારું ચિત્તડું ત્યાં જવા ચાહે છે
કણ કણમાં છે તું, વસું તારામાં હું, સિધ્ધિ આપો...... દયા.
હું તો એકલપંથી પ્રવાસી, છતાં આત્મા કેમ ઉદાસી
થાકયો મથી મથી, કારણ મળતું નથી, મૂંઝવણ માપો. દયા.
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિને શિવરૂપે દેખું,
મારા ઉરે વસો, હોઠે આવી હસો, શકિત સ્થાપો........દયા.
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનો લ્હાવો આપો,
ટાળો માન મદ, ગાળો ગર્વ સદા, હૈયે ચાંપો.......... દયા.

***********



રામનામમેં લીન હે દેખત સબમેં રામ
તાકે પદ વંદન કરૂ જય જય શ્રી જલારામ

શેર : જલા તું છે જગનો અલ્લા, સૌનો તારણહાર.
જબ્બર ધામ જલીયાણનું વિરપુર છે વિખ્યાત.
પરમેશ્વર પધાર્યા એ સ્થળે અને આપ થયા સાક્ષાત,
દુઃખીઓના દુઃખ દૂર કરે તારા ચરણોમાં વંદન વારંવાર.
સૌરાષ્ટ્રમાં ચમકયો અને ઉદય થયો રવિભાણ,
ધન્ય છે સોરઠ દેશને ધન્ય છે વીરપુર ગામ,
ધન ધન એના માત-પિતાને જયજય શ્રી જલારામ.

***********

## ૧૦૦ ॥ અમી ભરેલી નજરો રાખો વીરપુરવાળા બાપા રે ॥

અમી ભરેલી નજરો રાખો (૨) વીરપુરવાળા બાપા રે
દર્શન આપો દુઃખડા કાપો (૨) વીરપુરવાળા રે
ચરણ કમળમં શિશ નમાવી, વંદન કરું શ્રી જલારામ રે
દયા કરીને ભકિત દેજો (૨) ......વીરપુરવાળા.....
હું દુઃખીયારો દ્વારે તારે, આવી ઊભો શ્રી જલારામ રે
આશિષ દેજો ઉરમાં લેજો (૨) ......વીરપુરવાળા.....
તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો શ્રી જલારામ રે
ભકત મંડળને પાર ઉતારો (૨) .....વીરપુરવાળા......

***********

## ૧૦૧ ॥ ધૂન લાગી જોગી જલારામની ॥

ધૂન લાગી જલારામની, લગની લાગી લાગી જલારામની....
જોગી થઈને આવ્યો વીરપુર ગામ, કરવા જન સેવાના કામ..
હૈયે રાખ્યું સદા રામનામ રે....ધૂન લાગી જોગી જલારામની
આધી વ્યાધી ઉપાધી સઘળી, બાપા આપો સૌને શાંતિ,
જગમાં અમર થયું એનું નામ રે..ધૂન લાગી જોગી જલારામની
ભૂખ્યાંને ભોજનિયાં દીધાં, દુઃખ નિવારણ સૌનાં કીધાં
જેનો મહિમા છે અપરંપાર રે.. ધૂન લાગી જોગી જલારામની
પ્રભુજી પધાર્યા સન્યાસી વેશે, દાનમાં આપ્યા વીરબાઈ માને,
પાળ્યો અતિથિનો ધરમ રે... ધૂન લાગી જોગી જલારામની

***********

## ॥ ઝાલર વીરપુરમાં વાગી રે ॥

ઝાલર વીરપુરમાં વાગી રે, સુરતા જલીયાણ સંગ લાગી રે.
કે ઝંખના દર્શનની જાગી રે (૨) ઝાલર.....
સોમવારે સેવા રંગ લાગ્યો રે, ભ્રમ મારો ભડકીને ભાગ્યો રે
નાદ મારા અંતરમા જાગ્યો રે (૨) ઝાલર....
મંગળવારે મોહનાં તૂટયા તાળા, આંખેથી હર્યા માયાના જાળા,
મારે ઘર ભીતર અજવાળા (૨) ઝાલર.....
બુધવારે બુધ્ધિ બાળક ભાસી, શ્રધ્ધાથી સમરિયા અંતરયામી,
શરણે લે જો વીરપુરનાં વાસી (૨) ઝાલર....
ગુરુવારે મહેર ગુરુએ કીધી, શમણામાં શિખ ભકિતની દીધી,
વાટ મેં તો વીરપુરની લીધી (૨) ઝાલર....
શુક્રવારે સંત શિરોમણને દ્વારે, બાપલિયા હું બેઠો છું તારે સહારે.
તું મારે કે તારે રે (૨) ઝાલર....
શનિવારે સંત ચરણની સેવા, લ્હાવા શરણાગતનાં લેવા,
મળશે મુકિતનાં મેવા (૨) ઝાલર
રવિવારે રંગમાં બહુ વીતે રે, ભજીએ જલીયાણ પ્રીતે રે,
જંગ હવે જીવતરનો જીતે રે (૨).....

***********

જન્મી ઘણા આ વિશ્વમાં, આવ્યા તેવા જાય છે,
પરમારથ કાંઈ કીધું નહીં, ને પાપને લઈને જાય છે.
આવ્યાને દીયો આશરો, તરસ્યાને જળપાન,
ભૂખ્યાને ભોજન દીયો, તો રીઝે શ્રી ભગવાન.

***********

# : વધારાનાં ભજનો :

## ૧૦૩ ॥ ઘરમાં કાશી ને ઘરમાં મથુરા ॥

ઘરમાં કાશી ને ઘરમાં મથુરા ઘરમાં ગોકુળિયું ગામ રે
મારે નથી જોવું તિરથધામ રે મારે નથી જાવું તિરથધામ રે
નિત્ય સવારે વહેલા ઉઠી મારે લેવું પ્રભુજીનું નામ રે...મારે
માતા પિતાના ચરણોમાં છે અડસઠ તિરથધામ રે
મારે નથી જાવું હો મારે નથી જાવું તિરથધામ રે...ઘરમાં કાશી...
રોજ સવારે એને પગે લાગીને, પછી કરવાં રે બીજા કામ
પહેલા માતા પછી રે પિતા પછી પ્રભુ કેરું નામ રે
મારે નથી જાવું (૨) તિરથધામ રે....
માતાપિતાની સેવા કરતાં મર્યો શ્રવણકુમાર
ઈતિહાસે એ અમર થઈ ગયો કરી ગયો અમર એનું નામ રે
મારે નથી જાવું (૨) તિરથધામ રે...
માતપિતાનું દિલ દુભાવી તિરથ ન આવે કામ
ભવસાગરમાં ભટકે નહીં જે હોય સાચા રે સંતાન રે
મારે નથી જાવું (૨) તિરથધામ....
માતપિતાના વચન માની, કરો એની સેવાના કામ
માતપિતાની સેવા કરશો તો થઈ જાશે સઘળા કામ રે
મારે નથી જાવું (૨) તિરથધામ
ભવસાગરમાં ભટકો નહીં ભાઈ સાચો આતમરામ
ગુરુ પ્રતાપે ગાતો ધરમસિંહ માવતર મળે ના કોઈ ગામ રે
મારે નથી જાવું (૨) તિરથધામ....

***********

## ૧૦૪ ॥ પ્રભુજીને પરદામાં રાખ મા ॥

પ્રભુજીને પરદામાં રાખ મા, પૂજારી તારા આતમને ઓઝલમાં રાખ મા
વાયુ વીંઝાશે ને દીવડો હોલાશે એવી, ભીતિ વંટોળિયાની રાખ મા,
આડે ઊભો તારો દેહ અડીખમ, ભળી જાશે રે એ તો ખાખમાં.......... પૂજારી તારા...
ઊડી ઊડી ને આવ્યા પંખી હિમાળેથી, થાક ભરેલો એની પાંખમાં
સાત સમંદર પાર કર્યા તોયે, નથી રે ગુમાન એની આંખમાં............. પૂજારી તારા...
આંખના રતન તારા છોને હોલાય છોને હીરા લૂંટાઈ તારા લાખના,
હૈયાનો હીરો તારો નહિ રે લૂંટાઈ કોઈથી કાચના મણીનો મોહ રાખ મા...પૂજારી તાર...

***********

## ૧૦૫ ॥ પાપની બેડલી બૂડે રે બૂડે ॥

પાપની બેડલી બૂડે રે બૂડે, સત્યની બેડલી તરે રે તરે
સત્યની બેડલી તરે રે તરે, પાપની બેડલી બૂડે રે બૂડે
હે.....ધરમની ધરી પર કરમનો ચાકડો,
ધરમની ધરી પર કરમનો ચાકડો,
કરમનો ચાકડો ફરે રે ફરે.....................પાપની બેડલી............
કાચી માટીનો પીંડો મનખાનું માળખું, આ રે કાયા ને માયાનું પારખું
હે.....જીવનના આંગણે ભકિતની આંખડી,
ભકિતની આંખડી ઠરે રે ઠરે.....................પાપની બેડલી........
સાચ ને આંચ આવે એવું કરીશ માં આરે દાનવતામાં પગલું ભરીશ માં
હે....સંયમ વિનાના આભેથી તારલા.
આભેથી તારલા ખરે રે ખરે.....................પાપની બેડલી...........

***********

બાળકને પયપાનથી, ઉછેરીએ ભલી ભાત,
તે કારણથી ગાયને, લોક કહે ગૌ માત.
અદલ ઘંટ સુણી અકબરે, કર્યો ગાયનો ન્યાય,
ગૌ વધ થાયે ના હિંદમાં, કર્યો એવો ઉપાય,
રાજય ત્યજી વ્રજમાં વસ્યા, વાસુદેવ ધરી વ્હાલ,
ગરીબ ગાયને કારણે, પ્રભુ બન્યા ગોપાળ.

***********

લાખો દેતાં ના મળે, મનુષ્ય તણો અવતાર,
કાળાં કૃત્યો જે કરે, તે નરને ધિક્કાર.
પાંચ પ્રહર ધંધા મહીં, ત્રણ પ્રહર સુવાય,
એક પ્રહર હરિ ના જપ્યા, મુકિત કયાંયથી થાય.

***********

## ૧૦૬ ॥ કંઇ લાવ્યો નથી તું દુનિયામાં ॥

કંઈ લાવ્યો નથી તું દુનિયામાં, કંઈ લાવ્યો નથી તું દુનિયામાં
કંઈ.... લઈને નથી તું જવાનો, જવાનો
માટી હતો તું જન્મ્યો પહેલા (૨) માટી આખરે થવાનો (૨) ...કંઈ લાવ્યો...
જગત હતુ આ તારા પહેલા, રહેશે તારા પછી (૨)
મારું મારું કરીને માયા, ભેગી કરતો બધી (૨)
રંગરાગમાં લપટાયો તું (૨) ઉજળો રે કયાંથી તું થવાનો (૨) ...કંઈ લાવ્યો...
સગા સંબંધી જીવતે જીવ છે, મુઆ પછી નવ કોઈ (૨)
સત્ય સમજ તું આંખ ઉઘાડી, મત નિંદરમાં સોઈ (૨)
આવ્યો એકલો વાળી મુટ્ઠીઓ (૨) એકલો રે ખોલી તું જવાનો (૨)...કંઈ લાવ્યો...
કો'ક ગરીબની આંખો લુછી, પુણ્યનું ભાથુ બાંધ (૨)
મુઆ પછી એ લોકો તારી, કરશે સારી વાત (૨)
દેહ ભલેને માટી થાતો (૨) દિલમાં રે કોઈના રહેવાનો (૨)... કંઈ લાવ્યો...
સુનો ગુણીજન કાન ધરીને, દીપકનું આ કથન (૨)
મુલ્યવાન છે ભેટ પ્રભુની, માનવ કેરું જીવન (૨)
આપવું ઓજસ તનમન બાળી, (૨) જીવન મંત્ર દીવાનો (૨).... કંઈ લાવ્યો...

***********

## ૧૦૭ ॥ આ તો ઝાંઝવના પાણી ॥

આ તો ઝાંઝવાના પાણી, આશા જુઠી રે બંધાણી
મોતીડા નહીં રે મળે, હંસલા હાલો રે હવે મોતીડા નહીં રે મળે
ધીમે ધીમે પ્રીતી કરો, દિવડો પ્રગટાવો(૨)
રામના રખોપામાંથી ઘુંઘટે રે ઢાંકયો (૨)
વાયરો વાયો રે ભેંકાર, માથે મેહુલાનો માર..
દીવડો નહીં રે બળે. મોતીડા નહીં રે મળે હંસલા હાલો રે....
વ્હેલો રે મોડો રે મારો સાયબો પધારે (૨)
કહેજો રે કે ચૂંદડી, લાશે રે ઓઢાડે (૨)
કાયા ભલે રે બળે, માટી માટીને મળે...
પ્રીતડી નહીં રે બળે, મોતીડા નહીં રે મળે હંસલા હાલો રે......

***********

108 ## ॥ રાખના રમકડા ॥

રાખના રમકડા (૨) ને મારા રામે રમતા રાખ્યા રે
મૃત્યુલોકની માટીમાંથે માનવ કહીને ભાખ્યા રે....... રાખના રમકડાં..
ડોલે ડોલે રોજ રમકડા, નિત્ય નિત્ય રમત્યુ માંડે
આ મારું આ તારું કહીને, એકબીજાને ભાંડે રે....... રાખના રમકડાં..
કાચી માટીની કાયા માથે માયા કેરા રંગ લગાવ્યો,
ઢીંગલા ઢીંગલીએ ઘર માંડયા ત્યાં તો વીંઝણલા વીંઝાયા રે.. રાખના રમકડા..
તંત અનંતને તંત ન તૂટયો, રમત અધૂરી રહી ગઈ,
તનડા ને મનડાની વાતો આવી તેવી ગઈ રે.... રાખના રમકડા..

***********

૧૦૯ ## ॥ જગમેં જીવન થોડા, કૌન કરે જંજાલ ॥

જગમેં જીવન થોડા કૌન કરે જંજાલ, કૌન કરે જંજાલ, કૌન કરે જંજાલ.
માત પિતાને જન્મ દિયો હૈ, કર્મ કિયો કિરતાર,
કંઈ ખાયો કંઈ ખર્ચ કિયો હૈ, કંઈ કિયો ઉપકાર...........જગમેં જીવન
દિયા લિયા સો સંગ ચલેગા, ઔર વ્રિથા સબ ભાર
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, પ્રભુ ભજી ઉતરો પાર.......જગમેં જીવન

***********

૧૧૦ ## ॥ જોવા નથી માનવી અનાડી ॥

જોવા નથી માનવી અનાડી, પૂજારી તારો પદડો દેને પાડી
કાળજા કાળા મારે મંદિરીયે આવે. ને દર્શન કરવાને દોડી દોડી,
હાથ જોડી એ માથું નમાવે, પેટમાં પાપને સંતાડી..........પૂજારી....
મહેલવાળા મારે મંદિરીયે આવે...ને, ઉભી રાખે છે બહાર ગાડી
પાપના પૈસાનો પ્રસાદ લાવીને, થાળ ધરાવે અનાડી........પૂજારી....
ઉપરથી ઉજળા ને અંદરથી કાળા, ને કામી પ્રપંચી બખાડી
તુલસીને ફુલ મારે ચરણે ધરાવી, મને અભડાવે હાથ લગાડી....પૂજારી....
અહીં આવીને આંસુડા સારે...ને, ઉપરથી દીનતા દેખાડે,
ગોવિંદનો નાથ કહે મારા રે હાથમાં, સાચા ખોટાની નાડી... પૂજારી....

***********

૧૧૧ ॥ પરમેશ્વર પૂછું હું તુજને ॥

પમેશ્વર પૂછું હું તુજને, કોણે આ બધો ઢોંગ રચાવ્યો,
તે જે બનાવ્યા જે માનવને, એણે જ તને બનાવ્યો... પરમેશ્વર....
હાથે હથોડા પંચ લઈને, કોતરકામ કરાવ્યો,
અનુમાને અણસાર બનાવી, રંગ રોગાન કરાવ્યો.... પરમેશ્વર....
અંગે આભુષણ હીરામોતીનો, માથે મુગટ ધરાવ્યો
કર્મ કાંડ યજ્ઞ કરીને તને, મંદિરમાં પધરાવ્યો... પરમેશ્વર....
ભાતભાતના ભોજન ધરીને, લાલચમાં લપટાવ્યો,
ધૂપ દીપને શંખનાદથી કેવો તને તો ફુલાવ્યો... પરમેશ્વર....
ચરણ ધોઈ ચરણામૃત લીધા, પ્રેમે પ્રસાદ ધરાવ્યો.
ધોળ ભજન ને કિર્તન ગાઈને, ખૂબ તને ભરમાવ્યો.... પરમેશ્વર....
વરસો વરસ તારો જનમ કરીને, પારણિયામાં ઝૂલાવ્યો,
હે જગ તારણહાર તને આ માનવે મુરખ બનાવ્યો.... પરમેશ્વર....
અનુભવથી ઉસ્માન કહે મને, એવો ઉમળકો આવ્યો,
પૂજા કરતાં મારી પેઢીઓ ગઈ તોયે, હરિવર હાથ ન આવ્યો.... પરમેશ્વર....

***********

૧૧૨ ॥ સંસારમાં કોણ નાના ને કોણ મોટા ॥

સંસારમા કોણ નાના ને કોણ મોટા
એ........... જી તમને પડશે જમના સોટા..................
આ રે કાયાને એવી રે જાણજો, પાણી તણા પરપોટા
જીવવું થોડું ને જંજાળ ઘણેરી, વેપાર કરવા છે ખોટા........
સોનાની થાળીમાં રોજ જમતા ને, પીવાને કંચન લોટા
છત્રપતિ જેવા ચાલ્યા ગયા રે, જગમાં મળે નહિં જોટા.......
નયનોમાં નિંદર આવે ઘણેરીને, રોજ પલંગ પર સૂતા,
દાસી જીવણ સંતો પડે રે ચરણે, જાણજો જન્મ્યા છે ખોટા...

***********

१९३ ॥ મારા આતમના અવિનાશી ॥

રાગ : તોતા મેના કી કહાની... ફકીરા

મારા આતમના અવિનાશી, તારી છાયામાં મુજને સમાવી લે જે
તું સમાવી લે જે, તું નિભાવી લે જે,
તારો જાણીને મુજને અપનાવી લે જે... મારા આતમના અવિનાશી....
બાળક ઉપર દયા કરીને, દર્શન દેશો કયારે,
મહેર તમારી થાય જો મુજ પર, બળતું હૃદય ઠરે ત્યારે
મુજને તારી લે જે, વાત વિચારી લેજે,
મારી બગડેલી બાજી સુધારી લે જે.... મારા આતમના અવિનાશી....
પડશે કાયા પીંજર ખાલી, પ્રાણ જાશે મારા જયારે,
ગરીબ નવાઝ ગરીબના બેલી, દર્શન દેજો ત્યારે,
દુ:ખ નિવારી લે જે, તારામાં સમાવી લે જે
મનવૃત્તિ માયામાંથી વારી લે જે.... મારા આતમના અવિનાશી.......
પરભવની મારી પ્રીત પુરાણી, એને નિભાવી લે જે
''બાબુ'' ની આ અરજી વ્હાલા, પ્રેમે સ્વીકારી લે જે
અરજી વાંચી લે જે, ભૂલ સુધારી લે જે,
પ્રીત જન્મોજન્મની નિભાવી લે જે... મારા આતમના અવિનાશી....

***********

१९४ ॥ શ્યામ સે મિલને કા સતસંગ એક ઠિકાના હૈ ॥

શ્યામ સે મિલનેકા સતસંગ એક ઠિકાના હૈ,
કૃષ્ણ સે પ્રિત લગી, ઉનકો ભી નિભાના હૈ,
સતસંગ હૈ એક અમૃત સાગર, જીતના ચાહો ભર લો ગાગર,
મુકિત કો પાના હૈ, સતસંગ એક ઠિકાના હૈ...
જ્ઞાન ભકિતકી બહેતી ગંગા, કર્મયોગ કી મિલતી શિક્ષા,
જીવન કો બનાના હૈ, સતસંગ એક ઠિકાના હૈ................
કામ ક્રોધ મદ, મોહ છૂડાવે. વિષયોકી આંધીસે બચાવે,
યહી કુછ પાના હૈ, સતસંગ એક ઠિકાના હૈ..................

***********

૧૧૫

## ॥ રંગાઇ જાને રંગમાં... તું રંગાઇ જાને રંગમાં ॥

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં,
સીતારામ તણા સત્ સંગમાં, રાધે શ્યામ તણા તું રંગમાં.............રંગાઈ જાને...
આજે ભજીશું કાલે ભજીશું, ભજશું સીતારામ, કયારે ભજશું રાધેશ્યામ,
શ્વાસ ખૂટશે, નાડી તૂટશે (૨) પ્રાણ નહિ રે તારા અંગમાં........... રંગાઈ જાને...
જીવ જાણતો ઝાઝુ જીવશું, મારું છે આ તમામ, પહેલા અમર કરી લ્યો નામ,
તેડુ આવશે યમનું જાણજે (૨) જાવું પડશે રે એના સંગમાં...........રંગાઈ જાને...
સૌ જીવ કહેતા પછી જપીશું પહેલા મેળવી લ્યોને દામ રહેવાના કરી લ્યો ઠામ,
પ્રભુ પડયો છે એમ કયાં રસ્તામાં, (૨) સૌ જન કહેતા રંગમાં......રંગાઈ જાને...
ઘડપણ આવશે ત્યારે ભજીશું, પહેલાં ઘરના કામ તમામ, પછી કરીશું તીરથ ધામ
આતમ એક દિ ઉડી જાશે (૨) તારું શરીર રહેશે પલંગમાં..........રંગાઈ જાને...
બત્રીશ ભાતના ભોજન જમતાં ભેળી કરીને ભામ એમાં કયાંથી સાંભરે રામ
દાન પુણ્યથી દૂર રહ્યો તું (૨) ફોગટ ફરે છે ઘમંડમા.............. રંગાઈ જાને...
રંગ રાગમાં કયારે રચાશે, રહી જાશે આમને આમ, માટે ઓળખ તું આતમરામ
બાબા આનંદ હરિ ૐ અખંડ છે (૨) ભજ તું શિવની સંગમાં........રંગાઈ જાને..

***********

૧૧૬

## ॥ જન્મો જન્મની પ્યાસી ॥

રાગ : દિલમે તુજે બિઠાકે...

જનમો જનમની પ્યાસી, હું તો ચરણની દાસી,
પૂજા કરું તમારી, સેવા લ્યો સ્વીકારી.
પ્રીતો પુરવની જાગી, લગની તમારી લાગી,
..............પૂજા કરું તમારી...................
હરતા ફરતા નામ તમારું હૈયે મારે ગાજે
નંદના લાલા, મોરલીવાળા, તલસું દર્શન કાજે,
આશા પૂરોને મારી, દિલમાં કરો દિવાળી,
..............પૂજા કરું તમારી...................
તારા પાછળ પાગલ થઈને, છોડી જગની માયા,
પ્રીતમ પ્યારા, રંગે તારા રંગી મારી કાયા
બિંદુ કહે પુકારી, અરજી સુણોને મારી,
..............પૂજા કરું તમારી...................

***********

૧૧૭ ॥ એ ધરતી ચાંદ સિતારે ॥

એ ધરતી ચાંદ સિતારે... એ નદીયા પવન ઘટા રે
તું તો કરી લે હરિનું ભજન રે..............................
તારું સફળ થાશે આ જીવન રે..............................
તું શાને બાંધે પાપનો ભારો, માથે બેઠો ઉપરવાળો..
બીજો કોઈ નથી સથવારો, તારા અંત સમયનો સહારો...
માટે ભજ મળે નહિં હરિ હરિ, તક નહિ મળે ફરી....
ભોળા માનવી
આ જીંદગી વહી જશે, અહીંનું અહીં રહી જશે..........
જન્મ સમયનો કોલ તું કેમ કરીને ભુલી ગયો,
મનવા મારા સુખમાં છકીને, માયામાં તું ફસી ગયો.
સાથે કોઈ ન આવશે, જમડા તને બોલાવશે
કંચન જેવી આ કાયા તારી આગ મુકી સળગાવશે
માટે ભજ મળે નહિં હરિ હરિ..............................
લાજ રાખી મહેતાજીની, ભકત પ્રહલાદ તરી ગયો,
વિરપુર ગામે જોગી જલારામ નામ અમર કરી ગયો,
ઝેરનાં પ્યાલાં મીરાંએ, અમૃત જાણીને પીધા.
એવા વ્હાલાએ ભકતોનાં દોડી દોડી કામ કીધાં...........
માટે ભજ મળે નહિં હરિ હરિ..............................

***********

પરિગ્રહ આરંભથી કર્યાં કુકર્મ અપાર,
પાપે પૈસો મેળવી બન્યો શેઠ શાહુકાર.
લોક કહે લખપતિ થયો પણ હાર્યો તું નીજ ખેલ,
તુજ સાથે આવશે તપાસ તારો મેળ.

११८

## ॥ રાજ મહેલમાં શોભે નહિ એવા ॥

રાજ મહેલમાં શોભે નહિં રે એવા સંત ફકીર ને બાવા,
મીરાંબાઈ છોડી દો હરિ ગુણ ગાવા......................(૨)
ઢોલ મંજીરાને તંબુરા વાગે, ઢોંગ શોભેના તારા આવા (૨)
હે..... એવું અમારે મીરાં કામના આવે
તમો બેઠા છો કુળને લજાવવાં....મીરાંબાઈ છોડી દો........
સગા સંબંધીઓ ભેળા મળીને, લાગ્યા મીરાં ને મનાવવા (૨)
હે...... રાજ મહેલનાં સુખોને ભોગવો
તમો ખાવો મીઠાઈ ને મેવા રે મીરાંબાઈ છોડી દો...........
સરખી સહેલીઓ ટોળે મળીને જાય સરોવર ન્હાવા (૨)
હે...... સાધુ સંગ તમને કામ ન આવે
તમને બદનામ કરશે બાવા, મીરાંબાઈ છોડી દો.............
ગુરુ પ્રતાપે અવસર મળ્યો, હેતે હરિ ગુણ ગાવા (૨)
હે....... બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર
ગુણ ગોવિન્દના ગાવા રે મીરાંબાઈ છોડી દો...............

***********

११૯

## ॥ ચરણમાં મૂકી છે મેં અરજી આ મારી ॥

રાગ : તું હી મેરા મંદિર....

ચરણમાં મૂકી છે મેં અરજી આ મારી, પ્રભુ કયારે થાશે, કૃપા દૃષ્ટિ તારી,
સુખની ઘડી મેં તો જીવનમાં ના ભાળી, પ્રભુ કયારે થશે, કૃપા દૃષ્ટિ તારી.....
ચરણમાં...
અવળા હિસાબોનું આયખાનું ખાતું બાંધ્યુ નથી મેં, ભકિતનું ભાથું,
નથી પાપ કરવામાં, જોયુ પાછું વાળી, પ્રભુ કયારે થાશે.........................
હૃદય મારું રડતું, તુજને પોકારે, અટવાતી નૈયાને, મૂકી દે કિનારે,
ઝોળી ધરીને હું તો ઊભો છું ભિખારી, પ્રભુ કયારે થાશે........................
વિનંતિ હું વર્ષોથી કરતો રહ્યો છું ભવની ભૂલવણીમાં અટવાઈ ગયો છું,
ભકતો કહે છે રોજે, આંસુડા સારી પ્રભુ કયારે થાશે..........................

***********

१२० 
## ॥ સુણાવો ગીતાસાર ॥

સુણાવો ગીતાસાર, ઉતારો ભવપાર, ગુરુજી મારા હું પૂંજુ ચરણ તમારા.
હું આવી પડયો છું આ જગમાં, નથી કોઈ દિલાસો દેવામાં
હું રખડી રખડી થાકયો ગુરુજી મારા.............. હું પૂંજુ ચરણ તમારા
રહી દિલમાં કંઈ કંઈ આશ મને, સત્ય પંથ બતાવનાર શોધું તને,
આ જયોતમાં જયોત મીલાવો ગુરુજી મારા........ હું પૂંજું ચરણ તમારા
મારા દોષ તમે દિલમાં ન ધરો, એમ દિન ગરીબની વ્હારે ચઢો,
છો આપ દયાના સ્વામી ગુરુજી મારા............. હું પૂંજુ ચરણ તમારા
આ દાસ ઉપર કંઈ દયા કરો, મારો ભવનો ફેરો પલમા હરો,
આ બાળકનાં બે બોલ ગુરુજી મારા.................હું પૂંજુ ચરણ તમારા

***********

१२१ 
## ॥ પ્રભુ તમે છો મારા જીવન રથના સારથી ॥

પ્રભુ તમે છો મારા જીવન રથના સારથી
જ્ઞાન ગીતા ઉપદેશી મુજને, બનાવજો પરમાર્થી
મારા જીવન રથના સારથી....પ્રભુ.....
જ્ઞાન ભકિત બે પૈંડા રથના, ચલાવવાને હું સમરથ ના
મનડું મારું કદી ના વિચરે, મનના ઘોડાઓ ન દોડે
જયાં ત્યાં બેદરકારથી... મારા જીવન રથના સારથી...પ્રભુ....
મારું તારું મનથી મુકું, ભકિત કેરો પંથ ન ચૂકું
મનડું મારું કદી ન વિચરે, મનના ઘોડાઓ ન દોડે
જયાં ત્યાં બેદરકારથી... મારા જીવન રથના સારથી...પ્રભુ....

***********

કામી તરે, ક્રોધી તરે તરે છે જાત કસાઈ,
મગર એક નહિ તરતા કરતા આપ બડાઈ.
સંતબીજ પલટે નહિ જાય જુગ અનંત,
ઊંચ નીચ ઘર અવતરે, આખર સંત કે સંત.

१२२ ॥ જાને કયા જાદુ ભરા હુવા ॥

જાને કયા જાદુ ભરા હુવા, ભગવાન તુમ્હારી ગીતામેં
મન ચમન હમારા હરા હુવા (૨) ભગવાન તુમ્હારી ગીતામે
જબ શોક મોહસે ગીર જાયે તબ ગીતા વચન હૃદય લાયે
યુગ યુગ કા અનુભવ જુડા હુવા (૨) ભગવાન તુમ્હારી ગીતામેં
ગીતા સંતો કો પ્યારી હૈ શ્રુતિ ધર્મ કે અનુસારી હૈ
સારા ભવસાગર તરા હુવા (૨) ભગવાન તુમ્હારી ગીતામેં

***********

१२३ ॥ રાવણ આવ્યો સીતાજી ને હરવા ॥

રાગ : ફિરકીવાલી તું કલ ફીર આના.

રાવણ આવ્યો સીતાજીને હરવા જોગીનો વેશ લઈને, મામા મારીચને બનાવ્યો મૃગલો...
સોનેરી મૃગલાને જોઈ રે સીતાજી હઠ પકડીને બેઠા દેવી રે
એ મૃગલાને (૨) પકડી લાવો સીવડાવવું છે વસ્ત્ર..........................રાવણ....
મૃગલાની પાછળ દોડયા રામ અને લક્ષ્મણ રાવણ આવ્યો રે જોગી વેશમાં
ભીક્ષા આપો (૨) સીતા માતા દ્વારે ઊભો જોગી..........................રાવણ....
હાથ પકડી રે રાવણ ખભે રે બેસાડી લઈ ચાલ્યો સીતાજી ને લંકામાં
રુદન કરે છે (૨) સીતા માતા કોઈ નથી સાંભળતું..........................રાવણ....
વિનાશ કાળે વિપરીત બુધ્ધિ રે રાવણની હરણ કર્યુ પાપીએ સીતાનું
દાસ કહે છે (૨) દુષ્ટ રાવણનું અંતે થયું મૃત્યુ..........................રાવણ....

***********

આવો કહે એ આદમી બેસો કહે એ પીર,
જાઓ કહે એ જાનવર કહી ગયા દાસ કબીર.
પહેલું તીરથ સાસુ - સસરો બીજુ તીરથ સાળી,
માબાપ તો નદી - નાળાં સાચું તીરથ ઘરવાળી.

***********

૧૨૪ ॥ હૃદય મંદિરમાં તું પ્રભુને પોકારજે ॥

રાગ : બહુત પ્યાર કરતે હૈ તુમકો સનમ...સાજન

હૃદય મંદિરમાં તું પ્રભુને પોકારજે (૨)
અંતર યામીને ઓળખી તું લે જે................ હૃદય મંદિરમાં...
માયાને મમતાના વાદળ ભારી, માનવ જીવનની થાશે ખુવારી (૨)
જીવન નૈયા તારી (૨) પાર કરી દેજે........... હૃદય મંદિરમાં...
સ્વાર્થના સહુ સગા અને વ્હાલા, આવશે તારા માથે દુઃખોની આંધી (૨)
ગુરુના વચનને (૨) હૃદયમાં તું રાખજે.......... હૃદય મંદિરમાં....
દ્વારિકાનો નાથ તને લેશે ઉગારી, કરીને ભજન તું સુધારી લે બાજી (૨)
બાબું કહે સાચું (૨) વિશ્વાસ રાખજે............. હૃદય મંદિરમાં....

************

૧૨૫ ॥ પ્રભુ તારી ભકિત દે જનમો જનમ ॥

રાગ : બહોત પ્યાર કરતે હે.... સાજન

પ્રભુ તારી ભકિત દે જનમો જનમ
સદા તારી મસ્તીમાં (૨) રહે મારું મન... પ્રભુ તારી.....
દુનિયાના દુઃખોથી ગયો છું હું હારી
પીછો મારો છોડે ના, માયા ઠગારી
ઓલાવી દે જે તું (૨) આ દિલની અગન...પ્રભુ તારી...
નથી માંગતો હું વાડી કે ગાડી,
ઉતારી દે મુજ પર કૃપા દષ્ટિ તારી,
સોંપી દીધુ છે મેં (૨) તન મન ધન........પ્રભુ તારી....
મુકી છે ચરણમાં અરજી આ મારી,
વિભુ તું વાત મારી લે જે વિચારી,
બિંદુના હૈયામાં (૨) એક છે લગન....... પ્રભુ તારી....

***********

૧૨૬ ॥ યુદ્ધમાં અર્જુનને રે, એના સગપણ આડા આવે ॥

યુધ્ધમાં અર્જુનને રે, એના સગપણ આડા આવે
સગપણ આડા આવે એના મનડાને મુંઝાવે... યુદ્ધમાં અર્જુનને...
કુરુક્ષેત્રમાં કૃષ્ણ પ્રભુજી રથને વચમાં લાવે (૨)
કોને મારું, કયાં બાણ ચલાવું, મારી સમજણમાં નહીં આવે. યુદ્ધમાં..
અર્જુન કહે મારા સગા સ્નેહીને પાપથી કોણ બચાવે (૨)
રુધીર ભરેલો વૈભવ વ્હાલા, ભોગવવા કેમ ભાવે... યુદ્ધમાં..
કોઈ કોઈનું સગુ નથી, એમ શ્યામ સુંદીર સમજાવે (૨)
આરે કાયરતા કયાંથી અર્જુન, તારી કિર્તિને કલંક લગાવે... યુદ્ધમાં..
કોણ મરે કોણ જન્મે અર્જુન, કોણ આવે કોણ જાવે (૨)
કોણ મારે ને કોણ જીવાડે, આત્મા અમર કહાવે... યુદ્ધમાં..
અગ્નિ ન બાળે, વાયુ ન સુકવે એને પાણી નવ પલાળે (૨)
આત્મ તત્ત્વ અમર છે એ, હરિ ગીતા જ્ઞાન સમજાવે... યુદ્ધમાં..
ગીતા જ્ઞાન દઈ કૃષ્ણ પ્રભુજી, અર્જુનને સમજાવે (૨)
કહે પુરુષોત્તમ ભારતમાં, અર્જુન વિજયનો ધ્વજ ફરકાવે.. યુદ્ધમાં..

***********

૧૨૭ ॥ તમે ધીરે ગાડી હાંકો રે મારા રામ ગાડીવાલા ॥

તમે ધીરે ગાડી હાંકો રે મારા રામ ગાડીવાલા
રામ ગાડીવાલા મારા સદ્‌ગુરુ ગાડીવાલા રે.............. રામ ગાડીવાલા
ગાડી મારી અજબ રંગીલી, બૈલ જોડયા બે ચાર,
હાંકને વાલા છેલ છબીલા, બૈઠનવાલા લાલ રે........... રામ ગાડીવાલા
ગાડી છૂટી રૈનમેં ને મજલ પડયા હે દૂર,
સીધાં સદ્‌ગુરુ જો મીલે તો પહોંચાડે હજૂર રે............ રામ ગાડીવાલા
ઘોડા છૂટયાં સ્થાનસે ને પીછે પડે પોકાર,
દશ દરવાજા બંધ કિયા પણ નીકળી ગયો અસવાર...... રામ ગાડીવાલા
જંતર મારું ઝાઝવું ને તૂટી ગયા સહુ તાર,
જંતર બિચારા કયા કરે, એનો ગયો બજાવનહાર......... રામ ગાડીવાલા
ગંગા કિનારે ઘર કરીને નહાવો નિર્મળ નીર,
ગુરુ વિના નવ પામીએ એમ કહી ગયા દાસ કબીર રે.... રામ ગાડીવાલા

૧૨૮ ॥ શેહ શરમ કોઇની ભરુના ॥

રાગ : હર કરમ અપના કરેંગે...કર્મા

શેહ શરમ કોઈની ભરુના, મસ્તીમાં ફરતો ફરું
પ્રભુ તારી ભકિત હું તો રાતદિન ગાયા કરું
તારા વિના પ્રભુ મારું આ જગે કોઈ નથી,
તારા જેવા પ્રભુ દયાળુ, મેં બીજે જોયો નથી
તું ભૂલે પણ હું ભૂલુંના, રોજ સંભાર્યા કરું.. પ્રભુ તારી ભકિત...
સુખની સૈયા સુંવાળી, મારે કંઈના કામની
માળા હું જપતો રહ્યો છું, પ્રભુ તારા નામની,
તું ભૂલે પણ હું ભૂલુંના, રોજ સંભાર્યા કરું.... પ્રભુ તારી ભકિત...
આશરો આધાર તારો, નાવ મારી તારજે,
આ ભકત બેઠો છે (તારે) ભરોશે, તું સદા સંભાળજે
તું ભૂલે પણ હું ભૂલુંના, રોજ સંભાર્યા કરું..... પ્રભુ તારી ભકિત...

***********

૧૨૯ ॥ પ્રભુ કે ભજન કી હૈ મસ્તી નિરાલી ॥

પ્રભુ કે ભજન કી હે મસ્તી નિરાલી, હરિ કે ભજન કી હે મસ્તી નિરાલી
તો આજા આજા એકબાર ગાલે રામ રામ રામ, આજા આજા એકબાર....
મોહ માયા મેં જીવન ગવાયાં તુને (૨)
પ્રભુ ભકિત મેં મનન લગાયા તુને (૨)
પ્રભુ નામસે મિલતી હે સુખ શાંતિ, હરિ નામ સે મિલતી હૈ સુખ શાંતિ
તો આજા આજા એકબાર.....
ખો મસ્તીમેં તું ભૂલ જા સારે ગમ (૨)
એકબાર ભરકે તું પીલે ભાઈ રામ નામ રસ (૨)
અજબ હે યે મસ્તી સમજ મેરે ભાઈ
તો આજા આજા એકબાર.....
ઈતની પ્યારી યે મસ્તી કહી ના મીલે (૨)
ભુલજા અપની હસ્તી પ્રભુ પ્રેમ મેં (૨)
યે તો પ્રેમ મસ્તી હૈ ઔર કુછ નાહીં
તો આજા આજા એકબાર....

***********

130

## ॥ મારા મન મંદિરમાં તું છે ॥

રાગ : સુરજ કબ દુર ગગન સે... કર્ણ અર્જુન

મારા મન મંદિરમાં તું છે. મારા રોમ રોમમાં તું છે
તારા દર્શનની મને આશા, તું ધરતી ને તું ગગન છે
આ જીવન તો પ્રભુ તને અર્પણ છે, ચરણોમાં તનમન છે.
મારા હૈયે દિપ જલાવી, હું આરતી તારી ઉતારું
તોયે હજુ સુધી પ્રભુ, મારા હૈયામાં અંધારું
તારા પાવન ચરણોમાં, મારું મસ્તક ઝુકી ગયું છે
તારા દર્શનની મને આશા, તું ધરતી ને તું ગગન છે
આ જીવન તો પ્રભુ તને અર્પણ છે.....
આ દુનિયાના દુઃખોથી, પ્રભુ હું તો ગયો છું હારી
પીછો નથી છોડતી, આ જગની માયા નઠારી
મારા દિલડાના દરિયામાં, પ્રભુ એક જ તારી લગન છે
તારા દર્શનની મને આશા, તું ધરતી ને તું ગગન છે,
આ જીવન તો પ્રભુ તને અર્પણ છે....

***********

131

## ॥ ઝુલણ મોરલી વાગી રે ॥

ઝુલણ મોરલી વાગી રે રાજાના કુંવર
હાલો હાલોને જોવા જઈએ રે................
મોરલી વાગી રે રાજાના કુંવર !
ચાઢવા તે ઘોડો હંસલો રે રાજાના કુંવર
પીતળિયા પલાણ રે....મોરલી વાગી રે......
બાંયે બાજુ બંધ બેરખા, રાજાના કુંવર
દશે આંગળિયે વેઢ રે...મોરલી વાગી રે.....
માથે મેવાડાં મોળિયાં રે રાજાના કુંવર
કિનખાબી સુરવાળ રે... મોરલી વાગી રે....
પગે રાછોડી મોજડી રે રાજાના કુંવર
ચાલે ચટકંડી ચાલ રે... મોરલી વાગી રે.....

***********

૧૩૨

## ॥ ના કરો ના કરો નુગરા નરને નેડલો ॥

ના કરો ના કરો નુગરા નરનો નેડલો
એવા નુગરે ઝાલ્યો રે સતીનો છેડલો રે જી.....
તૂટયો રે તૂટયો મારો લાખ સવાનો હાર રે
એનાં મોતીડા વેરાણાં માણેક ચોકમાં રે જી.....
વીણ્યાં રે વીણ્યાં મેં તો લાખ ને બે લાખ રે
મારા મનનાં માનેલાં મોતીડા ના મળ્યા રે જી...
વાવ્યા રે વાવ્યા મેં તો આંબલિયાના બીજ રે
મારા કરમે બાવળિયા કયાંથી ઉગ્યો રે જી.......
જા જો રે જા જો સંતો દેશ ને પરદેશ રે
મારા મનમાં માનેલા મોતીડા લાવજો રે જી......
બોલ્યા રે બોલ્યા કાંઈ ખીમડીયા કોટવાળ રે
મારા સંતો અમારા રે પુરમાં મ્હાલજો રે જી...

***********

૧૩૩

## ॥ મારા ભીતર મૂર્તિ છે ભગવાનની રે ॥

મારા ભીતર મૂર્તિ છે ભગવાનની રે ભગવાનની રે કલગીવાળા કાનની રે
મેં તો અરજી કરી છે અભયદાનની રે અભયદાનની રે કલગીવાળા કાનની રે
એની રટણા મને દિન રાત છે
એનું સ્મરણ તો શ્વાસે શ્વાસ છે
વાલપ લાગી છે એના ભીના વાનની રે ભીના વાનની રે કલગીવાળા કાનની રે
મારા રુદિયે નિરંતર રમતો
ગોકુળવાળો ગારુડી બહુ ગમતો
તલપ લાગી છે મુરલીના તાનની રે તાનની રે કલગીવાળા કાનની રે
મોહન માનેલો મનડાનો મોર છે
મારી સુરતા જેમ ચંદ્રને ચકોર છે
અંતર ખુશી છે ઘણા અરમાનની રે અરમાનની રે કલગીવાળા કાનની રે

***********

૧૩૪ ॥ દર્શન કો ઘનશ્યામ નાથ મોરી અંખીયા પ્યાસી રે ॥

દર્શન કો ઘનશ્યામ નાથ મોરી અંખીયા પ્યાસી રે...
મન મંદિરકી જયોત જગા દો (૨) ઘટ ઘટ વાસી રે.. દર્શન દો...
મંદિર મંદિર મૂરત તેરી ફીર ભી ન દેખી સુરત તેરી
યુગ બીતે ના આઈ મીલન કે (૨) પૂરનવાસી રે....... દર્શન દો...
દ્વાર દયા કા જબ તું ખોલે પંચમ સુરમેં ગુંગા બોલે
અંધા દેખે લંગડા ચલકર (૨) પહોંચે કાશી રે......... દર્શન દો...
પાની પીકર પ્યાસ બુઝાવું નૈનકો કૈસે સમજાવું
આંખ મીંચોલી છોડો અબ તો (૨) મન કે વાસી રે.... દર્શન દો...

***********

૧૩૫ ॥ મારું મનડું મન મોહનમાં મને ગમતું નથી રે ભુવનમાં ॥

મારું મનડું મન મોહનમાં મને ગમતું નથી રે ભુવનમાં
મારી પ્રીતી હરિ દર્શનમાં મને ગમતું નથી રે ભુવનમાં
હરવું ફરવું રમવું જમવું, જગવ્યવહારે રહી રાચવું
મને રુચી નહીં જીવનમાં મને ગમતું નથી રે ભુવનમાં
સગા સંબંધી સુત વિત નારી, કડવા લાગે આ સંસારી
મને અકળામણ બંધનમાં, મને ગમતું નથી રે ભુવનમાં
ભર નીંદ્રામાં ઝબકી જાગું, ચારે કોરે નિરખવા લાગું
નવ દેખું શ્યામ સુંદિરને, મને ગમતું નથી રે ભુવનમાં
કયારે ભાગ્ય ઉઘડશે મારા, કયારે મળશે નંદ દુલારા
એવી તાલાવેલી મારા તનમાં મને ગમતું નથી રે ભુવનમાં
દુઃખ હૃદયના હળવા કરવા વલ્લભનાં સ્વામીને મળવા
હું તો રખડું વન ઉપવનમાં મને ગમતું નથી રે ભુવનમાં

***********

१३६ ॥ તોરા મન દરપન કહલાયે ॥

તોરા મન દરપન કહલાયે (૨)
ભલે, બુરે સારે કર્મો કો, દેખે ઔર દિખાયે.... તોરા મન...
મનહી દેવતા મન હી ઈશ્વર મનસે બડા ન કોઈ
મન ઉજીયારા જબ જબ ફૈલે જગ ઉજીયારા હોઈ (૨)
ઉસ ઉજલે દરપન પર પ્રાણી, ધૂલ ન જમને પાઈ.. તોરા મન...
સુખકી કલીયાં દુઃખકે કાંટે મન સબકા આધાર (૨)
જગસે ચાહે ભાગ લે કોઈ, મનસે ભાગન પાયે... તોરા મન...

***********

१३७ ॥ પાયોજી મૈને રામ રતન ધન પાયો ॥

પાયોજી મૈને રામ રતન ધન પાયો (૨)
વસ્તુ અમૌલિક દી મેરે સદ્દગુરુ, કિરપા કર અપનાયો....... પાયોજી
જનમ જનમ કી પૂંજી પાઈ, જગમેં સભી ખોવાયો.......... પાયોજી
ખરચે ન ખૂટે વાકો ચોર ન લૂંટે, દિન દિન બઢત સવાયો.... પાયોજી
સતકી નાવ ખેવટિયા સદ્દગુરુ, ભવસાગર તરી આયો........ પાયોજી
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, હરખ હરખ જશ ગાયો........ પાયોજી

***********

રાજ પાટ પાંડવ ત્યજી રહ્યા ગુપ્ત પ્રદેશે
એક દિન એવો આવ્યો ફરી આન સ્વદેશે,
સુખ દુઃખ કર્મે જે લખ્યું ભોગવવું પ્રાણી,
બંધ સમે ચીત ચેતીએ પાપ કરો ના જાણી.
વિષત વિષે ધીરજ ધરે સંપતમાં સમતા
સુખ દુઃખ દહે ઘરમેં ગણી તજો સંતો મમતા

*********

૧૩૮ **॥ જપી લે નામ કરી લે કામ ॥**

જપી લે નામ, કરી લે કામ, મારા ડાકોરના શ્યામ
એને સમરી લે (૨) મનવા તું હેતે ધરી...........
તારા જીવનની આવે છે આખર ઘડી
ત્યારે હરિ ભજવાની તને ખબર પડી
માયા મમતા હવે તારી પાછળ પડી
કયાંથી સમરે (૨) ઓ મનવા તું હેત ધરી.........
મોંઘો માનવ દેહ ન મળશે ફરી,
તારી કાયા તપાસી લે જાગી જરી
માનવ જન્મ આપ્યો પ્રભુએ મ્હેર કરી,
તેની તે શું સદાયે કદર કરી........................
ચાલ્યો જાયે આ અવસર ના મળશે ફરી
હરિ કિર્તન કરી લે તું હેત ધરી
બાબુ સાચું કહે છે સાંભળ તું જરી
નહિ તો મારે શું ? બીજા ના જીવનની પડી........

***********

૧૩૯ **॥ સંતને સંતપણા રે નથી મફતમાં મળતા ॥**

સંતને સંતપણા રે, નથી મફતમાં મળતાં
નથી મફતમાં મળતાં, એના મોલ ચૂકવવા પડતા...... સંતને
ભરી બજારે કોઈ વેચાણા ને તેલ કઢામાં બળતાં
કાયા રે કાપી, કાંટે તોળી, કોઈ હિમાડે હાડ ગાળતાં...સંતને
પ્યારા પુત્રના મસ્તક ખાંડી, ભોગ સાધુને ધરતાં
ઝેર પીધાને જેલ ભોગવી, સાધુડા શુળીએ ચડતાં...... સંતને
કરવત મેલીને માથા વહેરીયાં, ને કાળજા કાપીને ધરતાં
ઘરની નારીને દાનમાં લેતાં, દિલ જરા નહિં ડરતાં..... સંતને
પરદુઃખે જેનો આતમ દુઃખીઓ, રુદિયાં જેના રડતાં
માન મોટપને મમતા ત્યાગી, જઈને બ્રહ્મમાં ભળતાં... સંતને
ગુરુ પ્રતાપે ભણે પુરુષોત્તમ, ચોપડે નામ એના ચડતાં
એવા સંતને સેવતા જીવના, ભવના બંધન ટળતાં...... સંતને

## ૧૪૦ ॥ કૌરવની રાજ સભામાં ॥

કૌરવની રાજ સભામાં રે, આજે લાજ લૂંટાયે મારી...... કૌરવની
કપટ કરીને જૂગટૂ રમાડયા, ભૂપતિને કર્યા છે ભિખારી
પાંચે પતિ મારા પરવશ થઈ બેઠા, નિર્બલ નારી નોધારી... કૌરવની
ભીષ્મ દ્રોણ ને કર્ણ કૃપાચારી, પાપીના બન્યા છે પૂજારી
દુષ્ટ દુઃશાસન ચિર ખેંચશે, તો હું અબળા થઈશ ઉઘાડી.... કૌરવની
આર્તનાદથી અવિનાશીએ જાણી, દ્રોપદીને દુઃખીયારી
પાટો બાંધ્યો તો મારી આંગળિયે, ચીર પોતાનું ફાડી...... કૌરવની
કેમ ભૂલું ઉપકાર ભગિનીના તાંતણા ગણ્યા વારી વારી
નવસે નવ્વાણું ચીર પુર્યા પ્રભુએ, સભા રહી નિહાળી..... કૌરવની
રાજા દુર્યોધન હાર્યો હૈયામાં, અંધનો સુત અહંકારી
પુરુષોત્તમ જેણે સાધુને સંતાપ્યા, એની જડને ઉખેડી નાંખી.. કૌરવની

***********

## ૧૪૧ ॥ હું તો પ્યારા પ્રભુનો પરવાનો ॥

હું તો પ્યારા પ્રભુનો પરવાનો, પરવાનાની દુનિયા શું જાણ ? (૨)
દિલ આપી બન્યો છું દિવાનો, દિવાનાની દુનિયા શું જાણ ? (૨)
સાખી : ગુરુ જ્ઞાન સાગરનાં મોતી છે, જેના આંખોમાં ઝધમગતી જયોતિ છે
ચલતી : જેની આંખોના નુરનો ચમકારો ચમકારાની દુનિયા શું જાણે ?
સાખી : ગુરુના ચરણમાં ચિત્ત ધરનારો નહીં તીર્થ વ્રત આદરનારો
ચલતી : જેની મસ્તીમાં મસ્ત થઈને ફરનારો ફરનારાની દુનિયા શું જાણે ?
સાખી : અંતરમાં વિરહની અગ્નિ છે જેની ગુરુ મિલનની લગની છે
ચલતી : વિરહની અગનમાં બળનારો બળનારાની દુનિયા શું જાણે ?
સાખી : જેની મૂર્તિમાં સુરતી છુપાઈ રહી જાહેરમાં રહી આ દિલમાં રહી
ચલતી : શ્યામ તેરી સુરત પર મરનારો મરનારાની દુનિયા શું જાણે ?

***********

## ॥ હરિ તું કહાં છુપાયો રામ ॥

હરિ રે તું કહાં છુપાયો રામ, તારું કહાં તે ધરવું ધ્યાન,
તને હું કયાં શોધું રે.. તને હું કયાં શોધું રે...
કોઈ કહે તને દશ અવતારમાં થઈને સીતારામ (૨)
કોઈ ક...હે... કોઈ ક....હે...
કોઈ કહે તું વસંત વનમાં (૨) થઈને રાધેશ્યામ. તને હું કયાં શોધું રે....
કોઈ કહે છે રામ સીતાને, કોઈ કહે ઘનશ્યામ (૨)
કોઈ ક...હે... કોઈ ક....હે...
કોઈ કહે છે કૃષ્ણ મુરારી (૨) લાખો તારા નામ.... તને હું કયાં શોધું રે....
કોઈ કહે તું વસે અવધમેં કોઈ કહે વૃંદાવનમેં (૨)
કોઈ ક...હે... કોઈ ક....હે...
કોઈ કહે તીરથ મંદિરમેં (૨) લાખો તારા ધામ... તને હું કયાં શોધું રે....
કોઈ કહે છે યમુનાં તટ પર, કોઈ કહે મથુરા (૨)
કોઈ ક...હે... કોઈ ક....હે...
કોઈ કહે સંતોના ચરણમાં (૨) એ તો હું નિરાધાર. તને હું કયાં શોધું રે....

***********

ભજનામૃતનું પ્રેમથી જે કોઈ કરશે પાન,
ભકિત તેમાં પ્રકટશે ટળશે ઉરઅજ્ઞાન.
ગોવિંદ આ સંસારમાં મેળવવા ભગવાન.
રાત દિવસ કરતાં રહો ભજનામૃતનું પાન.
પ્રેમ પ્રભુનું રુપ છે, પ્રેમીને સમજાય
પ્રેમ થકી ભકિત કરે તો પ્રભુ રાજી થાય.

***********

૧૪૩ ॥ હરિ ગુણ ગા...પ્રભુ પદ પા ॥

હરિ ગુણ ગા... પ્રભુ પદ પા... હરિ ગુણ ગા....
હા પ્રેમ હરિ ગુણ ગા, મુરખ મન માયા મહીં મલકાય
જાશે અંધારામાં અટવાઈ (૨) મુરખ મન..................
લાવ્યો નથી કાંઈ લઈ જવાનો, ખાલી હાથે તું જવાનો (૨)
મારું મારું કરી મોલ ગુમાવો, શાને બન્યો તું દિવાનો
તારો પંથ ગયો છે બદલાય (૨) મુરખ મન..................
ધન કમાયો, માન કમાયો, તોયે ના ખાડો ભરાયો (૨)
કાળા ધોળા કાંઈક કર્યા છે, પાપી તું ના શરમાયો
તારી જનની રહી છે લજાય (૨) મુરખ મન..................
રાવણ સરખો રાજીયો જેની સોનાની કહેવાય લંકા (૨)
સર્વ દેવો તેની સેવા કરે છે, કોણ કહે કરી શંકા
એ તો રણમાં ગયો છે રોળાય...(૨) મુરખ મન..............
મોંઘો માનવ દેહ મળ્યો છે, મુરખ શીદને ગુમાવે ? (૨)
રામનામનું રટણ કરી લે, ગયો અવસર ના આવે,
સાચી પ્રીત હરિ સંગ થાય..... (૨) મુરખ મન.................

***********

૧૪૪ ॥ હરિ તું ગાડું મારુ કયાં લઇ જાય ॥

હરિ તું ગાડું મારું કયાં લઈ જાય, કાંઈ ના જાણું
કાંઈ ના જાણું રે....કાંઈ ન જાણું રે જી.....કાંઈ ન જાણું.........
હરિ તું ગાડું મારુ કયાં લઈ જાય...
સુખને દુઃખના પૈંડા ઉપર, ગાડું ચાલ્યું જાય
કદી ઉગે આશાનો સુરજ, કદી અંધારું થાય
મારી મુજને ખબર નથી કાંઈ (૨) કયાં લઈ જાય મારું ગાડું રે...
કાંઈ ન જાણું રે...હરિ તું ગાડું મારું કયાં લઈ જાય...............
સખી સખાને સપના સાંભર્યા, મને સાંભળે ગોકુળવાસી,
ડગ રે ડગરિયા આવે નઝરિયા, ન આવે મારું કાશી,
કયારે વેરણ રાત વીતી ને (૨) કયારે વાયે મારું વ્હાણું રે........

કાંઈ ન જાણું રે....હરિ તું ગાડું મારું કયાં લઈ જાય....
કયાંથી આવ્યો કયાં જવાનું, કયાં મારે રહેવાનું
અગમ નિગમનો ખેલ અગોચર મનમાં મુંઝાવાનું
હરતું ફરતું શરીર તો છે (૨) પિંજરે આવી પુરાવું છે.
કાંઈ ન જાણું રે..... હરિ તું ગાડું મારું કયાં લઈ જાય....

***********

૧૪૫

## ॥ મેં તો પહેરી લીધો ચૂડલો ॥

મેં તો પહેરી લીધો ચૂડલો તમારો રે હરિ, તમારો રે હરિ
નથી રે નજર મારી બીજાના ભણી................ મેં તો
મોટા મોટા મહેલ મારે કામ ન લાગે, મન નહિ ભાવે,
મને વ્હાલી લાગે ઝુંપડી તમારી રે હરિ (૨)
નથી રે નજર મારી બીજાના ભણી..................મેં તો
હીરા માણેક મારે કામ ન આવે, મન નહિ ભાવે,
મને વ્હાલી લાગે તુલસીની માળા રે હરિ (૨)
નથી રે નજર મારી બીજાના ભણી.................મેં તો
હીરનાં ચીર મારે કામ ન આવે મન નહીં ભાવે
નથી રે વ્હાલા લાગે ભગવાં ચીર રે હરિ (૨)
નથી રે નજર મારી બીજાના ભણી................ મેં તો
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ ગિરધરના ગુણ
મને ચરણ કમળ દત્ત લે જો રે હરિ (૨)
નથી રે નજર મારી બીજાના ભણી.................મેં તો

***********

## ॥ ભકિત કરતાં આવે છે કપરી કસોટી ॥

ભકિત કરતાં આવે છે કપરી કસોટી,
જાણે મોટા પથરા પર ચટણી લસોટી,

સાખી : નથી કામ ધંધાનું રહેતું ઠેકાણું,
કદીના ભરાયે રહે ખિસ્સું કાણું
વારા ફરતી આવે ઉપાધીનું આણું

ચલતી : ભુખે દિન વિતે મળે પણ ના રોટી....ભકિત કરતાં.....
શ્રી રામ જય રામ જય જય રામ.
રઘુપતિ રાઘવ રાજા રામ પતિત પાવન સીતારામ

સાખી : તમે જેના થાવો તે જ તમારું જ કાપે,
તમારા જ ગજથી તમોને એ માપે
કરો કામ સારું છતાં યશ ન આપે,

ચલતી : સમય આવે ત્યારે વળાવે લંગોટી.... ભકિત કરતાં....
શ્રી રામ જય રામ...
રઘુપતિ રાઘવ....

સાખી : હૃદય પર સદા બોજ વધતો રહે છે,
વળી લોક ગાંડા ને ઘેલાં કહે છે
રામ ભકત થઈને બધું જે સહે છે,

ચલતી : જગમાં નથી કિંમત પ્રભુને મન મોટી... ભકિત કરતાં...
શ્રી રામ જય રામ...
રઘુપતિ રાઘવ...

***********

## ॥ જુઓ રંગ દુનિયાના શું શું કરે છે. ॥

જુઓ રંગ દુનિયાના શું શું કરે છે ?
રડાવી બીજાને એ પોતે હસે છે,
સાખી : જીવવું છે થોડું અને ઉપાધિ કરે છે
મારું મારું કરી એ સૌની સાથે લડે છે.
ચલતી : ભાઈ સામે ભાઈ કોર્ટે ચઢે છે.
લડી લડી આખરે દુશ્મન બને છે જુઓ રંગે દુનિયાના.........
શ્રી રામ જય રામ જય જય રામ,
રઘુપતિ રાઘવ રાજા રામ પતિત પાવન સીતારામ.
સાખી : ઉપરથી છે ધોળા ન, અંદરથી છે કાળા,
મીઠું મીઠું બોલે પણ પેટમાં બળે લારા.
ચલતી : પોતાના કર્મો પોતને નડે છે
ખાડો જે ખોદે તે પડે છે......જુઓ રંગ દુનિયાના.........
શ્રી રામ જય રામ.....................................
રઘુપતિ રાઘવ રાજા રામ.............
સાખી : જીવ તું એક છે, અને તારા પાપો અનેક છે,
કરે તે ભરે એવા દાખલાં જાહેર છે.
ચલતી : સમજાવવા જાતાં મૂરખ સામો લડે રડી રડી કુતરાનાં મોતે મરે છે....
જુઓ રંગ દુનિયાના..........
શ્રી રામ જય રામ....
રઘુપતિ રાઘવ રાજા રામ..........
સાખી : રડાવી બીજાને, તું શું હસે છે ?
સહુ કોઈના અંતરમાં ઈશ્વર વસે છે,
ચલતી : નરહરિ સઘળાને અવળુ સુઝે છે. રડી રડી કુતરાનાં મોતે મરે છે..
જુઓ રંગ દુનિયાના...........
શ્રી રામ જય રામ.....
રઘુપતિ રાઘવ રાજા રામ........

***********

૧૪૮ ## ॥ જીતે લકડી મરતે લકડી ॥

જીતે લકડી મરતે લકડી, દેખ તમાશા લકડીકા
દુનિયાવાલો... તુમ્હેં સુનાયે, યહ ગાના હૈ લકડીકા.............જીતે...
સાખી... જબ ભી તેરા જનમ હુઆ તબ પલંગ બિછાયા લકડીકા (૨)
માતા તેરી લોરી સુનાયે, વો પલના થા લકડીકા.... જીતે...
સાખી.... ચલને શીખા તું પકડ પકડ કર, ચાલન ગાડી લકડીકા (૨)
ગયા ખેલને હાથમેં લેકર, ગિલ્લી દંડા લકડીકા................ જીતે...
સાખી... પઢને ચલા તું સ્કુલમેં લેકર, લેખન પાટી લકડીકા (૨)
માસ્તરને ભી ડર દિખાયા, વો દંડા થા લકડીકા.............. જીતે...
સાખી.... શાદી કરને ચલા તું જિસમેં, બેલગાડી થી લકડીકા
સાંસ સસુરને તુજે બિઠાયા, વો બાજઠ થા લકડીકા.............. જીતે...
સાખી... લગ્ન કિયા જબ ચિંતા લાગી, લોટ તેલ ઔર લકડીકા
બુઢ્ઢા હુઆ તબ લિયા હાથમેં, વો સહારા લકડીકા.............. જીતે...
સાખી... ઉડ ગયા પંછી ઢલ ગઈ કાયા, ચિતા બનાઈ લકડીકા (૨)
એક પલકમેં રાખ બનાયે, વો ઢગલાં થા લકડીકા............. જીતે...
સાખી.... મરતે તક મિટા નહિં ભાઈ, ઝઘડા ઝઘડી લકડીકા (૨)
રામ નામકો હૃદય લગાઓ, મિટ જાયે ઝઘડા લકડીકા.............. જીતે...

***********

૧૪૯ ## ॥ પાગલ...પાગલ...પાગલ...॥

પાગલ...કૌન તુઝે સમજાયે (૨)
રાત અંધેરી બીજલી ચમકે (૨) પાગલ શોર મચાયે...પાગલ...
સાખી : યે દુનિયા પાગલ ખાના હૈ, કોઈ પાગલ માન બડાઈ કા,
કોઈ રુપ રંગકા હૈ પાગલ, કોઈ પાગલ હે ચતુરાઈકા,
કોઈ ધન વૈભવ કા હે પાગલ, કોઈ પાગલ હે કવિતાઈકા,
સબસે અચ્છા વો હે... પાગલ જો પાગલ હે રઘુરાયકા..........
પાગલ કૌન તુઝે સમજાયે (૨) હો પાગલ............................
રાત અંધેરી બીજલી ચમકે........................................
કોઈ દુઃખિયા, કોઈ બેઘર, કોઈ રંગ ઉડાવે.. (૨) ઓ.. ઓ..........
ઐસા ઘરમેં બેઠા બેઠા (૨) ઉદ્યમકો બહેકાવે.... પાગલ..............

૧૫૦ ચંદન કુંદન કેરી દુનિયા, ધન દોલત કા મેલા (૨) ઓ.. ઓ.................
તુને જીસકો અપના જાના સમજતાં હે તું મેરા (૨)
ના તેરી હૈ.. ના મેરી હૈ (૨) જો તેરે કામ ન આયે.................... પાગલ
જૈસા રાજા તૈસી પ્રજા જુઠા હે જંજાલા (૨)
ભારતકી સેવા તું કર લે, તું ભારતકા લાલ
યે ભારત દેશ હમારા હૈ, યે ભારત દેશ હમારા હૈ, યે ભારત દેશ હમારા હૈ
લેકિન તું ઉનસે બડા હૈ, જો તેરે કામ ન આયે..................................

***********

૧૫૧

## ॥ બેઠો છું હું આશ લગાવી ॥

બેઠો છું હું આશ લગાવી, તારા નામની ધૂન મચાવી (૨)
ચાહે તું તારે... ચાહે તું મારે (૨)
ચાહે તારે ચાહે મારે બેઠો વ્હાલા આશ રે તારે.........બેઠો
તમારા નામની એ લગની મને લાગી છે
તમારા દર્શનથી હૈયું મારું રાજી છે.
દુઃખિયા આવે તેની ઉપાધિઓ ટાળી છે,
કંઈ બગડેલાની બાજી તેં સુધારી છે.
દેવોના દેવ તમે ઉપાધિઓ ટાળી છે
સદા તારા શરણે રહેવું વાત મેં વિચારી છે... ચાહે તું મારે
કરું ફરિયાદ કયાં માયાની મુરાદ મેલી છે,
દિલની વાત વ્હાલા મારે તમને કહેવી છે
ગાઉ ગુણગાન એ પણ દયા તો તમારી છે,
તમારી પ્રીતની એ રીત બહું ન્યારી છે.
તમારા શરણે વ્હાલા જીંદગી ઝુકાવી છે.
શરણે રાખો ન રાખો મરજી તો તમારી છે... ચાહે તું મારે
બાબુ કહે વ્હાલા મારી અરજી તો અમારી છે,
દયાના સાગર તારો ભરોસો બહું ભારી છે..
દેવોના દેવની એ વાત બહુ ન્યારી છે,
'બાબુ' પોકારી કહે ભૂલ શું પ્રભુ મારી છે....ચાહે તું મારે

***********

## ૧૫૧ ॥ મનવા રે... ચેતવું હોય તો ચેતી જાજે ॥

રાગ - બેના રે... સાસરિયે જાતા... પારકી થાપણ

મનવા રે.......................... ચેતવું હોય તો ચેતી જાજે અવસર ચાલ્યો જાય
મનુષ્ય જનમ તારો એળે વહી જાય (૨)
રટી લે રણછોડ રાય, પકડી લે એની બાંય
જન્મો મરણનો તારો ફેરો ટળી જાય (૨)
સગા સંબંધી સુખના સાથી, દુઃખમાં કોઈ ના થાય હો રામ દુઃખમાં કોઈ ના થાય
શ્વાસે શ્વાસે રામ સમર તું, એ છે સાચી સગાઈ હો રામ એ છે સાચી સગાઈ
મનવા રે... જૂઠી કાયા જૂઠી માયા એમાં શું અટવાઈ... મનુષ્ય જનમ.. (૨)
આ રે કાયાનો શું રે ભરોસો, કયારે થાશે વિદાઈ હો રામ કયારે થાશે વિદાઈ
કાચી માટીનો ઘાટ ઘડુલો, કયારે ફુટી જાય હો રામ કયારે ફુટી જાય
મનવા રે... સમજુ જન સૌ સમજી ગયા અણસમજું ગોથા ખાય... મનુષ્ય જનમ (૨)

**********

## ૧૫૨ ॥ પાણીનો પરપોટો કાયા રે તારી પાણીનો પરપોટો ॥

પાણીનો પરપોટો કાયા રે તારી પાણીનો પરપોટો
મુખથી રામનામ જપવા માંડો કાયા રે તારી...
નર તન દેહી કંચન જેવી મળે નહીં રે એનો જોટો
તારી કાયા રે ભાઈ અમર નથી રે
પછી શાને પડાવે ફોટો......... કાયા રે તારી...
વાડી ગાડી ને મહેલને બંગલા ફુલાઈ ફુલાઈને જોતો
અંત સમય કંઈ કામ ન આવે
સાથે ના આવે એક લોટો...... કાયા રે તારી....
ધન દોલતવાળો શેઠ કહેવાયો ને મનથી માને છે મોટો
પોપટની ચાંચ જેવું નાક છે તારું
બની જાશે ગલગોટો............ કાયા રે તારી...
દાસ બહાદુર કહે મનથી વિચારો જરા કાયાનો રૂપિયો ખોટો
નદી કિનારે તારી કાયા રે બળશે
ઉપરથી પડશે સોટો............. કાયા રે તારી...

***********

## ૧૫૩ ॥ છોડી મત જા તું મને એકલી રે વણઝારા ॥

છોડી મત જા તું મને એકલી રે વણઝારા મેલી મત જા તું મને એકલી વણઝારા
કાયા કાચની પૂતળી રે વણઝારા, એને ફૂટતા ન લાગે વાર રે વણઝારા
દૂધે ભરેલી તલાવડી વણઝારા, એને ફરતે મોતીડાની પાળ રે વણઝારા
સોનું જાણીને મેં તો સંગ કીધો વણઝારા, મારા કર્મે નીકળ્યું કથીર રે વણઝારા
હંસ જાણીને તારો સંગ કીધો વણઝારા, મારા કર્મે નીકળ્યો કાગ રે વણઝારા
ડુંગર ઉપર દેવડી રે વણઝારા, હું તો ચઢી ચઢી જોઉં તારી વાટડી વણઝારા
ભકતજનોની વિનંતી વણઝારા, તમે રહી જાઓ આજ કેરી રાત રે વણઝારા

***********

## ૧૫૪ ॥ આવેલા કોઇ કાયમ ના રહી શકે ॥

રાગ - અંદર સે કોઈ બહાર ના જા શકે... બોબી

આવેલા કોઈ કાયમ ના રહી શકે કયારે જાવું નકકી ના થઈ શકે,
વારા ફરતી રવાના થવાના, અહીંનું અહીંયા છોડીને જવાના
સંસાર એક માયાની જાળ છે સાચા શ્રી ગોપાળ સાચા શ્રી ગોપાળ
દુનિયામાં કોઈ કોઈનું ના થઈ શકે
કોઈની સાથે કોઈ ના રહી શકે
મારું મારું કરી મરવાનાં, અહીંનું અહીંયા છોડીને જવાના... સંસાર એક...
મેળો ભેળો કાયમ ના રહી શકે,
ધાર્યુ કોઈનું કાયમ ના થઈ શકે,
સમયે સૌ રવાના થવાના, અહીંનું અહીંયા છોડીને જવાના... સંસાર એક...
"નરહરિ" કાંઈ નકકી ના કહી શકે,
કયારે ડૂબે તારો શું કહી શકે,
ભણેલા પણ ભૂલ કરવાનાં, અહીંનું અહીંયા છોડીને જવાના... સંસાર એક...

***********

૧૫૫ ॥ માથે વાગે છે મોતનાં ડંકા ॥

રાગ - ફિરકીવાલી તું કલ ફિર આના... રાજા ઔર રંક...

માથે વાગે છે મોતના ડંકા, એમાં નથી શંકા,
તું શાને હરખાય છે, તારું મોઘું જીવન વેડફાઈ છે
કરમાઈ જાશે તારા જીવનની વાડી, જીવનની વાડીનો શોધી લે માળી,
માળી મળશે... (૨) મનડું ઠરશે છોડો દુનિયાદારી... માથે વાગે......
મરણની ઘડી તને લઈ જાશે તાણી, સમજીને છોડી દે આ માયા દિવાની,
માયાનો છે... (૨) ખોટો ફંદો પડશે તુજને ડંડો... માથે વાગે..........
સમજી જા ''નરહરિ'' સમય છે બાકી શ્યામ સુંદીરને કરી લે રાજી
જાગી જા તું... (૨) ચેતી જા તું ઊંઘી શું રહ્યો છે... માથે વાગે........

************

૧૫૬ ॥ આપણું ધાર્યું કાંઇ નવ થાય ॥

આપણું ધાર્યું કંઈ નવ થાય, પ્રભુનું ધાર્યું આગળ થાય
એવી છે કુદરતની કળા, અણધાર્યું તે આગળ થાય
રાજા દશરથ એનાં મનમાં વિચારે
વ્હેલી સવારે રામને ગાદી એ બેસાડું
વ્હેલી સવારે રામ વનવાસ જાય, અણધાર્યુ તે આગળ થાય
રાજા રાવણ તો અતિ મહા બળિયો
સીતા માતાનું હરણ કરી ગયો
સોનેરી લંકામાં લાગી છે લાય, અણધાર્યું તે આગળ થાય
અર્જુન નંદન અતિ મહાબળિયો
સાતે કોઠા એ જીતવાને ચઢયો
સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય, અણધાર્યું તે આગળ થાય
શેઠ સગળશા ને ચંગાવતી રાણી
બ્રાહ્મણજનો ને ભોજન કરાવે
પુત્ર ચેલૈયો ખાંડણિયે ખંડાય, અણધાર્યું તે આગળ થાય
સદ્‌ગુરુ કબીરજી સ્વર્ગ સિધાવે
હિન્દુ ને મુસ્લિમ ઝઘડો ચલાવે
ચાદર ખસેડતાં ફૂલડાં દેખાય, અણધાર્યું તે આગળ થાય

***********

૧૫૭

## ।। હું શરણે તારે આવ્યો છું ।।

રાગ - દિલ લૂંટને વાલે... જાદૂગર

હું શરણે તારે આવ્યો છું, પ્રભુ તું ન સ્વીકારે તો હું શું કરું ?
હું ચરણે અરજી લાવ્યો છું, પ્રભુ તું ન સ્વીકારે તો હું શું કરું ?
હું જનમ જનમનો અપરાધી, વળી તનમાં મનમાં છે વ્યાધિ
હું દર્દી થઈને આવ્યો છું, પ્રભુ તું ન મટાડે તો હું શું કરું ?
મારી આગળ પાછળ છે આંધી, મારો તાર તૂટેલો દે સાંધી
હું ભૂલ ભરેલો આવ્યો છું, પ્રભુ તું ન સુધારે તો હું શું કરું ?
મને સ્વાર્થીઓ જકડે છે, વળી પાગલ સમજી પકડે છે
હું છૂટવા માટે આવ્યો છું, પ્રભુ તું ન છોડાવે તો હું શું કરું ?
મારે પુનિત પંથે જાવું છે, વળી રામ ભકત થઈ જાવું છે
હું તરવા માટે આવ્યો છું, પ્રભુ તું ન તારે તો હું શું કરું ?

***********

૧૫૮

## ।। પરદેશી પંખી ઉડી તો જવાનાં ।।

પરદેશી પંખી ઉડી તો જવાના, થયા કોઈના ના કોઈના થવાનાં
કોઈ દિન બસ્તીમાં તો કોઈ દિન જંગલમાં
કોઈ દિન ધરા પર તો કોઈ દિન ગગનમાં
મરજી પડે ત્યાં એ ફરવાનાં... થયા કોઈના ના કોઈના થવાનાં
ભલે એને પૂરો પિંજરમાં પટાવી,
સમય પૂરો થાતા નજરને ચૂકાવી,
ખબર ના પડે એ થાશે રવાના... થયા કોઈના ના કોઈના થવાનાં
જીવ રૂપી પંખી ને કાયાનું આ પીંજરું
ત્યજીને જાશે રાહી માયાનું આ પીંજરું
ગયો તે તો પાછા નથી આવવાનાં... થયા કોઈના ના કોઈના થવાનાં

***********

૧૫૯ **કઠણ ચોટ છે કાળની રે ॥**

એ.......... કઠણ ચોટ છે કાળની રે, મરણ મોટેરો માર (૨) રે
કંઈક રાણાને કંઈક રાજીઆ
હારે.. છોડી ચાલ્યા ઘરબાર (૨) હેતે હરિનો રસ પીજીએ
એ....... સંસાર ધૂમાડાનાં બાચકા સાથે આવે નહીં કોઈ (૨) રે
તારો રંગ પતંગનો ઉડી જાશે
હારે.. જાણે આંકડાના ફૂલ (૨) હેતે હરિનો રસ પીજીએ
એ.............. માલણ વીણે ફૂલડાં રે કળી કરે રે પોકાર (૨) રે
આજનો દિવસ રળિયામણો
હારે.. કાલે આપણા શીરે ભાર (૨) હેતે હરિનો રસ પીજીએ
એ..... કોના છોરું ને કોના વાછરું, રે કોના મા અને બાપ (૨) રે
અંત કાળે જાવું જીવને એકલું
હારે.. સાથે પુણ્ય અને પાપ (૨) હેતે હરિનો રસ પીજીએ
એ...... જન્મયા એટલા જીવે નહિ રે નથી કોઈ રહેનાર (૨) રે
મરનારાને તમે શું જુઓ
હારે.. નથી જોનારા રહેનાર રે (૨) હેતે હરિનો રસ પીજીએ
એ........... જીવ રમે રંગ મેલમાં ને રમે દિવસ ને રાત (૨) રે
મારું ને તારું મીથ્યા કરો
હારે.. કરો પ્રભુ સાથે પ્રીત (૨) હેતે હરિનો રસ પીજીઅ

************

૧૬૦ **॥ આવ્યો મુઠી વાળી જવાનો ખાલી હાથ ॥**

રાગ - સાવન કા મહિના પવન કરે શોર...

આવ્યો મુઠી વાળી જવાનો ખાલી હાથ ભવનું રે ભાથુ ભરવા ભજી લે દીનાનાથ
આવ્યો શું કરવા જગમાં કરી શું રહ્યો છે, પાપના ઘડુલા શાને ભરી તું રહ્યો છે
એક દિન જાવું પડશે, છોડીને સહુ સંગાથ....... ભવનું રે...
અહીંયાનું પોલ તારું ત્યાં નહીં ચાલે, કાળનો સપાટો પડશે પછી નહીં ફાવે,
જોયું મથી મથી કોઈ આવે ના સંગાથ....... ભવનું રે...
"નરહરિ" કદી કોઈનું ખોટું ના કરતો અનિતી ના રસ્તે તું પગલા ન ભરતો,
અજવાળાની પાછળ કાળી અંધારી રાત....... ભવનું રે...

***********

## ૧૬૧ ॥ વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ મનવા ॥

રાગ - ના કજરે કી ધાર.. મોહરા

વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ મનવા વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ
કપરો છે આ કાળ મનવા વિઠ્ઠલ વિઠ્ઠલ બોલ
જગની માયા મૂકીને તું ધ્યાન પ્રભુનું ધરી લે (૨)
જૂઠી માયા, જૂઠી કાયા, તું ચિત્ત પ્રભુમાં જોડ.......... મનવા..........
મનથી વિચાર કરી લે, તારું બધું અહીં રહી જાશે (૨)
તેડા આવશે જયારે જમના, રહેશે અધૂરા કોડ......... મનવા..........
ભકિતની મસ્તી લઈ લે, તું અમૃત રસ ને પી લે (૨)
કર જોડી કહે મોહન, તું દિલ દરવાજા ખોલ........... મનવા..........

***********

## ૧૬૨ ॥ રામ ને ભજી લે પ્રભુ ને ભજી લે ॥

રામ ને ભજી લે, પ્રભુ ને ભજી લે કોન જાને પલકી,
ખબર નહિ પલકી હો મૂરખ બાત કરે કલકી... રામ....
મેડી ને મંદિર માળિયાને, માયા મતલબકી,
ધનને જોબન તેરો આવેને જાવે છાયા બાદલકી હો ભાઈ
ખબર નહિ પલકી હો મૂરખ... રામ ને ભજી લે............
પાંચ તત્વકા બનાયા પીંજરા, મિટ્ટી જંગલકી
કુટુંબ કબીલા તેરા ભાઈ ભતીજા, સગાઈ સ્વાર્થકી, હો ભાઈ
ખબર નહિ પલકી હો મૂરખ... રામ ને ભજી લે............
સરોવર દેખી હંસલાને પ્યાસ લગી જલકી
સૂક ગયા સરોવર ઉડી ગયો હંસલો પ્યાસ રહી મનકી, હો ભાઈ
ખબર નહિ પલકી હો મૂરખ... રામ ને ભજી લે............
ભાવ ધરી ને ભણે નરસૈંયો, પ્યાસ લગી મનકી
એકવાર દર્શન દોને મુરારી, આશા દર્શનકી, હો ભાઈ
ખબર નહિ પલકી હો મૂરખ... રામને ભજી લે.............

***********

૧૬૩ ॥ બંગલાનો બાંધનાર કેવો મારા ભાઇ ॥

બંગલાનો બાંધનાર કેવો મારા ભાઈ, ભાડૂતી બંગલો કોણે રે બનાવ્યો.
લોઢું નથી રે એમાં લાકડું રે નથી,
નથી ખીલો કે ખીલી મારા ભાઈ ભાડૂતી બંગલો........................
ઈંટો નથી રે, એમાં ચૂનો રે નથી,
નથી સિમેન્ટ કે રેતી મારા ભાઈ ભાડૂતી બંગલો........................
આ રે બંગલાને, દશ દરવાજા,
નવસો નવ્વાણું નાડી મારા ભાઈ ભાડૂતી બંગલો........................
કડિયા કારીગરની, કારીગીરી એવી,
પાણીની બાંધી હવેલી મારા ભાઈ ભાડૂતી બંગલો........................
બંગલો બનાવી મહીં જીવાભાઈ પધરાવ્યા,
નથી લેતા રે કાંઈ ભાડુ મારા ભાઈ ભાડૂતી બંગલો........................
નટવર શેઠની, નો'તી ઉઘરાણી,
અમારા ચોપડે ન નામું મારા ભાઈ, ભાડૂતી બંગલો......................

***********

૧૬૪ ॥ મળતો રે જા અમને કે'તો રે જા ॥

મળતો રે જા અમને કે'તો રે જા મારા દેહના દલાલી હંસા મળતો રે જા...
હંસલો જાણીને તને સાયબો મેં સેવ્યો, (૨)
એ... મોતીડાનો ચારો તું તો ચરતો રે જા..... મારા દેહના દલાલી હંસા...
નવ નવ મહિના તને ઉદરમાં રાખ્યો, (૨)
એ... માતા રે પિતાની સેવા કરતો રે જા..... મારા દેહના દલાલી..........
ધૂતી રે ધાતી ને ધન ભેળું રે કીધું (૨)
એ... જમણા તે હાથે પુન્ય કરતો રે જા..... મારા દેહના દલાલી..........
દાસી જીવણ સત ભીમ કેરા ચરણે (૨)
એ... રામની સભાનો રસ પીતો રે જા....... મારા દેહના દલાલી..........

***********

૧૬૫ ॥ માયાની જાળમાં જૂઠા સંસારમાં ॥

રાગ - દુનિયા કા મેલા મેલે મેં લડકી... રાજા જાની

માયાની જાળમાં જૂઠા સંસારમાં, મનવા તું શાને લોભાય
તારું કોઈ ન થાય શાને એમાં લલચાય..તારું કોઈ ના થાય..
ભજી લે રણછોડરાય, એની પકડી લે બાંય,
બાજી હાથેથી છટકી ના જાય....... તારું કોઈ ના થાય...
માયાની મૂડી તારી એમાં શું જુએ ધારી ધારી
સમજી લે વાત વિચારી, તારે જાવું હાથે ખાલી,
હો............ જાશે આંખો મીંચાય, રહેશે મનમાં પસ્તાય
તારી થાશે જયારે છેલ્લી વિદાય.... તારું કોઈ ના થાય...
સગા સહોદર નારી, એમાં ભૂલ્યો કુંજ બિહારી
ભકિત લાગે ખારી, તો જીવન જાશે હારી,
હો.................. નથી કોઈ ઉપાય, રટી લે રણછોડરાય
એ તો ધાર્યું ધણીનું જ થાય...... તારું કોઈ ના થાય......
માયાનો બોજો ભારી, એને વ્હાલો લેશે ઉતારી
ચરણ કમળ બલિહારી, વ્હાલાં જાવું વારી વારી,
હો..... ''બાબુ'' ગુણ તારા ગાય, આવ્યો ચરણોની માંય
તારા રંગે ગયો છું રંગાય....... તારું કોઈ ના થાય.......

***********

૧૬૬ ॥ આ દુનિયાની રંગ ભૂમિનો નાટક ॥

રાગ - ચાંદકી દિવાર ન તોડી...

આ દુનિયાની રંગ ભૂમિનો નાટક પૂરો થઈ જશે,
ટિકિટ તારી પૂરી થાતાં (૨) અહીંનું અહીંયા રહી જશે... આ દુનિયા..
ચેતી જાજે વ્હેલો વ્હેલો, કાયાને પડતાં પહેલો
કયારે જાવું કોઈ ન જાણે (૨) પાછળથી રડવું પડશે... આ દુનિયા..
મોટા મોટા મહિપતિઓ જે મારું મારું કરતાં હતાં,
જઈ સુતા સ્મશાન ભૂમિમાં (૨) રાખ થઈને રખડી ગયા.. આ દુનિયા..
'નરહરિ' ભવનું ભાથું ભરવા, પ્રભુ સ્મરણ કરતો રહેજે,
કાળ આવે કંઈ નહીં ચાલે (૨) તૈયારી કરતો રહેજે... આ દુનિયા..

***********

## || આત્મા રડે ને પરમાત્મા રડે છે ||

રાગ - સો સાલ પહેલે મુઝે તુમસે પ્યાર થા...

આત્મા રડે ને પરમાત્મા રડે છે (૨)
રડતાં રડતાં જીંદગીના દિવસો ઘટે છે. (૨) આત્મા રડે.......
હો... ઓ... હો.... ઓ...
કોણ છે સાચું ને કોણ છે જૂઠું (૨)
માનવી ન જાણે એ તો રામ ને ખબર છે. (૨) રડતાં રડતાં...
હો... ઓ... હો.... ઓ...
અવસર બનીને આવે અમારે એ આંગણે (૨)
પાછા ફરે એ જયારે દર્દ આપી જાય છે. (૨) રડતાં રડતાં....
હો... ઓ... હો.... ઓ...
પારકા કે પોતાનાં અહીં કોઈ સમજાય ના (૨)
સાધુ કે ધૂતારા અહીં કોઈ સમજાય ના (૨) રડતાં રડતાં.....
હો... ઓ... હો.... ઓ...
કરેલાં જીવનના કર્મો મિથ્યા ન થાશે (૨)
સારું કરેલું કોઈનું એળે ન જાશે (૨) રડતાં રડતાં (૨).......
હો... ઓ... હો.... ઓ...
માનવ બનીને જેણે તમોએ ઉગાર્યા (૨)
પથ્થર બનીને એ તો તમને જ વાગશે (૨) રડતાં રડતાં (૨)
હો... ઓ... હો.... ઓ...
મહેશ બનીને આવ્યો ધરતીના આંગણે (૨)
શોભાવી નામ એનું પાછું મારે જાવું (૨) રડતાં રડતાં (૨)..

************

## ૧૬૮ ॥ એક દિન તારી શ્વાસા દોરી તૂટવાની ॥

એક દિન તારી શ્વાસા દોરી તૂટવાની
પ્રભુ પાસે જઈને બાંધવ, માંગ મહેરબાની
માંગ મહેરબાની... માંગ મહેરબાની.... પ્રભુ...
આ રે કાયા રે તારી કાગળની કોથળી, (૨)
ફૂલી ફાલીને વળી પવનથી ભરેલી (૨)
કાળના ઝપાટેથી (૨) એ તો ફૂટવાની.... પ્રભુ...
ખાધું પીધું ને તેં તો મોજ રે ઉડાવી (૨)
મારું તારું કરવામાં જીંદગી ગુમાવી (૨)
કેમ રે છૂટે ભાઈ તારી (૨) ચોર્યાસીની ઘાણી.... પ્રભુ...
સ્વાર્થ સાથે તારી પ્રીત રે બંધાણી (૨)
અંતે થવાનું સઘળું ધૂળ ને ધાણી (૨)
માયાને મમતા તારી (૨) અહીંયા રહેવાની.... પ્રભુ...
સંતો સમજાવે જીવડા સમજ અભાગી (૨)
ગુરુ ગુણ ગાઈને થા તું બડભાગી (૨)
સાચી રે કમાણી તારી (૨) સાથે આવવાની.... પ્રભુ...
મનુષ્ય જનમ અમૂલો ફરી નહીં મળશે (૨)
સત કર્મ સતસંગથી ભવ જળ તરશે (૨)
વાત સાચી માનો ન માનો (૨) મરજી તમારી.... પ્રભુ...

***********

## ૧૬૯ ॥ સાચી કહું છું વાત, તારું કાયા મંદિર કાચું છે ॥

રાગ - ચાંદ કી દિવાર ન તોડી...

સાચી કહું છું વાત, તારું કાયા મંદિર કાચું છે,
શ્રી હરિનું નામ એ તો (૨) સાચું જીવન ભાથું છે... સાચી કહું
આ સંસાર મુસાફિર ખાનું, કોઈ આવે કોઈ જાયે છે,
કાળનું ચક્કર ફરતું રહે છે (૨) કોઈ કદીના ફાવે છે... સાચી કહું
ચડતી પડતી પડતી ચડતી જીવનમાં તો આવે છે,
કંઈક રાજા બન્યા ભિખારી (૨) કોઈ ભિખારી ફાવે છે... સાચી કહું
કંઈક ગયા કંઈ ચાલ્યા જાશે, તારી મનની મનમાં રહી જાશે,
'નરહરિ' ચેતી જાજે વ્હેલો (૨) નહીં તો પસ્તાવું પડશે... સાચી કહું

## ૧૭૦ ॥ કોઇ આજ જશે કોઇ કાલ આ તો પંખીડાનો મેળો ॥

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાનો મેળો
માટે ભજીલો દીન દયાળ આ તો પંખીડાનો મેળો.
આ તો પંખીડાનો મેળો, આ તો યુગ દર્શનનો ફેરો... કોઈ.
સહુએ ઋણાનું બંધે મળીયા, કોઈ જનમના સુકૃત ફળિયા,
સહુ આવ્યા તેવાં જાય, આ તો પંખીડાનો મેળો... કોઈ.
માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો,
કયારે ફૂટે શું કહેવાય ? આ તો પંખીડાનો મેળો... કોઈ.
સાથે કોઈ આવ્યું ન આવે, સહુએ સૌના રસ્તે જાવે,
જેવાં વાદળિયા વિખરાય, આ તો પંખીડાનો મેળો... કોઈ.
મળ્યો માનવ જન્મ અમૂલ્ય, સમજી હરિ ભજનમાં ડોલો,
શંકર અમૃત વાણી ગાય, આ તો પંખીડાનો મેળો... કોઈ.

***********

## ૧૭૧ ॥ પ્રાણીયા ભજી લે ને કિરતાર ॥

પ્રાણીયા ભજી લે ને કિરતાર આ તો સ્વપ્નું છે સંસાર
ધન દોલત ને માલ ખજાના પુત્ર અને પરિવાર
એમાંથી તું જાશે એકલો અંતે ખાશે જમ કેરો માર.. પ્રાણીયા
ઊંચી મેડી ને અજબ ઝરુખા, ગોખ તણો નહીં પાર,
કોટિ ધ્વજ અને લખપતિ તેનાં બાંધ્યા રહ્યા ઘરબાર.. પ્રાણીયા
ઉપર ફરેરા ફર ફરે ને હેઠે બાંધ્યા શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો પછી વાંસે પડે પોકાર.. પ્રાણીયા
સેજ તળાઈ વિના સૂતો નહિ જીવ હુન્નર કરતો હજાર,
ખોળી ખોળીને ખૂબ જલાવ્યો જેમ લોઢું ગાળે લુહાર.. પ્રાણીયા
સ્મશાને જઈને ચેહ ખડકી, માથે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઉભા રહ્યા અને નિશ્વય જરે અંગાર.. પ્રાણીયા
સ્નાન કરીને ચાલી નીકળ્યા નર ને વળી નાર,
ભોજો ભગત કહે તેર દિન રોઈ ને પછી મેલ્યો વિસાર..પ્રાણીયા

***********

## ૧૭૨ ॥ કોઇ કોઇનું નથી રે, કોઇ કોઇનું નથી રે ॥

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે
અરે નાહકના મરે બધા મથી મથી રે... કોઈ કોઈનું
મનથી માનેલા કે આ બધા મારા
માની લે જીવડા નહીં તારા કે મારા
સ્વાર્થ વિના કોઈ પ્રિત કરતું નથી રે... કોઈ કોઈનું
આ મારો દીકરોને આ મારો બાપ છે,
આ મારી ઘરવાળી ને આ મારી માત છે,
સુવાની સંગાથે કોઈ જાતું નથી રે... કોઈ કોઈનું
જગમાં જનેતાએ જન્મ રે દીધો,
પાળી પોષીને તને મોટો રે કીધો,
પરણીને મા બાપ સામું જોતો નથી રે... કોઈ કોઈનું
કંઈક ગયા ને કંઈક જવાના,
ના કોઈ રહ્યા ને ના કોઈ રહેવાના,
ગયા એના કોઈ સમાચાર નથી રે... કોઈ કોઈનું
સમજી જા જીવડા તારો ફેરો સુધારજે,
માનવનો દેહ મળ્યો છે, હરિને સંભારજે,
સાચો સગો શ્યામ વિના કોઈ નથી રે... કોઈ કોઈનું

***********

## ૧૭૩ ॥ ભાઇ મારો સાથીડો રીસાણો ॥

ભાઈ મારો સાથીડો રીસાણો તેને કોણ મનાવવા જાય ?
કાચી માટીના ઘડયા ઘડુલા તે સહુ ફૂટી જાય,
પરદેશીની પ્રીતડી તે (૨) પળમાં તૂટી જાય... ભાઈ મારો...
પિંજરમાંથી પોપટ હાલ્યો, પિંજર ઝોલાં ખાય,
સરખી મળી સાહેલીઓ કંઈ (૨) અવળાં મંગળ ગાય... ભાઈ મારો...
પંચ તત્વના પિંડ હમારા તે છોડી કેમ જાય ?
જ્ઞાન ગરીબી રાખ હૃદયમાં (૨) થનાર વસ્તુ થાય .... ભાઈ મારો...
સદ્‌ગુરુનું સ્મરણ કરતાં હૃદય કમળ ખૂલી જાય,
કહત કબીરા સુનો ભાઈ સાધુ (૨) વૈકુંઠ વાસો થાય... ભાઈ મારો...

***********

૧૭૪ ॥ ભકિત કરી લે મનવા ॥

ભકિત કરી લે મનવા, તારી નૈયા પાર થાશે
કંચન જેવી કાયા તારી રાખમાં રોળાશે (૨)
આ દુનિયા તો મુસાફિર ખાનું
વ્હેલા કે મોડા સૌએ રવાના થવાનું
મોંઘો આ ફેરો તારો ફોગટ ખાલી જાશે... કંચન જેવી કાયા....
આ દુનિયાની જૂઠી છે માયા
ઘડી ઘડી તડકો મનવા, ઘડી મીઠી છાયા
રામ રટી લે મનવા, બેડો પાર થાશે... કંચન જેવી કાયા....
દાસ પ્રભુ... (૨) તમને ચરણે નમે છે
કર જોડી મનવા તુજને વિનંતી કરે છે
સત કર્મ કરી લે મનવા, અમર નામ થાશે... કંચન જેવી કાયા....

***********

૧૭૫ ॥ લાખો ઉપાય માનવ કરે તોયે ॥

લાખો ઉપાય માનવ કરે તોયે ધાર્યું ધણીનું જ થાય
વિધિ રે તારા લેખ નહિ સમજાય....
રામને લક્ષ્મણ, જાનકી માતા ચૌદ વરસ વન જાય
રામજી જેવા સ્વામી છે જેના, સીતા હરણ કેમ થાય... વિધિ રે....
પાંચ પાંડવ કુંતા માતાના બાર વરસ વન જાય
સહાય છે જેને શામળિયાની, દ્રૌપદી કેમ લૂંટાઈ... વિધિ રે....
શેઠ શગાળશા ને ચંગાવતી રાણી, ચેલૈયો ખાંડણિયે ખંડાઈ
મોર ધ્વજ રાજા ભકત તમારો, કરવટે કેમ વ્હેરાય... વિધિ રે....
હરિશ્ચંદ્ર રાજા ને તારામતી રાણી, કાશી બજારે વેચાય,
ચૌદ ભુવનનો નાથ છતાંયે, ભીલડીમાં કેમ ભોળવાય... વિધિ રે....
ભકત તમારા વિનવે વ્હાલા, તારી લીલા નવ સમજાય
દાસ તમારો કહે કર જોડી, તમે કોટિ કરોને ઉપાય... વિધિ રે....

***********

## ॥ ભજનનો વેપાર હરિ તારા નામનો આધાર ॥

ભજનનો વેપાર હરિ તારા નામનો આધાર
કરમન ભજનનો વેપારજી...
પ્રથમ સમરું સરસ્વતીને ગણપત લાગું પાય જી
દેવોના ગુરુ દેવોને સમરું (૨) જે ઊતારે ભવની પાર........... કરમન
ઊંચી મેડીને અજબ ઝરુખા જેને ગોખ તણો નહીં પાર જી
છત્રપતિ તો ચાલ્યા ગયા (૨) જેના બાંધ્યા રહ્યા ઘરબાર...... કરમન
સહેજે તળાઈ વિના સૂતો નહિ ને કરતો હુન્નર હજાર જી
ખોળી ખોળી તને બાળશે (૨) જેમ લોઢું ગાળે લુહાર........ કરમન
ઉપર ફૂલડાં ફર ફર ને નીચે શ્રીફળ ચાર જી
ઠીક કરી તને ઠાઠડીમાં બાંધ્યો (૨) ને પૂંઠે પડે પોકાર......... કરમન
શેરી લગી તારી સુંદરી ને ઝાંપા લગી મા ને બાપ જી
તિરથ લગી તારો બાંધવો જે (૨) ખોળી ને બાળે હાડ........ કરમન
પહેલો વિસામો તારા ઘરને ઉંબરે ને બીજો શેરી બહાર જી
ત્રીજો વિસામો તારા ગામને ગોંદરે (૨) ચોથો વિસામો સ્મશાન... કરમન
સ્મશાને જઈને ચિતા રે ખડકી ને ઉપર કાષ્ટનો ભાર જી
અગ્નિ મૂકીને અળગા રહેશે (૨) કોઈ ન આવે તારી પાસ....... કરમન
હાડ જલે જેમ લાકડું ને કેશ જલે જેમ ઘાસ જી
કંચન સરખી તારી કાયા રે બળશે (૨) કોઈ ન આવે તારી પાસ... કરમન
માતા રે તારી જનમ રુવે ને બેની રુવે દસ માસ જી
પ્રિયા રે તારી તેર દિન રુવે (૨) ને ઔર ઢૂંઢે ભરથાર.......... કરમન
મારું રે મારું મિથ્યા કરે ને જૂઠો જગનો વહેવાર જી
નરસૈંયાના નાથને ભજી લે (૨) જે ઉતારશે ભવ પાર........... કરમન

***********

## || રામ વિના નથી આરો ||

રામ વિના નથી આરો, સંસારી તારો રામ વિના નથી આરો
ઘર જમીન અને ઘરની જંજાળમાંથી ઊંચો ના આવે રાત દા'ડો
ધરમ કરમ તને સુઝે નહિ ને (૨) સુઝે નહિં મંદિરના દ્વારો... સંસારી
નથી ભૂલ્યો તું ખાવું ને પીવું, નથી ભૂલ્યો જગત વહેવારો
શાને ભૂલે એક નામ પ્રભુનું (૨) તને જન્મ તણો દેનારો... સંસારી
રામકૃપાથી તને બરકત દીધી અને ધનના ભર્યા રે ભંડારો
રામના નામે કોઈને પાઈના દીધી (૨) તારો કયાંથી થાશે જયકારો. સંસારી
સાથે ન આવે તારાં જર જમીન ને સાથે ન આવે ઘરબાર
ભગત કહે એતો અહીં જ રહેવાનું (૨) તારો કરશે રામ રખેવાળો..સંસારી

***********

## ॥ પગ ધોઉં નાવ પધારો ॥

પગ ધોઉ નાવ પધારો રામજી, પગ ધોઉ નાવ પધારો
ઊડ ગઈ શલ્યા કાષ્ઠ કી ખેતી એક, તુમહી મનમેં વિચારો... ટેક.
કટી લો રે નીર, તીર અતિ ન્યારો, આગે કોશ ઉવારો
વિશ્વ જીવનકે જીવિકા મોહે, મોહે રંક કાં મારો................ ૧
હૈં કશું તત્ત્વ એ હી પદરજમેં, નાહિ ન દોષ તુમ્હારો
અગ્રદાસ ઉતરાય જ દીનો, નૌકા સહિત કુલ તાર્યો............. ૨

***********

૧૭૯

## ॥ સાધુજનનો સંગ ॥

રાગ - કાફી

સાધુજન નો સંગ રે, બાઈ મને ભાગ્ય મળ્યો હૈ.... ..... ટેક.
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી કાશી ને કોટી ગંગા રે...
દુર્જન હોય તે દુર્જન રહેશે, પાડે ભજનમાં ભંગ રે..............
નિંદા કરે તે નક્કર જાશે, થાશે અંધ અપંગ રે.....................
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, મારે તે એની સંગે રે....

***********

૧૮૦

## ॥ સાધુકી સંગત પાઇ ॥

રાગ - કાફી

સાધુ કી સંગત પાઈ રે, જાકી સુફલ કમાઈ રે
સાધુ કી સંગત ભકિત હરિકી, બઢત બઢત બઢ જાઈ.......
ધ્રુવ પ્રહલાદ અંબરિષ વિભિષણ, નારદ છે ઋષિરાઈ
પીપા ધના, સેના રોહીદાસ, પાંચમી મીરાંબાઈ............
નરસિંહ જયદેવ ઔર સૂરદાસ, સજના જાત કસાઈ
રંકા વંકા કાલૂ કેવલ કૂબા કરમા કી ખીચડી પાઈ..........
દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી, ગગન મંડલ મઠ છાઈ
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જયોતમેં જયોત મિલાઈ....

૧૮૧ ॥ દર્દ ન જાણે કોઇ ॥

રાગ - કાફી

દર્દ ન જાણે કોઈ રે મેરો દર્દ ન જાણે કોઈ રે
રામા મેંતો દર્દ દિવાની, દર્દ ન જાણે મારું કોઈ...........
ઘાયલકી ગત ઘાયલ જાણે, જેને વીતી હોય તે જાણે રે....
સૂડી ઉપર સેજ અમારી, કિસબિધ રહું મેં સોઈ રે.........
મીરાં કહે દુઃખ જબ હી મિટે હો, વૈધ શ્યામલો હોઈ રે...

***********

૧૮૨ ॥ તુમ ઘર જાઓ મેરે વીર ભરતજી ॥

રાગ - બિહાગ

તુમ ઘર જાઓ મેરે વીર ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર
રુદન કરે કૌશલ્યા માતા, જઈ ધરાવો ધીર.......... ભરતજી
ભૂખો કો કછુ ભોજન દીજે, નગ્ન કો પટ ચીર,
અવધપુરી કો રાજ કરોગે, ન્હાજો સરયુ નીર......... ભરતજી
સીતા સરખી સતી જતી સંગાતે, ચાલી હૈ સમુદ્રકે તીર,
તુલસીદાસ કૌશલ્યાકે સુત, મિલ મિલ વિનવે વીર... ભરતજી

***********

॥ આરત રુડી રુડી મારા વ્હાલા ॥

૧૮૩ નાના વસંત

આરત રુડી રુડી મારા વ્હાલા, રુડો માસ વસંત
રુડા વનમાં કેસર ફૂલ્યો, રુડો કમલાકાન્ત.............. આરત...
રુડા રંગે બાંજા વગાડે, તારુણી દે કરતાલ,
ચતુરનારી ચંગ વગાડે, મોરલી મદન ગોપાલ.......... આરત...
અતિ રુડો વૃંદાવન સોહે, રુડો જમુના તીર,
અતિ રુડી ગોપી ગ્વાલની મંડલી, રુડો હલધર વીર..... આરત...
અતિ રુડો ગુલાલ અગર જો, રુડો મુખ તંબોલ,
અતિ રુડો નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમ ઝોળ... આરત...

## ॥ આવ્યા રે આશા ભર્યા ॥

૧૮૪

રાગ - મારુ

આવ્યા રે આશભર્યાં, વ્હાલાજી અમો આવ્યા રે આશ ભર્યાં,
વીંધાયા મન નહિ મળે પાછા,તારી મોરલીએ પ્રાણ હર્યાં,....
સુતને મેલી, અમો પતિને મેલ્યાં, મે'લી કુલ મર્યાદા,
માત તાત વિસાર્યા મોહનજી, શ્યામ તમારે કાજ..............
એવાં એવાં વચન સુણી હરિ હસીઆ, આપણે રમીશું રાસ,
મોટા રે કુળના તમો રે મોહનજી, પુરો મારા મનડાની આશ...
સુંદર રાત શરદ પૂનમની, સુંદર આસો માસ,
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, રજની થઈ ષટ માસ.........

***********

## ॥ વૈષ્ણવ જન તો તેને કહીએ ॥

૧૮૫

રાગ - કાલેરો

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે......
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે........
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહવા થકી અસત્ય નં બોલે, પરધન નવ ઝાલે હાથ રે....
મોહ માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીર્થ તેનાં તનમાં રે....
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે.......

***********

૧૮૬

## ॥ ભૂતળ ભક્તિ પદારથ મોટું ॥

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્માલોકમાં નહિ રે,
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોર્યાસી માંહી રે...........
હરિના જન તો મુક્તિ ના માગે, જન્મો જન્મ અવતાર રે,
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદ કુમાર રે........
ભરતખંડ ભૂતળમાં જન્મી, જેણે ગોવિન્દ ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે........
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિધ્ધિ આંગણિયે રે, ઊભી મુક્તિ હરિની દાસી રે,
એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુક દેવ જોગી રે...
કંઈ એક જાણે પેલી વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે.....

***********

૧૮૭

## ॥ નારાયણનું નામ જ લેતા ॥

રાગ - કાલેરો

નારાયણનું નામ જ લેતા, વારે તેને તજીએ રે,
મનષા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે.......
કુળને તજીએ, કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે,
ભગિની સુત દારાને તજીએ, જેમ તજે કચુકી સાપ રે.
પ્રથમ પિતા પ્રહલાદે તજીઓ, નવ તજીયુ હરિનું નામ રે....
ભરત શત્રુઘ્ને તજી રે જનેતા, નવ તજીઆ શ્રી રામ રે
ઋષિ પત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર રે
તેમા તેનુ કઈએ ન ગયુ, પામી પદારથ ચાર..........
વ્રજવનિતાએ વિઠ્ઠલ કાજે, સર્વ તને ચાલી રે,
ભણે નરસૈયો વૃંદાવનમા, મોહન સાથે મ્હાલે રે

***********

૧૮૮

## ॥ ગિરધર પ્રીતમ પ્યારો ॥

રાગ - સોરઠ

ગિરધર પ્રીતમ પ્યારો, રાણાજી મારે ગિરધર પ્રીતમ પ્યારો,
હે ઘટભીતર ઘટહું સે ન્યારો સબકો સર્જનહારો રે... રાણાજી....
ધના ભગત કો ક્ષેત્ર નીપજાવ્યો, નામ કો છાપ છવાંયો,
કબીરા કે ઘર પોઠ જ લાયે, આપ ભયો વનજારો.................
વિષ ફેડીને વિષયા કીધી, ચંદ્રહાસ ઉગાર્યો
ગૌતમ નારી અહલ્યા તારી, કીર કુટુંબ સબ તાર્યો................
ગજ કે કારણે પ્રભુ પેદલ ધાયા, દ્રૌપદીકો ચીર બઢાયો,
હિરણાકંસકો ઉદર વિડાર્યો, જન પ્રહલાદ ઉગાર્યો................
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો રે,
જન્મોજન્મકી દાસી તુમ્હારી, કહો રાણા કોન વિચારો...........

***********

૧૮૯

## ॥ દેખી દેખી શ્રી રામજીકો રૂપ ॥

રાગ - સોરઠ

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા......
રાજા પૂછે સુનો ઋષિરાય, એ દૌ બાલક કોના,
કોણ નગરીમેં જન્મ લિયો હૈ, કહો જી કહાં કે વાસી.......
ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી,
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ, પુરણ બ્રહ્મ અવિનાશી....
દેશ દેશ કે રાજા આયે, ઔર દુનિયા ભૂપાલા,
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા, ધનુષ ઉઠાયો કીન જાય.......
જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઈ,
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા, ઈન પર ડારી વરમાલા....
ધન દશરથ ધન કૌશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા,
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું, જન્મો જન્મ યશ ગાઉં.......

***********

૧૯૦

## ॥ મને કાનજી જોયાના કોડ ॥

રાગ - સોરઠ

મને કાનજી જોયાના કોડ, સૈયર ચાલોની મને કાનજી જોયાના.....
દહેરે દહેરે દીવા કરું, હું પુજું શંકર શિવ,
શામળિયા વર પામવા, હું કરું શંભુની સેવા...................
ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ,
કાનજી ધુએ રુંડા ધોતિયાં રે, રાધા પાણી લઈને હાર...........
સાસુ અમારી જશોમતિ, સસરા શ્રી નંદલાલ,
કંથ કોડીલો કાનજી રે, મારું સાસરું ગોકુળ ગામ..............
ગાઈ શીખે ને સાંભળે રે, હરિ રાધાનો રાસ,
તે નર વૈંકુઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ..............

***********

૧૯૧

## ॥ હરિ તારા બાનાની પત ॥

રાગ - ધનાશ્રી

હરિ તારા બાનાની પત રાખ, હરિ તારા બાનાની પત રાખ રે....
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ રે.............
રોહીદાસની તમે પત્રાળી બીની, નવ જોઈ જાતને ભાત રે,
સેના માટે સન્મુખ રહીને, નાયી કહેવાયા નાથ રે.................
પ્રહલાદની પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં પૂર્યા વાસ રે,
તાતી કઢા શીતલ જ કીધી, સુધન્વા ને કાજે રે....................
પાંચાળીના પટકુળ પૂર્યા, રાખી સભામાં લાજ રે,
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ રે..............
ઝેરના અમૃત કીધાં તમે, આપ્યા મીરાંને હાથ રે,
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત રે.....
ભકતોના સંકટ કાપ્યાં, ત્યારે આવ્યો વિશ્વાસ રે,
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ રે....

## ॥ રંગ રસિયો હોળી ખેલવા રે નંદલાલ કુંવર ॥

હાલેરું

રંગ રસિયો હોળી ખેલવા રે નંદલાલ કુંવર,
ત્યાં તો બોલાવે (૨) વ્રજરાજ જમુનાના તીરમેં..... નંદલાલ કુંવર
સૈયર સર્વે ટોળે મળી રે, નંદલાલ કુંવર,
માંહી પ્યારી (૨) રાધા સરદાર જમુનાના તીરમેં... નંદલાલ કુંવર
શ્યામે સખા તેડાવ્યા, રે નંદલાલ કુંવર,
કીધો રમવાને (૨) ઉલટ અંગ જમુનાના તીરમેં.... નંદલાલ કુંવર
સામ તે સામી મોરચે નંદલાલ કુંવર,
ત્યાં તો મચ્યો (૨) અતિરંગ જમુનાના તીરમેં...... નંદલાલ કુંવર
તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર,
ગાયે સુંદર (૨) રાગ વસંત જમુનાના તીરમેં....... નંદલાલ કુંવર
નામ તે લઈ લઈ નારીઓ નંદલાલ કુંવર,
ત્યાં તો ગોવિંદના (૨) ગુણ ગાય જમુનાના તીરમેં... નંદલાલ કુંવર
તાલ મૃદંગ ડફ ખંજરી રે નંદલાલ કુંવર,
ત્યાં તો વાગે (૨) વેણ રસાલ જમુનાના તીરમેં... નંદલાલ કુંવર
અબિલ ગુલાલના પોટલા રે નંદલાલ કુંવર,
ઉડે કસ્તુરી (૨) કપુર જમુનાના તીરમેં... નંદલાલ કુંવર
કાલે રમવાને આવજે રે નંદલાલ કુંવર,
કહે સૌ સુંદરીનો (૨) સાથ જમુનાના તીરમેં... નંદલાલ કુંવર
વસંત લીલા જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર,
ત્યાં નરસૈંયો (૨) બલ જાય જમુનાના તીરમેં... નંદલાલ કુંવર

************

૧૯૩ ॥ દ્વારિકાના વાસી રે ॥

રાગ - સામેરી

દ્વારિકાના વાસી રે, અવસરે આવજો રે, તમો રાણી રુકમણી કેરા કંથ રે,
દુષ્ટ દુર્યોધન રે, પાપી લાગ્યો, પીડવા રે, ચૌદિશ નિહાળું તારો પંથ રે.....
સોડ વાલી શું સુતો શ્યામળા રે, આળશ તજીને ઉઠો આજ રે,
લક્ષ્મીજી તલાશે રે, પ્રભુજી તારા પાવમેં રે વ્હાલા તમો મહેર કરો મહારાજ રે....
ગ્રાહ મુખમેંથી રે, ગજને મુકાવ્યો, કીધી તમે સુધન્વાની સહાય રે,
નૃસિંહ રુપે રે, હિરણાકંસ માર્યો રે, વ્હાલે મારે ઉગાર્યો પ્રહલાદ રે.....
છપ્પન કોટિ રે, યાદવ તારા રે, સગે બલિભદ્ર સરખા ભ્રાત રે,
કાલિનાગ નાથ્યો રે, જરાસંઘ જીત્યો રે, તે બલ કહાં ગયું મહારાજ રે....
ધ્રુવને પ્રહલાદે રે, ગર્ભમાં તપ કીધા રે, તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ રે,
સાત વર્ષમેં રે, હરિએ ગોવર્ધન કર ધર્યો, પૂર્યા વ્રજવનિતાના લાડ રે....
વસમી વેળાએ રે, વ્હારે ચઢજો વિઠ્ઠલા રે, ધાજો તમે છત્રપતિ મહારાજ રે,
સ્વારી કરજો રે, વ્હાલા મારા ગરુડની રે, નરસૈંયો વિનવે વારંવાર રે......

***********

૧૯૪ ॥ આજ વૃન્દાવન આનંદ સાગર ॥

રાગ - કાલેરો

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે
નટવર વેષે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિન્દ ગમે....
સોળ કળાની શશી શિર ઉપર, ઉડુગણ સહિત વિમાન
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે રે...
ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી
ટોળે ટોળાં ઉભા રહીને, નીરખત નયણા ભરી ભરી.........
એક એક ગોપી બીચમેં માધવ, કરગ્રહી મંડલી માંહી રમે
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગીણી શમે રે શમે........
હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પવૃષ્ટિ કરી ચરણે નમે
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેને કાજે જોગી દેહ દમે.....

************

१९५

## ॥ ભકત હિંડોળેના રે ॥

ભકત હિંડોળેના રે, માહીં ઝુલે આતમરામ
પ્રેમ ભકત હિંડોળેના રે, સબ સંતનકો વિશ્રામ.... ભકત
ચાંદા સુરજ દોઉ સ્તંભ રુપે, બંક નાલ કી દોર,
ઝુલેરે પાંચ પ્યારી રે, તહાં ઝૂલત હૈ સિયામોર.... ભકત
દ્વાદશ ગમ કે અંતરે રે, જહાં અમૃત કો વાસ,
જેણે એ અમૃત ચાખ્યાં રે, સે ઠાકોર હમ દાસ.... ભકત
સ્હેજે શૂન્ય કો નેહડો રે, ગગન મંડલ સિયામોર,
દોઉ કુલ હમ આગવી રે, હમ ઝુલે એહી હિંડોળે રે.. ભકત
અરઘ ઉરઘ કે ગંગા જમુના, મોલ કમલા ઘાટ,
ષટ ચક્કી ગાગરી રે, ત્રિવેણી સંગમ ઘાટ.... ભકત
નાદ બુંદકી નાવડી રે, રામ નામ ખેવનહાર,
કહે કબીર ગુણ ગાઈ લો રે, ગુરુ ગમ ઉતરે પાર. ભકત

***********

१९६

## ॥ હનિહારે સાવન સુદ ત્રીજ અજવાળી ॥

હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી,
બૈઠે હિંડોળે શ્યામ સંગ પયારી
હનિહાંરે હિંડોળો નંદ ભુવન અતિ સોહે,
નીરખી સુરનિર, મુનિમન મોહે...................
સુરિનર મુનિ કો મન મોહે, ગોપી ગુણ ગાવે સહી,
વાજીંત્ર નાનાભાત બાજે, ઝુલાવે સન્મુખ રહી....
ચંગ ઉપંગ મૃદંગ તાલ, ઝાલર ઝીની ઝીની બાજહી
શ્રીમંડલ રણકાર સોહે, સપ્તશુર અતિ રાજહી....
તાન બંધન સરસ સોહે, મોહિત ગોકુલ નાથ હી
કહેત કૃષ્ણદાસ ગિરધર ઝુલાવે સબ સાથ હી.....

***********

१९७ ॥ આજનો હિંડોળા રે અતિ રળિયામણો રે ॥

આજનો હિંડોળો રે અતિ રળિયામણો, તહાં ઝુલે નંદનો કુમાર
સંગે ઝુલાવે રે હો રાધા સુંદરી, રાય વૃષભાનની કુમારી........
કનકના સ્તંભ રે હો હીરે જડયા, દાંડી સોહે સુંદર ચાર,
પંચ ને પીરોજા રે અતિશય ઝળહળે, ફરતે મોતીઓની ઝુલ....
ઝુલાવવાને આયી રે વ્રજની સુંદરી, તેને સોહે સોળ શણગાર,
રુમઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામીની નાર...............
વાજીંત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાયે સાર,
સુરિનર મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાલ.....
અંત્રીછથી આવી રે ઈન્દ્ર ઊભા જુએ, જહાં ઝુલે દેવમોરાર,
શોરા શોરી રે ઝુલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ.....

***********

१९८ ॥ સરસ હિંડોળોના રે ॥

સરસ હિંડોળોના માંહી ઝુલત કૌશલ્યા રાય.........
અવધ મધ્ય હિંડોળેના જહાં રહ્યો કલ્પદ્રુમ છાંય,
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય,
રચી રે રચના વિવિધ વિધના, નાના વાજીંત્ર વધાય,
દેખી રતિપતિ ભયો લજિજત, રહ્યો શિશ નમાય.....
રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક હીર,
જહાં લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંધ સમીર,
જાનકી તન સજી આભૂષણ, પહેરે નૌતમ ચીર,
મુગટમણિ નંદલાલ મુકતા, ઝલકે શ્યામ શરીર.......
કોઈ સખી લિયે ચમર વીંઝણો, કોઈ પુષ્પ અરુ પાન,
કોઈ રાગ મલાર ગાયે, લઈ લઈ ઊંચી તાન,
કોઈ સખી તન તોડ ડાલે, વાર હી તન પ્રાન,
પ્રેમ પુલકિત રીઝી દંપતિ, દેત ચિતવ નિદાન.........
પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર,
ભકત વાંછિત વાસ હરપુર, પાવહી ફલચાર,
દક્ષિણે દશરથ બિરાજે, વામે જનક કુમારી,
પ્રેમાનંદ જુગલ છબી પર, તન મન ધન બલિહારી....

१९९ ॥ પરમ ચતુર ઝુલે નાથ અમારો ॥

પરમ ચતુર ઝુલે નાથ અમારો, રાધાજીની સંગે રે,
વરણું રે અંગોઅંગની શોભા, વારું કોટિ અનંગ રે.....
સાવન માસ પરમ સુખકારી, ઝરમર ઝરમર વરસે મેહ,
દાદૂર મોર પપૈયા બોલે, ઊપજે અતિ સ્નેહ રે....
આજ મેં અદ્‌ભૂત કૌતુક દીઠું, હીંચતા હરિ હસ્યા રે,
શ્યામ સન્મુખ દષ્ટિ કરીને, પીછે બેઉ રસિયા રે....
શ્યામ સુભગ ને રાધા ગોરી, સોરંગ હિંડોળે ઝુલે રે,
જેમ જેમ ઘુમ્મર ઘાલે સજની, તેમ તેમ નરસૈંયો ફૂલે રે.....

***********

२०० ઘોળ : ॥ ગંગા જમુનાના નીર મંગાવો ॥

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલી ને ઉઘલાવો,
કેસરીયા વાગા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે... ટેક.
પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે લટકાવો,
બંધુવરનો ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે...
શ્રીફળ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત,
વામન દીવડો ઝાલ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતો રે...
ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રુપ દેખી સહુનું ચિત્તડું ચઢયું
વલ્લભનું મનઆનંદમાં મળ્યું, તો વરઘોડે વર શોભતો રે...

***********

२०१ ઘોળ : ॥ રાધાજી રે ઘણું હરખ્યાં મન ॥

રાધાજી ઘણું હરખ્યા મન, આજ અમારો અવતાર છે ધન્ય,
પ્રગટયું પૂર્વજન્મનું પુણ્ય, તો પુરણ બ્રહ્મને પરણીએ રે... ટેક.
મારા તે મનમાં હતી એક વાત, તમો જાણી જદુનાથ,
જન્મો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ રે....
અંતરક્ષિથી રે બહુ વાજાં રે વાગે, જાણે ગગનમાં મેહુલિયો ગાજે,
દેવતાં આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે... ટેક.
સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધા છે ખોળે,
વલ્લભ ઉભાં વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે... ટેક.

***********

## ઘોળ : ॥ ગોકુલમાં એક નંદજીનું ધામ ॥

ગોકુળમાં રે એક નંદજીનું ધામ, ત્યાં પ્રગટયા શ્રી સુંદીર શ્યામ,
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે... ટેક.
ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી.
કંસા સુરને મારવા નાંખી, તો ધન્ય જશોદા માવડી રે...
તેત્રીશ કરોડ દર્શન આવે, તનમન સહિત બહુ ભેટ લાવે,
માનુની નિશ દિન મંગલ ગાવે, તો ધન્ય જશોદા માવડી રે...
શિવજી કહે છે સુણો મોરી માય, માતજી અમને આપો વધાઈ,
જાચકજન સહુ આવ્યા ધાઈ, તો ધન્ય જશોદા માવડી રે...
માણેક મોતીનો હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલા લહેર,
દાન આપે નિત નવનિધ ઘરે, તો ધન્ય જશોદા માવડી રે...
નાના વિધના વાજીંત્ર વાગે, પારણે પોઢયા હરિ ભકતને કાજે,
ટોપી ઉપર કોટિ સુરજ બિરાજે, તો ધન્ય જશોદા માવડી રે...
કમલ નયન હરિની જયોત અપાર, ઉર લ્હેકે મોતીનો હાર,
કેડે કંદોરો ને સાકળી સારા, તો ધન્ય જશોદા માવડી રે...
સુંદર સરિતા જમુનાના નીર, ત્યાં રમે હરિ બલિ ભદ્ર વીર,
ગુણવંતા ગુણના ગંભીર, તો ધન્ય જશોદા માવડી રે...
દર્શન કરે તેના ભવદુઃખ ટળે, મોતીએ વધાવે તેને રુપ નિહાળે,
જશુમતિ સુતના ચરણ પખાળે, તો ધન્ય જશોદા માવડી રે...

***********

૨૦૩ ॥ પ્રભુજી વિના મારે પલક ના ચાલે ॥

પ્રભુજી વિના મારે પલક ન ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે,
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બલવંત માંગુ બાંયડી રે....
સાંભળ મામા એ વર રુડો, જેની રે દષ્ટિ એ સંસાર છે રુડો,
નાનો છે પણ પરાક્રમે પૂરો, તો રુડો અવિચલ ચાંદલો રે....
મોહની મારી નિર્મુખ જોતી, હું ફરું રંગ રસિયો જોતી,
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે...
જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો,
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે....
ધોળીડા તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોરી ચિતરાવો,
ચોંકેલા ખૂપને ખંતથી લખાવો, તો ઘરાવો મુજ હરિને કારણે રે....
મારા પિતાજીને લક્ષ તમારું, જુઓ બાઈ ભાગ્ય પૂરશે તમારું,
પહોંચતા પહોંચશે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે....

***********

૨૦૪ ॥ દેખ હો વસુદેવ હરિમુખ ॥

કૃષ્ણ જન્મની વધાઈ

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ,
કોટિ કામ સ્વરુપ સુંદર, કોઈ ન જાણે ભેવ....
ચાકે ચાર ભુજા ચાર આયુધ નીરખી લે નિરધાર,
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગૃહે લે જાય....
જોકે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ,
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ....
જા કે શ્વાન પડત પહોરવા, હુઆ મુકત દ્વાર,
બંધાન બેડી સબ છૂટી, ભાયો એહ વિચાર....
ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ,
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ....
સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર,
નાસિકા લો નીર આયો, પાર પેલે દૂર....
ગોદ તોં અહંકાર કીનો, નદી પાયો ભેવ,
પરસી જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ....
બાવાનંદ શું મનોહાર કીજ, સુનો કહે વસુદેવ,
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરિજીકી સેવ......

૨૦૫

## ॥ સ્તુતિ ॥

અચ્યુતમ કેશવમ રામ નારાયણમ
કૃષ્ણ દામોદરમ વાસુદેવમ હરે....
શ્રીધરમ માધવમ ગોપિકા વલ્લભમ
જાનકીનાયકમ રામચંદ્રમ ભજે....
રામ રામ રામ રામ રામ નામ તારકમ
રામકૃષ્ણ વાસુદેવ ભકિત મુકિતદાયકમ.....
શંકરાય ક્રિયામાણ પુન્યદાન કીર્તનમ
શ્રી જાનકી મનોહરમ રામચંદ્ર હરે....

**

## ॥ ધોળ ॥

આજ સખી અષ્ટમી ને બુધવાર રે,
પ્રગટયા શ્રી પુરુષોત્તમ પ્રાણાધાર રે
પહેરો બેની શોભીતા શણગાર રે,
જાવું છે નંદ તણે દરબાર રે.....
નંદજીના ભાગ્ય તણો નહીં પાર રે,
ધન્ય ધન્ય માતા જશોદા માડી રે.....
પુત્રના તો શ્રીમુખ નીરખો છો દહાડી રે,
એવા તો પુત્ર જન્મીને સુખ દીધા રે.....
વિપ્રને તો દાન ઘણાં એક દીધાં રે,
ત્યાં તો કોઈ તરીયા તોરણ બંધાવો રે....
વ્હાલાજીને વિવેકે વધાવો રે,
એવી છે દાસ હરિ ભટ્ટની વાણી રે
તેને તમે હૃદિયામાં રાખોને આણી રે.

**********

## ॥ ઘડી રે ઉપર ઘડિયારા વાગે ॥

ચરચરીનું પદ (સ્મશાનેથી આવ્યા પછી ગાવું)

ઘડી રે ઉપર ઘડિયારા વાગે, ઉંમર ઓછી થાય
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઈ....
નાના થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય,
કાલ અવસર તો કોઈએ ન દીઠા, ઓચિંતો વળી આવે....
જોબનિયા મોજા ફોજા, જાયે નગારાં દેતી,
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી...........
સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો,
જમદૂત તો જોતાં રહેશે, હરિને નામે છૂટો.................
હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ,
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ.............
હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઈ,
દેખત દેખત ડુબકા મારે, દુનિયા ડુબી મુઈ..............
આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી,
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી હારી............
કોઈએ બાળી, કોઈએ ગાળી, કોઈએ કાયાને દાટી,
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી................
નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો,
જમના શિર પર પગલું દઈને, વેગે વૈંકુંઠ જાશો............

************

શ્રદ્ધાંજલિ પદ

## ॥ આદિ અનાદિ એક તું ॥

આદિ અનાદિ એક તું સ્વામી રે મારા આદિ અનાદિ એક તું
સ્વામી મારા આદિ અનાદિ એક તું, નિરંજન નિરાકાર,
હરિ હર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર,
પાયે લાગું કરું વિનંતિ....
તારો પાર કોઈ નવ લહે, પરિબ્રહ્મ અવિધાર,
તું સરખો કર તારો, માયા રહિત સંસાર........................
આપણે પોતે ગોષવ્યું, વહ્યો સકલ સંસાર,
જાગ દાન આધ્યાત્મને, નથી ગર્ભનો પાર........................
ભોવન રઝળ્યો એ આત્મા, તૂ ન જાણે સાર,
ધણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર........................
બ્રહ્માદિક શિવ આત્મા, જે ઘેર રે શરીર,
કહ્યું મોટો કહ્યુ નાનેરો, એવો અકલ તૂં વીર....................
તમારી કૃપા થકી રહિત છે, લોપે રાજ આદેશ,
ધર્મ આ બધું માંડયું, માને બૂધ જનેશ........................
અણછતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત,
તું સમર્થ હવે પામ્યો, આદર એજ વાત........................

***********

२०८ ॥ કાનુડે કવરાવ્યાં ગોકુળિયામાં ॥

કાનુડે કવરાવ્યાં ગોકુળિયામા, કાનુડે કવરાવ્યાં
સુતેલા બાળ મારા, વ્હાલે જગાડયા,
એ... રમતાને રોવરાવ્યાં..... ગોકુળિયામાં....
શીકેથી માટ મારા વ્હાલે ઉતાર્યા,
એ.... ખાધા થોડાને ઝાઝા ઢોળ્યા..... ગોકુળિયામાં....
ખીલેથી વાછરું વ્હાલાએ છોડયાં
કાળા ધોળાને ધવરાવ્યા..... ગોકુળિયામાં....
નરસિંહ મહેતાના સ્વામી શામળિયા
એ... તમે જીત્યાને અમે હાર્યા..... ગોકુળિયામાં....

***********

२०૯ ॥ હું તો કાગળિયા લખી લખી થાકી ॥

હું તો કાગળિયા લખી લખી થાકી, કાનુડા તારા મનમાં નથી
તારા મનમાં નથી રે, તારા તનમાં નથી.... હું તો કાગળિયા....
આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા કાળજડા ઠરી ઠરી જાય રે....................................
આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા પાવલિયા બળી બળી જાય રે................................
આવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યા,
મારી નવરંગ ચૂંદડી ભીંજાઈ રે...................................

***********

२१० હરે રામ હરે રામ રામ રામ હરે...
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે....
સબ મંત્રોકા સાર યહી હે ઋષિ મુનિઓકા ધ્યાન યહી હૈ (२)
વેદોકા ઉચ્ચાર યહી હૈ.... ભવસાગર પતવાર યહી હૈ. (२)

***********

૨૧૧ ॥ કભી રાધે રાધે બોલો ॥

કભી રાધે રાધે બોલો, કભી સીતે સીતે બોલો,
રાધે શ્યામ, રાધે શ્યામ, રાધે શ્યામ (૨)
સીતારામ સીતારામ, સીતારામ (૨)
સાખી.... .... ધરતી પે તું હી તું હૈ, અંબર મેં તું હી તું
જહાં દેખું વહાં પાંઉ, કણ કણ મેં તુ હી તુ
કોઈ શ્યામ કહે રે તુજકો, કોઈ કહે ઘનશ્યામ (૨)
રાધે શ્યામ, રાધે શ્યામ, રાધે શ્યામ
સીતારામ, સીતારામ, સીતારામ (૨)
કભી ગોકુલની ગલીઓમાં કભી વૃંદાવન ગલીઓમાં (૨)
કભી યમુનાજીને કાંઠે, કભી જમુનાજીને કાંઠે
કાના મોરલી વગાડે તું રે
કાના અમને નચાવે તું રે (૨)
તું તો દ્વારિકાના વાસી તુ ગોવર્ધન ગિરધારી (૨)
તુ યશોદાનો લાલો, મા દેવકી નો જાયો
રાધે શ્યામ, રાધે શ્યામ, રાધે શ્યામ
સીતારામ, સીતારામ, સીતારામ (૨)

***********

૨૧૨ ॥ આલા લીલા વાંસડિયા રે વઢાવો ॥

આલા લીલા વાંસડિયા રે વઢાવો
એની રે ઉતરાવો મારા પ્રભુજીની વાંસળી રે લોલ.
વાંસલડીએ કંઈ હંસ પોપટ ને મોર,
વાંસલડી વગાડે પેલો નંદજીનો લાડલો રે લોલ.
વાંસલડીએ કંઈ ફૂમતાં લટકે ચાર,
એની આંગળિયે અંગુઠી રે અંગુઠીમાં હીરલા રે લોલ.
આવ્યા આવ્યા ઓતરડા દશના મેઘ,
આ પાધરડાને ખેતરડા હરિ કેરા છલી વળ્યા રે લોલ.
વાંસલડીમાં મોંહી રે ગોકુલ કેરી ગોપીયું રે લોલ..

***********

૨૧૩ ॥ મોહન મોરલી વગાડે રે ॥

ઓધવજી રે મારા ઘર પછવાડે, મોહન મોરલી વગાડે રે
મોહન મોરલી વગાડે મારો વ્હાલો, કાનુડો વાંસળી વગાડે રે
હે રે દા'ડાની મને માયા લાગી, નેણમાં નીંદ ન આવે રે
રોઈ રોઈ ને મારી આંખલડી આવી, પાંપણલીમાં પાણી રે
મોહન મોરલી વગાડે મારો વ્હાલો, કાનુડો વાંસળી વગાડે રે
ગોકુળમાં એક ગોવિંદ ગારુડી, ત્યાં મને લઈ જાઓ રે
મોહન મોરલી વગાડે મારો વ્હાલો, કાનુડો વાંસળી વગાડે રે
ઓધવજી મારા ઘર પછવાડે, મોહન મોરલી વગાડે રે.

***********

૨૧૪ ॥ મને રામ રામ ભજવા દે ॥

મને રામ રામ ભજવા દે, કોઈ નિંદા કરે તો એને કરવા દે
મને સીતારામ સીતારામ ભજવા દે,
મને અયોધ્યાની ગલીઓમાં ગુંજવા દે.
મને રાધેશ્યામ રાધેશ્યામ ભજવા દે,
મને ગોકુળની ગલીઓમાં ગુંજવા દે.
મને જલારામ જલારામ ભજવા દે,
મને વીરપુરની ગલીઓમાં ગુંજવા દે.

***********

વૃંદાવનમેં.............................. રાધે રાધે
બરસાનેમેં ............................ રાધે રાધે
કુંજ ગલીનમેં ........................ રાધે રાધે
જમના તટ પે ........................ રાધે રાધે
પ્રેમસે બોલો ......................... રાધે રાધે
રાસ લીલામેં ......................... રાધે રાધે

***********

२१५ ॥ સીતાના રામની ને રાધેના શ્યામની ॥

સીતાના રામની ને રાધેના શ્યામની હરદમ ધૂન મચાવો રે
હરદમ ધૂન મચાવો મારા વ્હાલા (૨) ભાવેથી ભજન કરજો રે....
અવસરીયો રુડો આજે મળ્યો છે (૨) મળશે નહીં ફરી ફરી રે....
ઘટ રે ઘટમાં વસે મારો વ્હાલો (૨) એમાં તે વ્હેમ નહીં લાવો રે...
માટે સહુએ કમર કસીને (૨) હેતે હરિના ગુણ ગાઓ રે....
ગાંડો ગોવિંદ ગુરુ બળદેવ પ્રતાપે (૨) જીવતાં વૈકુંઠ ઝાલો રે....

***********

२१६ ॥ કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા ॥

કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા કાનુડો માંગ્યો દે
આજની રાત અમે રંગ ભરી રમીશું (૨)
પરભાતે (પ્રભાતે) પાછો માંગી લેજે જશોદા મૈયા... કાનુડો....
જવ ભાર તલ ભાર ઓછો ના કરીશું (૨)
ત્રાજવે તોલી તોલી દેને જશોદા મૈયા... કાનુડો....
હાથી ઘોડાને માલ ખજાના (૨)
હાર હીરાનો લેને જશોદા મૈયા... કાનુડો....
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ (૨)
ચરણ કમળ ચિત્ત લે ને જશોદા મૈયા... કાનુડો....

***********

२१७ ॥ ધૂન : મારે માથે મહીંની મટકી રાજ ॥

મારે માથે મહીંની મટકી રાજ, મને મારગડે જાવા દો,
નહીં કરશો જોરા જોરી રાજ, મને મારગડે જાવા દો.
જોર કરતાં (૨) જાશો છટકી રાજ, મને મારગડે જાવા દો.
તમે કિયા મુલકના દાણી રાજ, મને મારગડે જાવા દો.
અમે ગોકુળ (૨) ગામના દાણી રાજ, તને મારગ નહીં જાવા દઉ.
દાણ દીધા વિના ના જાશો રાજ, મને મારગડે જાવા દો.
આ તો ચોરી (૨) પરશીર જોરી રાજ, મને મારગડે જાવા દો.

***********

૨૧૮ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય નમઃ શિવાય ઓમ નમઃ શિવાય
પાર્વતી પતિ ઓમ નમઃ શિવાય નમઃ શિવાય.......................
હર હર ભોલે નમઃ શિવાય નમઃ શિવાય.......................
ગંગાધરાય ભોલે ગંગાધરાય, હર હર ભોલે.......................
સોમેશ્વરાય બાબા સોમેશ્વરાય, હર હર ભોલે.......................
રામેશ્વરાય શિવ રામેશ્વરાય, હર હર ભોલે.......................
મહાકાલ બાબા નમઃ શિવાય
પશુપતિ બાબા નમઃ શિવાય નમઃ શિવાય..........................

***********

૨૧૯ ॥ ભયે પ્રગટ કૃપાલા દીન દયાલા ॥

ભયો પ્રગટ કૃપાલા દીન દયાલા કૌશલ્યા હિતકારી
હરષિત મહનારી મુનિમન હારી, અદ્‌ભૂત રુપ નિહારી
લોચન અભિરામા તનુ ઘનશ્યામા, નિજ આયુધ ભુજધારી
ભુષણ વનમાલા નયન વિશાલા શોભા સિંધુ ખરારી
કર હું કર જોડી અસ્તુતિ તોરી, કેહિ વિધિ કરો અનંતા
માયા ગુન જ્ઞાનાતીત અમાના, વેદ પુરાણ અનંતા
કરુણા સુખ સાગર સબ ગુન સાગર જેહિ ગાવહિ શ્રુતિ સંતા
સો મમ હિત લાગી જન અનુરાગી પ્રગટ ભયે શ્રીકંતા
બ્રહ્માંડ નિકાયા નિર્મિત માયા, રોમ રોમ પ્રિત વેદ કહે
મમ ઉર સો વાસી યહ ઉપહાસી સુનત ધીર મતિ સ્થિર ન રહો
ઉપજા જબ જ્ઞાન પ્રભુ મુસકાના ચરિત બહુ વિધિ કોન ચહે
કહી કથા સુનાઈ માનુ બુઝાઈ જેહિ પ્રકાર સુત પ્રેમ લહે
માતા પુનિ બોલી સૌ મતિ ડોલી પદ સુખ પરમ અનુપા
સુનિ બચન સુજાના રોહન કાના, કોઈ બાળક સુર ભુપા
યહ ચરિત જે ગાવહિ હરિ પદ પાવહિ તેન પરહિ ભવ કૃપા

***********

## ॥ શ્રી કૃષ્ણઃ શરણં મમ્ ॥

શ્રીકૃષ્ણઃ શરણં મમ શ્રીકૃષ્ણઃ શરણં મમ
કદમ કેરી ડાળો બોલે શ્રીકૃષ્ણઃ શરણં મમ
જમુના કેરી પાળો બોલે શ્રીકૃષ્ણઃ શરણં મમ
વ્રજ ચોરાસી કોસ બોલે શ્રીકૃષ્ણઃ શરણં મમ

કુંડકુડની સીડીઓ બોલે........ કમલ કમલ પર મધુકર બોલે....
ડાળ ડાળ પર પક્ષી બોલે....... વૃંદાવનના વૃક્ષો બોલે............
ગોકુળિયાની ગાયો બોલે....... કુંજકુંજ વન ઉપવન બોલે........
વ્રજભૂમિનાં રજકણ બોલે...... રાસ રમંતી ગોપી બોલે..........
ધેનુ ચરાવતા ગોપો બોલે....... વાજાં ને તબલામાં બોલે.........
શરણાઈ ને તંબુરમાં બોલે...... નૃત્ય કરંતી નારી બોલે.........
કેસર કેરી કયારી બોલે......... આકાશે પાતાળે બોલે..........
ચૌદ લોક બ્રહ્માંડે બોલે......... ચંદ સરોવર ચોકે બોલે.........
પત્ર પત્ર શાખાએ બોલે......... આંબો લીંબુને જાંબુ બોલે.......
વનસ્પતિ હરિયાળી બોલે....... જતીપુરાના લોકો બોલે.........
મથુરાજીના ચોબા બોલે......... ગોવર્ધન શિખરે બોલે..........
ગલી ગલી ગહુવરવન બોલે.... વેણુ સ્વર સંગીતે બોલે.........
કળા કરંતા મોર બોલે.......... પુલિન કંદરા મધુવન બોલે.....
જમુનાજીની લહેરો બોલે........ આંબા ડાળે કોયલ બોલે........
તુલસીજીના કયારા બોલે........ સર્વ જગતમાં વ્યાપક બોલે....
વિરહી જનનાં હૈયાં બોલે....... કૃષ્ણ વિયોગે આતુર બોલે....
વલ્લભી વૈષ્ણવ સર્વે બોલે...... મધુર વીણાં વાજીંત્રો બોલે....
કુમુદિની સરોવરમાં બોલે....... ચંદ્ર સૂર્ય આકાશે બોલે....
તારલિયાનાં મંડળ બોલે......... અષ્ટ પ્રહર આનંદે બોલે....
રોમરોમ વ્યાકુળ થઈ બોલે...... મહામંત્ર મન માંહે બોલે....
જુગલચરણ અનુરાગે બોલે...... શ્રીકૃષ્ણંઃ શરણં મમ.... શ્રીકૃષ્ણંઃ.....

***********

## || સાખી ||

- રામ નામ જપતા રહો, જબ લગ ઘટમેં પ્રાણ,
  કભી તો દીન દયાલકો, ભનક પડેગી કાન.
- જા કો રાખે સાંઈયા, માર શકે ન કોઈ,
  બાલ ન બાંકા કરી શકે, જો જગ બૈરી હોય.
- લેનેકો હરિનામ હૈ, દેનેકો અન્નદાન,
  તરનેકો આધીનતા, ડૂબનકો અભિમાન.
- પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન જાને કોઈ,
  આઠ પ્રહર ભીના રહે, પ્રેમ કહાવે સોઈ.
- તૂ તૂ કરતા તૂ ભયા, મુજમેં રહી ન હું,
  વારી તેરે નામ પર, નિત દેખું તિત તૂ.
- મરના મરના સબ કોઈ કહે, મર હું ન જાને કોઈ,
  ઐસી મરની મર ચલો, બહુરી ન મરના કોઈ.
- જબ મૈં થા તબ હરિ નહીં, અબ હરિ હૈ હમ નાહીં,
  પ્રેમ ગલી અતિ સાંકરી, ના મેં ના સમાય.
- કબીર આપ ઠગાઈએ, ઔર ન ઠગીએ કોઈ,
  આપ ઠગૈ સુખ ઉપજે, ઔર ઠગે દુઃખ હોય.
- ગરવ કબહું ન કીજિયે, રંક ન હસીએ કોઈ,
  અજ હું નાવ સમુદ્રમેં, જાને કબ કયા હોય ?
- રામનામકી લૂંટ હૈ, લૂંટ શકે તો લૂંટ,
  અંતકાલ પછતાયેગા, જબ પ્રાણ જાયેગા છૂટ.
- દુર્જનકી કૃપા બૂરી, સજ્જનકા ભલા ત્રાસ,
  જયોં સૂરજ ગરમી કરે, તબ બરસનકી આસ.
- સાહેબ તેરી સાહેબી, સબઘટ રહી સમાઈ,
  જયોં મહેંદી કે પાનમેં, લાલી રહી છીપાઈ.
- જયોં તિલ માહીં તૈલ હૈ, જયોં ચકચકમેં આગ,

તેરા સાંઈ તુજમેં બસે, જાગ શકે તો જાગ.

- સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે અમ હિત,
  શત્રુ ઈચ્છે મિત્રતા, પાડોશી ઈચ્છે પ્રીત.
- કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાન,
  કહાં પંડિત મૂરખ કહાં, સબકી એક સમાન.
- કાજલ તજે ન શ્યામતા, મોતી તજે ના શ્વેત,
  દુર્જન તજે ના કુટિલતા, સજ્જન તજે ના હેત.
- તુલસી પંછિન કે પીએ, ઘટે ન સરિતા નીર,
  ધરમ કરે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.
- તુલસી મીઠે બચનસે, સુખ ઉપજ ચહું ઔર,
  યહિ બશીકરન મંત્ર હૈ, તજીએ બચન કઠોર.
- તુલસી જગમેં આપકે, કર લીજે દો કામ,
  દેને કો ટુકડા ભલે, લેનેકો હરિ નામ.
- દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
  તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ.
- તુલસી યહ સંસારમેં, ભાતિ ભાતિ કે લોગ,
  હિલિયે મિલિયે પ્રેમસે નદી નાવ સંયોગ.
- સંત સમાગમ હરિ કથા, તુલસી દુર્લભ હોય,
  દ્વારા સુત અરુ લક્ષ્મી તો, પાપી કે ભી હોય.
- તુલસી યહ સંસારમેં પાંચ રત્ન હૈ સાર,
  હરિ ભજન, સાધુ મિલન, દયા, દાન, ઉપકાર.
- વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં નીર,
  શૂરા બોલ્યા ના ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂરજ.
- કબીરા કબીરા કયા કરો, ને ખોજો આપ શરીર,
  પંચેન્દ્રિય કો વશ કરો તો, આપ હી દાસ કબીર.
- મન મરે માયા મરે, મર મર જાત શરીર,
  આશા તૃષ્ણા ના મરે, કહ ગયે દાસ કબીર.

- ધન ગયા કુછ ન ગયા, સ્વાસ્થ્ય ગયા કુછ રોઈ,
  ચરિત્ર ગંવાયા સબ ગયા ને તાકા ઠોર ન હોય.
- જનની જણ તો ભકત જણ, ને કાં દાતા કાં શૂર,
  નહિ તો રહેજે વાંઝણી, પણ મત ગુમાવીશ નૂર.
- આયા હે સો જાએગા, ને રાજા રંક ફકીર,
  કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બાંધ ચલે જંજીર.
- આવ નહીં આદર નહીં ને નહીં નયનમેં નેહ,
  ઉસ ઘર કબહુ ન જાઈએ ભલે કંચન બરસે મેહ.
- માલા બનાઈ કાષ્ટ કી ને બીચમેં રેશમ સૂત,
  માલા બિચારી કયાં કરે જો જપનેવાલા કપૂત.
- કાબૂમેં અપના મન નહીં તો ધ્યાન કયા કરે,
  આંખે ન કરે દિદાર તો ભગવાન કયા કરે.
- ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો,
  બનાવ્યું છે જગત એકે એને બીજો બગાડે છે.
- ચડતાં દિનું પારખું ઘર આવે મહેમાન,
  પડતા દિનું પારખું ઘર ન આવે શ્વાન.
- ભંડાર જયાં ભરપૂર છે ત્યાં ખાનારા કોઈ નથી,
  અરે ખાનારા છે ખૂબ ઘણા ત્યાં ખાવા ટૂકડો મળતો નથી.
- જન્મીને ઘણાં આ વિશ્વમાં જેવા આવ્યા તેવા જાય છે,
  પરમારથ કાંઈ કીધું નથી અને પાપ ને લઈ જાય છે.
- જગમાં ઘણાં એવા છે જે જન્મ ધરી રોયા નથી,
  જગમાં ઘણાં એવા છે જેણે સ્વપને સુખ જોયા નથી.
- વહાણે ચઢીને વાણિયો અને ધન કમાવવા જાય,
  અરે આવે ખરો પણ લાવે નહીં અને ધાર્યું ધણીનું થાય.
- મેરો રામ કિસકો મારત નાહીં એસો હે મેરે રામ,
  આપહી ખુદ મર જાત હે કરકે કુડા કામ.
- ઉંદર કાપે કરંડીયો અને સાપ ઉંદરને ખાય,

બુધિયો કહે અવળું પડે ધાર્યું ધણીનું થાય.

- મિત્ર ના કીજે મતલબી મત કરો મૂરખ સંગ,
  મત કરો પ્રિત હેવાનસે કરત ભજનમેં ભંગ.

- હંસા પ્રિતિ કાયર તણી વિપત પડે ઉડી જાય,
  સાચી પ્રિતિ સેવાળની જળ સૂકે સૂક જાય.

- ગાવાવાળો ગાયા કરે અને શ્રોતાજન ઝોંકા ખાય,
  ઘર ધણી વાતો કર્યા કરે તો પછી ભજન કેમ ગવાય.

- ગાવાવાળો ગાય છે ત્યારે મશ્કરીઓ ઘણી થાય છે,
  પણ શબ્દના ભાલા પડે ત્યારે સાચું સમજાય છે.
  માટે શાંતિ રાખી સાંભળીએ કે ગાનાર શું શું ગાય છે,
  જરા સમજી વિચારી વરતીએ તો જીવન સુધરી જાય છે.

- વખત વહી જાય અણમૂલો જરી રસપાન કરતો જા,
  વહે છે જ્ઞાનની ગંગા એમાં તું સ્નાન કરતો જા.
  સદા સતસંગમાં રહીને ભલા ભગવાન ભજતો જા,
  પ્રભુની ભકિતમાં તારું જીવન કુરબાન કરતો જા.
  જીવન દિન ચારનું ચટકું નકામો મોહ માયાનો,
  ઊડી જાવું છે અંતે તો અહીંથી ત્યાગ કાયાનો.

- મીરાં કહે એવા વરને શું વરું ? જે આજ જીવે કાલે મરી જાય,
  હું તો મનથી વરી ગિરધરલાલને મારો ચૂડલો અમર રહી જાય.

- ચૂંદડી ઓઢું તો રંગ ચૂએ ને રંગ બેરંગી હોય,
  ઓઢું હું કાળો કામળો કે દૂજો ડાઘ ન લાગે કોઈ.

- મેરો પિયુ બસે પહાડમેં ઔર મૈં ખડી જમુના તીર,
  અબ તો મિલના બહુત કઠિન હૈ, મેરે પેરોમેં પડી જંજીર.

- તો રજકણ તારા રઝળશે જેમ રણમાં ઉડે રેત,
  હજી બાજી છે તારા હાથમાં ચેત ચેત તું ચેત.

- પ્રભુ તારી પ્રભુતા જોઈ મને બહુ પ્યાર આવે છે,
  તારા બનાવેલા માનવી આજે તને બનાવે છે.

- પ્યારા પ્રભુને ભેટવાનો લાભ કોને થાય છે,
જેની વૃતિ દુષ્કર્મમાંથી આવા સતસંગમાં બદલાય છે.
- હું કરું આ મેં કર્યું એમ માનવી મિથ્યા કરે,
પણ ઈશની આજ્ઞા વિના પાન પણ હાલી ના શકે.
- રામ નામ કે આળસુ ઔર ભોજનમેં હોંશિયાર,
તુલસી ઐસે જીવકો બાર બાર ધિક્કાર.
- તો નમ્રતા દુઃખમાં આવે સુખે અભિમાન આવે છે,
ઘણા અનુભવ મળે ત્યારે જીવનમાં જ્ઞાન આવે છે.
ભણેલા ખાય છે ઠોકર ભૂલે ત્યાં ભાન આવે છે,
જુવાનીમાં નહિં સમજે તો બુઢાપે શાન આવે છે.
પળ પળનો સદ્ઉપયોગ એવો કરો કે કાળ પણ જોયાં કરે,
તું હસતો હસતો જાય અને દુનિયા બધી રોયા કરે.
- પાપીને કદી પાપનો સરવાળો નથી ગમતો,
ઘણાં એવા છે કે જેને ઉપરવાળો ગમતો નથી.
- કર્મ કહો કે કિસ્મત કહો ઔર ચાહે કહો તકદીર,
પહેલે તો પ્રારબ્ધ બના ઔર પીછે બના શરીર.
કર્મકી ગઠરી બાંધકે જગમેં ફિરે ઈન્સાન,
જૈસા કરે વૈસા ભરે યેહી વિધિકા વિધાન.
કર્મ કરે કિસ્મત બને જીવનકા યહી હે મર્મ,
અરે ઓ માનવ તેરે હાથમેં અપના અપના કરમ.
- કોઈ કહેતા હૈ કી મેરા ધનમાલ કિતના હૈ,
કોઈ કહેતા હૈ કી મેરી જાયદાદ(મિલકત) કિતના હૈ,
કોઈ કહેતા હૈ કી મેરા બંગલા ઔર મોટરકાર કિતના હૈ,
કોઈ કહેતા હૈ કી મેરા કુટુંબ પરિવાર કિતના હૈ,
મગર કિસીને યે ના કહાં કી મેરા પ્રભુસે પ્યાર કિતના હૈ.
- અરે જોતાં જેની વાટ અને એ માનવી આવી મળે,
પણ ઉઘડે હૈયા કેરા જોને હાટ ત્યાં કુંચી કોઈના કામની.
- દેવું તમારા શિરે છે જે પ્રભુજીના ગુણગાનનું,

આ અવસર જો ચૂકી ગયા તો જીવન જીવ્યા શા કામનું,
મળે તુલસી તણી માળા તો હીરા મોતી નકામા છે,
ન સમજે બોધથી એવા અલ્લડ પુત્રો નકામા છે,
શરાબીને શરબત તણાં પ્યાલા નકામા છે,
અરે હિંમત વિનાના હાથમાં ભાલા નકામા છે.

- જે જીવનમાં ભકિત નથી તે જીવનમાં હસ્તી નથી,
  જીંદગાની ને ભકિત રસથી માણવી સસ્તી નથી.
  જે જીવનમાં ભકિત ભરી ત્યાં ગમગીન વસ્તી નથી,
  આ ભકત દિલને રોકવાં કોઈની જબરદસ્તી નથી.

- જાતિ ન પૂછીએ સાધુકી પૂછી લીજીએ જ્ઞાન,
  મોલ ન કીજીએ તલવારકા પડી રહેને દો મ્યાન.

- ટીટોડી ટેં ટેં કરે અને અધ્ધર મૂકે ઈંડા,
  ભજનમાં બેસીને ઊંઘ્યા કરે એતો એકડા વિનાના મીંડા.

- મદારી વગાડે મોરલી અને ફણીગર ઝોલા ખાય,
  સર્પ ખરો હોય તો ફેણ માંડે અને ડેંડવા ભાગી જાય.

- હદમેં ચલે સો ઓલિયા બેહદ ચલે સો પીર,
  હદ બે હદ દોનોં ચલે તાકા નામ ફકીર.

- ફકીર સબકો ખા ગઈ ફકીર સબકા પીર,
  ફીકર કી ફાકી કરે તાકા નામ ફકીર.

- કબીરા કુંવા એક હૈ પનિહારી હૈ અનેક,
  બરતન સબ ન્યારે ભયે મગર પાની સબમેં એક.

- અમે પરદેશી પાંદડું અને વા વંટોળે આવી ચડયાં,
  તમોએ આપ્યા સન્માન જેથી અમે ભજનમાં જામી પડયા.

- શેર : મુખ દિયો ભજ મોહનકો, પાંવ દિયો પૃથ્વી ફેરનકો,
  હાથ દિયો કુછ કરનેકો દાન, કાન દિયો સુનને કો પુરાણ,
  હે પ્રભુજી સબ અચ્છો દિયો, પન પેટ દિયો પત ખોવનકો....

***********

છંદ:

- નિત કુડ કટુ કામ કરે સત ધરમ-કરમ નહીં ભાવત હૈ,
અભિમાનસે અંધ બન્યો મતિ મંદ અંગ તેલ ફુલેલ લગાવત હૈ.
ધીક દામ ઔર ચામમેં મસ્ત ભયો પરનારી શું સ્નેહ લગાવત હૈ,
કહે દાસ સતાર સમજ રે જાના કયું માતપિતાકો લજાવત હૈ.

- તારું ધનને જોબન તારા ભર્યા ભંડાર તારી હાંક તો ગગનમાં ગાજે રે ગાજે
પણ કાળને સપાટે એતો એક રે ઝપાટે એતો આંખના પલકારે ધૂળ થાશે રે થાશે
જરા માનથી વિચાર તારો સમય સુધાર તારું સઘળું અહીંયા રહી જાશે રે જાશે,
માન બિન્દુનું વચન, કર પ્રભુનું ભજન તારી બેડલી તો પાર થઈ જાશે રે જાશે.

- એ માડી રિદ્ધિ દે સિદ્ધિ દે અષ્ટ નવ નિધિ દે વંશમેં વૃદ્ધિ દે બાકબાની,
એ ચિત્તમેં ધ્યાન દે હૃદયમેં જ્ઞાન દે અભય વરદાન દે શંભુરાની,
હે... માડી દુઃખકો દૂર કર સુખ ભરપૂર કર આશા સંપૂર્ણ કર બાકબાની,
હે... સજજનસે હિત દે કુટુંબસે પ્રીત દે જંગમેં જીત દે મા ભવાની...

- માટીના ઘડુલા જેવો આ કાયાનો ઘાટ છે, ઓચિંતો એક દિન ભાગે રે ભાગે
જૂઠો આ ઠાઠને જૂઠો સંસાર આ જૂઠો આ સાથ તો લાગે રે લાગે
માટે છોડી ભરમ કર દયા ધરમ કર તારો સૂતેલો આત્મા જાગે રે જાગે
કર સેવાના કામ રિઝે બિંદુનો રામ, તારું જીવન તો લેખે લાગે રે લાગે.

- જુવેકી જીત બૂરી મૂરખકી પ્રીત બૂરી બૂરે સંગ બૈઠ ચૈન ભાગે રે ભાગે
કાજળકી કોથરીમેં કૈસો હી જતન કરો કાજળકા ડાઘ ભાઈ લાગે હી લાગે
કિતના જતી હો ચાહે કિતના સતી હો કોઈ કામિનિ કે સંગ કામ જાગે હી જાગે
અરે સુનો ભાઈ ગોપીરામ અપના તો નામ ઠામ ઉસીકા તો ફંદ લાગે હી લાગે.

- તારોંકે તેજમેં ચંદ્ર છૂપે નહીં સૂર્ય છૂપે નહીં બાદલ છાયો
રણે ચઢયો રજપૂત છૂપે નહીં, દાતા છૂપે ન ઘર માંગન આયો
ચંચલ નારીકા નૈન છૂપે નહીં પ્રીત છૂપે નહીં પીઠ દિખાયો
કવિ ગંગ કહે સુન શાહ અકબર તેરા કર્મ છીપે ના ભભૂત લગાયો.

***********

- ગંગ તરંગ પ્રવાહ ચલે તો કુંભ કો નીર પીયો ન પીયો
અબ હૃદયે રઘુનાથ બસે તો ઔરકા નામ લિયો ના લિયો
કર્મ સંજોગે સુપાત્ર મિલે તો કુપાત્ર દાન દિયો ના દિયો
કવિ ગંગ કહે સુણ શાહ અકબર તુને મૂરખ મિત્ર કિયો ન કિયો.

- અષાઢ ઉચ્ચારં મેઘ મલ્હારં બની બહારં જલ ધારમ
દાદુર ડકારં મયુર પુકારમ્ તડિયા તારમ્ વિસ્તારમ્
નામ લહી સંભારમ્ પાસ અપારંમ્ નંદકુમારમ્ નિરખ્યારી
કહે રાધે પ્યારી મેં બલિહારી ગોકુળ આવો ગિરધારિજી રે....

- બ્રીજકી સબ બાલા રુપ રસાલા, બની બેહાલા બનવાલા
જાગી તન જવાલા વિપત વિશાલા દીન દયાલા નંદલાલા
આયે નહીં આલા કૃષ્ણ કૃપાલા બંસીવાલા બનવારી
પરમ સુખકારી મિત્ર મુરારી ગયે બિસારી ગિરધારિ જી રે....

- એ... મનમાની મનમાની રાધારાણી તો રિસાણી
ઘેરો ઘુંઘટડો તાણી વદે અવળી શી વાણી
તારા રિસાયેલા રુપ કેરી, સુરત સોહામણીને
થઈ ગયા મોતી જાણે આંખલડીના પાણી
એ... ઘનઘોર ચઢયું કે ડૂબ્યું ચદમું દળ વાદળના
દળે દશે દિશાઓ દોરાણી અરે માન માન માનુન
તને આવડી રૂપાળી મેં તો કોઈ દિ'ના જાણી...

***********

## ॥ થાળ ॥

- સપ્ત દ્વીપ નવખંડમાં ભોજન પીરસત સોઈ
  બાબા નંદકે આંગણે પ્રભુ માખન માંગત રોઈ
  માખન માંગત રોઈકે જમી લગાયો ભોગ
  ગિરિ ગોવર્ધન કરગ્રહ્યો પ્રભુ સોઈ માખન ચોર.
- કંચન થાળી કર ગ્રહી ઊભા જશોદા માત, પીરસે રાણી રૂક્ષ્મણી
  તમે જમોને જાદવરાય
- કોક દિ... ગામમાં તું ભૂલો પડને ભગવાન તારું ઝાઝેરું કરું સન્માન
  તને સ્વર્ગ ભૂલાવું શામળા તને શીરો જમાડું.
- રહેનાર પ્રભુને આશરે ભૂખ્યો કદી મરતો નથી,
  ભગવાન એના ભકતને ભૂખ્યા રાખી પોતાનું ઉદર ભરતો નથી
  જે પ્રભુ આખા જગતને જમાડયા પછી જમે
  એવા પ્રભુના ચરણમાં આ ભકતનું મસ્તક નમે.

***********

## ૨૨૨ ॥ મારા વ્હાલાને માખણ બહુ ભાવે ॥

મારા વ્હાલાને માખણ બહુ ભાવે, નંદલાલાને માખણ બહુ ભાવે,
ઘારી આપું ઢેબર આપું, ઘૂઘરા આપું સહી (૨)
માલપૂળાને મોહન થાળ, તોયે માખણ જેવું નહીં... ..................મારા વ્હાલાને.
લાડુ જલેબી પેંડા બરફી છૂટો ચૂરમો સહી (૨)
માથે (ઉપર) સારું ઘી પીરસ્યું પણ માખણ જેવું નહીં, નહીં, નહીં... મારા વ્હાલાને.
વાલ, વટાણા, ચોળા, ચોખા, ભજીયા, ગોટા સહી (૨)
અથાણું પાપડ રાયતું તો યે માખણ જેવું નહીં, નહીં, નહીં........... મારા વ્હાલાને.
એક ગોપી માખણ લાવી હાથ જોડી ઊભી રહી (૨)
નરસૈંયાનો સ્વામી ત્યારે નાચ્યો થૈ...થૈ...થૈ.......................... મારા વ્હાલાને.

***********

૨૨૩ ॥ મારા રસ ભીના રણછોડ ॥

મારા રસ ભીના રણછોડ તમને શું કરી જમાડું
જેના હાથે જીવનદોર (૨) એને શું કરી જમાડું......... મારા રસ ભીના...
તારું આપ્યું લેવું ને તારું દીધું દેવું (૨)
એમાં મારું કંઈ નહીં જોર (૨) તમને શું કરી જમાડું... મારા રસ ભીના...
પોષણ દુનિયાનું કરનારો, મારું શું જમનારો (૨)
હું તો જનમ જનમનો ચોર (૨) એને શું કરી જમાડું... મારા રસ ભીના...
ભાવ ધરી પીરસી પતરાળી, પ્રેમે ભરી આ થાળી (૨)
મુખવાસ એ છે બે કર જોડ (૨) તમને શું કરી જમાડું... મારા રસ ભીના...
પુનિતનાં અંતરમાં પોઢો સ્નેહની ચાદર ઓઢો (૨)
મારા કાળજડાની કોર (૨) તમને શું કરી જમાડું... મારા રસ ભીના...

***********

૨૨૪ આજે આનંદ મારે રંગની હેલો હેલો

આજે આનંદ મારે રંગની હેલો હેલો, રંગની હેલો
જીવણ જમવા આવો રે લોલ.
પાટે પાથરણાં પાથરી દીધા, પાથરી દીધા,
કેસરનાં છાંટણાં છાંટયા રે લોલ.
પેંડા પતાસા ખાજાને લાડુ, ખાજાને લાડુ,
શીરાનો પ્રસાદ કીધો રે લોલ.
ભાત કમોદનો સરસ બનાવ્યો, સરસ બનાવ્યો,
ઘી એ વઘારેલ કઢી રે લોલ.
આદુ બિલ્લીના અથાણાં કીધા અથાણાં કીધા,
પાપડ પૂનમનો ચાંદો રે લોલ.
દાસ મીઠો કહે, ગુરુ પ્રતાપે, ગુરુ પ્રતાપે
પ્રેમનો પ્રસાદ કીધો રે લોલ.

***********

૨૨૫ ॥ પીરસ્યો મેં પ્રેમનો થાળ ॥

રાગ - દેખા હે પહેલી બાર સાજનકી... સાજન

પીરસ્યો મેં પ્રેમનો થાળ, આવો જશોદાના લાલ,
રાખી હૃદયમાં વાસ, આવો જશોદાના લાલ..લાલ..લાલ...
....................પીરસ્યો મેં.....

જળ જમુનાની મેં તો ઝારી ભરાવી,
તમે આચમન કરોને મારા વ્હાલા મોરારી (૨)
આવો મારા વ્હાલા, કરું કાલાવાલા (૨)
રાખી હૃદયમાં વાસ.... આવો જશોદાના લાલ.......
સાગ સીસમના મેં તો ઢોલિયા બિછાવ્યા,
મારા વ્હાલા માટે ફૂલોથી સજાવ્યા (૨)
આવો મારા વ્હાલા કરું કાલાવાલા (૨)
રાખી હૃદયમાં વાસ.... આવો જશોદાના લાલ.......
બુંદીના લાડુ અને માવાની ઘારી,
સાથે બરફી જલેબી ને પ્રેમનું પાણી (૨)
જમો નંદ લાલા, રાધાજીના પ્યારા (૨)
રાખી હૃદયમાં વાસ.... આવો જશોદાના લાલ.......
'શકિત મંડળ'ની વ્હાલા અરજી સ્વીકારજો,
બાળ આવ્યો શરણમાં પ્રેમે અપનાવજો (૨)
દયા દિલમાં લાવી, લેજો અપનાવી (૨)
રાખી હૃદયમાં વાસ.... આવો જશોદાના લાલ.......

***********

૨૨૬ ॥ આરોગો નૃસિંહ મહાપ્રભુ ॥

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ,
છપ્પન ભોગ છત્રીશ રે ભોજન, નાના વિધ વિધ રંગ....
લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ,
પતવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ...........
ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર,
અંતરકી ગત અંતર્યામિ, સબબિધ જાનન હાર...........
આરતીસાજ ઈન્દ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર,
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર..........

२२७ ॥ પ્રભુજી પ્રેમે પધારો આજ મારે આંગણે રે ॥

રાગ - વિધિના લખિયા લેખ લલાટે...

પ્રભુજી પ્રેમે પધારો આજ (૨) મારે આંગણે રે
સાથે લાવો લક્ષ્મી માત (૨) મારે આંગણે રે
પંચામૃતથી સ્નાન કરાવું, ગંગા જમના જલ ભરી લાવું
ધોવા ચરણામૃતથી હાથ (૨) મારે આંગણે રે
અંજલિ અંજલિ પુષ્પો ચઢાવું, રૂડા તુલસીદલ હું આપું
સાથે પરિમલ અબીલ-ગુલાલ (૨) મારે આંગણે રે
પિરસી પ્રેમે પ્રસાદની થાળી, ભાવથી જમજો શ્રીવનમાળી
મારી પુરણ કરજો આશ (૨) મારે આંગણે રે
વ્હાલા મારા ભકત હૃદયની વાણી, પ્રભુજી ભાવના લેજો જાણી
હૈયું મારું હરખે આજ (૨) મારે આંગણે રે

***********

२२८ ॥ તમે ભોજન કરવાં આવો રે પ્રીત પરોણાં ॥

રાગ - માયામાં મનડું મોહ્યું રે....

તમે ભોજન કરવાં આવો રે, પ્રીત પરોણા,
સાથે બરોબરીના લાવો રે, નંદ સલુણાં... તમે...
વ્હાલા રે મેં તો રસોઈ બનાવી સર્વે તાજી (૨)
મહીં વિદુર ઘરની ભાજી રે... નંદ સલુણાં... તમે...
વ્હાલા રે મેં તો શીરો સેકયો છે છાનોમાનો (૨)
મહીં ખીચડો કરમાનો રે... પ્રીતે પરોણા... તમે...
વ્હાલા રે મારા આરિયા તુરિયા ને પંડોળા (૨)
મહીં શબરી બાઈનાં બોર રે... નંદ સલુણાં... તમે...
વ્હાલા રે હું તો જળ જમુનાની લાવું ઝારી (૨)
તમે આચમન કરોને મોરારી રે... પ્રીતે પરોણા...તમે...
વ્હાલા રે હું તો પાનનાં બીડલાં તે આપું વાળી (૨)
હીંચોળીએ વાયુ ઢોળું રે...નંદ સલુણાં... તમે...
વ્હાલા રે બાઈ મીરાંના સ્વામી સોહાગી (૨)
મને લગની તમારી લાગી રે.. પ્રીતે પરોણા... તમે...

***********

૨૨૯ ॥ જમવા આવો વિશ્વતણાં ઘડનાર જો ॥

જમવા આવો વિશ્વતણાં ઘડનાર જો (૨)
વિશ્વભર મેં પીરસી થાળી પ્રેમની (૨) જમવા આવો...
વિધ વિધના મેવા મીઠાઈ પકવાન જો (૨)
ભાવ ધરીને જમાડું જમજો પ્રેમથી (૨) જમવા આવો...
સુદામાના આરોગ્યા તાંદુલ જો (૨)
એવા ભાવે જમજો દ્વારિકા પતિ (૨) જમવા આવો...
શબરીનાં આરોગ્યાં એંઠા બોર જો (૨)
એવા ભાવે જમજો સીતાના પતિ (૨) જમવા આવો...
વિદુરની આરોગી લૂખી ભાજી જો (૨)
એવા ભાવે જમજો "શિવ રામ" ના પતિ (૨) જમવા આવો...

***********

૨૩૦ ॥ કાનાને માખણ ભાવે, કાનાને મીસરી ભાવે ॥

કાનાને માખણ ભાવે, કાનાને મીસરી ભાવે
ઘારી ધરાવું ને ઘૂઘરા ધરું ને ઢેબર ધરું સહી
મોહનથાળને માલપૂળા પણ (૨) માખણ જેવું નહીં... કાનાને માખણ ભાવે....
શીરો ધરાવું ને શીખંડ ધરું ને સૂતરફેણી સહી
ઉપર તાજા ઘી ધરું પણ (૨) માખણ જેવું નહીં... કાનાને માખણ ભાવે....
જાત જાતના મેવા ધરાવું, દૂધ સાકર ને દહીં
છપ્પન ભોગની સામગ્રી પણ (૨) માખણ જેવું નહીં... કાનાને માખણ ભાવે....
સોળવા નાના શાક ધરાવું ને રાયતા મેલું રાય
ભાત ભાતની ભાજી ધરું પણ (૨) માખણ જેવું નહીં... કાનાને માખણ ભાવે....
એક ગોપીએ જમવાનું કીધું, થાળ લઈ ઊભી રહી
ડાકોરવાળો એમ વદયા પણ (૨) માખણ જેવું નહીં... કાનાને માખણ ભાવે....
એક ગોપીએ માખણ ધર્યું ને હાથ જોડી ઊભી રહી
દીનાનાથ તો રીઝયા ત્યારે (૨) નાચ્યાં થૈ થૈ થૈ... કાનાને માખણ ભાવે....

***********

## ગોડીના પદો

૨૩૧ ॥ શ્રી ગુરુને પાયે લાગું ॥

શ્રીગુરુને પાયે લાગું પહેલા વહેલા, શ્રીગુરુને પાયે લાગું
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માંગું.
દિયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ, મત્સર, મોહ મમતા-વિકાર સઘળો જાય.
ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ.
વેદ પુરાણ ભાગવત બોલે, જેને હોય ગુરુજીનો દઢવિશ્વાસ,
શ્રીગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ.

૨૩૨ ॥ કાહે ન મંગલ ગાવે ॥

કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા, કાહે ન મંગલ ગાવે,
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનુ ચરાવે.
કોટિ કોટિ બ્રહ્માંડ કે કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાનું યે કૌનસે પૂન્યસે, તાકો ગોદ ખિલાવે.
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ત્રમુખે જપત નિરંતર, સો તાકો પાર ન પાવે.
સુંદર વદન કમલદલ લોચન, ગૌધેનુ કે સંગ આવ,
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે.

૨૩૩ ॥ બહુત ભલો હૈ ભાઇ ॥

બહુત ભલો હૈ ભાઈ, અવસર બહુત ભલો હૈ,
મનષા દેહ દેવતાકો દુર્લભ, સૌ દેહી તેં પાઈ... ટેક.
તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વાર્થ કો લોભી, માયા જાળ બંધાઈ,
જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મિલી ભજો ભગવંત, સેહી સકલ સુખદાઈ.
કહું પોકાર ચેત નર અંધે આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહી કાચકો કુંપો, બિનસત બેર ન લાઈ.

૨૩૪ ॥ આરતી હો દેવ..॥

આરતી હો દેવ શિરોમણી તેરી.
અવિગત વિગત જાુગત નહીં જાણું, કયોં પહોંચે બુધ મેરી ? ... ટેક.
નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ-અતીત તુમ દેવા,
જ્ઞાન ધ્યાનસે રહત ન્યારા, કિસબિધ કીજે સેવા. ?
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન ધરે નિશીબાસર, સો ભી અગમ બતાવે.
સબ ગાવે અનુમાનસે અપને, તુમ ગત લિખિ ન જાયે,
કહેત કબીર કૃપા કરી જિન પર, જયોં હે ત્યોં સમજાયે.

૨૩૫ ॥ શ્રી પદમનાભ પરિબ્રહ્મ.... ॥

શ્રી પદમનાભ પરિબ્રહ્મ, પુરુષોત્તમ પેઢે નહીં રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે, સહાય કરો શ્રીપતિ ધણી રે.
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગ ધર્યો સોહામણો રે,
હરિ રુવેડેલો વૈકુંઠનાથજી રે, દુક્તિહરણ દામોદરો રે.
હરિ નિરંજન નિરાકાર નિષ્કલંક પુરુષ આરાધીએ રે,
ધન ગાઈએ દ્વારિકાનાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે.
હરિ સેવ્યો સમર્થ સાર પાર લે એનો કોઈ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે.
હરિ માધવ મુકુન્દ મોરાર, મહાદેવ સોહામણો રે,
હરિ ભકિત મુકિત દાતાર, નારાયણ તો નિર્મળો રે.
સદા સારંગધર શું વિચાર પર, લે કનૈયો આતમા રે,
આવો વેગે મળો વિશ્વાસ જી રે, તારો ને ત્રિભુવન ટળવળે રે
જીવ તો મોહ્યો છે કુલ માંહે, કલિ-કાલે જીવ જંપીઓ રે,
એ તો હરિ વિના નવ લહે, શ્વાસ સદા સારંગધરો રે.
સદા વૈષ્ણવમન રહે ઉલ્લાસ આનંદ અંગે ઊલટયો રે,
ભલે આવીઆ પરિબ્રહ્મરાય, વ્હાલો વૈષ્ણવજન માંહે પરવર્યો રે.
હરિનો વર્ત્યો જયજયકાર, સાર બોલો ને અવ સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ પાશ છૂટયા ચાર ખંડના રે.
હરિ ઘેર ઘેર વૈકુંઠવાસ દાસ તુમારો વિનવે રે.
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમરથ ધણી સંતે સેવિયો રે.
આદિ-અનાદિ એક તું સ્થાવર જંગમ તારું નામ તું
અમર ને તારું નામ સકળ વિષ્ણુને પ્રણામ

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં સૂર્યાગ્નિ વા વાદળા
જેનાં મંત્ર પુરાણ શાસ્ત્ર ભજનો ગાયે ઋષિ વ્યાકુળા
યોગી ધ્યાન ધરી જ સંયમ કરી જેની કરે ઝંખના
જેનો પાર ન કોઈ એ લઈ શકયાં તે દેવને વંદના.

અર્જુન બોલ્યાઃ સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ કેશવ,
બોલે રહે ફરે કેમ મુનિ જે સ્થિર બુદ્ધિનો ?

શ્રી ભગવાન બોલ્યા : મનની કામના સર્વે છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
દુઃખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ, ભય, ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો.
આસકત નહિ જે કયાંયે મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં તે ટળે પેખતાં પરં.
પ્રયત્નમાં રહે તોયે શાણાં એ નરનાં હરે,
મનને ઈન્દ્રિયો સમસ્ત વેગથી વિષયો ભણી.
યોગથી તે વશે રાખી રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે.
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુધ્ધિનાશ, બુધ્ધિનાશે વિનાશ છે.
રાગને દ્વેષ છૂટેલી ઈન્દ્રિયો વિષયો ગ્રહે
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા.
પામે પ્રસન્નતા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં
પામ્યો પ્રસન્નતા તેની બુધ્ધિ શીઘ્ર બને સ્થિર.

અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંયથી અશાન્તને
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુધ્ધિ, જેમ વા નાવને જળે.
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી પ્રજ્ઞા થઈ સ્થિર
નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.
સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે
જેમાં પ્રવેશે સહુકામ તેમ
તે શાન્તિ પામે, નહિ કામકામી.
છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ,
અહંતા મમતા મૂકે, તે પામે શાન્તિ ભારત !
આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

***********

૨૩૭ ॥ રાજ પદઃ હે પ્રભુ ! હે પ્રભુ ! ॥

હે પ્રભુ હે પ્રભુ શું કહું, દીના નાથ દયાળ
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રુપ
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરુપ.
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉર માંહી,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહી.
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.
હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.

અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.
અચલ રુપ આસકિત નહીં, નહીં વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ.
ભકિત માર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દઢ ભાન,
સમજ નહીં નિજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન.
કાળ દોષ કળિથી થયો, નહીં મર્યાદા ધર્મ,
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.
સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં,
નથી ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહીં.
અહંમભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં,
નથી નિવૃત્તિ નિર્મળ પણે, અન્ય ધર્મની કાંઈ.
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય,
નહીં એકે સદ્ગુણ પણ, મુખ બતાવું શું ય.
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.
અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂકયું નહીં અભિમાન....
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામ્યો ઉગ્યો ન અંશ વિવેક.
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત સાધન સમજયો નહીં, ત્યાં બંધન શું જાય.
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરુ પાય.
દીઠા નહીં નિજ દોષ, તરીએ કોણ ઉપાય.
અધમાધમ અધિકો પતીત, સકલ જગતમાં હું ય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય.
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એ જ,
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ એ દઢતા કરી દેજ.

***********

## ॥ બહુ પૂણ્ય કેરા પુંજથી ॥

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહીં એકે ટળ્યો.
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!!
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે.
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિધ્ધાંત કે પશ્ચાત્ દુ:ખ તે સુખ નહીં
હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરુપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિધ્ધાંત તત્વ અનુભવ્યાં
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો ''તેહ'' જેણે અનુભવ્યું
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

************

239

## જોને વિચારી તું જીવડા

જોને વિચારી તું જીવડા, શા સુખમાં મોહી રહ્યો જી... ટેક.
આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલા જાવું જી.............
વચમેં સંબંધ શા કામના માયાજાળમેં બંધાયો જી...........
મારું મારું શું કરી રહ્યો, નહીં મળે તારું આ તન જી........
જૂઠા રે પુત્રને પ્રેમદા, જૂઠો ભવનો ભંડાર જી................
ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઈ હાથે વપરાય જી....
અંત સમે સહુ મેલી જશે, પલમેં થશે પરાયો જી............
જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાસીમેં ઠેલી જી........
દારુણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલી જી.........
સાચું સગપણ હરિ ગુરુ સંતનું, જીવને જાલમાંથી કાઢે જી....
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવે જી.........
માની શકે તો તું માનજે, લેવો મનષાનો લ્હાવો જી..........
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવ જી....

***********

240

## ।। જે કુલમેં કોઇ ભકત ન કહાવે ।।

જે કુલમેં કોઈ ભકત ન કહાવે કુલકો કહાં લજાવે ?
ગર્ભ સહિત ઉનકી માતા કયોં ન મર ગઈ (૨) ઐસા બેટા ન આવે
જોરુ લડકા સબે મિલિને માયામાં લપટાવે,
પાણી વલોવતાં માખણ નહીં આવે, (૨) તત્વ કહાંસે પાવે..........
બાહર ઊજલા ભીતર મૈલા, ધના સ્વાદે ગાવે,
પ્રીત વિના પાનો નહીં આવે (૨) મલી મલી વાછરું ધાવે............
ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોટી ધજજ કહાવે,
જો દીપકમેં જલે પતંગા (૨) ઐસે આપ જલાવે.....................
સંત સંગતમેં પલ નહીં આવે, જમકા દીર્યા જાવે,
કહે કબીર સુનો ભાઈ સાધો, ફીર ચોર્યાસી પાવે.....................

***********

૨૪૧ ॥ મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે ॥

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે.................. ટેક.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુ:ખ સદૈવ રહે ઉભરાતું
મને હશે શું થાતું નાથ નિહાળજો રે.... મારી નાડ તમારે હાથે..
અનાદિ આપ વૈદ છો સાચા, કોઈ ઉપાય વિષે નહીં કાચા
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે.... મારી નાડ તમારે હાથે..
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો
મહા મુંઝારો મારો નટવર ટાળજો રે.... મારી નાડ તમારે હાથે..
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે.... મારી નાડ તમારે હાથે..

***********

૨૪૨ ॥ અમને અંત સમય લેવા આવજો રે ॥

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે,
શ્રીમદ્ સતગુરુ નામ છે પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું,
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે.... અમને
વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા,
આવી દીનદયાળ દયા દર્શાવજો રે.... અમને
વસમી અંત સમયની વેળા વ્હારે ધાજો વિઠ્ઠલ વ્હેલા
પ્રણત પાસનું પહેલાં પણ પરખાવજો રે.... અમને
મરકટ જેવું મન અમારું તત્વ તોડે તાન તમારું,
અંતરનું અંધારું સઘ સમાવજો રે.... અમને
દેજો દર્શન જનમનહારી, પરમકૃપાળુ વિરુદ તિહારી,
રત્નમય બલિહારી બાપ બચાવજો રે.... અમને

***********

૨૪૩ ॥ આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો ॥

આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
સેવકના રુદિયામાં રે'જો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
કાયાનું દેવળ અમને કાચું રે લાગે,
તેની ભલામણ અમને દેજો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
કાયા પડશે ને હંસા કયાં જઈ સમાશે ?
તે ઘર બતલાવી અમને દેજો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવે,
તો આવીને સમજણ અમને દેજો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
જન્મો જનમ મારા રુદિયામાં રે'જો,
એવી તે મતિ અમને દેજો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.
ધરમ દાસની અરજી સુણો રે ગોંસાઈ,
ભકિત ને મુકિત અમને દેજો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો.

***********

૨૪૪ ॥ મંગલ મંદિર ખોલો ॥

મંગલ મંદિર ખોલો, દયામય ! મંગલ મંદિર ખોલો,
જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જયોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લો લો...દયામય..
નામ મધુર તમ રટયો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો.........દયામય..

***********

૨૪૫ જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયુ,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયુ.....ટેક
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માયલી રેખુ તો રહ્યુ.....મારો
તારે ને મારે હંસા, પ્રીત્યુ બંધાણી રે,
ઉડી ગયો હંસ, પીંજર પડી રે રહ્યુ.......મારો
બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરધર ના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉ ને પીવું.........મારો

२४६

## ॥ એક જ દે ચિનગારી મહાનલ ॥

એક જ દે ચિનગારી મહાનલ, એક જ દે ચિનગારી
ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જીંદગી સારી,
જામગરીમાં તણખો ન પડયો,
ન ફળી મહેનત મારી મહાનલ એક જ દે....
ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી મહાનલ એક જ દે....
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ હું અધિક ન માંગુ,
માંગુ એક ચિનગારી મહાનલ એક જ દે....

***********

२४७

## ॥ ભકિત કરતાં છૂટે મારા પ્રાણ ॥

ભકિત કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુજી એવું માંગુ રે...
રહે જનમો જનમ તારો સાથ, પ્રભુજી એવું માંગુ રે...
તારું મુખડું મનોહર જોયા કરું,
રાત દહાડો ભજન તારું બોલ્યા કરું
રહે અંત સમય તારું ધ્યાન.... પ્રભુજી એવું માંગુ રે...
મારી આશા નિરાશા કરશો નહીં
મારા અવગુણ હૈયામાં ધરશો નહીં
રટું શ્વાસે શ્વાસે તારું નામ.... પ્રભુજી એવું માંગુ રે...
મારા પાપને તાપ સમાવી લેજો,
તારા નંદુને દાસ બનાવી લેજો,
દેજો આવીને દર્શન દાન....... પ્રભુજી એવું માંગુ રે...

***********

## ॥ પ્રભુ દ્વાર તમારા ખોલો રે ॥

પ્રભુ દ્વાર તમારા ખોલો રે, આવ્યો એક પુણ્ય આત્મા
આ દુનિયાની સગાઈ, એ તો પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો ભરમાઈ રે (૨) આવ્યો એક.....
આ ચારે કોરની માયા, તેમાં સઘળાં ભેદ સમાયા
મન માનવના લોભાયા રે (૨) આવ્યો એક..........
આ કાયાનો કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો
પ્રભુ તું છે એક જ સાચો રે (૨) આવ્યો એક.........
એણે સત કર્મો કંઈ કીધા, એણે દુઃખ સહન કરી લીધા
તારા નામના અમૃત પીધાં રે (૨) આવ્યો એક........
લીધી તારા નામની માળા, હૈયે ભજી લો છેલ છોગાળા
ઓ ગિરધારી ગોપાલા રે (૨) આવ્યો એક...........
તારે હાથે છે મુજ નૈયા, તને પોકારું તરવૈયા
તમે આવોને રખવૈયા રે (૨) આવ્યો એક............
તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ
પછી છોડું નહીં સંગાથ રે (૨) આવ્યો એક..........
આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા
ઓ જશોદાજીના નંદા રે (૨) આવ્યો એક...........
પ્રભુ એ છે પ્રાર્થના મારી, આત્માને લેજો તારી
તમે સુણજો કૃષ્ણ મોરારી રે (૨) આવ્યો એક........

************

## ॥ હરિને ભજતાં હજી કોઇની લાજ ॥

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળિયા સાથ વદે વેદવાણી રે
વ્હાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યાકંસ માર્યો રે
વિભીષણને અપાવ્યું રાજ, રાવણ સંહાર્યો રે... હરિને ભજતાં.
વ્હાલે નરસિંહ મહેતાનો હાર હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતનો કરી સ્થાપ્યો રે... હરિને ભજતાં.
વ્હાલે મીરાં તે બાઈનાં, ઝેર હળાહળ પીધા રે
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે... હરિને ભજતાં.
વ્હાલે અંબરીષની ઓળખાણ અવતાર દશ લીધા રે
વ્હાલે ગજની કીધી છે સહાય, ગરુડ પર હર્યા રે... હરિને ભજતાં.
આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દુઃખ હરશે રે... હરિને ભજતાં.

***********

૨૫૦

## ॥ અરજી અમારી સુણો શ્રી નાથજી ॥

રાગ - મારા સાસરિયે જઈને કહેજો એટલડું...

અરજી અમારી સુણો શ્રી નાથજી લઈ જાજે તારા ધામમાં
હાં રે વ્હાલા અંત સમયના બેલી
હાં રે હવે મેલો નહિં હડસેલી
હું તો આવી ઊભો તમ દ્વારે શ્રીનાથજી... લઈ જાજે....
હાં રે નાથ કરુણાતણા છો સિંધુ
હાં રે હું તો યાચું છું એક જ બિંદુ
હાં રે એક બિંદુમાં ઓછુ નહિં થાયે શ્રીનાથજી..લઈ જાજે....
હાં રે મારું અંતર લેજો વાંચી
હાં રે નથી મેંદીમાં લાલી લખાણી
પાને પાને એ પ્રસરી જાતી શ્રીનાથજી... લઈ જાજે....
હાં રે તને સમજુને શું સમજાવું
હાં રે કહે તો અંતર ખોલી ને બતાવું
તારા ભકતોનો એક જ આશ્રય શ્રીનાથજી... લઈ જાજે....

***********

૨૫૧ ॥ પ્રભુ દો દર્શન અમને સુખ શાંતિ મળે મનને ॥

પ્રભુ દો દર્શન અમને સુખ શાંતિ મળે મનને
ના તાપ નડે તનને અમે ના ભૂલીએ તમને... પ્રભુ દો..
દિલ રોજ તડપતું રહે કયાંથી સુખડું મલકે, હોજી હો
તારી ઝાંખી જરા હોવે બાલુડા હામ ધરે
મને એવો બનાવી દે નિત મસ્તીમાં ચિત્ત રહે.. પ્રભુ દો..
મને એવી સગવડ દે તુજ વિણના ઈચ્છા રહે, હોજી હો
તારા નામે સુખ મલકે ના આંધી ઉપાધિ નડે
જયાં જોઉ ત્યાં તુજ જડે હરખાતાં આંસુ વહે... પ્રભુ દો..
સીતારામ, સીતારામ, સીતારામ
રાધેશ્યામ, રાધેશ્યામ, રાધેશ્યામ
રાધેશ્યામ, રાધેશ્યામ, રાધેશ્યામ
સીતારામ, સીતારામ, સીતારામ... પ્રભુ દો દર્શન...

***********

૨૫૨ ॥ સુખ દુઃખ મનમાં ન આણીએ ॥

સુખ દુઃખ મનમાં ન આણીએ રે, ઘટ સાથે રે ઘડેયાં
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં... સુખ દુઃખ..
નળરાજા સરખો નર નહીં, જેની દમયંતિ રાણી,
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યા અન્ન કે પાણી... સુખ દુઃખ..
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી.... સુખ દુઃખ..
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી.... સુખ દુઃખ..
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દસ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુટાણી.... સુખ દુઃખ..
હરિશ્ચંદ્ર રાજા સત્યવાદિયો, જેની તારામતી રાણી,
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી.... સુખ દુઃખ..
સર્વ કોઈને જયારે ભીડ પડી સમર્યા અંતરયામી,
ભાભ્રૂટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી... સુખ દુઃખ..

૨૫૩ ॥ આટલું તું આપજે ભગવાન મને છેલ્લી ઘડી ॥

આટલું તું આપજે ભગવાન મને છેલ્લી ઘડી
ના રહે માયા તણાં (૨) બંધન મને છેલ્લી ઘડી..........
જીંદગી તે આ દીધી મારા જીવનમાં સમજયો નહિ.
અંત સમયે એ રહે સમજણ મને છેલ્લી ઘડી.... ના રહે..
હાથ પગ નિર્બળ બને ને શ્વાસ છેલ્લો સંચરે
આપજે ત્યારે પ્રભુમય મન મને છેલ્લી ઘડી.... ના રહે..
મરણ શય્યા પર પડું ને મિંચાય છેલ્લી આંખ જયાં
ઓ દયાળુ આપજે મન મને છેલ્લી ઘડી....... ના રહે..
જીંદગી સળગી રહી સંસારના સંતાપમાં,
આપજે શાંતિમય જીવન મને છેલ્લી ઘડી....... ના રહે..

***********

૨૫૪ ॥ હે નાથ જોડી ॥

રાગ - બહુ પુણ્ય કેરા પુંજથી

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ
શરણું મળે સાચું તમારું, એજ હૃદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
વળી કર્મના યોગે કરીને જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભકિત કરે.
લક્ષ ચોર્યાસીના બંધનોને, લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
સુસંપતિ સુવિચારનો, સત્કર્મનો દઈ વારસો,
જન્મો જન્મ તમ ભકિતથી કિરતાર પાર ઉતારજો.
આ લોક ને પરલોકમાં તમ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો, ભજન કરવાં ભાવથી,
સાચું બતાવી રુપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

***********

૨૫૫ સત્યનામ સદ્‌ગુરુ કબીર હે પ્યારે, હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે,
પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા, શાંતિ આપો હે પરમાત્મા.
આજ અમો કરીએ છે તારી પ્રાર્થના, શાંતિ આપો હે પરમાત્મા.
જન્મો જન્મના ફેરા ટાળો, મુકિત આપો હે પરમાત્મા.
શાંતિ આપો હે પરમાત્મા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

************

## ।। શ્લોક ।।

ૐ સહ ના વવતુ, સહની ભુનકતુ
સહ વીર્યં કરવાવહે, તેજસ્વી નાવધીતમસ્તુ
મા વિદ્વિષાવ્લહે
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ્યસખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ

## ।। ધૂન ।।

સત્ય નામ કબીર સત્ય નામ કબીર
ગુરુ દેવ કબીર, ગુરુ દેવ કબીર
આવો આવો રે કબીર આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબયીર દર્શન દેજો રે કબીર
સત્ય નામ કબીર સત્ય નામ કબીર

ૐ
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૫૬ **॥ ઓ કરુણાના કરનારા ॥**

ઓ કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી
ઓ સંકટના હરનારા તારી કરુણાનો કોઈ પાર નથી.........હો.
મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોને ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી......હો.
હો પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધાં વિષના પ્યાલા,
મારું વિષ અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી....હો.
હું જીવનમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી......હો.
મને જડતો નથી કિનારો, ભૂલ્યાને રાહ બતાવો,
છે તું સાચો ખેવનહારો, તારી કરુણાનો કોઈ પાર નથી......હો.
મારો આત્મા રહે ઉદાસી, મને શરણે લ્યો અવિનાશી,
ભકતોના દુઃખ હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.....હો.

***********

૨૫૭ **॥ રામ રટણ નહિં કીધું રે ॥**

રામ રટણ નહિં કીધું રે હો મનવા, પ્રેમ સુધારસ ના પીધો
નવ દશ મહિના ઉદરમાં રહીને, ભજન કરવાનું કબૂલ કરીને
અવતાર અવનીમાં લીધો રે હો મનવા પ્રેમ સુધારસ..........
બાળપણામાં તું હસતો ને રમતો, યુવાનીમાં સહેલાઈ કરતો
પ્રભુથી જરાયે ના ડરતો રે હો મનવા પ્રેમ સુધારસ.........
કોલ દઈને તું બારણે આવ્યો, માત પિતાએ તને લાડ લડાવ્યો
વૃથા જનમ તેં તો લીધો રે હો મનવા પ્રેમ સુધારસ...........
વૃધ્ધપણામાં તારું મોત જ આવ્યું, ત્યારે પાપી તારું જોર ન ચાલ્યું
રસ્તો પરલોકનો લીધો રે હો મનવા પ્રેમ સુધારસ............
જમરા તુજને મારજ મારે, ત્યારે પાપી તું મુખે રામ પુકારે
પહેલાં વિચાર ના કીધો રે હો મનવા પ્રેમ સુધારસ............
શકિત મંડળની શીખ આ ધરજો, નિત્ય હરિનું ભજન કરજો
રસ્તો બતાવ્યો મને સીધો રે હો મનવા પ્રેમ સુધારસ....

***********

## ૨૫૮ ॥ લોચનિયા સુના રે જેમ કાજળ વિના ॥

લોચનિયા સુના રે જેમ કાજળ વિના (૨)
એવા ભકતો સુના રે હરિના ભજન વિના,પ્રભુના ભજન વિના
માતા રે સુની રે એના પુત્ર વિના (૨)
એવી બેની રે સુની છે એના બાંધવ વિનાં,પ્રભુના ભજન વિના
અયોઘ્યા સુની રે રાજા દશરથ વિના (૨)
એવા દશરથ સુના રે એના રામજી વિના, પ્રભુના ભજન વિના
ધરતી સુની છે એવા ડુંગરા વિના (૨)
એવા ડુંગર સુના છે મોરલા વિના, પ્રભુના ભજન વિના
મંદિર સુના છે એમાં દેવ રે વિના (૨)
એવા દેવ રે સુના છે એના દિપક વિના, પ્રભુના ભજન વિના
કહે રે મંદોદરી સુનો લંકાપતિ (૨)
એવા સીતાજી સુના છે એના રામજી વિના,પ્રભુના ભજન વિના

***********

## ૨૫૯ ॥ ચિઠ્ઠી ફાટશે જયારે ઉપરવાળાની ॥

ચિઠ્ઠી ફાટશે જયારે ઉપરવાળાની વેળા થાશે તારી જવાની
સગાવ્હાલા તારા ભેગા મળીને ચમચી ગંગા જળ પાવાની
લોટ-પાણીનો લાડવો મૂકશે જરૂર નહિં તારે ખાવાની
પાંચ પચ્ચીસ ભેગા મળીને કરશે ઉતાવળ કાઢી જવાની
લાકડા ભેળો તને બાળી દેશે એને ઉતાવળ હશે નહાવાની
હાડકાં લઈને હાલતાં થાશે, રાખ તારી ઉડી જવાની
બાર દિવસ તારી મો'કાણ કરીને પછીએ મિષ્ટાન ખાવાની
પ્રાણ સુધીની બધી સગાઈ છે ભાઈ, આ દુનિયા ઘડીમાં તને ભૂલી જવાની.

***********

૨૬૦ ॥ સમય મારો સાચવજે વ્હાલા ॥

સમય મારો સાચવજે વ્હાલા, કરું હું કાલાવાલા
અંત સમય મારો આવશે જયારે દેહનું નહીં રહે ભાન
એરે સમય મુખે તુલસી દલ દેજો દેજો જમુના પાન... સમય
જીભલડી મારી પરવશ થાશે હારી ન બેસું હામ
એરે સમયે મારી વ્હારે ચઢીને, રાળજે તારું નામ.... સમય
કંઠ રુંધાશે ને નાડીઓ તૂટશે--તૂટશે જીવન દોર
એરે સમય મારા અલબેલાજી કરજે બંસરી શોર.... સમય
આંખલડી રે મારી પાવન કરજે દેજે દર્શનનો લ્હાવો
શ્યામ સુંદીર તારી ઝાંખી કરીને પુનિત છોડે પ્રાણ.... સમય

***********

૨૬૧ ॥ આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું ॥

આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું
ધન્ય મારું જીવન કૃપા એની લેખું..... આંખ
રામ કૃષ્ણ રામ કૃષ્ણ રસના ઉચ્ચારે હરિનો આનંદ મારે અંતર આવે......... આંખ
ભગવત ને ગીતા મારી અંતરની આંખો
રામાયણે ને ગીતા મારી અંતરની આંખો, હરિએ દીધી છે મને ઉડવાની પાંખો....
પ્રભુના વિચારો મારે અઢળક નાણું ગાવું મારે નિશ દિન કનૈયાનું ગાણું............
પ્રભુના ભકતો છે મારા સગા ને સંબંધી છૂટી ગ્રંથિ તૂટી મારી માયાની બંધી.......
પ્રભુ ભકિત વધે મારી પૂર્ણિમા જેવી, સૌ સંતો આશિષ સદા દેજો એવી...........
જેણે શ્રી રામ ચરણ રસ ચાખ્યો, એણે સંસારને મિથ્યા કરી નાંખ્યો................
એ રસને ધ્રુવ પ્રહલાદે રે ચાખ્યો એ રસને અંબરિષે રુદિયામાં રાખ્યો..............
એ રસને જાણે છે સુકદેવ જોગી, કાંઈક જાણે છે પેલો નરસૈંયો ભોગી.............

***********

૨૬૨

## ॥ ભકિત સમજાવી છે ગીતામાં વાંચજે ॥

રાગ - આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું

ભકિત સમજાવી છે ગીતામાં વાંચજે મનડું પ્રભુના ચરણમાં તું રાખજે
સંકલ્પો સઘળા પ્રભુને તું સોંપજે   નિર્ણયો જીવનમાં એને તું સોંપજે
મન બુદ્ધિ જેનાં છે તેને તું આપજે.... મનડું.
સંસાર સાગર છે એકલે તરાય ના ઈશની સહાય વિના પાર ઉતરાય ના
જીવન નૈયાનું સુકાન એને સોંપજે.... મનડું.
ઈશ્વરના કામે આવેશ સદા રાખજે  આસુરી વૃત્તિનો પ્રેમ દિલ ધરજે
ભકિતની મસ્તીમાં મસ્ત બની ફરજે.... મનડું.
બ્રહ્મર્ષિ થઈને તું ચિંતન પ્રગટાવજે રાજર્ષિ થઈને તું વૈભવ વહાવજે
દેવર્ષિ થઈ સૌના દિલને હલાવજે.... મનડું.

***********

૨૬૩

## ॥ મળતો રે જા અમને કે'તો રે જા ॥

મળતો રે જા અમને કે'તો રે જા, મારા દેહના દલાલી હંસા મળતો રે જા.... મળતો
હંસલો જાણીને તને સાયબો મેં સેવ્યો (૨)
એ.... મોતીડાનો ચારો તું તો ચરતો રે જા, મારા દેહના દલાલી હંસા..............
નવ નવ મહિના તને ઉદરમાં રાખ્યો (૨)
એ.... માતા રે પિતાની સેવા કરતો રે જા, મારા દેહના દલાલી હંસા...............
ધૂતી રે ધૂતી ને ધન ભેળુ રે કીધું (૨)
એ.... જમણા તે હાથે પુન્ય કરતો રે જા, મારા દેહના દલાલી હંસા................
દાસી રે જીવણ સત્ ભીમ કેરા ચરણે (૨)
એ.... રામની સભાનો રસ પીતો રે જા, મારા દેહના દલાલી હંસા................

***********

## ॥ મરણની આકરી ઘાંટી ॥

૨૬૪

મરણની આકરી ઘાંટી જીવનમાં આવવાની છે,
રુપાળી દેહો આખર જરુરથી બાળવાની છે.... મરણની.
મરણથી કદી નહીં ડરવું મરણને જાણીને મરવું,
કરીને કામ સંચરવું મજાઓ માણવાની છે.... મરણની.
કરોડો જન્મનો પાપો પ્રભુના નામથી કાપો,
હૃદયમાં શાંતિને સ્થાપો ઉપાધિ ટાળવાની છે.... મરણની.
સદા સંતોષ ધરીને ભરો ડગલું વિચારીને
પુનિત આ જીંદગીને સમજથી ગાળવાની છે.... મરણની.

***********

## ॥ તીરથ ધામમાં શીદને ફરો છો ॥

૨૬૫

તીરથ ધામમાં શીદને ફરો છો, માતપિતાને દુઃખી કાં કરો છો
એ.... અડસઠ તીરથ ઘર આંગણિયે જાત્રાએ શીદ જાઓ
માતપિતા છે મનના મોહન અવળાં કાં અથડાવો (૨)
આડા અવળા શબ્દ સુણાવી, પાપના તમે કાં ગાડા ભરો છો....
એ..... અંતરની આશિષ લઈ લેજો કોઈ દિન વિઘન ન આવે
તનના તાપો સઘળા ટળશે વાળ ન વાંકો થાયે (૨)
કોના પુણ્ય પ્રતાપે કરીને ફૂલ્યા ફાલ્યા શીદને ફરો છો....
એ..... નવ નવ મહિના રાખી ઉદરમાં વેઠયા દુઃખડા પાકા
માતપિતાની મીઠડી માયા દીકરા કાં આજ ભૂલી જાતાં (૨)
બદલો એનો કયાંથી વળશે, ઈશ્વરથી નહિ જરીએ ડરો છો....
એ..... સાત જન્મારા શોધો તોયે માતપિતા નહિ મળશે,
નાના થકી એણે મોટાં રે કીધા બદલો એનો નહિ વળશે (૨)
જેની આંગળી પકડી ચાલ્યા જગમાં એન હડધૂત હવે કયાં કરો છો....
એ..... આંતરડી નહિ દુભવો એમની મનમાં એ તો મુંઝાયે
એકલા પડે બન્ને આંસુ સારે વળી અંતરમાં અકળાયે (૨)
ભીનામાં સૂઈને સૂકે સુવડાવ્યા એ વાતો કાં તમે વિસરો છો....
એ..... લાખો રૂપિયા ખરચશો તોયે માતપિતા નહિ મળશે
તનમનથી એમની સેવા કરજો દિલની દુવાઓ ફળશે
માધવ મનનું સાચું સમજો અવળા રસ્તે શીદને પડો છો....

૨૬૬

## ।। તારે મોટા ઘરનું તેડું ।।

તારે મોટા ઘરનું તેડું એક દિન આવશે (૨)
આનાકાની કંઈ નહિ ચાલે (૨) જયારે એ બોલાવશે..... તારે
બિસ્તર સાથે નહિ લેવા દે સંદેશો પણ નહિ કહેવા દે
તારા ઘરમાંહેથી તુજને (૨) એકલડો ઉપાડશે............ તારે
સગા વ્હાલા સહુ જોતા રહેશે રોતાં રોતાં વિદાય દેશે,
મારગમાં ખાવા માટે (૨) ભાથું ન બાંધશે..... તારે
જીવતર તારું એળે જાશે આવ્યો તેવો જગથી તું જાશે,
પ્રભુજી જયારે પૂછશે ત્યારે (૨) જવાબ કયાંથી લાવશે..... તારે
પુનિત પદવી તુજને આપી માનવ તનમાં દીધો સ્થાપી,
રામ ભકત જો થયો નહિ તો (૨) દર-બદર ભટકાવશે..... તારે

**********

૨૬૭

## ।। જનાર તો જતા રહ્યા ।।

જનાર તો જતાં રહ્યા પણ સદ્‌ગુણ એના સાંભરે
લાખો લૂંટાવી દો ભલે પણ મરનાર પાછા ન મળે
વૈભવ મળે કિર્તી મળે લક્ષ્મી ગયેલી સાંપડે
આ સહુ મળે આ જગતમાં મરનાર પાથા ન મળે.
વૈદ્ય હકીમ કે ડૉકટરો વિજ્ઞાનીઓ મોટાં ભલે,
ક્ષણ એક જીવન ના દઈ શકે મરનાર પાછા ન મળે.
રડનાર કોઈ રડશો નહિ છે કાયદો કિરતારનો
જનાર તો જતાં રહ્યા રડવાથી પાછા ના મળે
મરનાર અગ્નિમાં બળે જીવનાર અગ્નિ વીણ બળે.
રડયા કર્યાથી શું વળે ? મરનાર પાછા ન મળે.

**********

૨૬૮

## ॥ માનવ આવે ને માનવ જાયે ॥

રાગ - મેરા જીવન કોરા કાગજ કોરી હી રેહા ગયા...

માનવ આવે ને માનવ જાયે દુનિયાને દ્વાર (૨)
મારું મારું (૨) કરતાં કરતાં જીવન લજવી જાય..... માનવ
સ્વાર્થ ખાતર ધરમ ભૂલ્યો સુખને કાજ સંબંધ (૨)
જીવન એનું એળે જાયે બીજા તે શું કરે એમાં (૨)
ભાગ્ય એનું એવું લખાયું વિધાતાને હાથ..... માનવ
કળિયુગનો માનવ આજે માનવતા ભુલી જાય (૨)
જીવન એનું એળે જાતું ના આવે કોઈને કામ (૨)
વિધાતાએ લેખ લખીયા એતો સાચા થાય..... માનવ
જૂઠા જગના જૂઠા લોકો જૂઠા અહીંના રિવાજ (૨)
જીવન તુજને ફરી ના મળશે કરી લે સારા કામ (૨)
મરતાં પહેલાં જીવી જાણજે લઈને પ્રભુનું નામ..... માનવ

***********

૨૬૯

## ॥ શાને ગુમાન કરતો ॥

શાને ગુમાન કરતો ફાની છે જીંદગાની (૨)
આ રુપને જવાની (૨) એક દિન ફના થવાની....... શાને...
રડતાંઓને હસાવે હસતાંઓને રડાવે,
કુદરતની એક ઠોકર ગર્વિષ્ઠને નમાવે (૨)
દુનિયામાં સિકંદરની પણ ના રહી નિશાની.... શાને...
પછડાયે જલ્દી નીચે દેખાયે ઉચ્ચવાળો
કુદરતે ચંદ્રમાં પણ મૂકયો છે ડાઘ કાળો
સમજું છતાં ન સમજે તું મૂર્ખ શાને થાતો..... શાને...
આ જીંદગીનો દીવો પળમાં બુઝાઈ જાશે
કંચન સમી આ કાયા ધરતીની ધૂળ થાશે
માટે વિનય કરું છું બનતો ના તું ગુમાની........... શાને...

***********

२७० ॥ રોતાં રોતાં જાય જીંદગી ॥

રાગ - જાય ઘડી અણમોલ

રોતાં રોતાં જાય જીંદગી રોતાં રોતાં જાય, કોણે આ દુનિયા બનાવી
મુજને ના સમજાય આ જીંદગી મુજને ના સમજાય
કોણે આ દુનિયા બનાવી... રોતાં રોતાં....
અડધી ગઈને અડધી રહી છે (૨) કેવી જાશે કોને ખબર છે (૨)
હું ના જાણું તું ના જાણે (૨) જાણે પેલો ભગવાન
જેણે આ દુનિયા બનાવી... રોતાં રોતાં....
કયાંથી આવ્યો ને કયારે જવાનું (૨) સાથે તારે શું લઈ જાવું
હું ના જાણું તું ના જાણે (૨) જાણે પેલો ભગવાન
જેણે આ દુનિયા બનાવી... રોતાં રોતાં....
રાત પડે ને દિવસ આવે (૨) વારા ફરતી સૌના જીવનમાં (૨)
મુજ અભાગીને યાદ કરીને (૨) કર્યો ઘણો ઉપકાર
જેણે આ દુનિયા બનાવી... રોતાં રોતાં....
જાણ્યે અજાણ્યે ભૂલ કરો તો (૨) માફ કરી દે સહુ પોતાના (૨)
ભૂલ કરે જો જગ વિધાતા (૨) કોણ કરે વિશ્વાસ
કેવી આ દુનિયા બનાવી... રોતાં રોતાં....

***********

२७१ ॥ ભકિત રે કરવી તેણે રાંક થઇને રહેવું ॥

ભકિત રે કરવી તેણે રાંક થઈને રહેવું ને,
મેલવું અંતરનું અભિમાન રે..... ભકિત..
સદ્દગુરુ ચરણોમાં શીશ રે નમાવીને કરજોડી લાગવું પાય રે.............
જાતિપણું છોડીને અજાતિ રે થાવુંને કાઢવો વરણ વિકાર રે...............
જાતિને પાતિ નહીં હરિ કેરા દેશમાં રે, એવી રીતે રહેવું નિરમાન રે.....
આશાને તુષ્ણા જેને એકે નહીં ઉરમાને, એવો દઢ કરવો વિશ્વાસ રે.....
ગંગા સતી જયારે એમ જ બોલ્યાને એને તો કહીએ હરિના દાસ રે.....

***********

૨૭૨ ॥ અંતે સંતને તેડાવો ॥

એવા અંતે સંતને તેડાવો રે (૨) શ્રી હરિનું ભજન કરવાં
એવી કરમાં ઝાલી માળા રે, મૂરખ જયારે સૂતો મરવા........... એવા....
એ... નાનપણે ઘર ધંધામાં ધાયો ને ઘડપણમાં હરિગુણ ગાય,
ઘર લાગ્યું તારે કૂવો ખોદાવે, તે કેમ અગ્નિ ઓલવાય
એવી જીતી બાજી હાર્યો રે પથ્થરના નાવે બેઠો તરવાં............ એવા....
એ... પણ અંત સમયે છાપા તિલક લગાવે જયારે ભૂલી ગયો દેહનું ભાન,
એરણની ચોરીને સોયનું દાન પછી કેમ રે આવે વિમાન
એવું ગુરુ જ્ઞાન ન આવ્યું રે બુદ્ધિ તારી ગઈ ચરવાં............... એવા....
એ... યુવતિ નારીને જેમ પુત્રની આશા તેમ હરિ ભજે ફળ થાય,
પણ વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા તેનો એળે જનમ વહી જાય
એવો હરિને બેઠો ઠગવા રે, એંસી વરસે વર વરવા............... એવા....
એ... વીસ વર્ષે વિશ્વંભર મળે ભકિત કરે ભવ દુઃખ જાય,
પણ હરિ શું ધાયા તે ખૂબ કમાયા જેને મળ્યા નિરંજનરાય
એવું દાસ ધીરો કે' છે રે મથ્યા ચોરાશી ફેરા ફરવા................ એવા....

***********

૨૭૩ ॥ એવી અલખ લેરો લાગી ॥

એવી અલખ લેરો લાગી રે, મેં જાગીને જોયું આ ઘટમાં
એવી ભ્રમણાં મારી ભાંગી રે સોહાગી મળ્યા ઉલટમાં..........
એ....આંબાની ડાળે શ્રીફળ બેઠાં ને કદળીએ કેરી લૂમ
નાગર વેલે દ્રાક્ષ બીજોરાં ખૂબ બન્યો છે ખૂબ
એજી ગગને ઘેર્યો ઘટમાં રે દૂધ પીધાં સંસારમાં........ એવી...
એ.... ગજરાજાને અંબાડીએ ગર્યોને ઘોડાને ગળી ગયું જીન,
વસ્ત્રની ઉપર વાડ સુકાણી અને સમુદ્રને ગળી ગયું ફીણ
એજી સસલો શાણો થઈને રે સિંહને નાંખ્યો પટકી..... એવી...
એ.... પાવક વરસ્યોને પાષાણ પલાળ્યા અને ચૌદીશ રેલ્યું પાણી
એરે પાણીમાં દેવી દેવતા ડૂબ્યા, કંઈ રાજા અને રાણી
એજી બ્રહ્મા વિષ્ણુ ડૂબ્યાં રે શંકર ડૂબ્યાં ઝપટમાં........ એવી...
એ.... અગમ દેશી વિરલાવાસી દત્ત ગોરખને કબીર
જનકરાજાને શુકદેવ જોગી વાણી વદે દાસ ધીર
એજી... મુકિત તો છે જનને રે ઠરીને બેસો સહુ ઘરમાં.. એવી...

************

## ૨૭૪ ॥ એવા સદ્‌ગુરુ જેના સાચા ॥

એવા સદ્‌ગુરુ જેના સાચા રે તે તો સૌને સરખા ગણે
સાચી જેની વાચા રે, મુખથી જૂઠું કદી ના ભણે............... એવાં...
એ... કોઈ બ્રાહ્મણ કોઈ વાણિયા, વળી કોઈ સૈયદ વળી શેખ
જ્ઞાન થકી તમે જોઈ લ્યો ભાઈ, આત્મા છે સૌના એક
એવી ન્યાત પડી ગઈ જુદી રે પણ માતા સૌને સરખા જણે.... એવાં...
એ... જયાંથી હિન્દુ આવીયા અને ત્યાંથી જ મુસલમાન
ત્યાંથી યહુદી પારસી અને ત્યાંથી કિરિસ્તાન
એવા અજ્ઞાની ને મન જુદાં રે પણ જ્ઞાની સૌને સરખા ગણે.... એવાં...
એ... મહેતાજીએ નિશાળમાં શીખવ્યું એકડે એકનો એક
બગડેથી બાજી બગડી ગઈ અને એકના થયા અનેક,
પણ સમજીને પ્રભુને ભજજો રે મનને એથી શાંતિ મળે......... એવાં...
એ... વટાળ શબ્દનો અર્થ ન સમજે કહે વટલાઈ જાશું ભાઈ
પણ ભંગીયો બ્રાહ્મણના ઘરે વટલાય એ તો કેવી છે નવાઈ
એજી ભેદ છે એનો ઊંડો રે રસ્તો છે ભાઈ ફેર ઘણો.......... એવાં...
એ... કડવું ઔષધ રોગને કાપે, એમ અજ્ઞાનને કાપે જ્ઞાન,
દાસ સતાર તો સાચું કહે છે, તમો સમજો ચતુર સુજાણ
કાયર થઈશું બેઠા રે શૂરવીર થઈને ચઢો રે રણે................ એવાં...

***********

## ૨૭૫ ॥ કળિયુગ આવેગા હો માનવ ॥

કળિયુગ આવેગા હો માનવ કળિયુગ આવેગા હો માનવ (૨)
તારા જ ઘરનાને તારા જ કુળના (૨) તુજને ભુલાવેગા હો માનવ (૨)
સતના પારખાં બહું લેવાતા (૨) જૂઠડા ભુલાય જાય હો માનવ........
સારું જો થાય તો નસીબ એનું (૨) ખોટું થાયે તો કર્યું તેં હો માનવ...
નુગરા નરનો સંગ નવ કરીએ ભાઈ (૨) કહે રમેશ તને આજ.......

***********

२७६ ॥ એવા જ્ઞાની ગુરુજીને મળ્યા ॥

એવા જ્ઞાની ગુરુજીને મળ્યા રે મને ગોળી તો મારી જ્ઞાન તણી
મારી કંચન કાયા કીધી રે ગુરુ તો મારા પારસમણિ........ એવા...
એ....હું તો જનમોજનમની આંધળી, મારા ગુરુજીએ આપી આંખ
આંખો ખોલી જોયું રે ઘટ ઘટમાં બેઠા અલખ ધણી........ એવા...
એ....ગુરુના ગુણલા હું શું ગાવું, ગુણલાં ગાતાં ન આવે પાર,
ગુરુ તો મારા આંખની જયોતિ ગુરુ મારા હૃદયના હાર
એવા ગુરુ દયાળુ દેવા રે એની કૃપા તો ઘણી રે ઘણી...... એવા...
એ....તનમન ધન સબ ગુરુને અર્પણ અને હું તો ગુરુનો દાસ,
ગુરુ ગરીબ નવાઝ અમારા, પુરે ગરીબની આશ,
એવા ગુરુ ચરણમાં રહેવું રે, ગુરુ તો મારા ધીંગા ધણી....... એવા...
એ....ગુરુના દર્શન કરતાં કરતાં અડસઠ તિરથ થાય
દાસ સતાર એના દર્શન કરતાં હૈયે હરખ ન માંય
એવા ગુરુ અમારા પ્રેમી રે, પીધી છે પ્યાલી પ્રેમતણી...... એવા...

***********

२७७ ॥ મેરુ તો ડગે પણ જેનાં મનડા ડગે નહિં ॥

મેરુ તો ડગે પણ જેના મનડા ડગે નહિંને,
ભલે ભાંગી રે પડે બ્રહ્માંડ રે.... મેરુ..
વિપત પડે તોયે વણસે નહિં રે, સોહી હરિજનના પ્રમાણ રે....
ચિત્તની વૃત્તિ જેની સદા રહે નિર્મળ, કરે નહિં કોઈની આશ રે...
દીન દીએ પણ રે'વે અજાચક, વચનમાં રાખે વિશ્વાસ રે.... મેરુ..
સુખને દુઃખની આવે નહિં હેડકીને આઠે પહોર આનંદ રે,
નિત્ય રહે સતસંગમાં એતો, તોડે રે માયા કેરી જાળ રે.... મેરુ..
તનમન ધન સઘળું પ્રભુને અર્પે રે, ધન્ય નિજારી નરનાર રે...
એકાંતે બેસીને અલખને આરાધે તો પ્રભુ પધારે એને દ્વાર રે.મેરુ..

************

२७८ 

## ॥ ભેદ ન જાને કોઇ ॥

ભેદ ન જાને કોઈ સાહેબ તેરાં ભેદ ન જાને કોઈ,
સાબુ લે લે પાની લે લે મલ મલ કાયા ધોઈ
અંતર ઘટકા ડાઘ ના છૂટે (૨) કૈસે નિર્મલ હોઈ............. સાહેબ તેરા....
આ ઘટ ભીતર બૈલ બંધે હૈ નિર્મલ સાહેબ તેરા હોઈ,
સુખીયા બૈઠે ભજન કરત હૈ (૨) દુઃખિયા દિન ભર રોઈ.... સાહેબ તેરા....
આ ઘટ ભીતર અગન જલત હૈ, ધુંઆ ન પ્રગટ હોઈ,
કૈ દિલ જાને આપકા (૨) કૈ શિર બીતી હોઈ.................. સાહેબ તેરા....
જલ બીન બેલા, બેલ બીના તુંબા, બીન ફુલે ફાલ હોઈ,
કહત કબીરા સુનો ભાઈ સાધુ, ગુરુ બીન જ્ઞાન ના હોઈ...... સાહેબ તેરા....

************

२७९ 

## ॥ પઢા રે પોપટ રાજા રામના ॥

રાગ - કાલેરો - એવી અખંડ રોજી હરિના હાથમાં...

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે,
પાસે બાંધી પોપટ પંજરુ, મુખથી રામ જપાવે.... પઢો રે...
પોપટ તારે કારણે લીલા વાંસ રે વઢાવું,
તેનું બનાવું પોપટ પાંજરુ, હીરે રતને જડાવું.... પઢો રે...
પોપટ તારે કારણે શી શી રસોઈ બનાવું,
ઘઉ સાંકરના કરી ચૂરમા ઉપર ઘી પીરસાવું.... પઢો રે...
પાંખ પીળીને પગ પાંડુરા કંઠે કાંઠલો કાળો,
નરસૈંયાના નાથને ભજો રાગ તાણી રુપાળો.... પઢો રે...

************

૨૮૦ ॥ ઘડપણ કોણે મોકલ્યું ॥

ઘડપણ કોણે મોકલ્યું ? જાણ્યું જોબન રહે સૌ કાળ......................
ઉમરા તો ડુંગરા થયા રે પાદર થયા પરદેશ
ગોળી તો ગંગા થઈ રે અંગે ઉજળા થયા છે કેશ.... ઘડપણ...
ન હોતુ જોઈતું ને શીદ આવિયું રે ન હોતી જોઈ તારી વાટ
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને ખાટ.... ઘડપણ...
નાનપણે ભાવે લાડવા રે ઘડપણે ભાવે સેવ
રોજ ને રોજ જોઈએ રબડી રે એવી બળી રે ઘડપણની ટેવ.... ઘડપણ...
પ્રાતઃકાળે પ્રાણ માહરા રે અન્ન વિના અકળાય
ઘરના કહે મરતો નથી રે તને બેસી રહેતાં શું થાય............. ઘડપણ...
દીકરા તો જૂજવા થયા રે વહુઓ દે છે ગાળ,
દીકરીઓ જમાઈ લઈ ગયા રે હવે ઘડપણના શાં રે હાલ....... ઘડપણ...
નવ નાડો જૂજવી પડી ને આવી પહોંચ્યો કાળ,
બૈરા છોકરા ફટ ફટ કરે રે નાના દે છે ગાળ.................... ઘડપણ...
અંતકાળે વળી આવિયા રે દીકરા પધાર્યા દ્વાર
પાંસળીએથી વાંસળી રે પછી છોડીને આપે હાથ................ ઘડપણ...
એવું સાંભળી પ્રભુ ભજો રે સંભારજો જગન્નાથ,
પર ઉપકાર કીધે પામશો રે ગુણ ગાય નરસૈંયો દાસ.......... ઘડપણ...

***********

૨૮૧ ॥ એજી મારા સદ્‌ગુરુ સાચું સમજાવે ॥

એજી મારા સદ્‌ગુરુ સાચું સમજાવે નારાયણ સ્વામી
મનડુ રંગાયા વિના પ્રભુને ઓળખ્યા વિના ભકિત ન ભાવે રે જી (૨)...
મનડું રંગાણું જયારે મીરાં તે બાઈનું વ્હાલા (૨)
એ.........જી એ તો ઝેરના કટોરાઓ પચાવે નારાયણ સ્વામી...........
મનડું રંગાણું જયારે નરસિંહ મહેતાનું વ્હાલા મનડું (૨)
એ.........જી મારા હરિહર હાર તો પહેરાવે નારાયણ સ્વામી...........
મનડું રંગાણું જયારે રોહિતદાસ ચમારનું વ્હાલા (૨)
એ.........જી વ્હાલા ચમાર ઘેર ગંગાજી પધારે નારાયણ સ્વામી.........

***********

૨૮૨ ॥ મોંઘો માનવ જન્મ મળ્યો છે ॥

મોંઘો માનવ જન્મ મળ્યો છે, મળે નહીં વારંવાર
હો ભાઈ મારા ભજી લે ને કિરતાર
કામ ક્રોધ ને મોહ લોભમાં જ્ઞાન ન આવ્યું કામ,
મારું કહ્યું જો જૂઠું માનો તો, મુવા કુટુંબ સંભાળ હો ભાઈ મારા........
જૂઠી કાયા જૂઠી માયા જૂઠો જગ વહેવાર,
આ અવસર જો ચૂકી જશો તો, ખાશો જમ કેરો માર હો ભાઈ મારા...
લાખો ગયાને તું પણ જવાનો મૂરખ મનથી વિચાર,
રાજા ભરથરી અને ગોપીચંદ છોડી ગયા દરબાર હો ભાઈ મારા........
સંત ચરણ સદ્‌ગુરુની સેવા સજજનનો શણગાર
દાસ સતાર કહે કરજોડી હરિ ભજી ઉતરો પાર હો ભાઈ મારા..........

***********

૨૮૩ ॥ એજી એવી અખંડ રોજી ॥

એજી એવી અખંડ રોજી હરિના હાથમાં
વ્હાલો મારો જુએ છે વિચારી દેવાવાળો રે નથી દુબળો
ભગવાન નથી રે ભિખારી........................ એવી...
એજી વ્હાલા જલને સ્થલ બે અગમ છે
કાયા રાણી છે રે વિનાશી, સર્વેને વ્હાલો મારો આપજે
મનડા રાખોને વિશ્વાસી........................ એવી...
એજી વ્હાલા નવ નવ મહિના માતાને ઉદર વસ્યા,
તે દિ એણે જળથી જીવાડયા, ઉદર વસ્યાને વ્હાલો આપશે
આપશે સૂતા તે જગાડી........................ એવી...
એજી વ્હાલા ગરુડે ચઢી ને ગોવિંદ આવજો,
આવો મારા અંતરયામી, ભકત ઓધારણ ભુદરો
મહેતા નરસૈંયાના સ્વામી................ એવી...

***********

२८४ ॥ વચનનો વિવેક ॥

વચન વિવેકી જે નરનારી પાનબાઈ તેને બ્રહ્માદિક લાગે પાય
જયારથી વચનની શાન જેણે જાળવી પાનબાઈ
તેને કરવું હોય તેમ થાય.... વચન વિવેકી...
વચનમાં સમજે તેને મહાસુખ થાય રે ઈ તો ગત ગંગાજી કહેવાય
એક મના થઈને આરાધ કરે તે તો નકળંક પરસન થાય.... વચન વિવેકી...
વચને થાયને વચને ઉપાય પાનબાઈ, વચને મંડાય જોને પાઠ
વચનનાં પૂરો તે તો નહિ રે અધૂરા વચનનો લ્હાવો જોને ઠાઠ.... વચન વિવેકી...
ભાઈ રે મેદાનમાં હવે મામલો મચાવો પાનબાઈ ભજન કરો ભરપૂર
ગંગા રે સતી એમ બોલિયો, વરસાવો નિર્મળ નીર.... વચન વિવેકી...

***********

२८५ ॥ પ્રાર્થના ॥

અબ સોંપ દિયા ઈસ જીવનકા સબ ભાર તુમ્હારે હાથોમેં
હૈ જીત તુમ્હારે હાથોમેં ઔર હાર તુમ્હારે હાથોમેં
મેરા નિશ્ચય બસ અબ એક યહી
એકબાર તુમ્હેં પા જાઉ મેં
અર્પણ કર દું દુનિયાભરકા સબ પ્યાર તુમ્હારે હાથોમેં
જો જગમેં રહું તો એસૈ રહું
જૈસે જલમેં કમલકા ફૂલ રહેં
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો કરતાર તુમ્હારે હાથોમેં
યદિ માનવકા મુઝે જન્મ મિલે
તે તવ ચરણોંકા પૂજારી બનું
ઈસ પૂજક કી એક એક રગ કા હો તાર તુમ્હારે હાથોમેં
જબ જબ સંસાર કા કૈદી બનું
નિષ્કામ ભાવસે કર્મ કરું
ફિર અંત સમયમેં પ્રાણ તજું, ભગવાન તુમ્હારે હાથોમેં
મુજમેં તુજમેં બસ ભેદ યહી
મૈં માનવ હું તમ મોહન હો
મૈં હું સંસાર કે હાથોમેં, સંસાર તુમ્હારે હાથોમેં

***********

૨૮૬

## ॥ અપરંપાર પ્રભુ અવગુણ મારા ॥

અપરંપાર અવગુણ મારા માફ કરોને મોરારી રે....
એ... દયા ધરમમાં કંઈ નથી જાણ્યું અધર્મનો અધિકારી...
પાપી પૂરો હું જૂઠા બોલો (૨) બહું નિરખું પરનારી રે... અપરંપાર....
એ... સાધુ દુભવ્યા બ્રાહ્મણ દુભવ્યા ભકત દુભવ્યા બહું ભારી રે..
માતા પિતા બેનીને દુભવ્યા (૨) દીધી ગરીબને ગાળી રે... અપરંપાર....
એ... ભજન થાય ત્યાં નિંદ્રા આવે પરનિંદા લાગે પ્યારી રે,
વિષય રસમાં આનંદ માનું (૨) બહું માનું હોંશિયારી રે... અપરંપાર....
એ... સંસાર સાગર મહાજળ ભરીયો, ભરીયો સઘળે ભારી રે,
તુલસીદાસ પ્રભુ ગરીબની વિનંતિ હવે લેજો ઉગારી રે... અપરંપાર....

***********

૨૮૭

## ॥ માતા જશોદા કાનુડાને મેલો ॥

માતા જશોદા કાનુડાને મેલો મહીંડા વલોવવા મારા રે... માતા...
સાસુ અમારા ગામ સીધાવ્યા (૨) નણંદી પણ રિસાણી રે..
એરે કારણિયે હું તો તેડવા આવી આશરો તમારો જાણી રે... માતા...
મહીંડાની ગોરી મારી મથ મથ ભરી, પાવલું ન માયે પાણી રે..
હું નાનીને મારું વલોણું ભારી, નવ શકું નેતરા તાણી રે... માતા...
એક કોર ઊભો કાનજી કાળો (૨) બીજી ગોવાલણ ગોરી રે..
ઝાંઝર ઝણકે ને ચૂડીઓ ખણકે વલોવવા વાળ વેરી રે... માતા...
મહીંડાની ગત ઓલ્યો માવો જાણે, માખણ અદ કેરા આણે રે,
ભલે મળ્યા મે'તા નરસૈયાના સ્વામી ગોપી આનંદ અતિ પામી રે. માતા...

***********

૨૮૮ ॥ ભોળી રે ભરવાડણ હરિને વેચવાને હાલી રે ॥

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને હાલી રે... ભોળી રે...
શેરીએ શેરીએ સાદ પાડે છે, કોઈને લેવા મોરારી રે...
ચૌદ ભુવનના નાથને વેચે ચૌટા વચ્ચે જોને નારી રે... ભોળી રે...
બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા કૌતુક ઊભા પેખે રે...
ચૌદ લોકમાં નમાય તેને મટુકીમાં બેઠા દેખે રે... ભોળી રે...
ભકતજનોનાં ભાગ્યે વ્રજમાં પ્રગટયા અંતરયામી રે...
દાસ લડાને લાડ લડાવે નરસૈંયાનો સ્વામી રે... ભોળી રે...

***********

૨૮૯ ॥ એજી તારા આંગણિયા પૂછીને જે કોઇ આવે રે ॥

એજી તારા આંગણિયા પૂછીને જે કોઈ આવે રે
આવકારો મીઠડો આપજે રે જી....
એજી તારા કાને સંકટ કોઈ સંભળાવે બને તો થોડું કાપજે રે જી....
માનવીની પાસે કોઈ માનવી જ આવે રે (૨)
એજી તારા દિવસની પાસે દુઃખીયો આવે રે બને તો થોડું કાપજે રે જી...
કે'મ તમે આવ્યા છો ? એવું નવ કે'જે રે (૨)
એજી એને ધીરે ધીરે બોલવા તું દેજે રે આવકારો મીઠો આપજે રે જી...
વાત એની સાંભળીને આડું નવ જોતો રે (૨)
એજી એને માથું રે હલાવીને હોંકારો દેજે રે આવકારો મીઠો આપજે રે જી....
"કાગ" એને પાણી પાજે સાથે બેસી ખાજે રે (૨)
એજી એને ઝાંપા રે સુધી તું મૂકવાને જાજે રે આવકારો મીઠો આપજે રે જી....

***********

## ૨૯૦ ॥ જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા ॥

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમા કોણ જાશે ?
ત્રણસે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?
દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં, કઢિયલાં દૂધ તે કોણ પીશે ?
હરી તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે, ડૂબતા બાંહેડી કોણ સહાશે ?

***********

## ૨૯૧ ॥ રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી ॥

રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરી એક તું એક તું એમ કહેવું... રાત..
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા,
વેદિયા હોય તેણે વેદ વિચારવા,વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.. રાત..
સુકવિ હોત તેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું,
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.... રાત..
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી,
નરસૈંયાના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.. રાત..

***********

## ૨૯૨ ॥ વા વાયાને વાદળ ઉમટયા ॥

વા વાયાને વાદળ ઉમટયા,
ગોકુળમાં ટહુકયા મોર, મળવા આવો સુંદરવર શામળિયા
તમે મળવાને ના આવો શા માટે ?
ન આવો તો નંદજીની આણ મળવા આવો..................
તમે ગોકુળમાં ધેનુ ચારતા,
તમે ગોપીઓના માખણના ચોર મળવા આવો..............
તમે વ્રજમાં વાંસળી વાંજતા,
તમે ગોપીઓના ચિત્તડાના ચોર મળવા આવો..............
મહેતા નરસૈંયના સ્વામી શામળિયા,
અમને તેડી રમાડયા રાસ મળવા આવો.....................

***********

## ૨૯૩ ॥ કોણે તને શામળો કીધો રે ॥

કોણે તને શામળો કીધો રે ગોવાળિયા, કોણે તને શામળો કીધો રે ?
કોણે તને કામળો દીધો રે શામળિયા, કોણે તને કામળો દીધો રે ?
મથુરામાં તે જન્મ જ લીધો,
ગોકુળમાં જઈ વાસો કીધો રે, ગોવાળિયા.......... કોણે તને....
દેવકીજીએ જન્મ જ દીધો,
જશોદાના ખોળે જઈ બેઠો રે, ગોવાળિયા.......... કોણે તને....
માથે મુગુટ ને કાનોમાં કુંડળ,
મુખ પર મોરલી ધરી રે, ગોવાળિયા............... કોણે તને....
શરદપૂનમનો રાસ રચ્યો છે,
સોળસે ગોપીમાં એક કાનો રે, ગોવાળિયા.......... કોણે તને....
વૃન્દાવનમાં ધેનુ ચરાવે,
મહીંના દાણ લેતો દીઠો રે, ગોવાળિયા............ કોણે તને....
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણકમળ બલિહારી રે, ગોવાળિયા............... કોણે તને....

***********

૨૯૪

## ॥ આઠ કૂવાને નવ વાવડી રે ॥

આઠ કૂવાને નવ વાલડી રે લોલ.
સોળસે પનિહારીની હાર મારા વ્હાલા,
હવે નહીં જાઉં મહીં વેચવા રે લોલ.
સોના તે કેરું મારું બેડલું રે લોલ,
ઈંઢોંણી રત્ન જડાવું મારા વ્હાલા.........
કેડ મરડીને ઘડો મેં ભર્યો રે લોલ,
ભાઈ મારો ઘડુલો ચઢાવ મારા વ્હાલા...
હું તને ઘડુલો ચઢાવું રે લોલ,
થાય મારા ઘર કેરી નારા મારા વ્હાલા...
તુજ સરીખા ગોવાળિયા રે લોલ,
તે તો મારા બાપના ગુલામ મારા વ્હાલા...
તુજ સરીખી ગોવાલણી રે લોલ,
તે તો મારા પગની પેંજાર મારા વ્હાલા...
દયાના પ્રીતમ પ્રભુ પાતળા રે લોલ,
તે તો મારા પ્રાણના આધાર મારા વ્હાલા...

***********

૨૯૫

## ॥ નંદના કુંવર મારું બેડલું ચઢાવજે ॥

નંદના કુંવર મારું બેડલું ચઢાવજે,
જાઉં છે ઝટ મારે ઘેર... નંદના કુંવર...
હૈયાનો હાર લઈ આવી છું કયારની,
બંસીનો નાદ સુણાવ્યો છે ત્યારની,
પારણીયામાં મૂકયા નાના બાળ.........
ભારે છે બેડું મારું વારી લેવાયના,
તમો વિના તો બીજા કોઈને કહેવાયના,
મારે છે પૂરવની પ્રીત....................
જાતાં જો વાર પ્રભુ મુજને જો લાગશે,
સાસુ નણંદ મને ઘર બહાર કાઢશે,
કપરો છે ઘરનો ભરથાર................
ધીરે ચઢાવજો જો જો છલકાયના,
શંકરના સ્વામી મારી ચૂંદડી ભીંજાય ના,
ચૂંદડી છે રંગ નવરંગ..................

## ।। દાણ લીલા ।।

રાધાઃ પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને જાવા દો
આવતા આપીશ દાણ તમારું, મહીં મારું વેચવા દો મારગડે જાવા દો
શ્રીકૃષ્ણઃ વેચંતા તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી,
મહીં ગોરસનું દાણ જ દેને, વહેલી થાને વ્રજનારી સાંભળ રાધે પ્યારી
રાધાઃ નારી કહીને ના બોલાવીશ, છાનો રહેને છોગાળા,
કઠણ રાજ છે કંસરાયનું, ગૌ ચારંતા ગોવાળા સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ હું ગોવાળિયો તું ગોવાલણ, ફરી ગમે તો આવજે,
કંસ સરીખા સો એક માતા, સાથે તેડી લાવજે સાંભળ રાધે....
રાધાઃ તેડી લાવું દો મને જાવા દો, રોકી રહ્યા શીદ વ્રજનારી,
રઘુ તે નાથના સ્વામી શામળિયા, ઘેલા દીસો ગિરધારી સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ ઘેલો છું પણ દાણ ન મૂકું, દોકલડો એક ઓછો,
ગિરધારીએ ગોકુળ વસાવ્યું, ઈન્દ્ર કરતાં હું કૃષ્ણ મોટો સાંભળ રાધે...
રાધાઃ મોટો છું ત્યારે મથુરા મૂકી અડધી રાતે શીદ આવ્યો,
પરઘેર રહીને પેટ ભરતો, તને દાણી કોણે કહાવ્યો સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ વાંકુ બોલી વાર કરે છે, કહે તો હૈયાનો હાર તોડું,
દાણ દહીંનું દે એ અબળા, નહીં તો માથાનું માટ ફોડું સાંભળ....
રાધાઃ હાર નહીં તૂટે માટ ન ફૂટે, ન્યાય નગરમાં પૂછાશે,
રઘુનાથના સ્વામી શામળિયા, ગોકુળમાં કેમ રહેવાશે સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ ગોકુળ રહો કે જાઓ અત્યારે, દાણ દહીંનું નહીં મેલું,
ચીર હર્યા તે ગયા છો વીસરી, કામિની કારણ પેલું સાંભળ....
રાધાઃ નંદ તણે ઘેર નવલખ ગાયો, નોતું તે ધન ફાવ્યું છે,
માતા તારી મહીં વેચતી, હમણાં તો રાજ આવ્યું છે સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ હમણાં હમણાં કરતી રહેજે, મહેણાં દેતી મહિયારી,
ધૂતપણામાં તું છે ધૂતારી, ઠગપણામાં ઠગારી સાંભળ....
રાધાઃ તું રે ઠગારો તારી માનો પાળેલો, તારી માને મહેણા દેવરાવે,
રઘુ તે નાથના સ્વામી શામળિયા, ઝાઝું તે શું કહેવરાવે સુંદીરવર શામળિયા
શ્રીકૃષ્ણઃ કહયા પ્રમાણે કરતી નથી, પણ તું મોઢું નથી રાખતી,
અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી સાંભળ....
રાધાઃ ઓળખું છું તું આવ્યો નાસી, મહા-વનમાં તું છાનો છે,
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો સુંદીરવર શામળિયા

શ્રીકૃષ્ણ: માતા જશોદા બડાબડ ભાગી, તેના છીએ અમે અધિકારી,
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુળવાસીએ ગાય ચારી સાંભળ....
રાધા: ગૌ ચારી ગોપી ઘેર વળતાં, અમને તો તમે ઉધ્ધાર્યા,
રઘુ તે નાથના સ્વામી શામળિયા, તમે જીત્યાને અમે હાર્યા સુંદીરવર શામળિયા.

************

૨૯૭ **॥ મારે માથે મહીંની મટકી રાજ ॥**

મારે માથે મહીંની મટકી રાજ, મને મારગડે જાવા દો,
નહીં કરશો જોરા જોરી રાજ, મને મારગડે જાવા દો.
જોર કરતાં (૨) જાશો છટકી રાજ, મને મારગડે જાવા દો.
તમે કિયા મુલકના દાણી રાજ, મને મારગડે જાવા દો.
અમે ગોકુળ (૨) ગામના દાણી રાજ, તને મારગ નહીં જાવા દઉં
દાણ દીધાં વિના ના જાશો રાજ, મને મારગડે જાવા દો.
આ તો ચોરી (૨) પરશીર જોરી રાજ, મને મારગડે જાવા દો.

***********

૨૯૮ **॥ છોડી દે છેડલો નંદ દુલારા ॥**

રાગ - આધા હૈ ચંદ્રમા રાત...નવરંગ

છોડી દે છેડલો નંદ દુલારા (૨)
શાને કરે શ્યામ આવા ચેનચાળા, મોહન મોરલીવાળા... છોડી દે છેડલો હો
ઢોળાશે મહીંડાના માટ મારા (૨) શાને કરે શ્યામ આવા ચેનચાળા મોહન...
હો................ તને સ્હેજે શરમ નહીં આવે, રોજ મારગમાં મુજને સતાવે,
થાશે લોકોમાં વાત, થાશે મનમાં ગભરાટ
મારો છેડો મૂકો તમે કાનકાળા, મોહન મોરલીવાળા... છોડી દે છેડલો હો
હો......... શ્યામ આવી તે ટેવ નહીં સારી, એમાં હલકાઈ બહાર પડે તારી,
ઝાઝું કરશો ના જોર, બની માખણના ચોર,
નહિતર કન્યા ન આપે કોઈ ગામવાળા, મોહન મોરલીવાળા... છોડી દે છેડલો હો
હો.................. વાત વધશે તો ઝઘડો થાશે, માર મારા તે હાથનો ખાશે,
હું છું આહીરની નાર, માટે કરજે વિચાર.
બિંદુ સાંખે ના આજ તોફાન તારા, મોહન મોરલીવાળા... છોડી દે છેડલો હો

૨૯૯ ॥ મથુરામાં ખેલ ખેલી આવ્યાં ॥

મથુરામાં ખેલ ખેલી આવ્યાં, હો કાન કયાં રમી આવ્યા
પગનાં તે ઝાંઝર કયાં મૂકી આવ્યા,
સાંકળા તે કોના ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.
માથાનો મુગટ કયાં મૂકી આવ્યા,
વેણી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.
પીળા પીતાંબર કયાં મૂકી આવ્યા,
સાડી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.
કાનનાં કુંડળ કયાં મૂકી આવ્યા,
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.
તમારું હૈયું કયાં મૂકી આવ્યા,
સુધબુધ તે કોના ચોરી લાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.
નરસિંહ મહેતાના સ્વામી શામળિયા,
ભાવે તે ભકતોને ભાવ્યા, હો કાન કયાં રમી આવ્યા.

***********

300 ॥ અમે મહિયારા ॥

અમે મહિયારા રે ગોકુળ ગામના
એ જી... મારે મહીં વેચવાને જાવાં મહિયારા રે ગોકુળ ગામના...
મથુરાની વાટ મહીં વેચવાને નિસરી
નટખટ એ નંદ કિશોર માગે છે દાણ જી,
એ જી.................... મારે દાણ લેવા ને દેવાં, મહિયારા રે...
માડી જશોદાજી કાનજીને વારજો,
દુઃખડા દીયે હજાર નંદજીનો લાલો,
એ જી.................... મારે દુખ સહેવા ને કહેવા, મહિયારા....
યમુનાને કાંઠે કહાન વાંસળી વગાડતો,
ભૂલાવે ભાન સાન, ઊંઘથી જગાડતો,
એ જી........................ મારે ઝટ જાગીને જોવું, મહિયારા.....
મહેતા નરસૈંયાનો સ્વામી લાડલો કાનજી,
ઉતારે આતમના ભાર ભવ ભવના જી,
એ જી.................... નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારા....

***********

## ॥ કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી ॥

કૈસે આવું રે કનૈયા તેરી ગોકુલ નગરી, બડી દૂર નગરી
દૂર નગરી રે વ્હાલા દૂર નગરી
જલ્દી જલ્દી ચાલુ કાના સાંસ ન માયે
ધીરે ધીરે પ્યારા ચાલું લાગે કંકરી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
જમુના જળ ઉતરું તો પાયલ મેરી ભીંજે,
કૂદ પડું તો ભીગી જાઉ સઘળી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
જશોદાનો લાલો વ્હાલો કૃષ્ણ કનૈયો,
મીઠી મીઠી બાજે તેરી વાસંલડી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
સખી સંગ આવું કાના શરમ મોહે લાગે,
અકેલી આવું તો ભૂલ જાઉ નગરી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
શરદ પૂનમની અજવાળી રાતે,
રાસ રમાડયા અમને ફરી રે ફરી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
રાત કો આવું તો કાના જિયા ગભરાતા,
દિનકો આવું તો દેખે સારી નગરી બડી દૂર નગરી.... કૈસે આવું રે...
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર,
તેરે ચરણમેં શીશ નમાવું રે હરિ બડી દૂર નગરી.... કૈસે આવું રે...

***********


નટખટ છે તું નટનો નાગર વાતો કરતી વૃજનારી
તું કાળો ને રાધા ગોરી તોયે જોડ મળે તારી

## ૩૦૨ ॥ બાલુડા આવ્યા છે સર્વે સાથ ॥

બાલુડા આવ્યા છે સર્વે સાથ હાથમાં થાળી પૂંજનની
પ્રેમે પૂજવા છે ગણપતિ નાથ હાથમાં થાળી પૂંજનની
માતા રે જેના પાર્વતીને,
પિતા છે ભોળા નાથ હાથમાં થાળી............
પૂજન આરતી થાયે ગણેશની,
પ્રેમે ચઢાવું ફૂલ હાર હાથમાં થાળી............
અબિલ સિંદુરની સેવા કરાવું,
કંઠે આરોપું પુષ્પોની માળ હાથમાં થાળી.......
કપૂર ઘીની આરતી ઉતારું,
પ્રેમે પૂજવા છે ગણપતિ નાથ હાથમાં થાળી....
સર્વે સંગાથે ગણેશ ગુણ ગાઓ,
ભજતાં અંતરમાં દીનાનાથ હાથમાં થાળી.......

***********

## 303 ॥ રાખો હમારી લાજ વિઘનહાર રાખો હમારી લાજ ॥

રાખો હમારી લાજ વિઘનહાર રાખો હમારી લાજ,
સમરું સભામાં આજ વિઘનહાર રાખો હમારી લાજ....
માતા રે જેના પાર્વતીને (૨)
પિતા છે શંકર દેવ વિઘનહાર રાખો હમારી લાજ....
દુંદાળો દુઃખ ભંજનો રે (૨)
કરીએ તમારી સેવા વિઘનહાર રાખો હમારી લાજ.....
વિઘનહરણ સ્વામી દુંદાળા (૨)
રાખો ચરણની પાસ વિઘનહાર રાખો હમારી લાજ....
શકિત મંડળની અરજ સુણજો (૨)
દેવા દર્શન આજ વિઘનહાર રાખો હમારી લાજ.......

***********

304

## ॥ તમે ચાલો સૌ નર ને નાર ॥

તમે ચાલો સૌ નર ને નાર, પૂજન કરવાને,
ચાલો જઈએ ગણેશને દ્વાર, પૂજન કરવાને,
લેજો અબીલ ગુલાલને પુષ્પો ભરી, સહુ અંતરમાં ઉમંગ ધરી
લીધો કરમા કંચનનો થાળ........... પૂજન કરવાને....
તેને નમે છે મોટા મહિપતિ, એવા વિઘનહરણ છે ગણપતિ,
જાણે જોગી જતીનો ઉતાર........... પૂજન કરવાને....
છે મહાદેવ સરખા જેના પિતા, જેને નમે છે વેદ અને ગીતા
કહે શબ્દ તણાં રચનાર.............. પૂજન કરવાને....
જેને હાથે ત્રિશુળ તારણહારું, બીજા હાથે કમળ મન હરનારું
સહુ દેવો કરે નમસ્કાર............... પૂજન કરવાને....
છે ત્રીજા હાથે શંખ શોભતો, વળી મસ્તકે મુગટ ઓપતો,
લીધી ચોથા હાથે જપમાળ........... પૂજન કરવાને....
નમો ભગવત વિઘન વિનાયકને, એવા શાંતિ રે દાસ સહાયકને,
ચાલો "શકિત" મંડળના બાળ........ પૂજન કરવાને....

***********

305

## ॥ આશાપુરી ગરબો ગાઇ ॥

આશાપુરી ગરબો ગાય, હૈયે હરખ ન માય,
ઝગમગ દીવો જલે છે માના ગોખમાં
ખેલે ખેલે રે ભવાની માના ચોકમાં..............
નવ નોરતાંની રાત, માનો માટલીએ છે વાસ,
એનું નામ ગાજે છે ત્રણે લોકમાં, ખેલે ખેલે......
આકાશેથી માતા આવે, સર્વે દેવોને મન ભાવે,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ઊભા સાથમાં, ખેલે ખેલે....
ચોસઠ જોગણીઓ આવે, ગરબો પ્રેમથી ગવાયે,
અંબા જુએને મન હરખાય રે, ખેલે ખેલે.........
અંબા માતા છે રે એક, એના નામો છે અનેક,
એનો જય જય બોલાયે ત્રણે લોકમાં ખેલે ખેલે..
શકિત મંડળ ગુણલા ગાઈ, તું તો જોઈને હરખાય,
તારી અકળ લીલાનો આવે પાર ના ખેલે ખેલે...

306 ॥ કયારે આવે નોરતા હું જોતી તી વાટ રે ॥

કયારે આવે નોરતા હું જોતી તી વાટ રે,
આવ્યા માના નોરતા, મારી અંબે માના નોરતા
પ્રજાપતિએ ઘડયા રુડા માટલીઓના ઘાટ રે,
બ્રહ્મા મંત્ર ભણે માંડવડે વિષ્ણુ શંખ બજાવે,
ડમરું લઈ શિવ શંકર નાચે, ત્રિભુવન ડોલી જાય રે, આવ્યા માના....
ઋષિ મુનિ તારી કરે આરતી,
ગુણીજન ગુણલા ગાયે,
જેવી જેની શ્રધ્ધા તેને, દર્શન તેવા થાય રે, આવ્યા માના.........

***********

307 ॥ રૂડા ગરબે રમે છે માતા અંબિકા રે ॥

રૂડા ગરબે રમે છે માતા અંબિકા રે..
ત્યાં તો વાગે છે ઘૂઘરીના ઘમકા રે.... રૂડા ગરબે...
ગરબો જોવાને ગજાનન આવ્યા રે,
સાથે રિધ્ધિ સિધ્ધિને તેડી લાવ્યા રે.. રૂડા ગરબે...
ગરબો જોવાને શંકર આવ્યા રે,
સાથે પાર્વતીને તેડી લાવ્યા રે.... રૂડા ગરબે...
ગરબો જોવાને ઈન્દ્ર આવ્યા રે,
સાથે ઈન્દ્રાણીને તેડી લાવ્યા રે.... રૂડા ગરબે...
આકાશેથી સૂરજ જોવા આવ્યા રે,
સાથે રાણી રન્નાદેને લાવ્યા રે.... રૂડા ગરબે...
વૈકુંઠથી વિષ્ણુ જોવા આવ્યા રે,
સાથે રાણી લક્ષ્મીજીને લાવ્યા રે.... રૂડા ગરબે...

***********

308 ॥ ગરબે રમવા ચાલ્યા અંબે મા ॥

ગરબે રમવા ચાલ્યા અંબે મા, ગરબે રમવા ચાલ્યા રે લોલ
ખેડ બ્રહ્માથી નીકળ્યા અંબે મા, શંખલપુરમાં આવ્યા રે લોલ
બહુચર માને સંગે લાવ્યા અંબે મા (૨) લોલ
શંખલપુરથી નીકળ્યા અંબે મા, પાવાગઢમાં આવ્યા રે લોલ
મહાકાળીને તેડી લાવ્યા અંબે મા (૨) લોલ
પાવાગઢથી નીકળ્યા અંબે મા, કોલ્હાપુરમાં આવ્યા રે લોલ
મહાલક્ષ્મીને તેડી લાવ્યા અંબે મા (૨) લોલ
કોલ્હાપુરથી નીકળ્યા અંબે મા, મુંબઈ શહેરમાં આવ્યા રે લોલ
મમ્બાદેવીને સાથે લાવ્યા અંબે મા (૨) લોલ
મુંબઈ શહેરથી નીકળ્યા અંબે મા, આરાસુરમાં આવ્યા રે લોલ
સર્વે સખીને તેડી લાવ્યા અંબે મા (૨) લોલ
ચાચર ચોકમાં આવ્યા અંબે મા, આનંદે ગરબા ગવડાવ્યા રે લોલ
જેકીશન ને મન ભાવ્યા અંબે મા (૨) લોલ

***********

309 ॥ મહાકાળી મહાકાળી ॥

રાગ - સાયોનારા સાયોનારા... લવ ઈન ટોકિયો

મહાકાળી મહાકાળી દીન દયાળુ મહાકાળી
જય જય પાવાગઢવાળી, ભારતની કર રખવાળી....
શકિત રૂપે વસ્યા અનેક ધામ કણ કણમાં છે તારો વાસ
માતા તારા અનેક નામ, કરવા ભકતો કેરા કામ....
કોઈ કહે છે તને લક્ષ્મી મા, કોઈ કહે છે બહુચર મા,
કોઈ કહે છે મા આરાસુરી, ભારતની કર રખવાળી......
કયા નામે તને પુકારું, નિત્ય હું તમને સંભારુ,
છોડીને તું ના જા ચાલી, ભારતની કર રખવાળી.........
દર્શન કરવા ઝુરી મરું, આજ તમોને અરજ કરું,
દર્શન દેજો મહાકાળી, તુજ દર્શનની બલિહારી...........
ઠાકોરદાસ કહે કરજોડી, માતા મને બુધ્ધિ થોડી,
શકિત મંડળની છે માતા, બાળકને તું અતિ વ્હાલી.......

***********

३१० ॥ વસ્યા અંબે મા રે ॥

રાગ - અમે મહિયારા રે ગોકુળ ગામના...

વસ્યા અંબે મા રે, આરા તે સુરમાં,
હારે.................. તમે ભકતોને કરતા સહાયે.... અંબે મા રે.........
પ્રેમે તમારું પૂજન કરતાં, દર્શન કાજે મા તમને કરગરતા,
હારે.................. તને લળી લળી લાગુ પાયે.... અંબે મા રે..........
તાજા તે ફૂલડાંની માળા બનાવે, શ્રીફળ ઘીના દીવા તુજને ચઢાવે,
હારે.................. સહુ પ્રેમે તમારા ગુણ ગાયે.... અંબે મા રે........
માન સરોવર માજીને શોભતા, જોઈ ભકતોના મનડા રે લોભતા,
હારે.................. તેમાં ન્હાવાથી પાવન થાયે.... અંબે મા રે.........
ગબ્બરે ચઢતાં સહુ પ્રેમ કરીને, દિલમાં તમારું ધ્યાન ધરીને,
હારે.................. ત્યાં તો સોનાની રજકણ દેખાયે.... અંબે મા રે...
કોટેશ્વર ભકતો ન્હાવાને જાતા, ન્હાતા કરતાં મા ગુણ તારા ગાતા,
હારે.................. સહુની નિર્મળ કરજો કાયા.... અંબે મા રે.........
દાસ ઠાકોરની બુધ્ધિ છે થોડી, પાયે પડું મા તમને કર જોડી,
હારે.................. ગુણ શકિત મંડળ તારા ગાયે.... અંબે મા રે......

***********

३११ ॥ સાથિયા પૂરાવો દ્વારે ॥

સાથિયા પુરાવો દ્વારે, દિવડા પ્રગટાવો દ્વારે
આજ મારે આંગણે પધારજો મા અંબાજી
માતાજીની આરતી અમે પ્રેમથી ઉતારીશું
આરતી ઉતારીશું ને હીરા મોતી વારીશું
રિધ્ધિ સિધ્ધિ દેજે માડી, પૂરા કરજે મનના કોડ....
વાંઝિયાનું મેણું ટાળ્યું, રમવા રાજકુમાર રે ખોળનો ખુંદનાર દે....
કુંવારી કન્યાને માડી મન ગમતો વર આપજે મા પ્રીતમજી નો પ્યાર દે,
નિર્ધન ને ધન ધાન્ય આપો, રાખો માડી સહુની લાજ આજ મારે.....
કુમ કુમ પગલા ભરશે માડી જનમ જનમની
પીડા હરશે જગદંબા આરાસુરીવાળી
દઈ દઈ તાળી ગાવો આજ વાજીંત્રો વગડાવો આજ આજ મારે.......

***********

## ॥ માડી તારા નામો છે હજાર ॥

માડી તારા નામો છે હજાર, કયા નામે લખવી કંકોત્રી
રોજ રોજ બદલે મુકામ, કયા નામે લખવી કંકોત્રી
અંબિકા નામ ધરી આરાસુર ગાજતાં
શંખલપુર બહુચર કહેવાય.............. કયા નામે....
મહાકાળી નામ ધરી પાવાગઢે ગાજતાં
દક્ષિણમાં તુળજા કહેવાય................ કયા નામે....
કોટેશ્વર ગામમાં સરસ્વતી માવડી,
કેદાર ગંગામા કહેવાય................... કયા નામે....
હિમાલયે મા પાર્વતી ગાજતાં
કલકત્તા કાળી કહેવાય.................... કયા નામે....
રાજેશ્વર ધામમાં ભદ્રકાળી ગાજતાં
મંમાયા મુંબઈ કહેવાય.................... કયા નામે....
ખોશિલવાડમાં ખોશિયલ ગાજતાં
મહાલક્ષ્મી દહેણું કહેવાય................ કયા નામે....
સર્વે માજી એક શકિત સ્વરૂપ છે,
બ્હેનો લખે છે દિનરાત................... કયા નામે....

***********

૩૧૩

## ॥ માનો ગરબો રે ॥

માનો ગરબો રે રમે રાજ ને દરબાર
રમતો ભમતો રે આવ્યો સુથારીને ઘેર,
અલી સુથારીની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડા બાજઠ લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો કુંભારીને ઘેર,
અલી કુંભારીની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડી માટલીઓ લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો માળીડાના ઘેર,
અલી માળીડાની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડા ગજરાઓ લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો ગાંધીડાને ઘેર,
અલી ગાંધીડાની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડા શ્રીફળ લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો પિંજારાને ઘેર,
અલી પિંજારાની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડી દિવેટો લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો ઘાંચીડાને ઘેર,
અલ્યા ઘાંચીડાની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે સુંદર દિવેલ લઈ આવ....
રમતો ભમતો રે આવ્યો સરૈયાને ઘેર,
અલી સરૈયાની નાર, તું તો સુતી હોય તો જાગ
માના ગરબે રે રૂડા કંકુડા લઈ આવ....

***********

૩૧૪ ॥ લાગી લાગી રે લગન માના નામની ॥

રાગ - યે કહાની હે દીયેકી ઔર તુફાનકી

લાગી લાગી રે લગન માના નામની
હું તો માળા રે જપું છું માના નામની
મેં તો મૂર્તિ માની જોઈ, મારું મન ગયું મોહી,
મારી આંખની ખુમારી માના ધ્યાનમાં.....
હું તો બની રે દિવાની, એની ભકિતમાં મસ્તાની,
મૂર્તિ જોતી હતી રે, અંબે માતની.....
મારા મનડાનું એ મોતી, એને ધારી ધારી જોતી.
એને જોતા ન ધરાતી મારી આંખડી......
શકિત મંડળ માને તારી, સાચી એ છે એ કમાણી,
તરી જાશે રે જીવન કેરી નાવડીં.....

***********

૩૧૫ ॥ માના માથે સોનાનું બેડલું રે લોલ ॥

માના માથે સોનાનું બેડલું રે લોલ
માએ સજયા છે સોળે શણગાર રે (૨) માના....
માને બાંયે બાજુ બંધ બેરખા રે લોલ,
માની ઓઢણીઓ રત્નજડિત રે (૨) માના....
માની અમી ભરેલી આંખડી રે લોલ,
માએ મુખે ભર્યા તંબોળ રે (૨) માના....
માએ શણગાર સજયા છે ભલી ભાતના રે લોલ,
મા તું પાવાની પટરાણી રે (૨) માના....
મા તું ભકતો તણી રખવાળી રે લોલ,
તારા બાલુડા જુએ તારી વાટ રે (૨) માના....
માને કરજોડી મંડળ વિનવે રે લોલ,
માજી ગરબા મંડળનો રાખો રંગ રે (૨) માના....
માજી આનંદ અનેરો દાખવે રે લોલ,
માનો ગરબો પૂરણ થાય રે (૨) માના....

***********

316 ॥ તું કાળી ને કલ્યાણી રે ॥

તું કાળી ને કલ્યાણી રે મા, જયાં જોઉં ત્યાં જોગ માયા
તને પહેલા તે જુગમાં જાણી રે મા જયાં જોઉં.....
તું શંભુ ઘેર પટરાણી રે મા.................................
તેં ભસ્મા સુરને માર્યો રે મા...............................
તને બીજા તે જુગમાં જાણી રે મા.........................
તું હરિશ્ચંદ્ર ઘેર પટરાણી રે મા...........................
તું સત્યને કારણે વેચાણી રે મા...........................
તને ત્રીજા તે જુગમાં જાણી રે મા.........................
તું રામચંદ્ર ઘેર પટરાણી રે મા...........................
તું રાવણને હણનારી રે મા..................................
તને ચોથા તે જુગમાં જાણી રે મા.........................
તું પાંડવ ઘેર પટરાણી રે મા...............................
તું કૌરવને હણનારી રે મા..................................
મા ભકતોની અરજી સાંભળો રે મા.......................
માડી આ ભવ પાર ઉતારો રે મા..........................

***********

317 ॥ શ્રાધ્ધ પૂરા થાય નવરાત આવી જાય ॥

રાગ : રામ તમે આવો ઘનશ્યામ તમે આવો

શ્રાધ્ધ પૂરા થાય નવરાત આવી જાય
આજ અંબે મૈયા તારા ગુણલા ગવાય
હું તો શેરીમાં પાણી છંટાવું, મારા આંગણીએ પુષ્પો વેરાવું,
માડી આવોને આજ, મારા કરવાને કાજ.... માડી અંબેમા....
હું તો મોતીડે ચોક પૂરાવું, આસો પાલવના તોરણ બંધાવું,
મારી બહુચરવાળી, સાથે ગબ્બરવાળી...... માડી અંબેમા....
કંકુ કેશરના સાથિયા પૂરાવું, મા તારા તે દીપ જલાવું,
દીન દયાળી આજ, મહાકાળીની સાથ....... માડી અંબેમા....
ગબ્બર ગોખેથી પગલાઓ ભરતી, ધીમે ધીમે અંબેમા ઉતરતી,
આવો સંતોષી મા, લાવે ખોડિયાર મા....... માડી અંબેમા....
ચોસઠ બેનીની સંગે આવો, આવી રાસ અનેરો જમાવો,
આવો આશાપુરી સાથ, હું તો જોઉં તારી વાટ.... માડી અંબેમા.

************

## ॥ શંખલપુર સોહામણું રે ॥

શંખલપુર સોહામણું રે
આરાસુરી તે માનું ધામ મારી બહુચરા....
ગાંધીડો આવે મલપતો રે,
જોઈતા શ્રીફળ લાવે મારી બહુચરા........
કુંભારી આવે મલપતો રે,
જોઈતા ગરબા લાવે મારી બહુચરા........
સુથારી આવે મલપતો રે,
જોઈતા બાજઠ લાવે મારી બહુચરા........
માળીડો આવે મલપતો રે,
જોઈતા ગજરા લાવે મારી બહુચરા........
સોનીડો આવે મલપતો રે,
સોનાના સાંકળા લાવે મારી બહુચરા......
કાપડિયો આવે મલપતો રે,
રંગબેરંગી ચૂંદડીઓ લાવે મારી બહુચરા..
પહેરો અંબેમા પાટળા રે,
આ છે સોનાના સાંકળા રે,
ઉડે છે અબીલ ગુલાલ મારી બહુચરા....

***********

૩૧૯ ॥ સહુ કોઇ પીયરમાં જાય મહાદેવજી

| | |
|---|---|
| પાર્વતીઃ | સહુ કોઈ પિયરમાં જાય મહાદેવજી (૨) રે<br>એ... મને પિયર જવાની ઘણી હોંશ છે..... |
| શંકરઃ | વદાળ કરતાં જાવ પાર્વતી (૨) રે<br>એ... તમે કેટલાં દિવસે પાછા આવશો.......... |
| કવિ : | જેટલા આ પીપળાના પાન મહાદેવજી (૨) રે<br>એ... અમે એટલા દિવસે પાછા આવીશું......... |
| શંકરઃ | રથ કર્યો તૈયાર મહાદેવજીએ (૨) રે<br>એ... એવા પાર્વતી પિયર જવા નિસર્યા........... |
| પાર્વતીઃ | વિત્યા દિવસ થયા માસને વળી થઈ ગયા છ માસ રે<br>તોયે પાર્વતી પાછા ન આવ્યા...................... |
| શંકરઃ | લીધો મોચીડાનો વેશ મહાદેવજીએ (૨) રે<br>એ... એવી ખભે લીધી છે લાલ મોજડી.......... |
| પાર્વતીઃ | સરખી સહેલીઓની સાથ પાર્વતી (૨) રે<br>એ... એવા પાણીડા ભરવાને નિસર્યા.............<br>કરોને મોજડીના મૂલ મોચીડા તમે (૨) રે<br>એ... મારા પગમાં શોભે છે લાલ મોજડી......... |
| શંકરઃ | થાય નહીં મોજડીના મૂલ પાર્વતી (૨) રે<br>એ... આતો મોંઘા મૂલોની મારી મોજડી.......... |
| પાર્વતીઃ | આપું હું બેચાર ગામ મોચીડા તને (૨) રે<br>એ... વળી આપું મારા હૈયા કેરો હારલો.......... |
| શંકરઃ | રાંધો ને ભાવતા ભોજન પાર્વતી (૨) રે<br>એ... તારા હાથે જમવાના ઘણા કોડ છે.......... |
| કવિઃ | ગુરુ પ્રતાપે ગાય કલ્યાણદાસ (૨) રે<br>એ... હું તો તમારા ચરણોનો દાસ છું............ |

***********

## ॥ શંકર ભીલડી ॥

પાર્વતી: આંબુ જાંબુની છાંય મહાદેવજી, ત્યાં કાંઈ રમત માંડી જી રે
રમતાં રમતાં વાદ જ વદિયા, તપીએ જઈ તપ કરીયા જી રે
શંકર: તમે પાર્વતી પિયર પધારો, અમે જઈશું તપ કરવાજી રે,
પાર્વતી: હું રે મહાદેવજી ખરેખરી હોઉં તો, તમારા તપ છોડાવું જી રે,
સોનલા ને રૂપલા દાબડે દાટયાં, પિત્તળ લઈને પહેર્યા જી રે,
હીર ને ચીર તો પટારે ઠાસ્યાં, ફાટલ તૂટેલ પહેર્યા જી રે
ભીલડી: હાથમાં સાવરણો ને કાખમાં સૂંડલો ભીલડીનો વેશ લીધો જી રે,
રુમઝુમ કરતી ભીલડી નિસરી તપ છોડાવવા જી રે,
ઉગમણા વાસીદા વાળ્યાં કે, આથમણી રજ ઉડી જી રે.
શંકર: મહાદેવજી કહે આંખડી ખોલી, તું કોણ પુરુષની નારી જી રે,
કોણ છો જાતની, કોણ છે ભાતની, શું રે તારું નામજી રે.
ભીલડી: નાતની કોળણ, જાતની ભીલડી, ભીલડી મારું નામજી રે,
ભીલ ઘર ના'તી, ભીલ ઘર ધોતી, વાળે મોતીડા પરોવતીજી રે,
મારા ભીલથી પડી વિખૂટી, જંગલમાં હું જોતીજી રે.
શંકર: આવને કોળણ, બેસને ભીલડી, તને કરું પટરાણીજી રે,
સિંહલદ્વીપથી હાથી મંગાવું, લાલ લાલ ચૂડીયો ઘડાવુંજી રે.
ભીલડી: તમારે મહાદેવજી ગંગા પાર્વતી, ભીલડીને શું કરશોજી રે.
શંકર: પાર્વતીને પિયર વળાવું, ગંગાને દાસી બનાવું જી રે.
ભીલડી: તમારે મહાદેવજી લાંબી જટાઓ, તે દેખી અમે ડરીએ જી રે.
શંકર: લાંબી જટાઓ દૂર કરાવું, કસુંબલ મોરિયા બાંધુ જી રે.
ભીલડી: તમારે મહાદેવજી અંગે ભભૂતિ, તે દેખી અમે ડરીએ જી રે.
શંકર: કહો તો ભભૂતિ દૂર કરાવું, કેસર ચંદન અરચું જી રે.
ભીલડી: તમારે મહાદેવજી ગળે સરપડાં, તે દેખી અમે ડરીએ જી રે.
શંકર: ગળેથી સરપડાં દૂર કરાવું, ફૂલના હાર હું પહેરું જી રે.
ભીલડી: તમારે મહાદેવજી તૂટેલ ખાટલો, તે દેખી અમે ડરીએ જી રે.
શંકર: તૂટલ ખાટલી દૂર કરાવું, લાલ પલંગ બિછાવું જી રે.
ભીલડી: તમારે મહાદેવજી વનમાં મઢુલી, તે દેખી અમે ડરીએ જી રે.

શંકર: કહો તો માઢુલી દૂર કરાવું, લાલ લાલ મેડિયું ચણાવું જી રે.
ભીલડી: મારો ભીલ તો કાળો ને ઘેલો, વન વગડાનો વાસી જી રે,
સાંજ પડે ને મારો ભીલ ઘેર આવે, તાકીને તીર મને મારે જી રે.
શંકર: ઓલરા ખંડમાંથી વાદળી ચડાવું, ટમ ટમ મેહુલો વરસાવું જી રે,
તારા તે ભીલને ડૂબાડીને મારું, તને કરું પટરાણી જી રે.
ભીલડી: અમારે શિવજી એવી રમત્યું કે નર નાચે નારી રીઝ રે
મારો તો ભીલ તો થૈ થૈ નાચે, નિશ દિન મુજને રીઝવે જી રે,
રીઝવો મને શિવ નાચી તો થાઉં તમારી દાસી જી રે,
ઘૂઘરા બાંધીને થૈ થૈ નાચો તો થઈ જાઉં હું રાજી જી રે.
શંકર: મુદ્દા કરી શિવ કર ફેલાવી, થૈ થૈ થૈ નાચેજી રે,
પાર્વતીએ રૂપ પ્રકાશ્યું, કયાં ગઈ ભીલા રાણી જી રે.

***********

૩૨૧ || ઓમ જય જગદીશ હરે ||

ઓમ જય જગદીશ હરે પ્રભુ જય જગદીશ હરે,
ભકતજનો કે સંકટ (૨) ક્ષણમેં દૂર કરે... ઓમ જય..........
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા, પ્રભુ (૨)
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા... ઓમ જય.....
માત પિતા તુમ મેરે શરણ ગ્રહું કિસકી, પ્રભુ (૨)
તુમ બિન ઔર ન દૂજા (૨) આસ કરું કિસકી... ઓમ જય....
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતર્યામિ, પ્રભુ (૨)
પરમ બ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી... ઓમ જય.....
તુમ કરુણા કે સાગર, તુમ પાલન કર્તા, પ્રભુ (૨)
મેં સેવક તુમ સ્વામી (૨) કૃપા કરો ભર્તા... ઓમ જય.........
તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ, પ્રભુ (૨)
કિસબિધ મિલું દયામય (૨) મેં હું અલ્પમતિ... ઓમ જય....
દીનબંધુ દુઃખહર્તા, તુમ રક્ષક મેરે, પ્રભુ (૨)
કરુણા હસ્ત બઢાવો (૨) શરણ પડા તેરે... ઓમ જય.........
વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા, પ્રભુ (૨)
શ્રધ્ધા ભકિત બઢાવો (૨) સંતનકી સેવા... ઓમ જય..........
તન મન ધન સબ કુછ હૈ તેરા, પ્રભુ (૨)
તેરા તુજકો અર્પણ (૨) કયા લાગે મેરા... ઓમ જય..........

***********

૩૨૨ || જય કાના કાળા ||

જય કાના કાળા ઓમ જય કાના કાળા
મીઠી મોરલીવાળા ગોપીના પ્યારા.... ઓમ જય કાના કાળા
કામણગારા કહાન, કામણ કંઈ કીધા પ્રભુ (૨)
માખણચોરી મોહન, ચિત ચોરી લીધા.... ઓમ જય કાના કાળા
નંદ યશોદા ઘેર વૈકુંઠ ઉતારી પ્રભુ (૨)
કાલીય મર્દન કીધું, ગાયોને ચારી.... ઓમ જય કાના કાળા
ગુણ તણો તુજ પાર કેમે નહિ આવે પ્રભુ (૨)
નેતી વેદ પુકારે, પુનિત શું ગાવે.... ઓમ જય કાના કાળા



વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા
ર્દુબુધ્ધિને દુર કરી સદ બુધ્ધિ આપો મામ્પાહિ ૐ ભગવતિ ભવદુઃખ કાપો.

323

## ॥ જય આદ્ય શકિત મા ॥

જય આદ્ય શકિત મા જય આદ્ય શકિત મા
અખંડ બ્રહ્માંડ નિપજાવ્યાં (૨) પડવે પંડિત મા... ઓમ જયો જયો મા જગદંબે..
દ્વિતીયા બેય સ્વરૂપ શિવ શકિત જાણું મા (૨)
બ્રહ્મા ગણપતિ ગાયે (૨) હર ગાવે હર મા..... ઓમ...
તૃતીયા ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠાં મા (૨)
દયા થકી તરવેણી (૨) તું તરવેણી મા..... ઓમ...
ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચરાચર વ્યાપ્યાં મા (૨)
ચાર ભુજા ચૌદિશા (૨) પ્રગટયાં દક્ષિણમાં મા..... ઓમ...
પંચમી પંચ ઋષિ પંચમી ગુણ પદમા મા (૨)
પંચ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨) પંચે તત્વો મા..... ઓમ...
ષષ્ઠી તું નારાયણી મહિસાસુર માર્યો મા (૨)
નરનારીના રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા..... ઓમ...
સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી મા (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા..... ઓમ...
અષ્ટમી અષ્ટ ભુજા આઈ આનંદી મા (૨)
સુરનર મુનિવર જન્મયા (૨) દેવે દૈત્યો મા..... ઓમ...
નવમી નવકુળ નાગ સેવે નવદુર્ગા મા (૨)
નવરાત્રિના પૂજન શિવરાત્રિના અર્ચન કીધા હરબ્રહ્મા..... ઓમ...
દશમી દશ અવતાર જય વિજયાદશમી મા (૨)
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા .... ઓમ...
એકાદશી અગિયારસ કાત્યાયની કામા મા (૨)
કામ દુર્ગા કાળીકા (૨) શ્યામા ને રામા મા..... ઓમ...
બારસે બાળા રૂપ બહુચરી અંબા મા (૨)
બટુક ભૈરવ સોહે કાળે ભૈરવ સોહે તારાં છે તુજ મા..... ઓમ...
તેરસે તુળજા રૂપ તું તારુણી મા (૨)
બ્રહ્મા વિષ્ણુ સદા શિવ (૨) ગુણ તારા ગાતા મા..... ઓમ...
ચૌદશે ચૌદા રૂપ ચંડી ચામુંડા (૨)
ભાવ ભકિત કાંઈ આપો ચતુરાઈ કાંઈ આપો સિંહવાહિની મા..... ઓમ...
પૂનમે કુંભ ભર્યો સાંભળજો કરુણા મા (૨)

વશિષ્ઠ દેવે વખાણ્યાં માર્કંડ દેવે વખાણ્યાં ગાયે શુભ કવિતા.... ઓમ...
સવંત સોળે સત્તાવન સોળસે બાવીસ મા (૨)
સવંત સોળે પ્રગટયા (૨) રેવાને તીરે, મા ગંગાને તીરે..... ઓમ...
ત્રંબાવતી નગરી મા રૂપાવતી નગરી મા મંછાવતી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨) ક્ષમા કરો ગૌરી મા દયા કરો ગૌરી. ઓમ...
એ બે એક સ્વરૂપ અંતર નવ ગણશો મા (૨)
ભોળા ભવાનીને ભજતાં (૨) ભવસાગર તરશું..... ઓમ...
ભાવ ન જાણું ભકિત ન જાણું નવ જાણું સેવા મા (૨)
બાળક તારા શરણે (૨) અવિચળ પદ લેવા..... ઓમ...
શિવ શકિતની આરતી જે કોઈ ગાશે મા (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપત્તિ થાશે
હર કૈલાસે જાશે મા અંબા દુઃખ હરશે..... ઓમ...

***********

૩૨૪ ## ॥ શ્રી રામાયણજી કી આરતી ॥

આરતી શ્રી રામાયણજી કી
કીરતી કલિત લલિત સિય પી કી ॥
ગાવત બ્રહ્માદિક મુનિ નારદ,
બાલમીક વિગ્યાન વિસારદ ॥
સુક સનકાદિ સેવ અરુ સારદ,
બરની પવનસુત કીરતિ નીકી ॥
ગાવત વેદ પુરાન અષ્ટ દસ,
છઓ શાસ્ત્ર સબ ગ્રંથન કો રસ ॥
મુનિ જન ધન સન્નત કો સબરસ,
સાર અંસ સંમત સબહી કી ।
ગાવત સંતત શંભુ ભવાની,
અરુ ઘટ સમ્ભવ મુનિ બિગ્યાની ॥
વ્યાસ આદિ કબિબર્જ બખાની,
કાકાભુસુણ્ડિ ગરુડ કે હી કી ॥
કલિમલ હરનિ વિષયરસ ફીકી,
સુભગ સિંગાર મુકિત જુબતી કી ॥
દલબ રોગ ભવ મુરિ અમી કી,
તાત માત સબ બિધિ તુલસી કી ॥

***********

૩૨૫

## ॥ શ્રી કબીર સાહેબની આરતી ॥

ઓમ જય સાહેબ કબીર ઓમ જય સાહેબ કબીર
પ્રગટ પ્રભુ છો સાચા (૨) અલખ નિરંજન દેવ.... ઓમ જય....
પાવન કાશી તિર્થે કમલ પત્ર પર આપ પ્રભુ (૨)
ધન્ય કર્યા નીરુ નીમા (૨) પ્રગટયા જગ હિત કાજ....ઓમ જય....
સદ્‌ગુરુ રામાનંદજી રામનો મંત્ર ધરે પ્રભુ (૨)
માનવ ધર્મ પ્રચારે (૨) ગાઢ તિમિર હરે.... ઓમ જય....
તત્વાજી જીવાજીની ભકિત માન્ય કરી પ્રભુ (૨)
કબીરવડ પ્રગટાવ્યો (૨) ગુર્જર ભૂમિ મહીં.... ઓમ જય....
આતમ દેવ છે એકજ એ ઉપદેશ ધર્યો પ્રભુ (૨)
અસંખ્ય ભજનો સાખી (૨) બીજક ગ્રંથ રચ્યો.... ઓમ જય....
જ્ઞાન ભકિતના પંથને સરળ કીધો છે આજ પ્રભુ (૨)
શીતળ છાંયડી ધરતા (૨) ટાળી દીધા ત્રિતાપ.... ઓમ જય....
શ્રી ચરણોમાં વંદન કરતાં ભકતો માંગે આજ પ્રભુ (૨)
જ્ઞાન દીપ પ્રગટાવો (૨) અમ અંતરમાં રામ.... ઓમ જય....
અપરાધોને ક્ષમા કરીને આશિષ ધરજો આજ પ્રભુ (૨)
કલ્યાણ કરો સૌનું (૨) સર્વેશ્વરીના નાથ.... ઓમ જય....

***********

૩૨૬

## ॥ આનંદ મંગલ કરું આરતી ॥

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા (૨)
પ્રેમ ધરીને મારા મંદિરે પધારો, સુંદર સુખડા લેવા (૨)
મારે આંગણિયે તુલસીનો કયારો, શાલિગ્રામની સેવા (૨)
રત્ન સિંહાસન આપ બિરાજો, દેવાધિ છો દેવા રે (૨)
કાનો કુંડળ માથે મુગુટ, પ્રગટયા દર્શન દેવા (૨)
રામ, લક્ષ્મણ, ભરત શત્રુધ્ન, ચારેય ભાઈઓની સેવા (૨)
સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મળે મેવા (૨)
અડસઠ તીરથ સંતને ચરણે, ગંગા જમુના રેવા (૨)
ત્રિભુવન તારણ ભકત ઉધ્ધારણ, આવો દર્શન દેવા (૨)
માખણ મિસરી મધુફળ લાવી, આરોગો મીઠા મેવા (૨)
કહે પ્રીતમ એવા હરિ ગુણ ગાયે, હરિના જન હરિ જેવા (૨)

કર્પુર ગૌરમ્ કરુણાવતારમ્ સંસાર સારમ્ ભૂજગેન્દ્રહારમ્ ।
સદા વસંતમ્ હૃદયારવિંદે, ભવમ ભવાની સહિતમ્ નમામિ ॥

મંગલમ્ ભગવાન વિષ્ણુઃ મંગલમ્ ગરુડધ્વજ ।
મંગલમ્ પુંડરિકાક્ષો, મંગલાય તનો હરિઃ ॥
સર્વ મંગલ માંગલ્યે, શિવે સર્વાથ સધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણી નમોસ્તુતે ॥.... (૩)

અચ્યુતમ્ કેશવમ રામ નારાયણમ્, શ્રી કૃષ્ણ દામોદરમ્ વાસુદેવમ્ હરિ ।
શ્રીધરમ્ માધવમ્ ગોપિકા વલ્લભમ્, શ્રી જાનકી નાયકમ્ શ્રી રામચંદ્રમ્ ભજે ॥
રામ રામ રામ રામ રામ નામ તારકમ્, શ્રી રામકૃષ્ણં વાસુદેવ ભકિત મુકિત દાયકમ ॥
શ્રી શંકરાય ક્રિયામણ પુણ્યદાન કિર્તનમ્, શ્રી જાનકી મનોહરમ્ શ્રી રામચંદ્રમ્ ભજે ॥

ગુરુઃ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરાઃ
ગુરુઃ સાક્ષાત પર બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ શ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણમ્ ત્વમેવ, ત્વમેવ સર્વમ્ મમ્ દેવ દેવ.

હરે રામ હરે રામ રામ રામ હરે હરે
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે

************

૩૨૭ ॥ વંદન કરીએ શ્રી પ્રભુ તમને ॥

વંદન કરીએ શ્રી પ્રભુ તમને
પહેલું વંદન માત પિતાને, બીજું વંદન ગુરુજી તમને.... વંદન કરીએ.
ત્રીજું વંદન આદ્ય શકિતને, ચોથું વંદન ઉમાપતિને..... વંદન કરીએ.
પાંચમું વંદન પુરુષોત્તમને, આશિષ આપો સહુ સુખ અમને.... વંદન કરીએ...

327 **Vandan Kariye**

**Vandan kariye shri prabhu tamne,**
**Pahelu vandan mat pitta ne, biju vandan guruji tamne**
**Triju vandan adya shakti ne, chhothu vandan uma pati ne**
**Panchmu vandan purusottem ne, aashis aapo sahu sukj amne.**

***********

૩૨૮ ॥ ઓ ઇશ્વર ભજીએ તને ॥

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.
પ્રભુજી એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ-સંત બધાય.
અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય,
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છીએ અમ દીન,
શત્રુ ઈચ્છે મિત્રતા ને, પાડોશી ઈચ્છે પ્રીત.
વિચાર - વાણી - વર્તનને, સૌનો સાચો પ્રેમ,
સગા-સ્નેહી-મિત્રનું, ઈચ્છું કુશળ ક્ષેમ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
ઓ ઈશ્વર ! તું એક છે, સરજ્યો તેં સંસાર,
પૃથ્વ પાણી પર્વતો, તેં કીધા તૈયાર.
તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ,
એ તો સઘળાં તેં રચ્યાં, જબરું તારું જોમ.

અમને આપ્યા જ્ઞાન ગુણ, તેનો તું દાતાર,
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.
કાપ કલેશ-કંકાસને, કાપ પાપ-પરિતાપ,
કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.
ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ,
આપો સારા ગુણ ને સુખમાં રાખો નામ.
મન-વાણીને હાથથી, કરીએ સારાં કામ,
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.

***********

## 328 O Ishvar Bhajiye Tane

**O ishvar bhajiye tane, motun chhe tuj naam,**
**Gun tara nit gaaiye, thaay amaaran kaam.**
**Het laavi hasaav tun, sadaa raakh dil saaf,**
**Bhool kadi kariye ame, to prahu karjo maaf.**
**Prabhuji etalun aapjo, kutumb poshan thaay,**
**Bhukhya koi soove nahin, saadhu sant samaay.**
**Atithi jhaankho nav pade, aashrit naa doobhaay,**
**Je aave am aangane, aashish deto jaay.**
**Svabhaav evo aapjo, sau ichchhe am hit,**
**Shatru ichchhe mitrata, padoshi icchhe preet.**
**Vichaar vani vartane sauno sacho (paamun)prem,**
**Sagaa snehi ke shatrunu, ichchhun kushal kshem.**
**Jovaa aapi aankhdi, saambhalavaa ne kaan,**
**Jeebh banaavi bolavaa, bhalun karyun bhagvaan.**
**O ishvar tun ek chhe, sajyo ten sansaar,**
**Pruthvi paani parvato, ten keedha taiyaar.**
**Taara saara shobhitaa, sooraj ne vali som,**
**Te to saghla ten rachyaa, jabrun tarun jom.**
**Amne aapyaan gnaan gun teno tun dataar,**
**Bole paapi pranio, e taro upakaar.**
**Kaap klesh kanakas ne, kaap paap paeitaap,**
**kaap kumati karuna kije, kaap kashta such aap.**
**O isvar tamne namun, maagun jodi haath,**
**Aapo saara gun ane, sukhman raakho saath.**
**Man vaani ne haath thi, kariye saaran kaam,**
**Evi buddhi do one, paalo baal tamaam.**

## ૩૨૯ ॥ શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન ॥

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભય દારુણં
નવ કંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારણમ્.... શ્રી રામચંદ્ર.
કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરજ સુંદરં
પટ પીત માનહું તડિત રુચી સુચિ નૌમી જનક સુતાવરં.... શ્રી રામચંદ્ર.
શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભુષણમ્
આજાન ભૂજસર ચાંપ ધર સંગ્રામ જિત ખલ દુષણમ્.... શ્રી રામચંદ્ર.
ભજ દિન બંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ્ય ચંદ દશરથ નંદનમ્.... શ્રી રામચંદ્ર.
ઈતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિમમ રંજનમ્
મમ હૃદય કુંજ નિવાસ કરો કામા દિખલદલ ગંજનમ્.... શ્રી રામચંદ્ર.

************

## 329 Shri Ramchandra Krupalu

**Shree ramchandra krupalu bhaja mana, Harana bhav bhay daaru naam,**
**Nava kunj lochan kanj mukh kaar kanja, Pada kunjrunam.... Shree ram.**
**Kandarp aganeet amit chhabi, nav nil neerad sundaram,**
**Pat pit manhun tarit ruchi suchi Naumi janak sutavaranam....**
**Shir mukut kundal tilak caroo, Udaar aanga vibhushanam,**
**Aajan bhuj shar chaapghar, Sangram jeet khar dhushanam.....**
**Bhaja din bhandhu dinesh danav, Dhayhita vansa nikandanm,**
**Raghunanda ananda kaand kaushal, Chand dasharatha nandanam....**
**Iti vadti tulsidas shankar, Shesh muni mana ranjanam,**
**Mam radayi kunj nivas kuru, Kamadi khaldal ganjanaam.....**

************

330 ॥ અસત્યો માંહેથી ॥

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો તુજ દર્શનનાં દાન દઈ જા.

***********

330 **Astyo mahethi**

**Astyo mahethi prabhu param stya tun lai jaa.**
**Unda andharethi prabhu param teje tun lai jaa.**
**Maha mrutyumanthi amrut samipe nath lai jaa.**
**Tun hino hun chhun to tuj darshan na dan dai jaa.**

૩૩૧ **॥ અમે છીએ સૌ તમારા ઓ પ્રભુ પ્યારા ॥**

રાગ - મંગલ મંદિર ખોલો...

અમે છીએ સૌ તમારા, ઓ પ્રભુ પ્યારા અમે છીએ સૌ તમારા
તમે બધું છો જોનારા, ઓ પ્રભુ પ્યારા તમે બધું છો જોનારા.
જૂઠું જો બોલું હું કોઈ વખત તો, એને તમે જાણનારા
બળ એવું દ્યો અમને પ્રભુ (૨) થઈએ સાચું બોલનારા.... ઓ પ્રભુ પ્યારા
ચોરી જો કરું હું કોઈ વખત તો, એને તમે જોનારા,
બળ એવું દ્યો અમને પ્રભુ (૨) થઈએ ન ચોરી કરનારા.... ઓ પ્રભુ પ્યારા
ભણવામાં ઢબ્બુ રહીએ જો પ્રભુ, રાજી તમે ન થનારા,
બળ એવું દ્યો અમને પ્રભુ (૨) થઈએ હોંશિયાર ભણવામાં.... ઓ પ્રભુ પ્યારા
ફોસી થઈને રડીએ કે ડરીએ, હદથી ધાર્યું કરનારા,
બળ હિંમત દઈ એવા કરી દ્યો (૨) નીડર થઈ જીવનારા.... ઓ પ્રભુ પ્યારા
અંદરો અંદર લડીએ ઝઘડીએ, થઈએ ન તમને ગમનારા,
સંપ સુહદ્ભાવ એકતા રાખી (૨) થઈએ તમને ગમનારા.... ઓ પ્રભુ પ્યારા

## 331 Ame chhjie sau tamara

Ame chhie sau tamara, O prabhu pyara ame chhie sau tamara
Tame badhu chho jonara, O prabhu pyara tame bandhu chho jonara
Juthu jo bolu hun koi vakhat to, Ene tame jananara,
Bal evun do amne prabhu (2) Thaie sachu bolnara... O Prabhu.
Chori jo karu hun koi vakhat to, Ene tame jonara,
Bal evu do amne prabhu (2) Thaie na chori karanara... O Prabhu.
Bhanavama dhabbu rahie jo prabhu, Raji tame na thanara
Bal evu do amne prabhu (2) Thaie honshiyar bhanvama... O Prabhu.
Phosi thaine radie ke darie, Hadathi dharyu karanara
Bal himmat dai eva kari do (2) Nidar thai jivnara... O Prabhu.
Andaro andar ladia zaghadie (2) Thaie na tamne gamnara
Sampa sudhabhav ekta rakhi (2) Thaie tamne gamanara... O Prabhu.

***********

## ૩૩૨ ॥ આટલું તું આપજે ભગવાન મને છેલ્લી ઘડી ॥

આટલું તું આપજે ભગવાન મને છેલ્લી ઘડી
ના રહે માયા તણાં (૨) બંધન મને છેલ્લી ઘડી............
જીંદગી તે આ દીધી મારા જીવનમાં સમજયો નહિ.
અંત સમયે એ રહે સમજણ મને છેલ્લી ઘડી..... ના રહે.
હાથ પગ નિર્બળ બને ને શ્વાસ છેલ્લે સંચરે
આપજે ત્યારે પ્રભુમય મન મને છેલ્લી ઘડી....... ના રહે.
મરણ શય્યા પર પડું ને મિંચાય છેલ્લી આંખ જયાં
ઓ દયાળુ આપજે મન મને છેલ્લી ઘડી........... ના રહે.
જીંદગી સળગી રહી સંસારના સંતાપમાં,
આપજે શાંતિમય જીવન મને છેલ્લી ઘડી......... ના રહે.

***********

## 332 Aatalu tun aapaje bhagavan manne chhelli ghadi

**Aatalu tun aapaje bhagavan mane chhelli ghadi.**
**Naa rahe maya tana bhandhan mane chhelli ghadi.**
**Jindagi te aa didhi mara jivanma samajyo nahi,**
**Ant samye a rahe samajan mane chhelli ghadi**
**Hath pag nirbal bane shvash chhello sanchare,**
**Aapje tyare prabhumaya man mane chhelli ghadi**
**Maran shaya per padu ne minchay chhelli ankh jnya,**
**O dayalu aapaje darshan mane chhelli gadhi**
**Jindagi salagi rahi sansarna santapma,**
**Aapaje santi mayu jivan mane chhelli ghadi.**

***********

333 **|| શ્લોક ||**

ૐ સહ ના વવતુ, સહની ભુનકતુ
સહ વીર્યં કરવાવહે, તેજસ્વી નાવધીતમસ્તુ
મા વિદ્વિષાવ્લહે
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચસખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ

***********

**|| ધૂન ||**

સત્ય નામ કબીર સત્ય નામ કબીર
ગુરુ દેવ કબીર, ગુરુ દેવ કબીર
આવો આવો રે કબીર આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબીર દર્શન દેજો રે કબીર
સત્ય નામ કબીર સત્ય નામ કબીર

ૐ

પૂર્ણ એ છે, પૂર્ણ આ છે પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

Oum Saha Naavavtu, Sahanau Bhunaktu
Saha Veeryam Karavavahai,
Tejasvi Navdheetam Astu
Ma Vidvishavahai
Oum Shanti-h Shanti-h Shanti-h

Tvamev Mata Cha Pita Tvamev
Tvamev Bandhu Cha Sakha Tvamev
Tvamev Vidya Dravinam Tvamev,
Tvamev Sarvam Mam Dev Dev
Guru Bhrahama Guru Vishnu,
Guru Devo Maheshavara
Guru Sakh Xaat Param Bhraham,
Tasmai shree Guruve Namaha

Satya Naam Kabir, Satya Naam Kabir
Guru Dev Kabir, Guru Dev Kabir
Aavo Aavo Re Kabir, Aavo Aavo Re Kabir
Bheed Bhango Re Kabir, Bheed Bhango Re Kabir
Darshan Dejo Re Kabir, Darshan Dejo Re Kabir
Satya Naam Kabir, Satya Naam Kabir.

## Hari Om

Poorna E Chhe Poorna Aa Chhe
Poornathi To Poorna Oogyun Chhe Badhun
Poornamaanthi Poorna Aapi Do Bhale
Shesh Paachhal Poorna Rehvaanu Sadaa
Oum Shanti-h Shanti-h Shanti-h

************

## ॥ રઘુપતિ રાઘવ રાજા રામ ॥

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ ભજ મન પ્યારે સીતારામ
ઈશ્વર અલ્લા તેરો નમ સબકો સન્મતિ દે ભગવાન.
રાત્રે નિંદ્રા દિવસે કામ કયારે ભજશું શ્રી ભગવાન,
રામ લક્ષ્મણ બન્ને ભાઈ વચન કારણ વનમાં જાય
વચન કારણ વનમાં જાય સાથે સીતા માતા જાય
રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી
નષ્ટ થયું રાવણ અભિમાન, સેવા પામ્યા શ્રી હનુમાન
એક મૂરખાને એવી ટેવ પથ્થર એટલા પૂંજે દેવ
તુલસી દેખી તોડે પાન પાણી દેખી કરે સ્નાન.
તુલસીના પાનમાં વસે શ્રી રામ મુખથી બોલો સીતારામ
નિર્બલ કે બલ રાજા રામ નિર્ધન કે ધન સીતારામ
ગાંધી ગૌતમ ઈશુને રામ સૌ સંતો ને કરું પ્રણામ.

## 334 RAGHUPATI RAGHAV RAJA RAM

RAGHUPATI RAGHAV RAJA RAM, PATI TAPAVAN SITARAM
SITARAM SITARAM BHAJ MAN PYARE SITARAM.
ISHVAR ALLAH TERE NAAM, SABHAKO SANMATI DO BHAGAVAN.
RATRE NINDRA DIVASE KAAM, KYARE BHAJISHU SHRI BHAGVAN.
RAM LAXMAN BANNE BHAI, VACHAN KARAN VANAMA JAAY.
VACHAN KARAN VANAMA JAAY SATHE SITA MATA JAAY.
RAM LAXMAN JAANKI JAY BOLO HANOOMANAKI.
NASHTA THAYU RAVAN ABHIMAN, SEVA PMAYA SHRI HANUMAN.
EKH MOORAKH NE EVI TEV, PATHAR ETALA POOJE DEV.
TULSHI DHEKE TODE PAN, PANI DEKHE KARA SNAN.
TULSHI NA PANAMA VASE CHHE RAM, MAKH THEE BOLO SITARAM.
NIRBAL KE BAL RAJA RAM, NIRDHAN KE DHAN SITARAM.
GHANDHI GAUTAM ISHU NE RAM, SAU SANTONE KARU PRANAM.

***********

સંગ્રહકર્તા : દેરોદ શક્તિ મંડળ

## પ્રાપ્તિ સ્થાન :


**Bharat G. Bhakta**
202 E. US Highway 85
Buckeye, AZ 85386
(623) 386 5888 (H)
(623) 386 4536 (B)

**Arun G. Patel**
4038 Hwy 127 North
Crossvilie, TN 38555
(931) 456 8636 (H)
(931) 456 9338 (B)

**Sanjay B. Bhakta**
806 N.2nd St.
Cochram, GA 31014
(478) 934 8151 (H)
(478) 934 8151 (B)

**Baldev G. Bhakta**
912 Agency Rd.
Parker, AZ 85344
(520) 669 5277 (H)
(520) 669 2566 (B)


શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી કૃષ્ણ ગોવિન્દ હરે મુરારી, હે નાથ નારાયણ વાસુદેવાય
હરે રામ હરે રામ રામ રામ હરે હરે
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વમ્ મમ્ દેવ દેવ ॥